णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# ધ્યાન-યાત્રા

## ધ્યાન શિબિર - પ્રવચનો

પ્રિયમ

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

વૈશાખ, સંવત ૨૦૭૭

# WELCOME TO THE WORLD OF MEDITATION !

# ધ્યાન વિશ્વમાં હાર્દિક સ્વાગત

---

તનની તંદુરસ્તી , અને

મનની મસ્તી ,

આત્માના આનંદની સાચી સંપત્તિ

" " પ્રયત્ન

# ધ્યાન સાધના શા માટે ?

DATE 19 12 2018

શરીરનું મૌન, ઈન્દ્રિયોનું મૌન, બાહ્ય ભાવોની સંદર્ભમાં મૌન, સર્વ પ્રકારનું મૌન એ મળી જાય, બાહ્ય બધી જ પ્રવૃત્તિઓનો - ત્યાગ થઈ જાય, તો જે બચ્યું, એજ પરમપદ છે !

તમારી ઘણી બધી વાર ફરિયાદ આવતી હોય છે, સાહેબ ઘણું સમજીએ છીએ, સાહેબ પ્રવચનમાં એકદમ એમ થઈ જાય છે, પણ પછી અમે ઢીલા પડી જઈએ છીએ. વરસોથી તમારી ફરિયાદ અમે સાંભળીએ છીએ, તમારી પરિસ્થિતિ જોઈએ છીએ, મને એમ કહેવાનું મન થાય કે તમારા વાતાવરણમાં અમે આવશું તો, અમે ય ઢીલા પડી જશું. એ વાતાવરણનો દોષ છે, તમારો દોષ નથી ! તમારી ફરિયાદ હોય છે, સાહેબ સત્ય — સ ખોવું પડે છે, તમારી ફરિયાદ હોય છે કે અમને લાગે છે કે અમે લાયક જ નથી. તમારી ફરિયાદ હોય છે, ઘણી વાર એવા આત્માર્થી જીવો ને ધ્રુસકે-ધ્રુસકે રડતા મેં જોયેલા છે, સાહેબ ખરેખર અમે હારી જશું, મારે તમને આશ્વાસન આપવું છે, મારે તમને હિંમત આપવી છે, મારે તમને તમારો પરિચય - કરાવવો છે. તમારામાં કેટલું બધું છે, હું જેટલું કરી શકું છું ને એના કરતા કદાચ સો ગણું તમે કરી શકો એવી યોગ્યતા તમારા અંદર અત્યારે પડેલી છે.

એ યોગ્યતા એ વાતાવરણના દોષના કારણે પ્રગટ થઈ શકતી નથી, જેના કારણે તમે તમારા સત્યને ઓળખી શકતા નથી. વિપરિત વાતાવરણ, વિપરિત સમજને, ગેરસમજને તમારી અંદર ઘુંટાવ્યા કરે છે, અને એના કારણે ખરી સમજની નજીક તમે પહોંચી શકતા નથી. સમ્યક્ત્વ એની બાબતમાં - આપણે ક્યાં ? હજુ કદાચ સંતોષકારક ખ્યાલ ન મળતો હોય, મૌન ને હજુ સુધી આપણે માણી ન શકતા હોઈએ. પુરૂષાર્થ - આપણે યથાર્થ કરી ન શકતા હોઈએ, તમારી બધી જ પરિસ્થિતિ જોયા પછી, ઘણું બધું મંથન કર્યા પછી, એક વસ્તુ કંઈક સાધને આલંબન મળે, ભગવાનના આગમને અનુસારી તમે દીક્ષા લો કે નાલો, કદાચ ભવિષ્યની વાત છે. આપણને ખબર નથી, પણ વર્તમાન જીવનની અંદર પણ, તમારું LEVEL (કક્ષા) ક્યાં છે,

ત્યાંથી ઘણું ઉપર આવે, તમે કંઈક તત્ત્વ પામો, તમે આ જીવનને જવા અર્થમાં સફળ કરી શકો, એના માટેનું એક આલંબન, ઘણા બધા મંથન પછી, ઘણી બધી મહેનત પછી, ગુરુદેવોના માર્ગદર્શનની સાથે, એક વસ્તુ દસ દિવસ માટે, સાધનાનો એક ક્રમ, સાધનાનું એક SCHEDULE, તમારા વાતાવરણથી તમે બચી શકો, અંદર ઉતરી શકો, મૌન રહી શકો, મૌન પાળી શકો, જ્ઞાનને માણી શકો, ધ્યાનને માણી શકો, આત્માના HILL STATION અને RESORT ઉપર તમે ફરી શકો. એના માટે એક આલંબન ત્રેવીસમી DECEMBER થી એક JANUARY, દસ દિવસ જ્ઞાન-ધ્યાન શિબિર, જેનું નામ છે "આત્મૈષણા" !

આત્મૈષણા એક આગમિક પદાર્થ છે. - આત્મૈષણા એ એક આગમ ની અંદર બતાવેલો, સાધના માર્ગ છે. ભગવાન મહાવીર સ્વામી એ જે માર્ગે સાધના કરી. ભગવાનની સાધના જ્યાં આગમોમાં ભરેલી છે, અને એની અંદર જે સંકેતો મળે છે, એ સંકેતોના માર્ગે, આપણે પણ આત્મસાધક બની શકીએ. આત્મામાં ડૂબી શકીએ, એના માટે આ આલંબન મૌન શિબિર, જ્ઞાન શિબિર, ધ્યાન શિબિર, સમતા શિબિર, આ દસ દિવસનું એક આલંબન સંઘ માટે રેડી થવા જઈ રહ્યું છે.

દસ દિવસ ભાઈઓ માટે ઉપાશ્રયમાં જ રહેવાનું, દિવસ અને રાત | દસ દિવસ એકાસણા કરવાના, એકાસણું ઘરે કરીને આવવાનું. હું જે SYSTEM થી જવા માંગું છું, સંઘ તો તૈયાર જ છે, બધી વ્યવસ્થા કરવા માટે, પણ કોઈ પણ સંઘને, આ એક THEME (રીતથી) જ્યાં પણ થશે, ત્યાં બધી જગ્યાએ પૈસાની કોઈ બાબતો જ નહીં હોય, આમાં દાન પણ નહીં જોઈએ, આમાં FEES પણ નહી હોય, આની કોઈ ઔપચારિકતા FORM PASS વગેરે પણ નહિ હોય, જે તે સંઘની અંદર માત્ર તમારા નામ લખાવવાના રહેશે, જેની ઈચ્છા હોય એ સંઘની ઓફિસની અંદર

તમારા નામ લખાવી શકશો, કોઈ જ FEES નથી, કોઈ પણ - પ્રકારની ઔપચારિકતા નથી, FEES ગણો તો માત્ર એટલી જ કે તમારે દસ દિવસ સમર્પિત થઈને રહેવાનું અને એના માર્ગદર્શન ને અનુસરવાનું. દિવસ-રાત ત્યાં જ રહેવાનું, દસ દિવસનું મૌન રાખવાનું, દસ દિવસ સાદા એકાસણા કરવાના, બીજો ખોરાક નહિં લેવાનો, સાદા એકાસણા તમે કરી શકો, થોડી ઉણોદરી તમે રાખી શકો, જેથી પછીના સાધના ક્રમમાં તમે બરાબર ગોઠવાઈ શકો, દિવસમાં આરામનો સમય પણ આપવામાં આવશે। તમને કોઈ પણ પ્રકારનો STRESS (બોજ) લાગી જાય એવું કશું જ નથી કરાવવાનું, અનુકૂળ આવે એવી જ રીતે કરાવવાનું છે, દિવસ-રાત થઈને લગભગ ચાર કલાકનું ધ્યાન, દિવસે એક કલાકનું પ્રવચન. દિવસે લગભગ ચાર કલાકનો જ્ઞાનયોગ। જ્ઞાનયોગમાં આત્માનુભૂતિ અંગેનું સાહિત્ય, ત્યાંથી તમને આપવામાં આવશે, પ્રારંભિક સાધકો હશે જેમનું એટલું LEVEL નહી હોય, એમના માટે બીજું રસપ્રદ કથા સાહિત્ય પણ, એના માધ્યમે પણ અધ્યાત્મ, એ સાહિત્ય એમને આપવામાં આવશે। દિવસ દરમ્યાન જે ધ્યાનના SESSIONS અને પ્રવચનનું SESSION, એની જાહેર સકલ શ્રી સંઘ જોડાઈ શકશે. ધ્યાન કે પ્રવચન પૂરું થાય, પછી શિબીરાર્થી સિવાય બીજા કોઈ એમાં હાજર નહી રહી શકે. માત્ર ભાઈઓ જ હાજર રહી શકશે, દિવસે જે ધ્યાન કરાવવામાં આવે, એમાં પણ સકલ શ્રી સંઘ બેસી શકશે, જે પ્રવચન હશે, એમાં પણ બધા જ લાભ લઈ શકશે.

કોઈ પણ અનની વ્યવસ્થા માટે કોઈ પણ સંઘોમાં ઉભી કરાવવી નથી, લાભ લેનારા છે, સંઘનો પણ ઘણો ઉત્સાહ છે, પણ છતા આજ THEME (રીત) થી ચાલશે, જેથી ક્યાંય પણ, કોઈ પણ અનની વ્યવસ્થા, જગ્યા વગેરેની. તમારી જે સામગ્રી જરૂરની હોય, એ બધું તમારે લઈને આવવાનું. શિબિર પુરી થાય એટલે એ લઈને તમારે પાછા જવાનું અહીં કોઈ પણ અનના પરિચારક, સેવક, સામગ્રી, વ્યવસ્થા, કે કોઈપણ

આર્થિક વિનિમય, જેની ક્યાંય પણ કોઈ પણ રીતે જરૂર ના રહે, અને "આત્મૈષણા" શિબિર ની અંદર માત્ર "આત્મૈષણા" પર જ FOCUS હોય, અને એકદમ શાંત વાતાવરણ ની અંદર, ભીતર માં ડૂબકી લગાડવાની CHANCE મળી શકે સકલ શ્રી સંઘને, એટલા માટે આ "આત્મૈષણા" શિબિર છે,

चरेज्जत्तगवेसए

આ આગમિક પદ છે, અને એની અંદર ભગવાનનો ઉપદેશ છે, ઉત્તરાધ્યયન સૂત્રમાં, કે "આત્મૈષણા" કરવી જોઈએ, આત્માની શોધ કરવી જોઈએ, ભીતરી યાત્રા કરવી જોઈએ, એના માટેનું આ આલંબન એટલે "આત્મૈષણા" !!

x x x x x

સ્થળ :- લક્ષ્મીવર્ધક જૈન સંઘ - પાલડી

# ધ્યાનનું મહત્વ !!

DATE 22 12 2018

નગર છે, નગરની અંદર ઉપાશ્રય છે, ઉપાશ્રય ની અંદર સદ્ગુરૂ એના શિષ્ય પરિવાર સાથે બેઠેલા છે. સવારનો સમય છે, સદ્ગુરૂ ઉભા થાય છે. અને પોતાના શિષ્યને કહે છે, ચાલ ! સદ્ગુરૂની પાછળ શિષ્ય ચાલી નીકળે છે, સદ્ગુરૂના ઈશારે ચાલે, એનું નામ શિષ્ય ! સદ્ગુરૂ આપણ-ને ઘણી બધી વાર મળ્યા છે, પણ આપણે એમના ઈશારે-ચાલી ના શક્યા.

આપણી ક્યાં ભૂલ થઈ એ એ શોધી નહી શકીએ, ભૂલ ને દૂર કરવાનો એ પ્રયાસ નહિ કરીએ ને, તો જે રત્નાકર પચ્ચીસીમાં કહ્યું,

"જન્મો અમારા જિનજી ભવ પૂર્ણ કરવાને થયા"

એક ભવનો ઉમેરો થશે બીજું કશું જ નહિ થાય. સદ્ગુરૂએ આપણને ચાલ કહ્યું ને આપણે હરી ગયા, આપણે આડા ચાલ્યા, આપણે ઉંધા ચાલ્યા, અને માટે આપણો મોક્ષ થયો નહિ !

★ સદ્ગુરૂ મળ્યા એટલે મોક્ષનો PASSPORT મળ્યો ! ★

★ સદ્ગુરૂ મળ્યા એટલે મોક્ષે જવાનો પરવાનો મળ્યો ! ★

★ શ્વાસ મળ્યું એટલે મોક્ષ નો VISA મળ્યો ! ★

★ સમર્પણ મળ્યું એટલે મોક્ષની TICKET મળી ! ★

હવે આપણે સદ્ગુરૂના ઈશારે ચાલવા મંડ્યા, એટલે મોક્ષ ની FLIGHT મળી ! શિષ્યની-FLIGHT ચાલુ છે, સદ્ગુરૂ ની પાછળ શિષ્ય ચાલી રહ્યા છે, નગર નો જે રાજમાર્ગ હતો, એના ઉપર થોડા આગળ વધ્યા, એની જમણી બાજુ મોટું સરોવર આવ્યું, એની કેડી ઉપર સદ્ગુરૂ વળ્યા, પાછળ શિષ્ય વળે છે ! વળવું અઘરું છે ! અને આ જીવન વળવા માટે જ છે. આપણી છેને તકલીફ આ છે, કે આપણને જ્યાં અઘરું પડ્યું ને, ત્યાં આપણે છોડી દઈએ છીએ, અને સમજવાની વાત એ છે કે, જ્યાં સુધી અઘરું ન હતું પડ્યું ને ત્યાં સુધી આપણી પુર્વભવની - સાધનાનું BACKING હતું, જ્યાં અઘરું પડ્યું ત્યાં - પુરૂષાર્થ કરીને આગળ વધવાનું હતું, ત્યાં આગળ વધવાનું

છોડી દઈએ, તો અહીંયા સુધી આવવાનો અર્થ શું ? પાલી-
તાણા જવા માટે તમે નીકળ્યા છો, વલ્લભીપુર સુધી તમે
પહોંચ્યા ને પછી, આગળ વધો નહિ, તો પછી વલ્લભીપુર
સુધી પણ પહોંચ્યાનો અર્થ શું ? વલ્લભીપુર તમે પહોંચ્યા
બહુ સારું કર્યું પણ વલ્લભીપુર માટે તો તમે નહતા -
નીકળ્યા ને પાલીતાણા માટે તમે નીકળ્યા હતા ને વલ્લભીપુરથી
આગળ એ તમે નીકળો નહિ તો વલ્લભીપુર સુધી આવવાનો -
પણ કોઈ અર્થ નથી.

તમે જ્યાં પણ અટક્યા, તમે સ્ત્રીમાં અટક્યા,
તમે પુરુષમાં અટક્યા, તમે પૈસામાં અટક્યા, તમે સગવડમાં
અટક્યા, તમે અનુકૂળતામાં અટક્યા, ત્યાં અટવાઈ ગયા,
બસ હવે અમે આગળ જઈ શકીએ એમ નથી, હવે અમને
બહુ અઘરું લાગે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે ખરું એ તો
હવે જ લગાડવાનું છે.

સરોવરની પાળે-પાળે સદ્ગુરુ અને શિષ્ય
ચાલી રહ્યા છે, સદ્ગુરુ એક જગ્યાએ ઉભા રહી જાય છે,
શિષ્ય ને કહે છે કે અહિંયા બેસ, અને ધ્યાન કર. આજે
ધ્યાનની વાત કરવી છે. તમારી ફરીયાદ હોય છે સાહેબ
અમે આટલું, આટલું, કરીએ છીએ, અને અમને હજુ જોઈએ
એટલો સંતોષ શા માટે નહિ ? સાહેબ પેલી-પેલી વ્યક્તિ
વ્યાખ્યાનમાં થોડી મોડી આવી, એમણે અજુગતુ કર્યું,
વ્યાખ્યાન DISTURB થયું, બધાએ એમને સમજાવવા પડ્યા,
સાહેબ અમારો પ્રશ્ન છે કે એમણે તો અઠ્ઠાઈએ કરી છે,
માસક્ષમણ એ કર્યું છે. એ સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ એ
કરે છે, પૂજા એ કરે છે તો સાહેબ આમાં ક્યાં ભુલ થઈ,
સાહેબ ખુબ જ ધર્મીષ્ટ છે, પણ એમના ઘરના બધા જ
એમનાથી નારાજ હોય છે, આવું શા માટે ? સાહેબ -
પ્રવચન ઉંચામાં ઉંચા મળે છે, જિનશાસનનું જ્ઞાન છે એવું
ક્યાંય જ્ઞાન નથી, જિનશાસનમાં તપ છે એવો ક્યાંય તપ નથી.
જિનશાસનમાં જે જિનાલય છે, જે ભગવાન છે, એવું દુનિયામાં

બીજે ક્યાંય નથી, સાહેબ બધું જ ઊંધુ મળ્યા હોવા છતા પણ, હજુ આ લોકો દુઃખી કેમ નથી થતા, હજુ એમને એમાંરા માટે સંતોષ નથી, હજુ આરાધકની દ્રષ્ટિ એ એમને થાય કંઈક ખૂટે છે કંઈક ખૂટે છે, આપણે ક્યાં અટકીએ છીએ એની વાત આજે કરવી છે.

સદ્ગુરુ શિષ્ય ને કહે છે અહીંયા બેસ અને ધ્યાન કર, શિષ્ય ફટ દઈને બેસી જાય છે, ધ્યાન શરૂ કરવા જાય છે ને, ધ્યાન શરૂ કરતા પહેલા, સદ્ગુરુને પ્રશ્ન કરે છે કે, ગુરુદેવ મારે શાનું ધ્યાન કરવાનું છે, અને મારે ક્યાં સુધી ધ્યાન કરવાનું છે ?, સદ્ગુરુ શિષ્ય ને કહે છે કે, આ સામે સરોવર છે, એની અંદર કાદવ પણ છે અને કમળ પણ છે, એ કાદવ અને કમળ નું ધ્યાન કરવાનું છે ! બીજો તારો પ્રશ્ન ક્યાં સુધી ધ્યાન કરવાનું છે, કાદવ અને કમળ બંને સરખા દેખાય, ત્યાં- સુધી ધ્યાન કરવાનું છે. કાદવ માં જ્યારે તને કમળ દેખાવા લાગે, કમળમાં જ્યારે તને કાદવ લાગે, કાદવ અને કમળમાં- કોઈ ફરક જ ન લાગે, ત્યાં સુધી તારે ધ્યાન કરવાનું છે. આખો સંસાર વિષમ દ્રષ્ટિ માંથી ઊભો થયો છે, આખો મોક્ષ એનો એક માત્ર આધાર સ્તંભ કહો, તો એ સમ દ્રષ્ટિ છે ! જેટલા મોક્ષે ગયા એ બધા સમભાવથી ગયા છે, જેટલા મોક્ષે જશે એ બધા સમભાવ થી જશે, એક પણ આજ સુધીમાં- મોક્ષ એવો નથી થયો, એકપણ જીવ એવી રીતે મોક્ષે નથીગયો કે સમભાવ એણે કેળવ્યો જ ન હોય. અધ્યાત્મ સારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, દસમા અધિકારમાં કહે છે,

उपायः समतैवैका मुक्तेरन्यः क्रियाभरः ।

મોક્ષ નો કોઈ ઉપાય હોય તો એ છે માત્ર ને માત્ર સમતા ! પ્રશ્ન થયો કે તો પછી આ બીજું બધું શું છે, આ લોચ કરીએ, વિહાર કરીએ, પૂજા કરીએ, દાન આપીએ, આ કરીએ.. તે કરીએ અને આટલી આટલી ધર્મઆરાધના કરીએ, એ બધી શું ફોગટ છે ?, એ બધી ક્રિયાઓ શેના માટે છે ? એને મહોપાધ્યાયજી શ્લોક ના ઉત્તરાર્ધ માં જવાબ આપે છે,

तत्तत्पुरुषभेदेन तस्या एव प्रसिद्धये

તે તે વ્યક્તિ, તે તે આત્મા, કોઈક ને વિશિષ્ટ તપથી સમભાવ મળે, કોઈક ને લોચથી સમભાવ મળે, કોઈક ને તે તે અનુષ્ઠાનથી સમભાવ મળે, અને એના માટે તે તે વ્યક્તિ માટે તે તે અનુષ્ઠાન ઉપર વિશેષ ભાવ આપવામાં આવે, હકીકતમાં મોક્ષ માટેના બધા જ અનુષ્ઠાન, બધો જ ધર્મ, બધી જ ક્રિયા, એનો ઉદ્દેશ્ય એક જ છે, સમભાવ ની પ્રાપ્તિ !

ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, શિષ્ય સદ્ગુરુ ને પ્રશ્ન કરે છે, કે દ્વાદશાંગીનો સાર શું છે? અગિયાર અંગ દરિયા જેવા શાસ્ત્રો, અને દ્રષ્ટિવાદ બારમું અંગ, જેની અંદર ચૌદપૂર્વો આવે, મહાસાગર જેવા શાસ્ત્રો ! આ દ્વાદશાંગી, બારે ય અંગ, આનો સાર શું? અને બહુ સરસ જવાબ સદ્ગુરુ આપે છે, દ્વાદશાંગી નો કોઈ સાર હોય, તો એ ધ્યાન યોગ છે ! શિષ્ય એ જ પ્રશ્ન કરે છે કે તો પછી, બીજું બધું શેના માટે? અને સદ્ગુરુ જવાબ આપે છે,

सर्वोप्यस्यैव हेतवे

બીજું બધું જે છે, એ ધ્યાન યોગની પાત્રતા કેળવવા માટે છે. ધ્યાન યોગ, એ કેવળજ્ઞાનનું આગલું પગથિયું છે, ને બીજા બધા જ યોગ, એ ધ્યાન યોગ માટેના પગથિયા છે. ધ્યાન-યોગ એ મોક્ષનું આગલું પગથિયું છે, શૈલેષીકરણ પણ ધ્યાન દ્વારા જ થઈ શકે છે. બીજા બધા જ પગથિયા, એ પગથિયા ની પ્રાપ્તિ માટે છે. આગલા પગથિયા નથી, તો ધ્યાનનું પગથિયું મળે એમ નથી, ધ્યાન નું પગથિયું નથી તો આગલા પગથિયા ઓનો કોઈ અર્થ નથી ! ધ્યાનનું પગથિયું આગલા પગથિયાઓ વગર નિષ્ફળ છે, આગલા-પગથિયાઓ, એ ધ્યાનના પગથિયા વગર નિષ્ફળ છે !

मोक्षकर्मक्षयादेव सचात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥

યોગશાસ્ત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે કે મોક્ષ કઈ રીતે થશે? સર્વ કર્મના ક્ષયથી થશે. સર્વ કર્મનો ક્ષય કઈ રીતે

થશે, આત્મજ્ઞાનથી થશે, આત્મજ્ઞાન કઈ રીતે થશે, ધ્યાનથી થશે! માટે ધ્યાન એ આત્માનું હિત છે. સમભાવથી પ્રાપ્ય મોક્ષ, અને ધ્યાનથી પ્રાપ્ય સમભાવ! એક કવિએ બહુ મજાની વાત કરી છે.

"પછી ફરક ક્યાં રહ્યો રેશમ કે કંતાનમાં,
ક્યાં હવે બેસી જવાયું ધ્યાનમાં"

તમને રેશમ નથી મળ્યું એ તમારી ખરી તકલીફ નથી, તમને કંતાન મળ્યું છે એ તમારી ખરી તકલીફ નથી, તમને હજુ સુધી ધ્યાન નથી મળ્યું ને, એ તમારી ખરી તકલીફ છે. બહુ સરસ મજાની વાત અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

यत्र गच्छति परं परिपाकं पाकशासनपदं तृणकल्पं ।

ધ્યાન એ પરિપાક દશાને પામી ગયું, ધ્યાન એ પરિપક્વ બની ગયું, ધ્યાન એ CLIMAX ને આંબી ગયું, તો સમજુ લોકો ઈન્દ્રની જે પદવી છે ને, એ પણ ઘાસ સમાન લાગશે, ધૂળ સમાન લાગશે, રાખ સમાન લાગશે.

स्वप्रकाशसुखबोधमयं तद् ध्यानमेव भवनाशि निजध्वम् ।।

ધ્યાન એટલે ભીતરનો ઉઘડેલો પ્રકાશ, ધ્યાન એટલે ભીતરમાં દીવો પ્રગટાવવો, ધ્યાન એટલે જ્ઞાનના ઉજાસ માટેની બારી ખોલવી, ધ્યાન એટલે આત્મગુણોનો વરસાદ, આપણને સ્પર્શી શકે, એના માટે આપણી ઉપરનું આવરણ કાઢી નાખવું. ધ્યાન એટલે સંસારનો નાશ, ધ્યાન એટલે મોક્ષનો ઉપાય. ધ્યાન એટલે સમતાની શરૂઆત, ધ્યાન એટલે પોતાની શરૂઆત, ધ્યાન એટલે આત્માની શરૂઆત!

ભગવતી સુત્રની અંદર એક ઘટના છે ને એ ઘટનાની અંદર, ગૌતમસ્વામી, મહાવીરસ્વામીને પ્રશ્ન કરે છે કે, ભગવાન, આત્મા શું છે? જુદા જુદા દર્શન, જુદા જુદા પંથો, જુદા જુદા વિચારો ને જુદા જુદા અભિપ્રાયો, અને એ અભિપ્રાયોની અંદર, ધ્યાનની જુદી જુદી પરિભાષા છે. ધ્યાનમાં આપણે પછી જઈએ. આત્મા શું છે, આત્મા માટે પણ ઘણીબધી

જુદી જુદી પરિભાષાઓ છે. કોઈ કહે છે કે વિશ્વ વ્યાપી આત્મા છે. આખી દુનિયામાં આત્મા વ્યાપ્ત છે. કોઈ કહે છે એક જ આત્મા છે.

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः।

દરેક જીવની અંદર એક જ આત્મા છે.

एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत्॥

આકાશની અંદર ચંદ્ર છે ને નીચે ક્યાંક નદી છે, નાળા છે, ઝરણું છે, કોઈક તળાવ છે, કોઈક સરોવર છે, કોઈક દરિયો છે, કોઈકે એ પાણીનું વાસણ મૂકી રાખ્યું છે, ને બધાની અંદર ચંદ્રનું પ્રતિબિંબ પડી રહ્યું છે. ધરતીની અંદર ચંદ્રના હજારો પ્રતિબિંબો પડી ગયા છે, પણ હકીકતમાં તો જેમ ચંદ્ર એક જ છે, એવી રીતે વિશ્વની અંદર આત્મા તો એક જ છે, આપણને એ જુદા જુદા દેખાય છે એ એના પ્રતિબિંબો છે. આવો પણ એક મત છે. કોઈક કહે છે,

श्यामाक तन्दूलमात्रोऽयमात्मा।

માત્ર કાળા રંગનો જે ચોખાનો દાણો હોય, ચોખાની ઘણી જાત આવે ને એમાં ક્વોલિટીવાઈઝ જાતજાતના આવે, એને કાળા રંગનો જે ચોખો હોય, એના જેવો, એટલો આત્મા છે. કોઈ કહે છે અંગુષ્ઠ પ્રમાણ આત્મા છે. કોઈક કહે છે માત્ર હૃદય સ્થાને આત્મા હોય છે. જુદી-જુદી આત્મા વિષેની માન્યતાને અમુક પંથ એમ કહે છે કે, આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી.

ગૌતમસ્વામી, મહાવીરસ્વામી ને પ્રશ્ન કરે છે, કે આત્મા શું છે ? અને મહાવીરસ્વામી ભગવાન જવાબ આપે છે, ભગવતી સૂત્રની અંદર, ભગવાનના એ DIRECT શબ્દો લખેલા છે.

आया मे अज्जो सामाइए। आया मे अज्जो सामाइयस्स अट्ठे।

આત્મા શું છે ? સામાયિક એ આત્મા છે ! આત્માનો અર્થ શું છે ? સામાયિક એ આત્માનો અર્થ છે. ઓમ પ્રશ્ન કર્યો, સામાયિક એટલે શું ? અને ભગવાન જવાબ આપે છે.

समभावो सामाइयं

classmate

સમભાવ એ સામાયિક છે. કષાયોથી કલુષિત આત્મા, વિષયો
થી વિહ્વળ આત્મા, રાગદ્વેષની જંજાળોમાં અટવાયેલો આત્મા,
એ હકીકતમાં આત્મા નથી! આત્મા જ્યારે સમભાવમાં આવે છે
ત્યારે આત્મા પોતાની શરૂઆત કરે છે. આત્માની જ્યારે વિષમતાઓ
દૂર થાય છે, ત્યારે આત્માનું ખરું જીવન શરૂ થાય છે. આત્મા
જ્યારે સમભાવમાં પ્રતિષ્ઠિત થાય છે, ત્યારે આત્માનું ઉદ્ગમ
બિંદુ આત્માને મળી જાય છે.

બહુ સરસ મજાની વાત જ્ઞાનીઓ કરે છે.
જ્યારે તમને સમભાવ મળી ગયો ત્યારે થાય છે શું?

ममत्वमरणे जाते समत्वे सुप्रतिष्ठिते ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥

મમતાનું મોત થાય, અને સમતાની સારી એવી પ્રતિષ્ઠા થાય,
પછી તો જ્યાં મન જાય, ત્યાં સમાધિ જ સમાધિ છે. તમે
સમાધિને FOLLOW કરો, આ હજુ નીચી દશા છે. સમાધિ
તમને FOLLOW કરે, આ ઊંચી દશા છે, અને ધ્યાનથી આ
દશા મળી શકે એમ છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ અધ્યાત્મ
સારમાં કહે છે,

बाध्यते न हि कषायसमुत्थैर्मानसैर्न नतभूपनमद्भिः

જેને ધ્યાન મળી ગયું, ધ્યાન દ્વારા સમભાવ મળી ગયો, એને
પછી કોઈ જ કષાયો સતાવી શકતા નથી. જેને ધ્યાન મળી ગયું
અને સમભાવ મળી ગયો, એને વિષય-તૃષ્ણા સતાવી શકતી
નથી. જેને ધ્યાન મળી ગયું ને સમભાવ મળી ગયો, એને રાજા,
મહારાજા, સમ્રાટ કે ચક્રવર્તીઓ આવીને પગમાં પડી જાય, તોય
એને કશો ફરક જ પડતો નથી. તમે સાસુ સતાવે છે કે, વહુ
સતાવે છે કે, દીકરો માનતો નથી, ધંધો બરાબર ચાલતો નથી,
કે તમારું શરીર સારું રહેતું નથી, તમને મનમાં શાંતિ રહેતી
નથી, આ બધી તમારી ખરી તકલીફ નથી. બહારની ઘટનાઓ
થી તમને કંઈક ફરક પડે છે. એ તમારી ખરી તકલીફ છે.
આપણે આખું ગામ ફેરાવવા માંગીએ છીએ ને માટે જ આપણે

દુઃખી છીએ. ધ્યાન દ્વારા માત્ર આપણે આપણું ગાડું ફરાવી દઈએ તો, ગામની કોઈ ચિંતા રહેશે જ નહિ.

अत्यनिष्टविषयैरपि कुर्वैर्ध्यानवान् निभृतात्मनि लीनः।।

ગામે તેટલા અનિષ્ટ વિષયો હશે, પરિષહો હશે, ઉપસર્ગો હશે, તકલીફ હશે, ગામે તેવા કષ્ટો હશે, ધ્યાનીને કોઈ જ ફરક નહીં પડે. કારણકે ધ્યાનીએ અંદર ડૂબકી લગાડી દીધી છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! મહાવીર સ્વામી ભગવાને તો ધ્યાન દ્વારા ઘણું બધું સિદ્ધ કર્યું, છતાં એ કાનમાં ખીલા ઠોકાયા ત્યારે ચીસ પડી ગઈ એનું કારણ શું ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- એટલે એ એક શારિરીક પ્રક્રિયા હતી, ને ભગવાનને સાડા બાર વર્ષના સાધના કાળની અંદર, એક પણ પરિષહ કે ઉપસર્ગોમાં બિલકુલ અરતિ થઈ નથી, આવું આગમો કહે છે. શારીરિક પ્રક્રિયા શરીરની થાય, એ જુદી વસ્તુ છે, અને મનની અંદર વિચાર હોય જ કે ના હોય એ જુદી વસ્તુ છે. શારીરિક પ્રક્રિયા શુન્ય હોવા છતા, અંદર વિચાર હોય શકે છે. શારીરિક પ્રક્રિયા હોવા છતાં અંદર સ્વસ્થતા હોય, આવું પણ બની શકે છે. બહાર લુ વાતી હતી, બહાર કડકડતી ઠંડી હતી, સવારનો સમય હતો, તમે ક્યાંક બહાર જઈને આવ્યા, તમે ઘરમાં ગયા તમને ઠંડ લાગશે, તમે લુ માથી આવ્યા અંદર ઠંડક લાગશે, બહાર ગમે તે હોય, તમે ઘરમાં આવી ગયા, પછી તમને કોઈ જ તકલીફ નહીં પડે. ધ્યાન એ આત્માનું ઘર છે !

આપણે દુઃખી છીએ કારણકે આપણે ઘરમાં આવતા નથી, આપણે દુઃખી છીએ કારણકે આપણે બહાર જ રખડ્યા કરીએ છીએ, આપણે દુઃખી છીએ કારણકે આપણે ભીતર જઈ શકતા નથી. આપણે દુઃખી છીએ કારણકે આપણે અંદર ડૂબકી લગાડી શકતા નથી. આપણે દુઃખી છીએ, કારણકે હજુ સુધી આપણે આપણા ઘરને ઓળખ્યું જ નથી. તમારું ખરું સરનામું છે ધ્યાન, તમારું ખરું ઘર છે ધ્યાન, જ્યાં સુધી તમે ધ્યાન નથી કર્યું, ત્યાં સુધી તમે હજુ શરૂઆત જ

કરી નથી. છગન એક વાર ઘરમાં ધ્યાન કરવા બેઠો. અડધી - મિનિટ થઈ ત્યાં ફોનની RING વાગી, છગને ફોન RECEIVE કર્યો, સામે મગન હતો. કેમ છે દોસ્ત ?, મજામાં છે ને ?, છગન જરા નારાજ થઈને બોલ્યો, મજામાં છું પણ અત્યારે મારે ધ્યાન કરવું છે, મને DISTURB નહીં કર. છગને સીધો ફોન મુકી દીધો, SWITCH OFF કર્યો ને ફરીથી ધ્યાન ચાલુ કર્યું, પંદર SECOND ગઈને DOOR BELL વાગી, છગન ધુંધવાઈ ને ઉભો થયો, દરવાજો ખોલ્યો, સામે POSTMAN હતો, એક COVER બતાડીને કહ્યું, આ સરનામું ક્યાં આવ્યું, મને કોઈક કહી શકશો, COVER લઈને નજર કરીને કીધું કે આ સામેનું જ ઘર છે, ખબર નથી પડતી, POSTMAN બિચારો કચવાઈ ગયો, POST MAN ગયો ને દરવાજો ધાડ દઈને બંધ કર્યો ને છગન ફરીથી ધ્યાનમાં બેસી ગયો. દસ SECOND થઈ છગન ફરીથી ઉભો થયો, DOOR BELL ની SWITCH બંધ કરી દીધી, ફરી બેસી ગયો, બહુ પાકું કામ કર્યું હોય એનો ગર્વ થયો છગનને !

ફરીથી છગને ધ્યાન ચાલુ કર્યું, અડધી - મિનિટ ગઈ, અને રસોડામાંથી એક ત્રાડ પડી, નવરાધુપ જેવા બેઠા રહો, કાંઈક કામ કરતા હો તો, જાવ બજારમાં શાક લઈ આવો. છગનના મનમાં ધમસાણ ચાલુ થયું ને, ઉપરથી રસોડામાંથી ફરી ત્રાડ આવી, દુધી નહીં ઉપાડી આવતા, ત્રણ દિવસથી બધા દુધી ખાઈ-ખાઈ ને થાકી ગયા છે. છગનને થયું કે આ રસોડા-માં જઈને ઝઘડો કરવો કે જલ્દી આમ શાક લાવીને મુકી દેવું ને ફરી ધ્યાન કરવું. છગનને થયું કે નવા દો ઝઘડો કરવો નથી ! છગન રઘવાયો થઈને આમ ટુંકમાં ટુંક સમયની અંદર શાક લાવીને મુકી દઈને, ફરીથી ધ્યાન કર્યું. છગનને ઈચ્છા થઈ છે ને છગન આમ જલ્દીથી દોડવાની જેમ દરવાજા સુધી પહોંચ્યો છે ને, પાછળથી પિંટુ આવે છે ને પિંટુ કહે છે, કે પપ્પા પછી તમે આવીને મારી સાથે કબડ્ડી રમશો ને ! છગનની બધી જ ધ્યાન ની ઉલ્લાસ મરી જાય છે ને છગન વિલા મોઢે કહે છે કે તો બીજું હું શું કરી શકું. છગન ઉપર ભલે હસવું આવે પણ

આજે તમારી દશા અમે જોઈએ ને, વાત જગતની નથી, વાત તમારી છે. બહુ સરસ મજાની વાત "સુત્રકૃતાંગ" આગમમાં સુધર્મા સ્વામી ભગવાન કહે છે.

ગીહે દીવમપાસંતા ।

દીક્ષા નો BASE શું ? સંયમનું કારણ શું ? REASON શું આ બધું છોડવાનું ? હજારો- લાખો- કરોડો આત્માએ સંસાર નો ત્યાગ કર્યો છે. સંયમનો સ્વીકાર કર્યો છે. આ બધાનું કારણ શું ? એક નાનકડા સુત્રની અંદર, સુધર્મા સ્વામી ભગવાન એનો જવાબ આપે છે. કારણકે ઘરવાસની અંદર દીવો નથી. સંસારનો સમાનાર્થી શબ્દ છે અંધકાર ! સંસારમાં - અડચણોનું અંધારું છે, તકલીફો નું અંધારું છે, આર્તધ્યાનનું અંધારું છે, રૌદ્ર ધ્યાનનું અંધારું છે, ચિંતા, TENSIONS, ઉપાધિઓ, જેને કહેવાય એનો આરો જ ન આવે એનું નામ સંસાર ! ઘરમાં દીવો નથી. ઘરમાં જ્ઞાનનો દીવો નથી, ઘરમાં ધ્યાનનો દીવો નથી, ઘરમાં પ્રકાશ નથી, ઘરમાં અંધારું છે.

તમને એમ કહેવાનું મન થાય, થોડુંક તમે ધર્મમાં આવો, જરાક નજીક આવો ને સંસાર તમને ખેંચી લે, થોડો સમય તમે વધારે ઉપાશ્રયમાં રોકાઈ ગયા હો, તો તમને અજુગતુ લાગે, તમને બહુ અઘરું લાગે, તમને લાગે કે આપણું ભાઈ કામ નહિ. તમારો પ્રશ્ન હોય છે કે સાહેબ ચોપડી તો લઈએ છીએ, પણ બગાસા આવવા લાગે છે. સાહેબ ધ્યાનની આપે વાત ઘણી કરી, અમે એક વાર TRY કરી હતી, ને સરસ ઊંઘ આવી ગઈ હતી. સાહેબ આમ થોડુંક કાંઈક - નવકારવાળી કે સ્વાધ્યાય લઈને બેસીએ ને સાહેબ આમ શાંતિ જ નથી સાહેબ ! સાહેબ આ ફોન છે ને એણે અમને ખરીદી લીધા છે, દિવસ- રાત એ પજવે છે, સાહેબ રજા તો એ નથી ને છોડતો એ નથી, હું તમારી વાત કરું છું. સાહેબ, વિક્ષેપો, અડચણો, વિઘ્નો, ઉપાધિઓ, અમે કઈ રીતે ધર્મ કરીએ. એ જ સમજાતું નથી. સાહેબ ઘણી વાર પ્રવચનમાં સાંભળીએ છીએ, અંદર ઉતરો.. અંદર ઉતરો.. હજુ તો

એમ વિચાર કરતા હોય, અને સંસાર અમારો હાથ ખેંચીને ફરી બહાર કાઢી લે છે. ઘણી બધી તમારી મૂંઝવણો છે, ઘણી બધી તકલીફ છે, હજુ કષાયો સતાવે છે. હજુ વિષયો સતાવે છે, તમે હારી ગયા છો, ઘણી વાર તમે માની લો છો, કે અંતરયાત્રા આપણા માટે છે જ નહિ !

આજે મારે તમને કહેવું છે, કે અંતરયાત્રા આપણા માટે નથી એવું નથી, પણ આપણે એ માની લઈએ કે આપણા માટે નથી તો પછી આપણા માટે નથી. એક ચિંતક બહુ મઝાની વાત કરી છે.

WHETHER YOU THINK YOU CAN DO OR YOU CAN'T IN BOTH, YOU ARE RIGHT !! YOU CAN DO WHAT YOU THINK YOU CAN DO, YOU CAN'T DO WHAT YOU THINK YOU CAN'T DO !!

તમે જે વિચારો કે તમે કરી શકો છો, એ તમે કરી શકો છો. તમે જેમાં વિચારો કે તમે નથી કરી શકતા, તમે નહિ કરી શકો એ તમે નહીં કરી શકો ! તમે કરી શકશો એમ વિચારો તો પણ તમે સાચા છો. તમે નહિં કરી શકો એમ વિચારો, તો પણ તમે સાચા છો. કરી શકું કે કરી ના શકું, એ તમારી ધારણા ઉપર આધારિત છે. સોનગઢ પાસે પાલિતાણામાં એક પાગલખાનું છે. એના ભાઈ અમને મળવા આવ્યા હતા, અમને વાત કરે કે સાહેબ, પાણીનું આટલું મોટું DRUM હોય ને, એને અમારે ત્યાં પાગલો એક આંગળી થી ઉપાડે છે. સાહેબ, SCIENTIFICALLY અમે પણ છક્કડ ખાય જઈએ છીએ, કે આ POSSIBLE જ નથી. મેં આ ઘટના ઉપર વિચાર કર્યો કે આ કઈ રીતે POSSIBLE થાય છે, આપણે નથી કરી શકતા ને પાગલ કરી શકે છે ! કારણકે પાગલ એવું નથી માનતો કે આ કરી શકાય એવું નથી. જે પાગલ છે એનામાં ડહાપણ નથી, માટે એ એમ માને છે કે આ કરી શકાય, અને માટે એ કરી શકે છે. આપણે બહુ ડાહ્યા છીએ, શાણા છીએ, ઠરેલ છીએ, હું કહું છું કે એ

DRUM (પીપ) આપણે નહીં ઉપાડી શકીએ તો વાંધો નથી,
પણ આપણે આપણા આત્માને પણ નહીં ઉપાડી શકીએ,
હજુ નીચે જ રહીશું. ઘણી બધી તમારી મુંઝવણો, ઘણી
ફરીયાદ, ઘણી વિષમ પરિસ્થિતિઓ, વારંવાર અમારી પાસે
આવતી માંગણીઓ, ઘણી વાર તમારા જીવનની અંદર એવી
દુર્ઘટના બની જાય, કે તમે તમારી આ અંદરની મૂડી સંતોષ-
વાને માટે, હજુ તમે કાંઈક PLUS માં હતા, એમાંથી તમે
MINUS માં જતા રહો, થોડું ઘણું જિનશાસનને પામ્યા હો,
એ પણ તમારું જાય, આવું તમારી સાથે ના થાય. નીચેના
પગથિયા ચડ્યા પછી, ઉપરનું પગથિયું આવે જ નહિ, આવું
પણ તમારી સાથે ના થાય, એના માટે, એક આલંબન,
આવતી કાલથી દસ દિવસ માટે, લક્ષ્મી વર્ધક શ્રી સંઘની
અંદર, દસ દિવસની આત્મયાત્રા શિબિરનું આયોજન કરેલ છે.

શિબિર જુદા પ્રકારની છે, સુરતની અંદર
અમે હતા, અમે તો આમ ગુરુદેવની શિબિરો જોઈ હતી,
દસ દિવસની શિબિર હોય ને અમે વેકેશનની અંદર ગયા હોઈએ
ને, દસ દિવસ ત્યાં રહીએ, નવા પ્રકારની શિબિરો મેં જોઈ,
શિબિરમાં પ્રવચન પણ મેં કર્યું! પણ મેં ગુરુદેવને પુછ્યું કે,
ગુરુદેવ આ શિબિર કઈ રીતે, મને ગુરુદેવ કહે હવે વ્યાખ્યા
એવી થઈ ગઈ છે, જ્યાં જમવાનું હોય ને એ શિબિર!
એટલે આવી વ્યાખ્યાઓથી તમે ત્યાં આવી ના પહોંચો, મને
એક જણે પુછ્યું, કેટલા વાગે છે શિબિર! મેં કહ્યું કેટલા
વાગે નથી, દસ દિવસ છે. આ શિબિરની રૂપરેખા જુદા
પ્રકારની છે, એમ થાય કે તમને સમજાવવી જોઈએ.

શિબિરની અંદર દસ દિવસ માટે, ભાઈઓ
માટે, ઉપાશ્રયમાં જ રહેવાનું છે. બહેનો ત્યાં રહી નહી શકે,
પણ દિવસ દરમ્યાન, જે પ્રવચન અને ધ્યાનના SESSIONS
છે, એમાં સકલ શ્રી સંઘ એ લાભ લઈ શકશે. ભાઈઓ માટે
દસ દિવસ ત્યાં જ રહેવાનું, દિવસ અને રાત પણ ત્યાં જ
રહેવાનું, દસ દિવસ સંપૂર્ણ મૌન રાખવાનું, દસ દિવસમાં

રોજના, લગભગ સાડા ચાર કલાક જ્ઞાન યોગ, અને સાડા ચાર કલાક ધ્યાન યોગ! જ્ઞાનયોગ, તમને સામગ્રી આપવામાં આવશે તમારી અને સ્વાધ્યાય કરવાનો, ધ્યાન યોગ, જે SESSION તમને PRACTICAL કરાવવામાં આવશે, જે SESSION તમારે અને કરવાના, માર્ગદર્શન ત્યાંથી આપવામાં આવશે, દસ દિવસ એકાસણા કરવાના, દસ દિવસ સ્નાન માટે પૂજા માટે એકાસણા માટે ઘરે જઈને આવી જવાનું. સાડા દસથી એકનો સમય, આ સ્નાન, પૂજા અને એકાસણાનો સમય.

સંઘ બધી જ વ્યવસ્થા કરવા માટે તૈયાર છે, સંઘ સક્ષમ છે, "આત્મૈષણા" ની THEME એની METHOD જે આવી કોઈ જ વ્યવસ્થા, આર્થિક આદાન-પ્રદાન, કોઈ પણ મનની FEES, કોઈ પણ મનનું દાન, કોઈ પણ મનનું FORM આમાં "આત્મૈષણા" શિબિર ક્યાંય પણ હશે, એ નહિ પડે, જે આ જ SYSTEM થી ચાલશે, સૌથી પહેલી શિબિર લક્ષ્મી વર્ધક સંઘમાં થઈ રહી છે, અને સંઘે વિનંતી પણ કરી, સાહેબ બધી વ્યવસ્થા અમે કરશું, પણ અમુક કારણો છે, અમુક કારણો મેં તમને કહ્યા, બીજા પણ અમુક કારણો છે, અત્યારે ટૂંકમાં હું તમને કહી રહ્યો છું, પણ જે કોઈ આર્થિક આદાન-પ્રદાન, કોઈ વ્યવસ્થા, કોઈ કાર્યકર્તા, કોઈ સેવક, કોઈ ઔપચારીકતા, આમાં ક્યાંય પણ "આત્મૈષણા" શિબિર પડશે નહિ, એને કંઈજ જરૂર નહિ પડે, તમારી જરૂરની વસ્તુ, એ લઈને તમારે ત્યાં આવી જવાનું. ઓઢવા, પહેરવા, પાથરવાનું, જલપાત્ર હોય, નેપકીન, રૂમાલ વગેરે તમને જે જોઈએ, સામાયિકના વસ્ત્રો હોય, તમે લાવી શકશો, પ્રતિક્રમણ ફરજિયાત નથી, પ્રતિક્રમણના સમયે જેને પ્રતિક્રમણ કરવું હોય તો કરી શકે સામાયિક, ધ્યાન કે સ્વાધ્યાય કરવો હોય, એ પણ કરી શકે. પૌષધ ફરજિયાત નથી, પ્રતિક્રમણ ફરજિયાત નથી, એકાસણું ફરજિયાત છે, સાદા એકાસણા ફરજિયાત છે, ભારે ખોરાક એકાસણાની અંદર લઈ નહી શકાય, પહેલા દિવસે તમને થોડું આકરું લાગશે, એમ થશે કે ચાલો ભાઈ જતા રહીએ, આપણો થોડુંક આમ TASTE

ફરવા આવ્યા હતા, બીજા દિવસે થોડું ગમશે. ત્રીજા દિવસે
મન ઘણું બધું કરશે, ચોથા દિવસથી ખુબજ આનંદ આવવા
લાગશે, બધું જ ગમશે. તમને પણ થશે બહુ સારું થયું અહીંયા
આવી ગયા, પાંચમા દિવસે તમને લાગશે કે તમારામાં નોંધપાત્ર
પરિવર્તન થઈ રહ્યું છે. છઠ્ઠા દિવસે તમને લાગશે કે તમારા
કષાયો શમી ગયા છે, તમારી વિષય-તૃષ્ણા ઓછી થઈ રહી
છે, સાતમા દિવસે તમને લાગશે, કે આવો આનંદ તો જિંદગી
માં કદી પણ આવ્યો નથી. આઠમા દિવસે તમને લાગશે કે,
આ શિબિર કદી પૂરી જ ના થાય, જીવન ભર માટે આ શિબિર
ચાલ્યા જ કરે, નવમા દિવસે તમને લાગશે કે તમે આના
માટે જ જનમ્યા હતા, દસમા દિવસે તમને લાગશે, કે તમારો
જન્મ, તમારું જીવન, તમારી શક્તિ, તમારી બુદ્ધિ એ બધું જ
આના દ્વારા સફળ થઈ ગયું !

તમે કદાચ પ્રશ્ન કરવા આવો કે સાહેબ,
એક દિવસ આવીએ તો ચાલે, બે દિવસ આવીએ તો ચાલે,
મારે જરા આમ છે ને તેમ છે, ઠીક છે આમાં કોઈ ઔપચા-
રિકતા નથી, તમે આવી ગયા બેઠા તો અમે તો કોઈ તમને
નહિ બવાય, એવું તો કહેવાના જ નથી, જેટલું કરો એટલું
તમારા આત્મા માટે સારું છે, પણ છતાં તમે બે નિયમોને
વળગી રહેશો, અને દસ દિવસ માટે સંપૂર્ણ સમર્પિત બન્યા,
ત્રણ-ચાર દિવસ તો સંસાર ભૂંસાતા લાગતા હોય છે,
આપણી જિંદગીમાં કદી આપણી જાતને એવી તક જ આપતા
નથી. મને ખબર છે તમે ઉપધાન પણ કરોને તો ઉપધાન
ની અંદર તમારા સુડતાલીસ દિવસ ! ઘણાની તો છેને
પહેલાથી માળની તૈયારી ચાલતી હોય છે. હવે તો ભાઈ
તમે આવ્યા છો, જેના માટે આવ્યા છો, એટલું સરસ
આલંબન, સુડતાલીસ દિવસ તમને ભિતરી યાત્રા કરવા માટે
આપ્યું, ને તમે માળની પત્રિકાનું શું ને કોને બોલાવવું,
ને કઈ રીતે FUNCTION કરવું ને કઈ કઈ બોલી બોલવી
ને, મને ખબર નથી તમારી ક્યાં સુધીની ચર્ચા- વિચારણા

હોય છે. અગ- ચાર દિવસ સંસાર ભૂંસાવા લાગે છે. તમે બે દિવસ ભાવી ને જતા રહો, તમે PLAN જ બે દિવસનો બનાવો અથવા બે દિવસ તમને થોડું ઓછું ફાવ્યું ને એના કારણે તમે જતા રહો, આ એના જેવું છે કે બે હજાર પગથિયા ચડ્યા ને હજુ દાદાનો દરબાર આવ્યો જ નથી, તો ચાલો ભાઈ શત્રુંજય ઉતરી જઈએ. હવે બે હજાર ચડ્યા છો તો, થોડું હજુ ચડી લો, આવી જશે! દરબાર છે ત્યાં જ છે, ચડવું પડશે. એટલું ચડવું જ પડશે, અધીરા બની જશો એટલું તમે જ ગુમાવશો.

તમારા આત્માને એક તક આપો. ધંધો રહેવાનો છે, વ્યાવહારીઓ રહેવાની છે, ઘરની ઉપાધિ પણ રહેવાની છે. તમે વિચારો કે આ કાલથી જ છે ને, ઓલુ, ઓલુ કંઈ હશે એ ત્યારે જોશું, હું તમને કહું છું તમારા ગુંચવાડા વધશે કે ઘટશે, એની તમને ખબર નથી, તમારી તબીયત આનાથી વધારે સારી થશે કે ખરાબ થશે, તમને ખબર નથી. ઘરની પરિસ્થિતિ સુધરશે કે બગડશે તમને ખબર નથી. જ્યારે ભવિષ્યની આપણને કંઈ જ ખબર નથી, ત્યારે આત્મહિતને ભવિષ્ય ઉપર નાખી દેવું, આ આત્મહિત નો જુગાર ખેલવા બરાબર છે, જેમાં આપણે હારશું કે જીતશું, એની આપણને ખબર નથી.

"આત્મૈષણા" નો અર્થ છે, સ્વની શોધ. એષણાનો અર્થ છે શોધવું! દુનિયાની અંદર વિત્તૈષણા હોય છે, પૈસાને શોધ-વાના પ્રયાસો હોય છે, કરોડો- અબજો લોકો એમાં લાગેલા છે. દુનિયાની અંદર કામૈષણા હોય છે, પોતાને સુખના સાધનો કઈ રીતે મળે, પાંચ ઈન્દ્રિયોના વિષયો કઈ રીતે મળે, અનુકૂળતા વિજાતીય પાત્રો કઈ રીતે મળે, આ કામની શોધ પણ વિશ્વમાં અનાદિકાળથી ચાલુ છે. "સૂત્ર કૃતાંગ" આગમ ની અંદર સુધર્મા સ્વામી ભગવાન કહે છે કે મોહ ભગના દુનિયાના જીવોની સ્થિતિ બગલા જેવી છે.

मच्छेसणं ० झायंति ।

જેઓ માછલાની એષણા કરતા રહે છે, બગલાનું પણ એક ધ્યાન હોય! ઉંદરનું પણ એક ધ્યાન હોય છે. કામીનું પણ એક ધ્યાન હોય છે, લોભીનું પણ એક ધ્યાન હોય છે, અને સુધર્મા સ્વામી ભગવાન

કહે છે કે કોઈને કોઈ પ્રકારની માછલીનું ધ્યાન, દુનિયાના મોટા ભોગના ભુવો કરતા હોય છે.

મચ્છેસણં તે૰ઝાયંતિ, ઘાયમેસંતિ૦

અરછેષણા શું છે?, કામેષણા શું છે?, વિત્તૈષણા શું છે?, ભામેષણા શું છે?, સુધર્મા સ્વામી ભગવાન કહે છે, આ બધી ઘાતેષણા છે, આ બધી પોતાના આપઘાતની શોધ છે. આ બધી નરકની શોધ છે, આ બધી દુર્ગતિની શોધ છે. સુધર્મા-સ્વામી ભગવાનને પુછવામાં આવ્યું, કે કરવું શુ જોઈએ?, શાને શોધવું જોઈએ?, કઈ એષણા કરવી જોઈએ?, સુધર્મા-સ્વામી ભગવાન પોતે જવાબ આપે છે. એષણા કરવા જેવી છે માત્ર એક જ વસ્તુની, અને એ છે તમારો આત્મા! કરવા જેવી વિત્તૈષણા નથી, કરવા જેવી કામૈષણા નથી, કરવા જેવી છે માત્ર ને માત્ર "આત્મૈષણા". ભગવાન મહાવીરે ઉપદેશ આપ્યો ઉત્તરાધ્યયન સૂત્રના શબ્દો છે.

ચરેજ્જત્તગવેસએ।

તું ડગલે ને પગલે તારા આત્માની શોધ કરજે, તું સ્વની શોધ કરજે, જો તે સ્વની શોધ નથી કરી, તો તારું જીવન નિષ્ફળ છે, ભગવાને જેનો ઉપદેશ આપ્યો, ભગવાને પોતાના સાધનાકાળની અંદર PRACTICAL જે સાધના કરી, આચારાંગ સૂત્રો વગેરે ~~xxx~~ વગેરે આગમો ની અંદર,

વગેરે શબ્દો દ્વારા, ભગવાનની જે સાધનાનું વર્ણન છે, એ સાધના કરવા માટે નું એક આલંબન, આવતી કાલ ત્રેવીસ DECEMBER થી એક JANUARY સુધી, દસ દિવસ માટે સ્વની શોધનું એક આલંબન, મૌન શિબિર, ધ્યાન શિબિર, ધ્યાન શિબિર, સમતા શિબિર, આ સમગ્ર નામોનું એક પ્રતિક, "આત્મૈષણા" શિબિર થવા જઈ રહી છે, ઘરે-એકાસણું કરીને આવવાનું છે, જેમની પણ ભાવના હોય કોઈ જ ઔપચારિકતા નથી. તમારી જાણ માટે શિબિરનું SCHEDULE તમને જણાવું છું.

classmate

DATE 22 12 2018

સવારે ૪.૩૦ થી ૬ - ધ્યાનયોગ.

૬ થી ૭ - પ્રતિક્રમણ કે સ્વાધ્યાય.

૭.૧૫ થી ૮.૧૫ - પ્રવચન.

૮.૧૫ થી ૯.૧૫ - ધ્યાનયોગ.

૯.૧૫ થી ૧૧ - જ્ઞાનયોગ / સ્વાધ્યાય.

૧૧ થી ૧.૩૦ - સ્નાન / પૂજા / એકાસણું.

૧.૩૦ થી ૨.૩૦ - વિશ્રામ / સ્વાધ્યાય.

૨.૩૦ થી ૩.૧૫ - જ્ઞાનયોગ.

૩.૧૫ થી ૪.૧૫ - ધ્યાનયોગ.

૪.૧૫ થી ૬.૧૫ - જ્ઞાનયોગ.

૬.૧૫ થી ૭ - પ્રશ્નોત્તરી.

મૌનમાં આટલો અપવાદ છે, તમને ધ્યાન, જ્ઞાનની આજનમાં જે પણ પ્રશ્નો ઉદ્ભવ્યા હોય, જે પણ તમને મુંઝવણ હોય, એનું નિરાકરણ સામુહિક રીતે, જે પ્રશ્નોત્તરી દ્વારા આપવામાં આવશે.

૭ થી ૮ - પ્રતિક્રમણ / ધ્યાન.

૮ થી ૯ - ધ્યાનયોગ.

૯ - વિશ્રામ.

૭.૧૫ થી ૮.૧૫ પ્રવચનમાં સકળશ્રી સંઘ લાભ લઈ શકશે.
૮.૧૫ થી ૯.૧૫ ધ્યાનયોગમાં સકળશ્રી સંઘ લાભ લઈ શકશે.
૩.૧૫ થી ૪.૧૫ ધ્યાનયોગમાં સકળશ્રી સંઘ લાભ લઈ શકશે.
જે ધ્યાનયોગ અને સવારના પ્રવચનમાં સકળ શ્રી સંઘ, પણ જોડાઈ શકશે. એક તમારા માટે આ CHANCE, આનમે જડપશો, અંદર ઉતરવાની એક ચાવી તમને મળશે. જીવન તમારું સફળ થશે.

x x x x x

# આત્મૈષણા શિબિર - દિવસ ૧

DATE 23 12 2018

परपद आतम द्रव्यकुं कहन सुनन कछु नाहिं
चिदानंदघन खेल ही निजपद तो निज माहीं

સમાધિ શતક ગ્રંથની અંદર, આત્મ દ્રવ્યની વાત કરતાં કહે છે,

परपद आतम द्रव्यकुं कहन सुनन कछु नाहिं

આત્મદ્રવ્ય એ કહેવાની વસ્તુ નથી, આત્મદ્રવ્ય એ સાંભળવાની વસ્તુ નથી, એક પરમપદ એ આત્મદ્રવ્ય છે. તમે મોક્ષ વિશે શું કહી શકો ! તમે સિધ્ધાત્મા વિશે શું કહી શકો ! અને તમે કહેવા પણ જશો તો તમારે કહેવું પડશે, કે રોગ નથી, શોક નથી, જન્મ નથી, મૃત્યુ નથી, ઘડપણ નથી, રતિ નથી, અરતિ નથી, તમે શું કહેશો !

परपद आतमद्रव्यकुं कहन सुनन कछु नाहिं

અધ્યાત્મના પ્રવચનો કરતા- કરતા, ઘણી વાર એમ થાય, કે આ પ્રવચનો બંધ કરી દઈએ. આપણે ક્યાં સુધી કહેતા રહેશું, ક્યાં સુધી સાંભળતા રહેશું. અધ્યાત્મ શું એ કહે-વાની વસ્તુ છે ?, શું એ વર્ણન કરવાની વસ્તુ છે ?, એનું વક્તવ્ય અમે આપતા જઈએ.. આપતા જઈએ.. આપતા જઈએ, ઘણી વાર મને બહું OCKWARD FEEL થાય, કે આ શું થઈ રહ્યું છે ?, મને એમ થાય અધ્યાત્મને કહેતા જઈએ ..કહેતા જઈએ.. કહેતા જઈએ ને વિજેશનું હોય. અધ્યાત્મ પણ મૌન જેવું લાગે, મૌન વિશે તમે બોલવા જાવ ને મૌન તૂટી જાય. અધ્યાત્મના પ્રવચન મને એવા લાગે, કે એક વ્યક્તિએ પોતે આજીવન મૌનની પ્રતિજ્ઞા લીધી, એનું સરસ વર્ણન કરી રહી છે. મેં આજીવન મૌન લીધું, મૌન આવું છે, મૌન તેવું છે.

અધ્યાત્મ નું ખરું પ્રવચન મૌન હોય શકે.

અધ્યાત્મ નું ખરું પ્રવચન ધ્યાન હોય શકે, બોલવાથી. અધ્યાત્મ [illegible] સાથે એક CONTRAST હતો, વાત ભલે ગમે તેટલી નીચી હોય, તમને ગમે તેટલી ગમે પણ ખરી કદાચ, અધ્યાત્મ તરફ વળવામાં નિમિત્ત પણ બને, પણ છેવટે આત્મ કહેવાની ઈચ્છા થાય, કે એ અધ્યાત્મ નથી !!

અધ્યાત્મનો માર્ગ હોય શકે, ઉપાય હોય શકે ને માટે જ આપણે એનો પણ આદર કરીએ છીએ, પણ મારે કહેવું છે કે આપણે ક્યાં સુધી કહેતા રહેશું, સાંભળતા રહેશું, આપણે અંદર ક્યારે ઉતરશું ? આપણે, અધ્યાત્મની વાતો માંથી બહાર નીકળીને અધ્યાત્મમાં ક્યારે પ્રવેશશું ?

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સમાધિશતક ગ્રંથમાં કહે છે,

*પરપદ આતમદ્રવ્યકું કહન સુનન કછુ નાહિં*

આત્મ દ્રવ્યમાં કંઈ કહેવાનું પણ નથી, આત્મ દ્રવ્યમાં કંઈ સાંભળવાનું પણ નથી. આત્મ દ્રવ્યમાં અનુભવવાનું હોય છે. બહુ સરસ મઝાની વાત આનંદ ઘનજી મહારાજ "અધ્યાત્મ પદ" ની અંદર કરે છે.

*અનુભવગોચર વસ્તુકો જાણવો એહ ઈલાજ*

જે વસ્તુ અનુભવ ગોચર છે, અનુભવથી જ સમજાય એવી છે, એને તમે અનુભવ થી જ જાણો, અનુભવથી જ સમજો, એ જ એનો ઈલાજ છે.

*કહન સુનનકો કછુ નહિં પ્યારે આનંદઘન મહારાજ*

તમે માનતા હો કે મેં અધ્યાત્મ કહી દીધું, તમે માનતા હો કે તમે અધ્યાત્મ સાંભળી લીધું, તમે માનતા હો કે અધ્યાત્મને તમે પામી ગયા, તો ભુલ થાય છે. એક કવિએ બહુ મઝાની વાત કરી છે,

*બહુ છેટે જવા ધાર્યું તું મેં પણ માર્ગમાં મંજીલ નડી ગઈ.*

વિચારતો હતો બહુ છેટે જવું છે, બહુ દુર જવું છે, ક્યાં ના ક્યાં આપણે પહોંચી જવું હતું, પણ આપણે અટકી ગયા, આપણે અટવાઈ ગયા, કોઈ વિઘ્ન થી અટવાઈ ગયા, વચ્ચે કોઈ પત્થર આવ્યો, કોઈ દિવાલ આવી, કોઈ પર્વત આવ્યો, નડયું શું તો એનો જવાબ આપ્યો મંજિલ નડી ગઈ. અધ્યાત્મનું પ્રવચન એ વિઘ્ન પણ નથી, અને એ મંજિલ પણ નથી, એ માત્ર માર્ગ છે. જ્યાં સુધી માર્ગને માર્ગ તરીકે નથી સમજ્યા, જ્યાં સુધી માર્ગ ને જ મંજિલ સમજી લીધી, તો આપણ માટે એ માર્ગ

મરી ને વિઘ્ન બની જશે. માર્ગ ને માર્ગ રૂપે જ સમજ્યો ઉપાય ને ઉપાય રૂપે જ સમજ્યો, સાધનને સાધન રૂપે જ સમજ્યું, એને સાધ્ય ન સમજી લેવું, એ પણ સાધના માટે બહુ જરૂરી વસ્તુ છે.

અનુભવગોચર વસ્તુ કો જાણવો એહ ઇલાજ

આત્મ તત્વ અનુભવ ગોચર છે, આત્મ તત્વ અનુભૂતીથી જ મળે એવું છે. અને જ્યાં સુધી અનુભવમાં ઉંડા નહી ઉતરો ત્યાં સુધી આત્મ તત્વથી દુર રહેશો.

કહન સુનન કો કછુ નહીં પ્યારે આનંદઘન મહારાજ

તમે કહો એનો વાંધો નથી, સાંભળો એનો વાંધો નથી, સમજો એનો વાંધો નથી, પણ ત્યાં અટકી જશો તો મંઝિલે નહીં પહોંચી શકો. જે બધા થી આગળ જઈને, જે બધાથી આગળ વધી ને, અનુભવ સુધી પહોંચવાનો પ્રયાસ કરવો છે. દસ દિવસ નું એક આલંબન "આત્મૈષણા" ના માધ્યમે કહેવાથી, સાંભળવાથી ને સમજવા થી પણ આગળ, અનુભવ સુધી પહોંચવા સાથે, અનુભવમાં ઉતરવા માટે, અંદર ઉતરવા માટે, આત્મા ને શોધવા માટે, સ્વની શોધ કરવા માટે, નો એક પ્રયાસ ! આપણે કરવા જઈ રહ્યા છીએ.

"આત્મૈષણા" નો અર્થ છે આત્માને શોધવો. સંસ્કૃત માં એષ ધાતુ છે, જેનાથી આગમિક ધાતુ બન્યો ગવેષ. ગવેષણા શબ્દ આવે છે, મહાત્મા ગવેષણા કરે, નિર્દોષ ગોચરી, એના માટે મહાત્મા ભિક્ષા ચર્યા કરે, નિર્દોષ ગોચરી ને ગોતે, આને શાસ્ત્રમાં પિંડૈષણા કહ્યું. દસ-વૈકાલિક સુત્ર નું પાંચમું અધ્યયન એમાં પિંડૈષણા. પિંડને શોધવો. નિર્દોષ ગોચરી ને શોધવી.

દુનિયામાં વિત્તૈષણા હોય શકે છે, જેની પૈસાને શોધવામાં આવે છે. કામૈષણા હોય શકે જેની અંદર સુખના સાધનો ને શોધવામાં આવે છે વિષયોને શોધવામાં આવે છે. મનગમતા વિમનીય પાત્રોને શોધવામાં આવે છે. દુનિયાની અંદર મત્સ્યૈષણા હોય છે જેની અંદર

બગલો માછલાની શોધ કરે છે. એષણા દુનિયામાં ઘણી બધી છે. પણ એ બધી જ સંસાર લક્ષી એષણા છે. સંસાર તરફી એષણા છે. સંસારમાં ભ્રમણ કરાવનારી એષણા છે. જો કોઈ એષણા હોય, તો એ "આત્મૈષણા" છે. "આત્મૈષણા" એટલે સ્વને શોધવું.

જ્યાં સુધી તમે સ્વને નથી શોધ્યો ત્યાં સુધી તમારી બધી જ શોધ નિષ્ફળ છે. જ્યાં સુધી તમને સ્વ નથી મળ્યું, ત્યાં સુધી તમને બધું જ મળેલું નિષ્ફળ છે. સ્વ એટલે મને ખબર છે હું આત્મા છું, હું ધ્રુવ છું, હું આત્મ સ્વરૂપ છું. આપણે ગોખેલા શબ્દો રાખેલા છે, જવાબ આપવા માટે આપણી પાસે તૈયાર છે. આપણી પાસે હકીકતમાં સ્વ નથી

સદ્ગુરુ, શિષ્ય ને ભણવા માટે ક્યાંક મોકલે છે. બાર વર્ષ ભણીને શિષ્ય આવે છે. સદ્ગુરુ પુછે છે કયો વિષય તમે ભણ્યા ? અને શિષ્ય કહે છે કે, કોઈ વિષય બાકી નથી, બધા જ વિષય હું ભણી ચુક્યો છું, સદ્ગુરુ શિષ્ય ને કહે છે કે તમે અનુભવના વિષય પર કોઈ ભણ્યા છો ? આત્માનુભૂતિ, આત્મા નો અનુભવ, આવું તમે કાંઈ ભણ્યા છો ? અને શિષ્ય કહે છે કે એ વિષયનો પણ મેં તલસ્પર્શી અભ્યાસ કરી લીધો છે. અને સદ્ગુરુએ કહ્યું કે હમણાં નવ વાગે વ્યાખ્યાન છે, વ્યાખ્યાન તમારે આપવાનું છે, આ વિષય ઉપર! સમય થઈ જાય છે, શિષ્ય પાટ ઉપર આવી જાય છે. પ્રવચન ચાલુ થાય છે. પ્રવચન ચાલી રહ્યું છે... ચાલી રહ્યું છે... ચાલી રહ્યું છે, અદ્ભુત પ્રવચન, અનુભૂતિના વિષય ઉપરનું પ્રવચન, અદ્ભુત પદાર્થો, અદ્ભુત તત્વો, અદ્ભુત વાતો, અને જેને આમ કહેવાય કે છક્કડ ખાય જવાય, એવી બધી વાતો, એવા બધા શાસ્ત્રપાઠો, એવા QUOTES, એવા EXAMPLES (દાખલાઓ), એક કલાક સુધી પ્રવચનનો પ્રવાહ ચાલુ રહ્યો, લોકો મંત્રમુગ્ધ બનીને જઈ રહ્યા છે, ઉપાશ્રય ખાલી થઈ ગયો, શિષ્ય પાટ ઉપરથી ઉતરે, હોલમાં ખુણામાં એક રૂમ છે, રૂમની અંદર ગુરુદેવ બેઠા છે, ગુરુદેવને પગે લાગે છે

ગુરુદેવ ની સામે જુએ છે, ગુરુદેવનો પ્રતિભાવ શું છે? પ્રવચન તો ગુરુદેવે પણ સાંભળ્યું છે! અને બહુ સરસ મજાની વાત, ત્યાં જે ઘટના આકાર લે છે, શિષ્યની આંખમાં ઇંતેજારી છે કે સદ્ગુરુનો પ્રતિભાવ શું છે!

તમે ગમે તેટલુ કરો, તમે ઘણું કરો છો, મને ખબર છે, તમે કદી તમારા ગુરુ મહારાજને પુછ્યું ખરું, કે ગુરુદેવ આપનો પ્રતિભાવ શું છે? સાચું બોલો તમે છ'રી પાલીત સંઘ કાઢ્યો, ગામમાં દર્શન કરીને TANTમાં પહોંચવાનું છે. સંઘ ગામમાં પહોંચી ગયો છે, દર્શન થઈ ગયા છે, ચૈત્યવંદન થઈ ગયું છે, બધું થઈ ગયું છે. ગુરુદેવની ખ્યાલ બહાર કોઈ વાત જતી રહી છે ને, ગુરુદેવ ત્યાંથી ચાલવા મંડ્યા છે, બેંડ વાગ્યું છે, સંઘ પાછળ ચાલ્યો છે, પેલા ગામ વાળા તમારું બહુમાન કરી રહ્યા છે. કોઈ ઉણપ નથી રહ્યું. સાચું બોલો તમને કેવું લાગે?

એક સંઘ યાત્રામાં અમે હતા, આવી ઘટના બની હતી, આચાર્ય ભગવંત બીજા સમુદાયના હતા, ઘણા આગળ નીકળી ગયા. સંઘપતિ ને સાચવવાનું એમને સુઝ્યું નહિ, ખ્યાલ ના રહ્યો, પાછળથી સંઘપતિએ દોડતા આવીને ઘણું DISTANCE કાપ્યા પછી, વાત કરી કે અમે આગળ નીકળી ગયા, બહુમાન માં રહ્યા નહી, અને દેવ SIDE માં ત્યાં પગલા પણ છે, એના દર્શન નથી થયા, તમે આવી રીતે નીકળી જાવ એ બરાબર નહીં, અને આચાર્ય ભગવંત પાછા ફર્યા. સંઘ પાછો ફર્યો. આપણે એક અનુષ્ઠાન કરાવ્યું ત્યારથી આપણને અપેક્ષા છે, આપણા ગુરુમહારાજ નિશ્રા આપવાથી માંડીને, આપણું માન રાખવા સુધી આપણું બધું જ સાચવે.

તમે માસક્ષમણ કર્યું, ગુરુમહારાજે પગલા ન કર્યા, સંસારના વ્યવહારો હોય. છે કે તમે મારા PROGRAM માં ન આવ્યા, તમે બેસણામાં ના આવ્યા, સિદ્ધચક્ર પૂજનમાં ન આવ્યા. હોય છે, મને ખબર નથી

તમને પુછુ છું ! આપણે બધે હિસાબ-કિતાબ રાખીએ, હાજરી
પત્રક રાખીએ, હું કહું કે અહીંયા પણ આ જ બધું લઈને
બેસવું છે તમારે ?, આપણે સદ્ગુરૂનો પ્રતિભાવ લીધો કે નહિ,
કે આપને મારા માટે સંતોષ છે ખરો ?

મેં આક્રમણ તો કર્યું, સાહેબ આપે આવવાનું
છે, નહિ તો હું પારણું નહિ કરું, સાહેબ બધા મહેમાનો એ
આવવાના છે, સાહેબ કાલે નહિ, આજે જ આવવું પડશે. ઓલા
ગુરૂભગવંત કહે પચાસ આક્રમણ છે ને હું પચાસ જગ્યાએ ના
પહોંચી શકું, તબીયત મારી એવી છે. દસ વાગી જાય, અગિયાર
વાગી જાય, નહિ ગુરૂમહારાજ આવવું જ પડશે, ચાલશે જ નહિ,
આપણે ક્યાં છીએ ?

શિષ્ય ગમે તેટલી સાધના કરે, લોકો ગમે
તેટલા વખાણ કરે, પ્રવચન ગમે તેટલું સારું હોય, તપ ગમે-
તેટલો ઉગ્ર હોય, સાચો સાધક છે એ છેવટે તો ગુરૂના મોઢા
સામે જોશે અને ગુરૂને પુછશે, કે આપને મારા માટે સંતોષ તો
છે ને ?, આપને મારી કંઈ પણ ભુલ લાગતી હો તો કહો.-
આખું ગામ મને ચણાના ઝાડ ઉપર ચડાવતું હશે, મને ગમે
તેટલું પાંજડનું હશે, શાબાશીઓ આપતું હશે, ભલે ગમે-
તેટલુ કહે પણ, છેવટે તો મારી સાધના જે છે ને એને હું
આપના પ્રતિભાવ થી જ સાધના સમજવાનો છું, નહીં તો એ
સાધના જ નથી. પ્રવચન પત્યું છે, શિષ્ય ગુરૂના કક્ષમાં ગયા છે,
હાથ જોડીને ગુરૂની પાસે બેઠા છે, ગુરૂનો પ્રતિભાવ શું છે ?
આપણી તકલીફ આટલી જ છે, કે આપણા ગુરૂ, આપણે જ છીએ.
બધું આપણે નક્કી કરવું છે, આપણી રીતે કરવું છે, આપણે
આપણને MARK આપવા છે, આપણે આપણી સાધના ઉપર,
RIGHT, OK, CORRECT, નું CERTIFICATE આપી દેવું છે,
તે માટે આપણું ઠેકાણું પડતું નથી. આત્માનુભૂતિ નું અદ્ભુત
પ્રવચન શિષ્ય આપે છે, ગુરૂ પાસે ગયા છે, પ્રતિભાવની
જિજ્ઞાસા છે, અને સદ્ગુરૂ એક જ વાક્ય એને કહે છે. કે
આ બધું તો ભોજનનું ચિત્ર છે, ભોજન ક્યાં છે ?

આત્માનુભૂતિ માટે તું EXAMPLES આપે, QUOTES આપે, પદાર્થો આપે, લોકો SPELLBOUND થઈ જાય, એમ થઈ જાય કે આનાથી વધુ કાંઈ હોય જ ના શકે. તમને પણ કદાચ અંદર થતું હશે કે આનાથી વધુ તો શું હોય શકે. આ બધા ભોજરીના ચિત્ર છે, જેનાથી પેટ ના ભરાય. પેટ ભરવા માટે તો ભોજન જોઈએ ! ભોજરીના ચિત્રની ના નથી, એની RECEIPE એની THEORY, એની METHOD બતાડી હોય, એની PROCESS બતાડી હોય, આમ - આમ કરવાનું, COOKING BOOKS આપે, આ બધા પેટ ભરવાના રસ્તાઓ હોય છે. આ બધું પેટ ભરવું નથી હોતું.

બહુ સરસ મજાની વાત ઉપનિષદો કહે છે.

स्वात्मप्रकाशरूपं तत् किं शास्त्रेण प्रकाश्यते

શાસ્ત્ર, ગ્રંથો, પુસ્તકો, પ્રવચનો, શબ્દો, આ બધા વધુમાંવધુ તમને દિશા બતાડી શકે છે, અને જે દિશામાં આપણે ચાલવાનું હોય છે. ઘણી વાર મારી પાસે અમુક જિજ્ઞાસુઓ કે સાહેબ આ પ્રવચન બહુ જલ્દી પતી જાય છે, સાહેબ આ ઓછું છે, સાહેબ પોણો કલાક - કલાકમાં અમને એવું કંઈ મળતું નથી, સાહેબ હજુ સમય વધારો !

પાલીતાણામાં મારું ચોમાસું હતું, એક ભાઈએ બહુ ફરિયાદ કરી સાહેબ આટલું ના ચાલે, એ ભાઈ પ્રવચનો ક્યાં સાંભળવા એની ખાસ તપાસ કરીને, દિવસના છ પ્રવચનો સાંભળતા હતા, પાલીતાણામાં જુદી જુદી ધર્મ-શાળાઓમાં, જુદા જુદા ટાઈમે, જિજ્ઞાસુ ભાઈ ! આપણે પચ્ચીસ જણને એક ગામનો રસ્તો પુછીએ, અને એ પચ્ચીસ જણ આંગળી બતાડે, આપણને કે આ રસ્તો છે, જેનાથી આપણને ગામ મળી જાય ?? પુછો, સમજો વાંધો નથી, તમે ચાલશો ક્યારે ?? બહુ સરસ મજાની વાત મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

व्यापारः सर्वशास्त्राणां दिक्प्रदर्शनमेव हि

classmate

બીજનો દિવસ છે, સાંજનો સમય છે. સદ્‌ગુરુ શિષ્યને કહે છે કે વત્સ ચાલ, ચંદ્રના દર્શન કરવા ! બીજના ચંદ્રના દર્શન કરવા માટે સદ્‌ગુરુ શિષ્યને ઓસરીમાં લઈ આવે છે. સદ્‌ગુરુ ચંદ્રના દર્શન કરે છે. શિષ્યને કહે છે દર્શન કર, શિષ્ય કહે છે ગુરુદેવ ચંદ્ર દેખાતો નથી. ઓસરીની બહાર સદ્‌ગુરુ ઉભા છે. સામે એક વૃક્ષ છે, વૃક્ષ પરની ડાળી છે. ડાળી તરફ સદ્‌ગુરુ આંગળી બતાડે છે. આ ડાળી દેખાય છે તને. શિષ્ય કહે છે હા ડાળી તો દેખાય છે. બસ હવે એ ડાળીની જરાક ઉપર જો. ત્યાં ચંદ્ર છે. શિષ્ય ડાળીની આસપાસ જુએ છે. પણ ચંદ્ર દેખાતો નથી કારણકે શિષ્યને અપેક્ષા છે કે ચંદ્ર ડાળીને અડીને જ છે. ચંદ્ર ડાળીની પાસે જ છે. ડાળીની ઉપર જ છે. જોવાનું આકાશમાં છે. શિષ્ય ડાળીમાં જ આંધુ-પાછું જોઈ રહ્યો છે, ત્યાં બીજો શિષ્ય આવે છે ગુરુદેવ મને પણ ચંદ્ર બતાડો. સદ્‌ગુરુ કહે છે, જો બરાબર મારી આંગળીની LEVEL માં જો. મારી આંગળી સામે જો. ત્યાં ચંદ્ર છે. અને એ શિષ્ય કહે છે કે ગુરુદેવ મને તો આપની આંગળી જ દેખાય છે. ચંદ્ર તો દેખાતો જ નથી. ડાળી એ ચંદ્ર નથી, આંગળી એ ચંદ્ર નથી. એ ચંદ્રને શોધી કાઢવાનું માધ્યમ હતું. સાધ્ય ન હતું, સાધન હતું. સાધ્યને જ જે સાધન સમજી લે છે, માર્ગને જ જે મંજિલ સમજી લે છે, એ ત્યાં જ અટવાઈ જાય છે, એ ત્યાં જ અટકી જાય છે.

प्रत्यक्षविषयाऽऽशङ्कां न हि हन्ति परोक्ष-धीः ।

શબ્દ એ તો માધ્યમ છે, પ્રવચન એ તો માધ્યમ છે, જ્યાં સુધી તમે યાત્રા શરૂ નથી કરી, જ્યાં સુધી તમે ચાલવા માંડ્યા નથી, જ્યાં સુધી તમે પોતે પુરુષાર્થ કર્યો નથી, ભલે મહાપુરુષો એ પોતાના પુરુષાર્થનું નવનીત શાસ્ત્રોની અંદર મૂકી દીધું. ભલે ભગવાને આગમોની અંદર સ્પષ્ટ મોક્ષ માર્ગ મૂકી દીધો. તમારા માટે એ માત્ર એક દિશા પ્રવર્તક છે, એક માત્ર અંગુલી સૂચન છે, તમે ન ચાલો ત્યાં સુધી એક પગલું પણ તમારી યાત્રા થઈ શકે એમ નથી ! બહુ સરસ મજાની વાત ઉપનિષદો કહે છે,

नानुध्यायाद् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत् ।

તમે બહુ શબ્દોનું ધ્યાન ના કરો, તમે બહુ શબ્દોમાં ના અટવાવ, તમે શબ્દ જ સર્વસ્વ છે આવું પકડીને બેસી ના જાવ. શબ્દમાં જ બધું આવી ગયું છે આવું તમે માની ના લો! શબ્દ એક શરૂઆત છે. અને હવે અંદરની વાત કરીએ, તો શબ્દ એ શરૂઆત પણ નથી.

वाचो विग्लापनं हि तत् ।

વાણીના વિલાસથી, વાગ્છટાથી, આકર્ષક રજુઆત શૈલીથી, આપણે એ માનીએ કે આપણને આત્માનુભૂતિ મળી ગઈ, અધ્યાત્મ મળી ગયું, તો તમે પણ ભ્રમમાં છો ને હું પણ ભ્રમમાં છું! બહુ સરસ મજાની વાત અષ્ટાવક્ર ગીતા કરે છે,

हरो यद्युपदेष्टा ते

કદાચ, સાક્ષાત મહાદેવ તમારા ઉપદેશક હોય,

हरिः कमलजोऽपि वा ।

કદાચ, સાક્ષાત વિષ્ણુ તમારા ઉપદેશક હોય, કદાચ સાક્ષાત બ્રહ્મા તમારા ઉપદેશક હોય,

तथापि न तव स्वास्थ्यं सर्वविस्मरणादृते ।

તો પણ જ્યાં સુધી તમે બધું જ ભુલી નહી જાવ ને, ત્યાં સુધી તમને સ્વસ્થતા નહીં મળે. શબ્દોને બે રીતે ભુલી શકાય છે, તમે શબ્દના આલંબનથી નીચે ઉતરો, ત્યાં પણ તમે શબ્દને ભુલો છો. અને શબ્દનું આલંબન લઈને શબ્દના માધ્યમે તમે શબ્દથી પણ ઉપર ઉઠો, ત્યારે પણ તમે શબ્દોને ભુલો છો. સિધ્ધગીરી નો પહાડ તમે ચડી રહ્યા હતા, હિંગળાજ ના હડે તમે આવી ગયા, ત્યાંથી તમે ઉતરી જાવ તો પણ તમે હિંગળાજ ના હડાને છોડો છો, ત્યાંથી તમે ઉપર ચડવા લાગો, તો પણ હિંગળાજ ના હડાને તમે છોડો છો. શબ્દ પકડવાથી પણ મોક્ષ મળે છે ને, શબ્દને છોડવાથી પણ મોક્ષ મળે છે. જ્યાં સુધી હજુ શબ્દનો સથવારો જ નથી મળ્યો, શાસ્ત્ર નથી મળ્યું, સદ્ગુરુનું માર્ગદર્શન નથી મળ્યું, પ્રવચન નથી

મળ્યું, અને એટલું પણ નથી, ત્યાં સુધી મોક્ષ મળે એમ નથી. જ્યાં સુધી તમે શબ્દમાં જ રહ્યા, શબ્દ મળ્યા, શાસ્ત્ર મળ્યા, સદ્‌ગુરૂ મળ્યા, પ્રવચન મળ્યું, અને એ પ્રવચન સુધી જ તમે રહ્યા. અનુભવ સુધી પહોંચ્યા જ નહિ, ત્યાં પણ મોક્ષ નથી.

केषां न कल्पना दर्वी शास्त्रक्षीरान्नावगाहिनी।

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર ગ્રંથની અંદર કહે છે, કેટલા જીવો એવા છે, જે શાસ્ત્ર દ્વારા, કલ્પનાની કડછી દ્વારા, કલ્પનાની ચમચી દ્વારા, શાસ્ત્રના ક્ષીર છે, એનું અવગાહન કરતા નથી.

विरलास्तद्‌रसास्वादः विदोऽनुभवजिह्वया ।।

એવા કેટલાક વિરલ જીવો હોય છે, જેઓ અનુભવ દ્વારા, એના રસનો આસ્વાદ કરે છે. પ્રવચન સાંભળવું એટલે દૂધપાકની ચમચી, શાસ્ત્રો વાંચવા એટલે દૂધપાકની ચમચી ભરવી, પ્રવચન સાંભળવું, એટલે દૂધપાકની ચમચી સ્વાધીન કરીને તમને મળી, અને અનુભવ કરવો, એટલે ચમચીને મોઢામાં મુકવી! મોટા ભાગના જીવો આખી જિંદગી, માત્ર ચમચી ભરે છે, ચમચા ભરે છે, પણ સ્વાદ માણી શકતા નથી. એનાથી પણ વધારે જીવો, જે ચમચી પણ ભરી શકતા નથી, ચમચી શું છે, દૂધપાક શું છે, એની પણ ખબર નથી. તમે કદાચ ચમચી સુધી આવી ગયા છો, અનુભવ સુધી તમને લઈ જવાનો એક પ્રયાસ! "આત્મૈષણા"!

આજે મારે તમને ભૂમિકા આપવી છે કે, સાધના કઈ રીતે કરવી. દસ દિવસની સાધનાને માત્ર દસ-દિવસની નહી, આપણા જીવનમાં અનુભવના માર્ગે આગળ જવા માટે, એક આલંબન આ દસ દિવસને બનાવવું છે. અને આ દસ દિવસ એવું માણવું છે, એવું માણવું છે, મળીને અનુભવ સુધી પહોંચવું છે, કે મળીએ એને અનુભવ સુધી પહોંચાડીને રહેવું છે. બહુ ચમચીઓ ભરી, આપણે ભૂખ્યા જ રહ્યા, હવે પેટ ભરવું છે, હવે સ્વાદ માણવો છે, હવે ખરેખરું માણવું છે, રસ્તો મળી લીધો, હવે ચાલવું છે. ચાર ગુણોને સાથે લઈને, ચાર

ગુણોનું આલંબન લઈને, TIFFIN લઈને, "આત્મૈષણા"
ની સાધના માટે આપણે નીકળવું છે.

સદ્‌ગુરૂ વિહાર કરી રહ્યા છે, સદ્‌ગુરૂથી બે ફૂટ દૂર પાછળ એમના શિષ્ય ચાલી રહ્યા છે, એક બે ગામને વટાવી ને આગળ પહોંચવું છે, યાત્રા ચાલી રહી છે.. ચાલી રહી છે.. ચાલી રહી છે, વચ્ચે એક ગામ આવે છે, રસ્તાની બાજુમાં એક ઝુંપડુ છે, ઝુંપડાનું આંગણું છે, એક માટલું પડ્યું છે, નાનકડું માટલું! ઝુંપડામાં રહેનાર માણસ ક્યાંક ગયો હોય છે, સદ્‌ગુરૂ હજુ એ ઝુંપડા સુધી પહોંચે છે, ત્યાં એ માણસ બાલ્દી લઈને આવે છે, બાલ્દીમાં પાણી છે, લાવીને માટલામાં નાખી દે છે, સદ્‌ગુરૂ પસાર થઈ જાય છે, ગામ પસાર થઈ ગયું, સદ્‌ગુરૂ શિષ્યને પાસે બોલાવે છે, અને કહે છે કે તે કંઈક જોયું! શિષ્ય કહે છે કે હા જોયું એક ભાઈ આવ્યા, માટલું ભર્યું, સદ્‌ગુરૂ કહે છે કે તું કંઈક સમજ્યો ખરો? શિષ્ય કહે છે, હા સમજ્યો, શું સમજ્યો? માટલું ભર્યું, સદ્‌ગુરૂએ પુછ્યું કે માટલું કઈ રીતે ભરાયું, શિષ્ય કહે છે એણે નાખ્યું પાણી માટલામાં ને માટલું ભરાઈ ગયું, સદ્‌ગુરૂ કહે છે ના એટલા માત્રથી માટલું નથી ભરાયું! માટલું ભરાયું એના ચાર કારણ છે, માટલું ભરાયું એનું પહેલું કારણ છે કે એ શુન્ય હતું, જે શુન્ય હોય છે એ ભરાઈ શકે છે, જો માટલું ભરેલું હોત ને તો માટલું ના ભરાઈ શકત! "આત્મૈષણા" સાધના માટે આપણને પહેલી યોગ્યતા જોઈએ છે, શૂન્યતા! મેં ઘણું-બધું સાંભળ્યું છે, હું અહિંયા ત્યાં ગયો છું મને આટલી આટલી ખબર છે, મેં આટલું આટલું વાંચ્યું છે, એના માટે આ સાધના નથી.

સદ્‌ગુરૂ પાસે એક સાધક આવે છે, સાધના માટે કહ્યી છે, આપની પાસે રહેવું છે, આપ મને શીખવશો ખરા! સદ્‌ગુરૂ કહે છે, કે તું ભણેલો છે, એણે કહ્યું કે

ઘણું બધું ભણેલો છું, તું એમ કર ત્યાં ખૂણામાં બેસી જા, તું કેટલું ભણ્યો છે, કેટલા ગ્રંથો વાંચ્યા છે વગેરેનું LIST બનાવી ને લાવ મારી પાસે. સાધક ત્યાં બેસી જાય છે, કાગળ અને પેન લીધા છે. કાગળ આખો ભરાઈ જાય છે. પાછળની SIDE ભરવાની શરૂ કરે છે, પાછળની સાઈડ અડધી ભરાય જાય છે, હજુ આમ નામો સૂઝતા જાય છે, લખતા જાય છે ને લખતા લખતા એ સાધક અટકી જાય છે, અને વિચારે છે કે જેને સદ્ગુરુ જ્ઞાન કહી શકે એવું મારી પાસે શું છે ? જેને વિદ્યા કહી શકાય, જેને જ્ઞાન કહી શકાય, માહિતી ઘણી બધી છે, જ્ઞાન કેટલું ? મંથન કરે છે. ફરી પાનું ફેરવે છે. એક લખેલું પાનું વાંચી જાય છે. ગ્રંથોના નામથી ખીચોખીચ ભરેલું છે. બીજુ સાઈડ અડધી ભરેલી છે. વાંચે છે, મંથન કરે છે કાગળને ફાડી નાખે છે. સદ્ગુરુની પાસે આવે છે, અને કહે છે કે હું કશું પણ ભણ્યો નથી, સદ્ગુરુ કહે છે કે મારે આટલું જ જોઈતું હતું, હું તને મંજુરી આપું છું, તુ સાધના માટે આવી શકે છે !

"આત્મેષણા" ની પહેલી ભૂમિકા શુન્યતા! મને આટલું આવડે છે. મને આટલું ફાવે છે, જોઈએ, ઘણા લોક જોવા માટે આવતા હોય છે. જોઈએ મહારાજ સાહેબ શું કરાવે છે. ઘણા થાકી જઈ આવીએ BASE ઉપર આવતા હોય છે, અમુક મહાત્માએ અમુક ગ્રંથ કરી લીધો હોય, ફરી પાછો પંડિતજી પાસે કરે, અને પહેલા દિવસે પંડિતજી ને કહે કે આખો મારો થઈ ગયો છે, છતાં ફરી લઈએ! ભરેલા ને ભરવા બહુ અઘરા છે. ભરેલા કદીએ ભરાય શકતા નથી, ભરેલા હંમેશા ભરેલા હોવાના ભ્રમ માં જીવતા હોય છે, અને ભરેલા જે સ્રોત પાસે જઈને પણ, નદી, તળાવ, સરોવર મળ્યા છતાં પણ, એ ખાલી જ રહે છે. એક કવિએ બહુ મજાની વાત કરી છે. સરળ ભાષામાં એનો અનુવાદ એવો થાય.

"મારી આંખમાં મૈત્રી હોવાનો વહેમ જો છૂટી જાય,
મારા હૃદયમાં કરુણા હોવાનો ભ્રમ જો છૂટી જાય,
મારા મસ્તકમાં સમજણ હોવાનો વહેમ જો છૂટી જાય,

મારા હૃદયમાં સમર્પણ હોવાનો ભ્રમ એ હું કાઢું, તો હું ચાલું! એક કવિએ બહુ મઝાની વાત કરી છે.

" મારી દુઆ કબુલ થઈ, સૌ વાર થઈ,
કાંઈ એવું કર, કે એવો હંમેશા ભરમ રહે "

ભગવાનને પ્રાર્થના કરી છે, કબુલ થાય એવી તો કોઈ આશા તો લાગતી નથી, કારણકે મારી દુઆ જ એવી છે, મારી નમાજ જ એવી છે. ભગવાન કરતો હોય તો એટલું કર કે મને હંમેશા ભ્રમણા રહે, મારો ભ્રમ તૂટે નહિ! હું જે કરું છું એ ઊંધુ ઘાલીને કરતો રહું.

ક્યાં સુધી મુર્ખ બનવું છે, ક્યાં સુધી મામા બનવું છે. આખી દુનિયા ભલે કે તમે દુધપાક બહુ પીધો, બહુ પીધો, તમે ફાવી ગયા, તમે ન્યાલ થઈગયા, પણ તમે ચમચી થી આગળ વધી જ ના શક્યા હો તો તમને શું ફાયદો છે?

સદ્ગુરુ કહે છે કે ઘડો ભરાયો એનું કારણ એ શૂન્ય હતો, ઘડો ભરાયો, પેલો સ્વચ્છ પાણી લઈ આવ્યો, પાણી એમાં આવ્યું, સ્વચ્છ પાણીનું ભાજન એ ઘડો બન્યો, એનું બીજું કારણ એ સ્વચ્છ હતું. એ ઘડાની અંદર ગંદકી હોત તો એ ભરાયો ના કહેવાય, પુર્ણ ન કહેવાય, એને પાણી વાળો ના કહેવાય, એમાં હોય-ના હોય બધું જ સરખું છે. "આત્મર્પણ" ની પહેલી ભૂમિકા છે "શૂન્યતા"! "આત્મર્પણ"ની બીજી ભૂમિકા છે "સ્વચ્છતા"! જ્યાં અહંમ ગંદકી છે, જ્યાં કપટની ગંદકી છે, જ્યાં ક્રોધની ગંદકી છે, જ્યાં મનમનના વિભાવોની ગંદકી છે, ત્યાં "આત્મર્પણ"ની સાધના નહી થઈ શકે! એવા શ્રાવકોને ભરતા પહેલા એમની સફાઈનો પરિશ્રમ કરવો પડતો હોય છે, અને જ્યાં સુધી સફાઈ ના થાય ત્યાં સુધી અંદર ભરવાનો કોઈ અર્થ જ નથી!

PARIS ની અંદર એક બહુ મોટો સંગીતકાર, યુવનના વર્ષે એણે સંગીતની સાધનામાં,

વીતાવ્યા, કોઈએ એમને કહ્યું કે આ તમારી સાધના તમારી પાસે જ રહી જાય, આવું ના થવું જોઈએ, તમારે શીખવવું પણ જોઈએ, અને તમારે જરૂર પણ છે. તમે શીખવતા રહેશો, તમને STUDENTS પણ મળશે, અને ગુજરાન પણ સારું-ચાલશે. સંગીતકારે કહ્યું કે ઠીક છે, ઘરને થોડું ઠીક ઠાક કર્યું, CLASSROOM જેવો એને થોડો દેખાવ આપ્યો. બહાર બોર્ડ મુક્યું, કે જેમને બિલકુલ સંગીત નથી આવડતું, એમના માટે સો રૂપિયા, આપણી ભાષામાં રૂપિયા, ત્યારનું જે પણ ચલણ હોય, એમના માટે સો રૂપિયા ફી. જેમને થોડું ઘણું આવડે છે, એમના માટે પાંચસો રૂપિયા ફી, જેમને બહુ PERFECT સંગીત આવડે છે, એમના માટે હજાર રૂપિયા ફી! નહતું આવડતું એ તો બરાબર ભેસ્તી થઈ ગયા, થોડું ઘણું આવડતું હતું, બહુ સરસ આવડતું હતું એ લોકો એ વાંધો ઉઠાવ્યો કે, આ બધા RATES તમે ઊંઘમાં લખી નાખ્યા લાગે છે, તમને ખ્યાલ નથી. કોની વધારે ફી લેવી ને કોની ઓછી લેવી. પહેલા સંગીતકારે કહ્યું કે બરાબર ભાનમાં લખ્યું છે, સભાનતા થી લખ્યું છે, એનું કારણ એ છે કે જેને થોડું ઘણું આવડે છે ને એની પાછળ મને વધારે મહેનત પડવાની છે ને, બહુ સારું આવડે છે એના પાછળ ખૂબ મહેનત પડવાની છે!

હું માનું છું એ પણ આપણું અજ્ઞાન હોય શકે છે, મને આવડે છે એ પણ આપણો ભ્રમ હોય શકે છે. પહેલા નંબરમાં શૂન્ય બનો, બીજા નંબરમાં સ્વચ્છ બનો. સદ્ગુરુ કહે છે એનું ત્રીજું કારણ છે, કે એ ઘડો છે ને નીચે હતો! જો એ ઝુંપડાની છત ઉપર ઘડો પડ્યો હોત ને તો માણસ એને ના ભરી શકત! ઘડો નીચે હતો, ઘડો નમ્ર હતો, માટે ઘડો ભરાય શક્યો છે. સાધનાની ત્રીજી ભૂમિકા, "નમ્રતા"!

સદ્ગુરુ ઉપાશ્રયમાં બેઠા છે, એ નગરના રાજાએ, સદ્ગુરુની બહુ કીર્તિ સાંભળી, પહેલા દિવસે સાંભળી થયું હશે કોઈ, બીજા દિવસે પણ બે-ચાર જણ વાત કરી ગયા, ને

રામને ચટપટી થાય, કે એક વાર, મળવું જોઈએ રામથી રહેવાયું નહિ, બહુ કુતૂહલ હતુ, રામ પોતાના રસાલા સાથે, ઉપાશ્રયે પહોંચી જાય છે, બધાને બહાર રાખે છે, બે ચાર જણ સાથે અંદર જાય છે, સદ્ગુરુને જુએ છે, થોડી વાર સદ્ગુરુ પાસે બેસવું છે, ઉપાશ્રયમાં કોઈ FURNITURE નથી, કોઈ સોફો નથી, પલંગ નથી, ખુરશી નથી, કોઈ પાટલો કે બાજોઠ સુધ્ધા નથી, સદ્ગુરુ પોતે નીચે બેઠા છે, મળવા પોતે આવ્યા છે, સદ્ગુરુની આમાન્યા પણ જાળવવાની છે. રામ જમીન ઉપર બેસી જાય છે, ફાવતું નથી, શારીરિક તકલીફ નથી, ઢીંચણ સારા છે, કમર સારી છે, પણ હું રામને હું નીચે બેઠો, રામ પ્રશ્નો અને વાર્તાલાપના મુદ્દા-ઓ વિચારી ને આવ્યાં હતા એ વીસરાય ગયા છે, બોલ-વાનું બરાબર સુઝતું નથી, OCKWARD લાગે છે, હું નીચે બેઠો ... નીચે બેઠો... નીચે બેઠો, સદ્ગુરુ સમજુ જાય છે, અને સદ્ગુરુ બહુ પ્રેમથી રામને એટલું જ કહે છે. આપનું શરીરતો નીચે બેસી જ ગયું છે, હવે આપ પણ નીચે બેસો. નમ્રતા ! સાધનાની ત્રીજી ભૂમિકા છે કે તમે નીચે બેસો, ક્યારેક, ગુરુભગવંત ને DOUBT (શંકા) જાય કે આ ભાઈ ને તકલીફ તો નહિ હોય ને, ગુરુભગવંત કદાચ આપણા પરની કરુણાથી કહે કે તમે ખુરશી પર બેસી શકો છો, જો તકલીફ હોય તો, ચિંતા ના કરો ! ને આપણે કહીએ ના.. ના સાહેબ કંઈ જ તકલીફ નથી આપણે નીચે બેસી જતા હોઈએ છીએ, ત્યારે આપણું શરીર નીચે બેસતું હોય છે, કે આપણે પણ નીચે બેસતા હોઈએ છીએ.

અહીંયા કોઈ પણ શિબિર કરવી હોય, કોઈ ઉપધાન છે, કોઈ નવ્વાણું છે, કંઈક પણ અનુષ્ઠાન છે, છ'રી પાલીત સંઘ છે, અહીંયા અમે તમને બહુ ઉંચી ઉંચી વાત કરીએ, બહુ સારું છે કે તમારી નજીક અમે રહેતા નથી હોતા, એવી કોઈ સંઘ યાત્રાની અંદર અમારા TANT ની બાજુબાજુ જામ તમારા બધા TANT હોય,

classmate

સામાન તમારો પહોંચ્યો - ના પહોંચ્યો, ઉતારનારે આગળ મુક્યો,
પાછળ મુક્યો, તમારો સામાન બે દિવસ રહી ગયો, તમારે તપાસ
કરીને ત્યાંથી લાવવો પડ્યો, સિત્તેર કિલોમીટર ના વિહાર
કરતા તમને તમારો સામાન, સિત્તેર ફૂટ દૂરથી લાવવો પડ્યો
હોય, થાક વધારે લાગ્યો હોય, હું તમને પૂછું છું આનું કારણ
શું ?, શું એ ચાલવાનો થાક છે ?, શું એ લાવવાનો થાક
છે ?, કે પછી એ આપણા અહંકારનો થાક છે. મારી સગવડ
સચવાવી જોઈએ, મારું બધું બરાબર વ્યવસ્થિત હોવું જોઈએ,
મારું બધાએ ધ્યાન રાખવું જોઈએ. તમે આયોજન કર્યું છે તો
તમારે અમારી પૂરી પૂરી વસ્તુઓ, આમ અમે અમારું બધું કરી
લેશું. પણ જો અમે અહીંયા આવશું ને બરાબર માથે પડશું.
શું સાધક ની વૃત્તિ આવી હોય શકે ખરી ?

આપણે ઉપધાન કરી આવીએ છીએ, આપણે
નવ્વાણું કરી આવીએ છીએ, આપણે તપસ્યા કરી લઈએ છીએ,
ઘણી વાર તમે આમ થોડી મોટી તપસ્યા કરી હોય ને, ઘરમાં થોડું
CURFEW જેવું થઈ જાય ! થાય ?, સાચવજો ભાઈ આમનાથી,
આમનું ક્યારેય ફાટી શકે આજ ! બધાને ALERT થઈ જવાનું,
તમારું જરાક આઘું પાછું થયું ને, તમારો પિત્તો ગયો નથી,
નમ્રતા ક્યાં ?, આપણે એટલા બધા ઊંચે જઈને બેસી ગયા
હોઈએ છીએ, કે સદ્ગુરુ નો હાથ આપણને ધરવા માટે પહોંચી
શકે એમ જ નથી. માટલું ભરાયું એનું ત્રીજું કારણ, માટલું નીચે
હતું. "આત્મેષણા" શિબિર ની વાત મેં આ લોકોને કરી, મેં કહ્યું
કે સંઘે કોઈ વ્યવસ્થા કરવાની નથી, બેઆસણા કરાવવાના નથી,
બીજુ કોઈ જ અપેક્ષા નથી, મને એમણે કહ્યું કે સાહેબ અમે
બધું જ કરશું, મેં કહ્યું કે મારી જે SYSTEM(વ્યવસ્થા) થી જવા
માંગું છું, તમે અંતરાય નથી કરવો, સાધર્મિક ભક્તિનો લાભ છે,
તમે વ્યવસ્થા કરો એમાં ખોટું છે એવું પણ નથી, આપણા -
ઉપાશ્રયો, આપણા સંઘો, પ્રચલિત વ્યવસ્થા, એનું માળખું
એમાં બધે જ જવા શક્ય બને, અને ક્યાંય પણ કરવી હોય તો,
તરત જ થઈ જાય, કાંઈ વિચારવું જ ના પડે, એના માટે

વ્યવસ્થા કરી કે ભાઈ, એકાસણું ઘરે કરીને આવવાનું, તમારે જોઈતી સામગ્રી, તમારે અહીંયા લઈને આવવાનું, અહીંથી કોઈ જ અપેક્ષા રાખવી નહી, જેની સાથે સાથે એનું પહેલું ફળ તમને મળશે, કે તમારામાં નમ્રતા પ્રગટશે! તમે જ્યારે જ્યારે અમારી ગરજે અહીંયા આવો છો, અમારી ગરજે અનુષ્ઠાનમાં જોડાવ છો, અમારી ગરજે ઉપધાન કરો છો, તમને આટલી KIT આપવામાં આવશે ને તમને આટલી પ્રભાવના આપવામાં આવશે ને આટલી આમ સગવડ છે, આ ધર્મશાળા છે, એમાં A.C. ROOM પણ છે, અને આવું MENU પણ તમારા માટે તૈયાર, એટલે - આમ એક LEVEL બનાવી દીધું.

પાલીતાણામાં અમારા ગુરુદેવ સાથે અમે બધા હતા, રાજસ્થાન પલ્લીવાલ ક્ષેત્રમાંથી એક મહાત્મા ત્યાંનો સંઘ લઈને આવ્યા. સંઘમાં બધા જ અજૈન ભાઈઓ સંઘ કાઢવો, સાધુ બોલો કોઈ ભગવાનને તમે પૂછો કે ભાઈ કેટલું જોઈએ, તો કેટલો આંકડો આવે MINIMUM? પાંચ દિવસનો સંઘ તમારે કાઢવો છે, તમારા વતનથી નથી કાઢવો, વલ્લભીપુર કે અયોધ્યાપુરમથી કાઢવો છે. કેટલું BUDGET આવે?

એ મહાત્માએ વાત કરી કે સાહેબ, આ બધા હલ્દીઘાટી ના માણસો છે, મૂળ અજૈન છે, જૈન બનાવ્યા છે. એમનો છ'રી પાલીત સંઘ લઈને હું આવ્યો છું. એક TRACTOR અમારી સાથે છે, એમાં બધો સામાન રાખવાનો, બે દ્રવ્યના એકાસણા આ બધા કરી લ્યા છે, મગની દાળ બની જાય ને રોટલો બની જાય, આ વાપરી લેવાનું. પ્રવચન સાંભળવાનું, ચાલવાનું, અને આ રીતે છ'રી પાલીત સંઘની યાત્રા કરવાની! સાધર્મિક ભક્તિ સારી વસ્તુ છે, સંઘની જેટલી ભક્તિ કરીએ, ઓછું છે. હું કહું છું, પચાસ નહિ, પાંચસો દ્રવ્યથી પણ સંઘની ભક્તિ કરીએ ને તો કશું જ ખોટું નથી, કરવી જ જોઈએ! પણ જે

કરનાર ના પક્ષની વાત છે, લેનાર નો પક્ષ શું હોવો જોઈએ?
વાત સમજાય તમને! જ્યાં અહમ્ છોડવા આવવાનું છે, ત્યાં
જ આપણે એવા એવા ડાયા કરીએ, પણ ભક્તિ ને COM-
PULSARY બનાવી દીધી, પાંચની બદલે એક મીઠાઈ રાખી
હોય ને તમે કહો કે સંઘ સારો હતો, ઘરમાં તમને જે રીતે
TREAT કરે ACCEPT કરી લો, અને અહીંયા આવ્યા પછી,
ત્યાં જેટલી નમ્રતા હોય, એટલી પણ ના હોય, તો તમે સાધના
કરશો કઈ રીતે? ઘડો ભરાયો એનું ત્રીજું કારણ ઘડો નમ્ર
હતો. ઘડો નીચે હતો!

હું સાધુઓને વાચનામાં કહું છું, આપણે જે
ઉપાશ્રયમાં જઈએ, ધારો કે પહેલા કોઈક મહાત્મા આવ્યા,
કોઈક શ્રાવકો આવ્યા, કાંઈક ભૂલી ગયા, કાંઈક કચરા જેવું છે,
ગઈ કાલે અહીંયા કાંઈક પડ્યું હતું, ભુલાઈ ગયું હોય! અમારા
મહાત્મા, બહાર ગયા અને એને પરઠવી દીધી. હું મુમુક્ષુ ને
કહું છું, તમે જે સંઘમાં રહો ને એ સંઘમાં તમારું કોઈ
યોગદાન હોવું જોઈએ. બરોડાની અંદર અમારા મુમુક્ષુ એ
ઉપાશ્રય ની બારીઓ સાફ કરી, દહેરાસર ની ભમતી, ભમતીમાં
નીચે CLEAN થઈ જાય પણ જાળી હતી ને એ જાળીની અંદર
જે ધૂળ બાઝ્યુ હોય, માણસો LIMITED કામ કરે. સંઘ-
આપણને શું આપશે, સંઘે શું વ્યવસ્થા કરી, લાભાર્થી એ
શું વ્યવસ્થા કરી, આયોજકો એ સગવડ કેટલી આપી, આ
આપણી દ્રષ્ટિ છે. પણ જે સંઘે આપણને આરાધનાનું
આલંબન આપ્યું, એમની સેવામાં, એમના સાથે, આપણે
કેટલા ઊભા રહ્યા? આ આપણને કદી દેખાયું? દસ દિવસ
માટે અપેક્ષા અહીંયા ZERO કરવાની છે. કોઈ સગવડ,
કોઈ રાખ્યું હોય તો પછી અપેક્ષા થાય કેટલી છે, શું છે
અહીંયા આપણે સંઘનો ઉપકાર માનવાનો છે કે સંઘે આપણને
જગ્યા આપી! સંઘ બધું જ કરવા સક્ષમ છે. પણ છતાં પણ
જે આપણે કર્યું છે મારે આ THEME બધા જ સાધુ-સાધ્વીજી
ભગવંતો ને આપી દીધી છે, એનું લખાણ પણ તૈયાર થઈ રહ્યું

છે, હું કદાચ કરું કે ના કરું, પણ આ એક સાધના, અંદર ઉતરવાની સાધના, અનુભવની સાધના, ધ્યાનની સાધના, જિનશાસનની શુદ્ધ પરંપરાને અનુસારી સાધના, મોક્ષ પ્રાપક સાધના, ધ્યાનની અત્યારે સાતસો પ્રકારની પદ્ધતિઓ વિદ્યમાન છે, હું કહું છું કે કાંઈક શાંતિ મળી જશે, મન કેન્દ્રિત થઈ જશે, સંસાર છુટશે, ઉપાધિઓ તમે પાંચ દસ દિવસ છોડી, મન એકાગ્ર થયું તો કંઈને કંઈ - RESULT તો મળવાનું જ છે, પણ જે RESULT મળ્યું, તમારો કંઈક કષાય ઓછો થયો, મન શાંત થયું, શરીર સ્વસ્થ થયું, આ જ ધ્યાનનું ફળ નથી!

DIAMOND બજાર રોટલો રળવા માટે નથી હોતું, કરોડપતિ બનવા માટે હોય છે, અને ડાયમન્ડ બજાર મળ્યા પછી એ રોટલો જ રળ્યો, આ દસ દિવસની સાધના જે કરશે, સ્વાસ્થ્ય સારું રહેશે, તમારું મન પ્રસન્ન થશે, રોગો તમારા નાબુદ થશે, નવા નહિ થવાની શક્યતા ઉભી થશે, રોગપ્રતિકારક શક્તિ વધશે, તમારો જીવન વ્યવહાર વધારે SMOOTH થશે, આ બધું થવાનું જ છે, આ બધા BY-PRODUCTS છે - SIDE-EFFECTS છે, આના માટે સાધના નથી, ખેતી કરતા કરતા ઘાસ ઉગી જાય, પણ ઘાસ માટે ખેતી હોતી નથી! ઘાસ થવાનું એ પણ નક્કી છે, અને ઘાસ માટે ખેતી નથી, એ પણ નક્કી છે.

સાતસો ધ્યાન પદ્ધતિ દુનિયામાં વિદ્યમાન છે, જિનશાસનની ધ્યાન પદ્ધતિ, જે મોક્ષ લક્ષી, આત્મ લક્ષી, અને એની સાથે સાથે આ લોક અને પરલોક ના પણ ઉત્કૃષ્ટ લાભને અપાવતી પદ્ધતિ, એવી પદ્ધતિ દુનિયામાં બીજે ક્યાંય નથી! પહેલી ભૂમિકા શુન્યતા, ખાલી થઈને આવો, બીજી ભૂમિકા સ્વચ્છતા, અંદરનો દોષોનો કચરો, છળકપટ, લોભ, વિષય તૃષ્ણા, સુખશીલતા એ બધી જ ગંદકી ને છોડી

ને આવો. ત્રીજુ ભૂમિકા નમ્રતા, નીચા બનીને આવો.
સદ્ગુરુ શિષ્ય ને કહે છે. ઘડો ભરાયો એનું ચોથું કારણ, એ ઘડો સમર્પિત હતો. ઘડો એ એનો BASE બરાબર-ના હોત તો, પેલો માણસ ભરવા જતને પાણી પડતા જ ઘડો આમ જાત, વળીને એને આમ કરવી તો ભરવા જતનો ઘડો તેમ જાત, વળી આમ જાત, એવા ઘડા પણ હોય છે.

ઘડો ભરાયો એનું ચોથું કારણ, ઘડો સમર્પિત હતો, જે માણસ એને જેમ રાખવા માંગતો હતો એમ ઘડો રહી ગયો, માટે એમાં પાણી રેડી શકાયું, માટે એ ઘડો ભરી શકાયો. દસ દિવસ માટે સંપૂર્ણ સમર્પિત રહીને, જે કદાચ અહીંયા રહી શકે એમ નથી, મને ખબર છે, દસ દિવસ કાઢવા ઘણાના BUDGET ની બહારની-વસ્તુ છે. કહેવાનું મન થાય, આ બધું જ રહેવાનું, સંસારના વ્યવહારો રહેવાના, ઉપાધિઓ રહેવાની, કારણો રહેવાના, પણ તમે કદાચ FUTURE માં વિચાર કરો, તો FUTURE માં અનુકૂળતા થશે કે પ્રતિકૂળતા થશે, એની તમને ક્યાં ખબર છે ? ગુંચવાડા વધશે કે ઘટશે એની તમને ક્યાં ખબર છે ? ભલે તમે કદાચ નક્કી ના કર્યું હોય, ભલે તમે કદાચ એમ ને એમ આવી ગયા હો, હું તમને કહું કે કદાચ તમે OFF થઈ જાવ તો એ દુનિયા તો-ચાલવાની જ છે. તમે માંદા પડી જાવ, ACCIDENT થઈ જાય, BED REST થઈ જાય, બેહોશ થઈ જાવ, COMA માં આવી જાવ, સ્મરણશક્તિ જતી રહે, ગમે તે થયું, તમે દસ દિવસ કોઈપણ કારણસર, કોઈ પણ જાતના સાંસારિક કે વ્યવહારિક, વ્યવસાય કોઈ વ્યવહાર ના કરી શકો, તો એ બધું ચાલવાનું જ છે. તમે કરવા જાવ તો જ ચાલે એવું નથી. હું તમને કહું કે કદાચ તમારા વગર એ બધું ના જ ચાલતું હોય, અટકી જ જાય એમ હોય, પણ તમે જ એ મોક્ષ માર્ગે ચાલી ના શકો, તો એ બધું ચાલવાનો કોઈ અર્થ નથી, ફાયદો નથી, એક CHANCE તમારી જાતને આપો, એક

DATE 23 12 2018

CHANCE તમારા આત્મા ને આપો. અને આ દિવસ માટે કદાચ તમારી પૂર્વ તૈયારી ના પણ હોય, એના SCHE-DULE મુજબ, રોજ અગિયાર થી હોઠ, સ્નાન, પૂજા અને એકાસણા માટે, પોતપોતાના ઘરે જવાની SYSTEM આપણે રાખેલી છે, જે સમયે તમે જીપુ ઉપયોગી વસ્તુઓ લાવી પણ શકશો, હવે પ્રવચન પુરું થાય છે.

## આત્મૈષણા શિબિર- દિવસ-૨ DATE 24 12 2018

વીર જિનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે

અબજોપતિ માણસ છે, યુવા વય છે, ભોગ સામગ્રીઓ છે, ડોક્ટરે એક દિવસની મુદ્દત આપી દીધી છે ને, એણે પોતાનું વીલ બનાવી દીધું છે, ટ્રસ્ટીઓ નીમ્યા છે, દીકરો અઢાર વર્ષનો થાય એટલે બધી જ મિલકત દીકરાની થઈ જાય, એવી-વ્યવસ્થા કરી દીધી છે. અને અબજોપતિ OFF થઈ જાય છે. દીકરો ઘણી મુશ્કેલી થી મોટો થાય છે, ખાવાના પણ સાંસા છે, રહેવાની પણ તકલીફ છે, ભીખ માંગી રહ્યો છે, એના પપ્પાના મિત્ર વિદેશથી આવે છે, પરિસ્થિતિ બધી જુએ છે. અઢાર-વર્ષે મિલકત સોંપવી એ ટ્રસ્ટીઓની ફરજ હતી, અઢાર વર્ષનો થાય ત્યાં સુધી સાચવવાની પણ ફરજ હતી, એ ફરજ એમણે નીભાવી નથી, પેલો એકવીસ વર્ષનો થઈ ગયો, પપ્પાના મિત્ર સ્તબ્ધ થઈ જાય છે, છોકરાને બોલાવે છે, બધી વાત કરે છે કે કહે છે કરવું શું એ મને કહો. પપ્પાના મિત્રએ કહ્યું કે તારી બધી જ મિલકત તને મળી જાય એમ છે, તું એના માટેનો પ્રયાસ કર. તું અબજોપતિનો દીકરો છે, ને એક માત્ર વારસદાર છે. તારા અબજો.. અબજો રૂપિયા છે. ટ્રસ્ટીઓ એ-દબાવી દીધા છે, તું મેળવી શકે એમ છે. છોકરાએ કહ્યું કે બધી જ વાત સાચી મારે કરવું શું એ મને કહો! અને-પપ્પાના મિત્રએ છેલ્લી વાત કરી, કે તું કેસ કરી દે. કેસ કરીશ તો તારું બધું જ તને મળી જશે. પેલા એ કેસ કર્યો, -LEGALLY પેલા કોઈ ટકે એમ હતા નહી, ઝુકવું પડ્યું, હારવું પડ્યું, એમને સજા થઈ, પેલા છોકરાને બધી જ મિલકત મળી ગઈ.

ભગવાન શ્રી મહાવીરસ્વામી આપણને આ જ વાત કહેવા માંગે છે, અબજોપતિનો વારસદાર તો કશું નથી, એના કરતા, લાખો ગણી, કરોડો ગણી, અબજો ગણી, અસંખ્ય ગણી, અનંત ગણી, મિલકત તારી છે, કર્મો એ દબાવી દીધી છે, તને બધું જ પાછું મળે એમ છે, અને આપણે ભગવાનને

પ્રશ્ન કરીએ કે, વાત આપની બધી જ સાચી અમારે કરવું શું, આ મિલકત અમને પાછી મળે કઈ રીતે, અને ભગવાન એટલું જ કહે છે, કે તું "આત્મ ધ્યાન" કર! ભગવાને બીજું કંઈ નથી કરવાનું કહ્યું એવું નથી. ભગવાને ઘણું બધું કહ્યું છે, પણ એ ઘણું બધું કહેવા પાછળનો ભગવાનનો આશય એ જ છે, કે એ બધા દ્વારાનું આત્મ ધ્યાન સુધી પહોંચી જાય ને, આત્મ ધ્યાન જેવું POWERFUL બીજું કશું જ નથી, ને ધ્યાન દ્વારા તને તારી મિલકત પાછી મળી જશે.

વીર જીનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્ત લાઈ રે,

બહુ મહત્વનો શબ્દ છે ચિત્ત લાઈ રે!

આપણે સાંભળીએ છીએ, પણ આપણું મન હોતું નથી. ઉપર તો તમારું પોતાનું મન છે, ઉપર તો તમારી - પોતાની ઈચ્છા છે, ઉપર તો તમારે જે કરવું છે એ જ તમે કરવાના છો, માત્ર ભગવાનના કહેવાથી કશું જ થવાનું નથી! ભગવાન કહે છે કે તમે સાંભળ્યું તો ખરું, હવે મન લગાડી ને સાંભળો, તમારી ઈચ્છા થી સાંભળો, તમારા રસથી સાંભળો, ચિત્ત લાઈ રે! ચિત્ત અને લાગણીઓ સાથે! આપણે સાંભળીએ છીએ એ ભગવાન આપણને કહે છે,

આતમ ધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઈ રે

પેલા પપ્પાના મિત્ર એ કહ્યું હતું કે તું કેસ કર, ભગવાન આપણને કહે છે તું આત્મ ધ્યાન કર! પેલા એ કહ્યું હતું કે કેસ કરીશ તો તારો બધો જ વારસો તને મળી જશે, ભગવાન કહે છે કે તું આત્મ ધ્યાન કરીશ, તારું બધું જ તને મળી જશે!

ઋદ્ધિ મળે સવિ આઈ રે

દસ દિવસ એક પ્રયાસ કરવો છે, આત્માની ધારામાં વહેવાનો. આ જે એક કલાક આપણે લઈએ છીએ ને, આ માત્ર સુચના રૂપ છે, આ માત્ર TIPS રૂપ છે, આ માત્ર

SUPPORTING છે, હવે આગળ વધીને કહું તો એના પછીનું ધ્યાન SESSION, જે પણ એક સુચના છે, SUPPORTING છે, આ બધાના માધ્યમે તમે કેટલા અંદર ઉતરી શકો, તમે કેટલા ઉંડા જઈ શકો, તમે કેટલા સ્થિર થઈ શકો, તમે બિલકુલ એકાગ્રતાથી આત્મ ધ્યાન કરી શકો, એના માટેનો જ આ પ્રયાસ છે. ભગવાન મહાવીર સ્વામી આપણને બહુ પ્રેમથી કહે છે, કે તું શા માટે ભીખ માંગી રહ્યો છે! અબજોપતિ નો દિકરો છે, બાવીસ વર્ષની ઉંમર છે, હાથ-લાંબો કરે, PLEASE આપોને.. PLEASE આપોને કરે, - ભગવાન કહે છે કે તું શા માટે એના જેવી જિંદગી જીવે છે, શા માટે ભીખ માંગે છે?, તારે વિષયોની શું જરૂર છે, તારે પૈસાની શું જરૂર છે, તારે વિજાતીયની શું જરૂર છે, તારે નામના ની શું જરૂર છે, તારે પ્રસિધ્ધિ ની શું જરૂર છે, તારે અનુકૂળતા ની શું જરૂર છે, તારે સગવડ ની શું જરૂર છે?, અબજોપતિ નો દિકરો ચોરે ને ચૌટે ભીખ માંગતો હોય, એવી આ ઘટના છે કે અનંત આનંદ નો આસામી આત્મા, એ બે-પાંચ પૈસાની ભીખ વિષયો પાસે માંગતો હોય!

સંત કબીરે બહુ મજાની વાત કરી છે,

"જલ બીચ મીન પ્યાસી, મોહે સુનસુન આવે હાંસી"

માછલી છે, પાણી ની વચ્ચે જ જન્મી છે, પાણીમાં જ જીવી છે, પાણીમાં જ મરી છે, કોઈ પુછે શા માટે એ મરી ગઈ, અને-ભગવાને જવાબ આપ્યો કે, એ તરસ થી મરી ગઈ!!

"જલ બીચ મીન પ્યાસી, મોહે સુનસુન આવે હાંસી"

આનંદ એ આપણું સ્વરૂપ છે, આનંદ એ આપણું જીવન છે, આનંદ એ આપણો શ્વાસ છે, આનંદ એ આપણું અસ્તિત્વ છે, આનંદ એ આપણી અસ્મિતા છે, અને આ બધું જ હોવા છતા, આપણે આખી જિંદગી ભૌતિક સાધનો પાસે, પુદ્ગલો પાસે, ગંદકી ભર્યા શરીર પાસે, નાશવંત પુદ્ગલો પાસે, અનિત્ય પદાર્થો ની પાસે, જડ ની પાસે, આનંદની ભીખ માંગતા રહીએ છીએ. આના જેવી આપણી કરૂણતા

બીજુ કઈ હોય શકે ? સદ્ગુરુ પાસે શિષ્ય આવે છે. સદ્ગુરુને પ્રશ્ન કરે છે કે "આત્મૈષણા" ની ભૂખ જાગી છે. ભીતર ના આનંદ ને શોધવો છે. આત્મ સ્વરૂપ સુધી પહોંચવું છે. કઈ રીતે પહોંચું ? સદ્ગુરુ માત્ર ત્રણ શબ્દ ની અંદર એનો જવાબ આપે છે.

★ શ્રદ્ધા !
★ સ્થિરતા !
★ સાતત્ય !

ગઈ કાલે આપણે "આત્મૈષણા" માટેની ચાર ભૂમિકાઓ જોઈ. ભૂમિકા ને જાણ્યા પછી આજે "આત્મૈષણા" ના ત્રણ આધાર સ્તંભો ને જોવા છે. દિવસનું સાડા ચાર કલાક ધ્યાન તમને કરાવવું છે. અને એક કલાકમાં - ધ્યાન માટે, તમને એટલી બધી ઉર્જા આપવી છે. એવું CHARGING આપવું છે. એવું BACKING આપવું છે. કે તમારું ધ્યાન વધુ ને વધુ વિશુદ્ધ બનતું જાય! એ જ શબ્દો હશે, એ જ ધ્યાન હશે. જે ઉર્જા છે, CHARGING છે, BACKING છે, આજે નહિ તો કાલે એ જ ધ્યાન આપણો નિસ્તાર કરી દેવાનું છે. કદાચ આવતા ભવોમાં કેવળજ્ઞાન આપણને મળે એનું બીજ, આજનું આ ધ્યાન બની શકે એમ છે. શરત એટલી જ કે એના આધાર સ્તંભો મજબૂત હોવા જોઈએ.

પહેલો આધાર સ્તંભ છે "શ્રદ્ધા"

અધ્યાત્મ વિશ્વ નો એક નિયમ છે કે જેટલી તમારી શ્રદ્ધા મજબૂત, એટલું એનું ફળ મજબૂત! ભૌતિક - વિશ્વનો નિયમ છે કે, જેની તમે પ્રબળ ઈચ્છા કરો, તો એનો, તમને અંતરાય બંધાય. આધ્યાત્મિક વિશ્વનો નિયમ છે કે જેની તમે પ્રબળ ઈચ્છા કરો એ વસ્તુ તમને મળી ને રહે છે. ભૌતિક વિશ્વમાં ઈષ્ટ વસ્તુની ઈચ્છા કર્યા કરવી, એનાથી આર્ત ધ્યાન થાય છે, ૨ એનાથી વિપરીત કર્મ બંધ થાય છે, એનાથી પ્રતિબંધક કર્મનો

કર્મબંધ થાય છે, એનાથી તમારા માર્ગમાં નડતરો ઉભો થાય છે.
એનાથી તમને લાગે કે ઈચ્છા કરીને મળી પણ ગયું, તો એ
ઈચ્છાથી નથી મળ્યું હોતું, ત્યારે તમારા કોઈ પૂર્વના પુણ્યથી
મળ્યું હોય છે. ભૌતિક વિશ્વમાં તમે જેની ઈચ્છા કરો છો એ
આર્તધ્યાન. ઈષ્ટ વસ્તુનું આર્તધ્યાન. તમને જે વસ્તુ એ
વસ્તુ તમને ના મળે એવા કર્મોના બંધ કરાવે ને કર્મોના
તરત ઉદય નથી આવતા, માટે એનો તમને કાર્ય કારણ ભાવ
સમજાતો નથી. પણ ભવિષ્યમાં કે ભવાંતરમાં તમને એ વસ્તુ
ના મળે એવા કર્મોનો બંધ થાય છે.

આધ્યાત્મિક વિશ્વની અંદર તમારે કોઈ પણ
વસ્તુ પામવી છે, એનું મુલ્ય શું છે ? તો એનું મુલ્ય
માત્ર ને માત્ર એની પ્રબળ ઈચ્છા છે! જેને જિનશાસનની
અંદર રૂચિ હોય છે, જેને જિનશાસનની અંદર શ્રદ્ધા હોય છે,
ચૈત્યવંદન મહાભાષ્ય ના શબ્દો છે,

સદ્ધા નિઅભિલાસો

નિજ અભિલાષ, પોતાની અભિલાષ, તીવ્ર ઈચ્છા, પોતાની
પ્રબળ ઈચ્છા, આનું નામ છે શ્રદ્ધા, આનું નામ છે રૂચિ.
રૂચિ એ તમને પ્રગટી છે તો એ વસ્તુ તમને અવશ્ય મળવાની.
શ્રદ્ધા! અહીંયા જે પણ કહેવામાં આવે એના ઉપર તમને
જેટલો ઊંડો વિશ્વાસ હશે, એટલું તમારું ધ્યાન પ્રબળ થશે!
ધ્યાન પધ્ધતિમાં તમને કહેવામાં આવે કે, તમારી ચામડી નીકળી રહી
છે, ખરેખર તમે SKINLESS EXPERIENCE કરી શકશો.
ધ્યાનમાં કહેવામાં આવે કે તમારું શરીર આખું છુટ્ટું પડી ગયું
છે, જેટલી તમારી દ્રઢ શ્રદ્ધા હશે, એટલો જ તમને BODY-
FREE EXPERIENCE વધારે સારો અનુભવાશે! જે બહુ
બુદ્ધિશાળી છે એના માટે આ "આત્મૌજાગ" નથી, બુદ્ધિનું
કદાચ ભૌતિક વિશ્વમાં, બાહ્ય વિશ્વમાં મુલ્ય હશે. આધ્યાત્મિક
વિશ્વની અંદર, આંતર વિશ્વની અંદર, બુદ્ધિ જેવી BOGUS
વસ્તુ બીજુ કોઈ જ નથી. તમે એ એમ માનતા હો કે તમે
બહુ જ હોંશિયાર છો, તમે એ એમ માનતા હો કે તમને વધારે

ખબર પડે છે. તમે આ બધું જોઈ રહ્યા છો ને માણી રહ્યા છો ને જો તમે આ બધામાં વિશ્વાસ નહી મુકો, દૃઢ શ્રધ્ધા નહી હોય તો તમને આનો કોઈ જ લાભ નહી થાય. બાળપણ ની અંદર એક HYPNOTISM SHOW ની અંદર જવાનું થયું હતું, દસ - બાર વર્ષની મારી ઉંમર હતી, AUDITORIAM ની અંદર બધી જ સીટો ભરાઈ ગઈ છે, સમય થઈ ગયો છે, પડદો ખુલી ગયો છે. HYPNOTISM કરનાર વ્યક્તિ STAGE ઉપર આવી ગઈ છે, પહેલા થોડી સમજ આપે છે કે આ પ્રયોગ કોઈ પોતાના માણસ ઉપર ન હતો કરવાનો, AUDIENCE માંથી જ અમુક લોકો ને બોલાવી ને એમના ઉપર જ કરવાનો હતો. અને પ્રયોગ કરતા પહેલા જે ભાઈએ બહુ સરસ વાત કરી, તમે જો એમ ધારીને આવતા હો કે હું કોઈ HYPNOTISE થવાનો જ નથી, મને કોઈ સંમોહિત નહી કરી શકે, જો આવુ વિચારી ને આવશો તો કોઈ અસર તમારા ઉપર થશે નહિ. જેના મનની એકાગ્રતા હશે એ HYPNOTI-SE થઈ શકશે, જે બરાબર ધ્યાનથી અમારી વાત સાંભળી શકશે, એ HYPNOTISE થઈ શકશે, અને બાકી તમે તમારી રીતે ગમે તેટલુ વિચારો, અમે આમ છીએ, તેમ છીએ, નહી થઈએ, તમે કદાચ નહી પણ થાવ, પણ જે તમારું PLUS નહી હોય એ તમારું - MINUS હશે. HYPNOTISE થવું કે ના થવું એ બીજા નંબર ની વાત છે, HYPNOTISE થવાથી કદાચ કોઈ લાભ થાય કે ના થાય.

ધ્યાનને પણ તમે એક પ્રકારનું HYPNOTISM કહી શકો છો, કે જેનાથી સૌ ટકા લાભ થવાનો છે. HYPNOTISM ના એક SHOW ની અંદર લોકોને બોલાવવામાં આવ્યા છે, HYPNOTISE કરવામાં આવ્યા છે, મારે તમને શ્રધ્ધાની વાત કરવી છે. કે "આત્મૈષણા" ની પહેલો આધાર સ્તંભ છે !

જ્યાં સુધી PILLAR (સ્તંભ) CLEAR નથી, ત્યાંસુધી આપણે ઈમારત ચણાવાની નથી. HYPNOTISE બધાને કરી દેવામાં આવ્યા છે. એક માણસને આગળ બોલાવવામાં આવે છે. HYPNOTISM કરનાર વ્યક્તિ એમના હાથમાં બરફની ટુકડી આપે છે. આપીને કહે છે કે મેં તમારા હાથમાં સળગતો અંગારો આપ્યો છે, તમને બહુ જ ગરમ ગરમ લાગી રહ્યું છે, તમારી ચામડી લાય લાય બળી રહી છે, તમને એકદમ બળતરા થઈ રહી છે, તમારો હાથ અત્યંત દાઝી ગયો છે. તમારું દર્દ એકદમ અસહ્ય બની રહ્યું છે, તમારું દર્દ હદ વટાવી રહ્યું છે, તમને બિલકુલ સહન નથી થઈ રહ્યું, તમારા હાથમાં હવે ફોલ્લા પડી રહ્યા છે, તો એ માણસ ફટ દઈને બરફ ફેંકી દે છે. એનો હાથ ડૉક્ટરો ને બતાવવામાં આવે છે, તો એના હાથમાં ફોલ્લા થઈ ગયા હોય છે.

ધીરુભાઈ અંબાણી ની એક THEORY હતી કે, તમે જેને જોઈ શકો છો ને એને તમે મેળવી શકો છો, તમે આજે ભલે કોઈ PETROL PUMP ના મજુર હો, આજે ભલે તમે નાના માણસ હો, તમે જેને જોઈ શકો છો, એને તમે મેળવી શકો છો, જો તમે એને મેળવી નથી શકતા ને તો એ વસ્તુ દુનિયામાં હોય જ ના શકે, જેને જોઈ શકો એને મેળવી શકો ! ધીરુભાઈ અંબાણી ની એ THEORY ખોટી હતી, જો આવું જ હોત તો દુનિયામાં કોઈ ગરીબ ના હોત દુનિયામાં કોઈ ભુખ્યું ના સુતુ હોત, દુનિયામાં કોઈ ભિખારી ના હોત, ધીરુભાઈ અંબાણી ખોટા હતા !

ભગવાન મહાવીર સ્વામી કહે છે, અધ્યાત્મ વિશ્વ ની અંદર, તમે જે ધારી શકો છો, એ તમે કરી શકો છો એ ધાર્યું, એ તમારું કેટલું પ્રબળ છે, તમારો વિશ્વાસ કેટલો સરલ છે. તમારું મન એમાં કેટલી દૃઢ શ્રદ્ધા ધરાવે છે. એના પર DEPEND કરે છે કે તમને ફળ કેવું મળશે !! અદ્ભુત છે, ભીતરમાં કામ કરી રહ્યો છે, કામ કરતા કરતા - બધો જે પાક થયો હતો, નીચ પાક છે, હોય તો એ

દેખાય નહિ એવો પાક છે, માંડ પેલો ઊભો હોય એટલી જગ્યા દેખાય. અચાનક જેકુન ને સાપ કરડે છે, સાપ કરડીને જતો રહે છે, અને જેકુનને લાગે છે કે કાંઈક અડ્યું છે, ખ્યાલ આવ્યો છે, વાગ્યું છે, દુખ્યું છે. જેકુન જુએ છે નીચે, સાપ કરડીને જતો રહ્યો હોય છે ને યોગાનુયોગ, એ જ સમયે પાક મોંઘી એના પગ પાસે એક ઉંદર આવે છે. જેકુનને ખ્યાલ આવ્યો કે ઉંદર જરાક બટકું ભરી ગયો હશે, કંઈ વાંધો નથી. પાછો કામે લાગે છે. દિવસ પુરો થાય છે ને જેકુન ને કશું જ થતું નથી !

બે-ચાર દિવસ જાય છે, જેકુન ફરી કામ કરતો હોય છે, ઉંદર બટકું ભરીને જતો રહે છે ને યોગાનુયોગ એ જ સમયે ત્યાં સાપ આવે છે, સાપ ડંખ્યો નથી, સાપ ફક્ત સામે આવ્યો છે, જેકુન ચીસ પાડીને ઢળી પડે છે, એને ઝેર ચડે છે. અને જેકુન મરી જાય છે, શ્રધ્ધા !!

આવી વાતને બેસવાથી, વિચારવાથી શું થઈ શકે, એ મારે તમને સમજાવવું છે ! જ્યાં સુધી તમને શ્રધ્ધા નથી, અડગ વિશ્વાસ નથી, ત્યાં સુધી તમારું કામ થવાનું નથી ! અહીંના એક એક નિયમને ખુબ જ દ્રઢતાથી વળગો, મૌન એકદમ ચુસ્ત પાળો અણુવ્રતો ને જીવન મરણનો સવાલ હોય એ રીતે પાળો, SCHEDULE ના એક એક સમયને બરાબર FOLLOW કરો, જાણે જીવન-મરણ નો સવાલ હોય, એવી શ્રધ્ધા સાથે ધ્યાનમાં તમે ઝુકાવો, અને પછી જુઓ કે એનું કેવું RESULT (પરિણામ) મળે છે ! બહુ સરસ મજા ની વાત એક કવિએ કરી છે,

" શ્રધ્ધા જ મારી લઈ ગઈ, મંજિલો ઉપર મને,
રસ્તો ભુલી ગયો તો, દિશાઓ ફરી ગઈ "

રસ્તો ભુલી ગયા હતા, ઊંધી દિશા પકડી હતી, આપણે

પહોંચીએ એવી કોઈ શક્યતા જ ન હતી, પણ આપણી શ્રદ્ધા એવી હતી કે, કે રસ્તો આપણે ભૂલ્યા તો પણ દિશાઓ ફરી ગઈ, અને આપણે જ્યાં જવું ત્યાં પહોંચી ગયા !

(ભાવનગર જવાની તમને ગમે તેટલી પ્રબળ ઈચ્છા હોય, પણ રસ્તો ખોટો પકડો, તો કદી પણ ભાવનગર-પહોંચો નહિ, આ ભૌતિક વિશ્વની માન્યતા ! એની વાસ્તવિકતા ! અંતરંગ વિશ્વની અંદર, અધ્યાત્મ વિશ્વની અંદર, તમારી પ્રબળ શ્રદ્ધા એ જ તમારી મંઝિલની પ્રાપ્તિનું મુખ્ય છે ! બુદ્ધિથી તમે જેટલા અળગા રહી શકશો, તર્કથી જેટલા દૂર રહી શકશો, જેટલો તમે આંધળો વિશ્વાસ મુકી શકશો, એટલા જ તમે સાધનામાં સફળ થઈ શકશો. તમે કેટલા હોંશિયાર છો, કેટલો અનુભવ તમારી પાસે છે, કેટલું જ્ઞાન વિષે તમે ભણ્યું છે, સાંભળ્યું છે, વાંચ્યું છે, એનું મુલ્ય ઓછું છે. તમે કેટલા શરણ બની શકો છો, સમર્પિત બની શકો છો, કેટલી શ્રદ્ધા મુકી શકો છો, કેટલા SURRENDER થઈ શકો છો, એનું મુલ્ય વધારે છે. એક કવિએ બહુ મઝાની વાત કરી છે.

દોડે છે દિલ તો દોડતી આવે છે મંઝિલો બુદ્ધિ હું તારા અવળા ઈશારાનું શું કરું?

બુદ્ધિનો ઈશારો અવળો છે, બુદ્ધિનો ઈશારો ખોટો છે. બુદ્ધિ ગેરમાર્ગે દોરી જાય છે, આત્માનું કામ થતું હોય તો એ બુદ્ધિ કામ થવા દેતી નથી, બુદ્ધિનું કામ જ એવું છે. હૃદય દોરશે તો આપણે મંઝિલ સુધી પહોંચશું એટલું જ નહિ, મંઝિલ સામેથી આપણને મળવા આવશે. "આત્મરમણ" કરવા માટેનો પહેલો થાંભલો, શ્રદ્ધા !

એક SCIENTIST હતા પ્રયોગ કરી રહ્યા હતા, અને પ્રયોગની THEORY આજ હતી, કે માણસ જે ધારે તે થાય. પ્રયોગમાં આગળ વધતા-વધતા, એમને મોત થઈ જાય એવો પ્રયોગ કરવાની જરૂર પડી. SCIENTIST (વૈજ્ઞાનિક) એ તપાસ કરી, મૃત્યુદંડ પામેલા અપરાધી એના માટે GOVERMENT (સરકાર) ને વિનંતી કરી. સરકારે પરવાનગી આપી. એ વ્યક્તિને મળ્યા, સામે અપરાધી બેઠો છે, આ સાઈડમાં

SCIENTIST બેઠા છે પ્રેમથી એની સાથે SCIENTIST
વાત કરે છે, કે આવતી કાલે તને ફાંસી થવાની છે, મરવાનું
તારું નક્કી છે, એક દવા મેં બનાવી છે, તું ફાંસીથી પણ
મરી શકે છે, અને સરકારની મેં પરવાનગી લીધી છે
તું મારી દવાથી પણ મરી શકે છે. ફાંસીથી મરવામાં તારો
શ્વાસ રૂંધાશે, આંખ થોડી બહાર આવી જશે, અસહ્ય -
પીડા થશે, ત્યારે કમોતે મરવું પડશે. મારી દવા લઈશને
બહુ સીધી, સાદી, પાણી જેવી દવા છે, આટલીજ તારે લેવાની
પાંચ જ મિનિટ ની અંદર કોઈ પણ પીડા વગર, તું મરી જઈશ
તારી ઈચ્છા ! તું ઈચ્છે તો ફાંસી પણ
પસંદ કરી શકે છે, તું ઈચ્છે તો મારી દવા પણ પસંદ
કરી શકે છે, પેલા એ વિચાર્યું કે એમને એમ એ પીડા
વગર મળવા મળે તો વધારે સારું છે ! એણે દવા પસંદ
કરી, બીજા દિવસે અમુક GOVERMENT ના OFFICERS,
SCIENTISTS, અમુક બુદ્ધિજીવીઓને બોલાવવામાં -
આવ્યા હતા, સૈન્ય ઘણા ! પેલા માણસને ખુરશી પર
બેસાડવામાં આવ્યો, ત્યારે જે ભગવાનને યાદ કરવા હોય એ
કરી લે. એ ભગવાનને યાદ કરી લે છે, દવા એને આપવામાં
આવી, આટલી એવી દવા, એક ગ્લાસમાંથી એને
આપવામાં આવી, એને કહ્યું કે પી લે, એણે ધ્રુજતા હાથે
દવા પી લીધી, પાંચ મિનિટ માં કોઈ પણ પીડા વગર,
એ માણસ મરી ગયો. ડૉક્ટરે એ ચેક કરીને જાહેર કર્યું કે
આ માણસ મરી ગયો છે. અને પેલા SCIENTIST એ
એને જે ગ્લાસમાંથી દવા આપી હતી, બધા ના દેખતા એ
આખો ગ્લાસ પી લીધો, બધા જોઈ રહ્યા છે, પાંચ મિનિટમાં
આ પણ હવે જવાના, દસ મિનિટ, પંદર મિનિટ, અડધો કલાક
બિલકુલ સ્વસ્થતા થી બેઠા રહ્યા, અને સભાને કહ્યું કે આમાં
ચોખ્ખા પાણી સિવાય બીજું કશું જ નથી. એ માણસ મરી
ગયો, કારણકે એને શ્રદ્ધા હતી, કે આ એક બહુ જ તીવ્ર
કડવાનું ઝેર જ છે, અને એ શ્રદ્ધા ના કારણે જ પાણી એણે

પીધું, એની અસર થઈ. વાત સમજાય છે? કલ્યાણ મંદિર સ્તોત્ર ની અંદર સિદ્ધસેનદિવાકર સૂરી મહારાજ કહે છે,

आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्ध्या ध्यातो जिनेन्द्र! भवतीह भवत्प्रभावः।

હે ભગવાન, ભલે જીવ સંસારી છે, ભલે છદ્મસ્થ છે, ભલે કર્મોથી આવૃત છે, ભલે અશુદ્ધ છે. ભલે હજુ એ પરમાત્મા નથી પણ જો એ ધ્યાન કરે કે એ પરમાત્મા છે, જો એ ધ્યાન કરે કે એ તમારાથી અભિન્ન છે, તમારી સાથે અભેદ છે, અને આવા દ્રઢ પ્રણિધાન સાથેનું ધ્યાન જો કરે, કે શરીર થી મુક્ત છે, કર્મો થી મુક્ત છે, એ દોષો થી મુક્ત છે, એ કષાયોથી મુક્ત છે.

ध्यातो जिनेन्द्र! भवतीह भवत्प्रभावः।

કલ્યાણમંદિર સ્તોત્ર ની માત્ર એક જ પંક્તિની અંદર, "આત્મોપગા શિખર ના બધા જ રહસ્યો ભરી દીધા છે, કે ભગવાન આવું ધ્યાન કરવાથી, જે જીવ બરાબર ભગવાનમય બની જાય છે. અને સિદ્ધસેનદિવાકર સૂરી મહારાજ બરાબર, હમણાં જે દાખલો આપ્યો, ઝેરનો, એનું ઊંધુ EXAMPLE આપે છે.

पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं,
किं नाम नो विषविकारमपाकरोति ॥

હે ભગવાન, દુનિયામાં નજરની સામે દેખાય છે, કે કોઈ માણસને સાપ કરડ્યો હોય, ઝેર પ્રસર્યું છે, માણસ થોડીવાર માં મરી જવાનો હતો, પણ પાણીમાં દ્રઢ પ્રણિધાન કરવામાં આવ્યું કે આ અમૃત છે. એ પાણી પીવામાં આવ્યું, અને બરાબર એ પાણીએ અમૃત નું કામ કર્યું !

ભગવાન મહાવીર સ્વામી કહે છે, કે અધ્યાત્મ વિશ્વની અંદર વિચારવાથી બધું જ થઈ શકે છે! થોડા વર્ષો પહેલા છે ને એક પુસ્તક દુનિયામાં BEST SELLER હતું જેનું નામ હતું "THE SECRET"! અને એ પુસ્તક ની અંદર ઈચ્છા શક્તિ, વિચાર શક્તિ, ની વાત કરવામાં આવી. તમે બહુ જ.. બહુ જ વિચાર કરો. તમારી ગાડી અમેઈઝ છે, ભલે ગાડી પાંચ કરોડની છે ને તમે ગરીબ છો. તમે બહુ જ

વિચારો, આ ગાડી મારે જોઈએ છે.. જોઈએ છે.. જોઈએ
છે... જોઈએ છે, તો એ ગાડી તમને મળી જશે. એ
પુસ્તકમાં એવા એવા દાખલા આપ્યા, ફલાણા.. ફલાણ માણસ
ને આવી રીતે બંગલો મળી ગયો, ફલાણાને આવી રીતે ગાડી
મળી ગઈ, ફલાણાને આ રીતે આ મળી ગયું. પુસ્તક ધૂમ
વહેંચાવા લાગ્યું. કરોડો લોકો એ આ THEORY નો આશરો
લીધો, અને અમેરિકાને આ THEORY ના કારણે કરોડો-
ડોલર નું નુકશાન થયું કારણકે, લોકો એ પુરૂષાર્થ કરવાનું
છોડી દીધું એ માત્ર વિચાર જ કરવા લાગ્યા ને માત્ર વિચારથી
જ મળતું હોત તો, બધાને મળી જાત. કરોડો માંથી પાંચ-પચાસને
BY CHANCE મળ્યું હોય, તો એ વિચારથી ના મળ્યું હોય,
એના જુદા જ કારણો હોય. અને એમને આગળ કરીને બીજા
કરોડો લોકો એ, એમનો દાખલો લઈને માત્ર વિચાર નો
આશરો લીધો, ને એનાથી અમેરિકા દેવાદાર તો હતું જ,
એક-એક માણસ ઉપર LOAN છે ત્યાં, અને એ વધારે
દેવામાં ડૂબી ગયું. ભૌતિક વિશ્વમાં તમે વિચાર કરો અને
મળે એવી કોઈ જ શક્યતા નથી.

અધ્યાત્મ વિશ્વની અંદર તમારી ઈચ્છાશક્તિ,
તમારી શ્રદ્ધા, તમારો વિશ્વાસ તમારું પ્રણિધાન, જેટલું
દૃઢ હશે, એટલી એ વસ્તુ તમારી નજીક આવશે. આ
ભવની અંદર તમે મનોરથ કરો કે સંયમ જોઈએ જ છે...
જોઈએ જ છે, તમારું તીવ્ર કક્ષાનું પ્રણિધાન હશે, ઉત્કૃષ્ટ
કક્ષાનું હશે, આ જ ભવની અંદર તમને મળી જશે. તમારું
પ્રણિધાન કદાચ થોડું મંદ હશે, તમને પછીના ભવની અંદર
મળશે, એનાથી મંદ હશે એની પછીના ભવની અંદર મળશે,
અધ્યાત્મ વિશ્વની અંદર મનોરથ એ જ મુખ્ય છે. જેટલી
તમારી વધારે પ્રબળ ઈચ્છા શક્તિ એટલું જ એનું ત્વરીત
ફળ! "આત્મૈષણા" નો પહેલો PILLAR શ્રદ્ધા!
આંધળો વિશ્વાસ, દૃઢ વિશ્વાસ, આનાથી જ મારું કામ
થવાનું છે, આનાથી જ હું નરક થી બચવાનો છું, આનાથી

જ હું નિગોદ થી બચવાનો છું. આનાથી જ મારું આત્મ-કલ્યાણ થવાનું છે, આનાથી જ હું સુખી થઈશ, આવો દૃઢ વિશ્વાસ ! [redacted]

બહુ સરસ પ્રભુની વાત એક કવિએ કરી છે,
" દેખાવ થી આગળ વધીને પહોંચીએ હોવા સુધી,
ચળકાટ ની સરહદ સમાય હોય છે રોવા સુધી "

આપણો દેખાવ હોય છે આપણે નથી હોતા. આપણું હોવું શું ? આપણું અસ્તિત્વ શું ? આપણે હાજર હતા એનો અર્થ શું ? આપણને ચળકાટ ગમે છે, બરાબર અહીંયા એવી કોઈ SOUND SYSTEM (સંગીત) ગોઠવી હોય, કોઈ આડંબર ગોઠવ્યો હોય, ઔપચારિકતા હોય, થોડા તમારા INTERVIEWS લેવાય, પછી તમને પાસ કરવામાં આવે, બહુ મોટી માં મોટી ફી જેની હોય, એ ડોક્ટરને આપણે ઊંચા માં ઊંચી સમજના હોઈએ છીએ !
" દેખાવ થી આગળ વધીને પહોંચીએ હોવા સુધી "

હું કહું છું, વર્ષો વીતી ગયા, કેમ આપણે ત્યાં ના ત્યાં ? હું વિચાર કરું છું કે આપણા-પ્રવચનોના સમયો છે ને એ બને એટલા OCKWARD હોવા જોઈએ, આપણા પ્રવચનો ના સ્થાન બને એટલા OCKWARD હોવા જોઈએ, બરોડામાં મેં કહ્યું નિઝામપુરા માં અમારું ચોમાસું હતું, મેં કહ્યું કે બપોરે બાર વાગે પ્રવચન હોય, નિઝામપુરાની બદલે છાણીમાં હોય, એકાદ તીર્થ માં હોય.

"આત્મૈષણા" શિબિર ની અંદર માત્ર એક જ વ્યક્તિ હોય. ગઈ કાલે અમારા મુમુક્ષુ ગુરુદેવને વંદન કરવા ગયા, ગુરુદેવે પુછ્યું કેટલા જણ છે શિબિરમાં ? મને કહ્યું કે ઘણા જણે પુછ્યું કેટલા જણ છે. હું કહું છું એક જ જણ હોય, પણ જો બરોબર હોય ને, તો એ મારા માટે દસ હજાર થી વધારે છે, અને એ વ્યક્તિ દસ હજાર સુધી "આત્મૈષણા" ને પહોંચાડી શકે છે. જે કશું નહિ બોલે, કશું આયોજન નહિ કરે

તો એ પહોંચશે, કદાચ અહીંયા દસ હજાર બેઠા હશે, પણ એ ક્યાંય નહિ પહોંચે, એ બે દસ હજાર ખરેખર હશે નહિ, કારણકે "આત્મીયતા" એમના સુધી જ નહીં પહોંચી હોય!
" દિવાલથી આગળ વધીને પહોંચીએ હૈયા સુધી " !!
પહેલો થાંભલો શ્રદ્ધા !

વિદેશમાં એક માણસને BRAIN TUMOR થયું, OPERATION જોખમી છે, બચવાનું ટકાવી વધારે શક્યતા છે, કે એ OPERATION THEATER માં જ OFF થઈ જાય. ઘરમાં રડારોળ મચી છે, માણસ ગભરાયો છે, દવાઓના બનાવે પડ્યો છે પણ માત્ર મિથ્યા સંતોષ-થવાની છે. કોઈ જ ફાયદો નથી. એ માણસને કોઈ-MEDETATION TRAINER મળી જાય છે, એણે એને ધ્યાન શીખવાડ્યું કે તારે શું કરવાનું ? તારે રોજ સવારે ચાર કલાક ને સાંજે ચાર કલાક, રોજ આઠ કલાક ધ્યાન કરવાનું ને ધ્યાનમાં બીજું કશું જ નહી કરવાનું, તારે તોપ લઈને તારા મગજમાં પહોંચી જવાનું ને તારે - TUMOR ની સામે FAST તોપમારો કરવાનો.

" મરતા ક્યા નહિ કરતા "

સારા-સારા YOGA TRAINER __ સારાસારા MEDITATION TRAINER, એના મુળમાં તમે જશો ને તો તમને કદાચ હકીકત મળશે કે, એ મરતા હતા! એને બિમારી થઈ હતી, એને તકલીફ થઈ હતી, બરોડામાં અમારું પંદર વર્ષ પહેલા ચોમાસું હતું, ગુરૂદેવે એક YOGA TRAINER ને સાધુઓ માંહા ના પડે એ માટે બોલાવ્યા હતા, ગુરૂ મહારાજે કહ્યું કે આ બરોડા ના - NUMBER ONE, YOGA TRAINER છે, તમે શીખીલો અઠવાડિયું અને કરો એટલે તમારે દવા ના બનાવે ના પડવું પડે. એ ભાઈએ એક દિવસ અમને પોતાની વાત કરી કે, હું મરી રહ્યો હતો, મારું આખું આંતરું પાકી ગયું હતું, એમાંથી કીડા પડ્યા હતા હતા, મને સ્કુલમાં પણ

ALLOW કરતા ન હતા, હું છેલ્લી બેંચ ઉપર, મારી આજુબાજુ બધું ખાલી હોય ત્યાં હું બેઠો રહેતો હતો ને મને સમજ દઈ પતી, જેમાંથી હું YOGA માં વળ્યો ને નિષ્ઠા પૂર્વક પ્રયાસ કર્યો, અને જે ભાઈએ આજ વાત કરી, વાત કરતા.. કરતા

" મરતા ક્યા નહિ કરતા "

આપણે સમજમાં લઈએ છીએ, આપણે LIGHTLY લઈએ છીએ, આપણે ઔપચારિક રીતે લઈએ છીએ, હું કહું છું કે પ્રવચનનું એકાદ વાક્ય હોય, તમે સમજો કે, તમે મરી રહ્યા હતા, તમે નરકમાં જઈ રહ્યા હતા, તમે અનંત મૃત્યુ તરફ જઈ રહ્યા હતા, અને એની રામબાણ દવા રૂપી આ વાક્ય - તમને મળી ગયું, પછી જુઓ કે તમારા ઉપર એની કેવી અસર થાય છે. શ્રદ્ધા !!

FIGHTER તોપ લઈને પેલા ભાગેસે ચાર ચાર કલાકનું ધ્યાન કરવાનું, કોઈ બહારથી તોપ લાવવાની ન હતી, ધ્યાનમાં જોવાનું છે, અનુભવવાનું છે, કે તોપમારો પોતાના TUMOR ઉપર કરી રહી છે, મહિના સુધી ધ્યાન થયું, ફરી REPORT કરાવ્યો, અને TUMOR ગાયબ થઈ ગયું હતું !

પહેલો ધાબલો શ્રદ્ધા !

બીજો ધાબલો સ્થિરતા !

એક દિવસ તમે કર્યું બીજા દિવસે ના કર્યું, આવ્યા, ગયા, થોડું કરી લીધું પછી બીજા વિચારો કર્યા, બહુ મનોમંથન કરીએ, તમને રોજનો SCHEDULE આપવામાં આવ્યો છે. બે કલાક તમને INSTRUCTION દ્વારા કરાવવામાં આવશે જેમાં સાથે- સાથે અમારા શબ્દો ચાલું છે, અને બે કલાક તમારું વ્યક્તિગત ધ્યાન, જેમાં તમારે મૌન ધ્યાન કરવાનું છે. મૌનમાં પણ તમે સાથે બેસી શકો, પણ કોઈએ કાંઈ પણ બોલવાનું નથી, અને પોતાની મૌન, બે વાર જે ધ્યાન કરાવ્યું એના આલંબનથી, તમારે બે વાર મૌન ધ્યાન કરવાનું છે !

ષોડશક પ્રકરણ ગ્રંથમાં હરિભદ્રસૂરી મહારાજ કહે છે.

नासकृदुत्पाटनत: शाक्यपि फलावहं पुंस: ।

વારંવાર ડાંગરના છોડને ઉખેડો બીજે વાવો, ફરી ઉખેડો બીજે વાવો, ફરી ઉખેડો બીજે વાવો, તો તમને એનું ફળ નહીં મળે. એના ઉપર પાક નહીં આવી શકે. એક જગ્યાએ તમે એને સ્થિર રાખો. જુદા-જુદા ધ્યાન કરાવી શકાય છે. જુદા-જુદા ધ્યાન કરાવવાનું મેં વિચાર્યું પણ હતું. આગળ.. આગળ લઈ જવું, આજના ધ્યાન કરતા કાલનું ધ્યાન જુદુ જ હોય. આવી બધી જ તૈયારી કરી હતી. એક સુશ્રાવક અત્યારે સભામાં જ બેઠા છે. અને એમણે મને કહ્યું કે સાહેબ બધા નહીં કરી શકે ધ્યાન જે રીતે એ જ કરાવશો તો ઊંડાણ મળશે, ઘૂંટી શકાશે, અને તો જ એ મને ધ્યાન કરી શકશે, અને વાત મારા મગજમાં બેઠી. પચ્ચીસ જગ્યાએ એક એક ફૂટ ખાડો ખોદો, એમાં તમને
પાણી ન મળે, તમે એક જગ્યાએ પચ્ચીસ ફૂટ ઊંડો ખાડો ખોદો, તો તમને પાણી મળી શકે. ધ્યાન આમ ભેદિએ તો એનું એ છે, ઊંડાણ વધતું જાય, એ અપેક્ષા એ દરેક વખતે નવું ધ્યાન છે.

થોડું આલંબન લેવાનો પણ એ જ આશય ધ્યાનમાં, કે તમને SAME ધ્યાન શક્ય બીજુંનું મળી શકે, જરૂર મુજબનું હું NATURAL પણ લઈશ. મારી HABIT (આદત) NATURALLY (કુદરતી) ધ્યાન કરાવવાની છે. એનું એ જ ધ્યાન હોવાથી તમે વધુ ને વધુ ઊંડાણમાં ઉતરી શકો. સ્થિરતા !

જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી - મહારાજ કહે છે.

वत्स ! किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।

હે વત્સ ! તું કેમ ચંચળ મન વાળો છે. તું કેમ ભટકે છે. તું કેમ ભોગ્યા-હોડ્યા કરે છે.

निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥

તારો જમનો તારી ભીતર જ છે, તું અટક જરા ! તારા-
ભટકતા મનને અટકાવ, તારી વચન પ્રવૃત્તિને અટકાવ, તારી
કાયાને સ્થિર કરી દે, મન-વચન-કાયાની સ્થિરતાને તું
મેળવ, અને પછી જો કે તારી ભીતરનો જમનો, તને કેવો
દેખાય છે, કેવા અનુભવાય છે !

અધ્યાત્મ વિશ્વની અંદર, પ્રાપ્તિનો ઉપાય
વિચાર છે. શ્રદ્ધા એ વિચારને દૃઢ કરે છે. સ્થિરતા એ
વિચારની પ્રતિષ્ઠા કરે છે.

"આત્મોપયોગ" નો ત્રીજો પાયો એનું નામ છે સાતત્ય.
અને સાતત્ય એ વિચારને ઊંચાઈ અને ઊંડાણ આપે છે.
છો ત્યાંનો ત્યાં રહેશો, એટલે એને ઊંડાઈ પણ મળતી જશે
અને ઊંચાઈ પણ મળતી જશે. સાતત્ય ! એક-બે દિવસ
કરી લીધું, મને કંઈ એવું લાગ્યું નહિ, એવો કોઈ ફરક પડ્યો નહિ,
અને તમે મૂકી દીધું, તો પાછું તમારે એકડે એકથી ચાલુ કરવું
પડશે. માસક્ષમણ કરવું હતું. વીસ ઉપવાસ થઈ ગયા છે. થોડી
અશક્તિ પણ આવી છે, માણસ વિચારે છે, હવે ફરી જો માસ-
ક્ષમણ કરવું હશે તો પહેલા ઉપવાસથી કરવું પડશે, જો ચાલુ
રાખીશ તો દસ જ ઉપવાસ કરવા પડશે, મૂકી દઈશ તો એક
થી ચાલુ કરવું પડશે. હવે માસક્ષમણ પુરું કરવું છે. એક વાર
મારા કહેવાથી તમને સ્થિરતા મળી કે ના મળી, એક-બે દિવસ
લાગે જણાય કે ના જણાય, તમે સ્થિર થઈ જાવ, તમે
સાતત્યને મેળવો !

છઠ્ઠા કર્મગ્રંથની ટીકાની અંદર, શરૂઆતમાં જ
ટીકાકાર શ્રીજી બહુ મજાની વાત કરે છે.

*अहर्निशं चूर्णिविचारयोगात् - मन्दोऽपि शक्तो विवृतिं विधातुम्।*

હું મંદ છું, મારામાં એવી કોઈ બુદ્ધિ નથી, મારામાં એવો કોઈ
ક્ષયોપશમ નથી, અને છઠ્ઠો કર્મગ્રંથ, ભેજાનું દહીં કરી દે એવો,
અને છતાં પણ હું આના ઉપર ટીકા લખવા માટે સમર્થ થયો છું,
એનું કારણ છે, દિવસ-રાત આ કર્મગ્રંથની ચૂર્ણિનો વિચાર !
ચૂર્ણિ એટલે સંસ્કૃત-પ્રાકૃત COMMENTARY ! અને બહુ

DATE 24 12 2018

સરસ મજાનું EXAMPLE ટીકાકાર શ્રી આપે છે,

निरन्तरं कुंभनिकर्षयोगाद् ग्रावाऽपि कूपे समुपैति

દિવસ અને રાત લોકો આવતા જાય, કુવામાંથી પાણી લેતા જાય, આખો દિવસ કુવામાંથી પાણી લેતા, કુવાની પાળે જે પત્થરો હોય ને, એના ઉપર દોરડું છોડવામાં આવે, એ દોરડું છોડતા ને લેતા, એ દોરડું કુવાના પાળના પત્થરને ઘસાયા કરે.. ઘસાયા કરે.. ઘસાયા કરે.. એનાથી પત્થર પણ જેમ ઘસાય જાય, એમ મંદબુદ્ધિ હું, સૂત્રોના વારં-વાર વિચાર કર્યા કરવાથી, હું આ ટીકા લખવા માટે સમર્થ થયો છું. સાતત્ય!

એકાદ દિવસ કરી લીધું આપણને બહુ ફાવ્યું નહિ, અને આપણે છોડ્યું, તો સાતત્ય નહીં મળે, ફળ નહી મળે, એ જ ધ્યાન હશે, પહેલા દિવસે તમે કર્યું એ જુદુ હશે, દસમા દિવસે તમે કરશો એ જુદુ હશે. "આત્મૈષણા" સાધનાના ત્રણ પાયા.

શ્રદ્ધા !

સ્થિરતા !

સાતત્ય !

ત્રણ પાયાને આત્મસાત્ કરીને, વિશિષ્ટ ધ્યાન સાધના તમે બધા કરી શકો, એવા ખુબ ખુબ આશીર્વાદ!

સ્વાધ્યાય એવી રીતે કરો, ડૂબી જાવ એની અંદર જ્ઞાનયોગમાં કે તમે પુસ્તક બંધ કરો ને, એની ધારા તમારા મનમાં ચાલુ ને ચાલુ રહે! જે પુરુ થઈ ગયા પછી શરૂ થઈ ગયું હોય છે ને એ વસ્તુ તમે ખરા અર્થમાં કરી હોય છે. પુરુ થયું ને હકીકતમાં શરૂ થયું! ધ્યાન તમે પુરુ કરી દીધું, ને છતાં એ ધ્યાનની ધારા ચાલ્યા જ કરે, એટલી હદનું ધ્યાન કરો. પુસ્તક તમે બંધ કર્યું, સમય તમારો થઈ ગયો, પૂજા કરવા તમે જઈ રહ્યા હતા રસ્તા પરથી અને મનમાં આત્માનુભૂતિ ના વાક્યો એ ચાલ્યા જ કરે, એક પ્રવાહ શરૂ થઈ જાય, ત્યાં સુધી તમે શીખવણે

માં ડુબો ! જ્ઞાનયોગ અને ધ્યાનયોગ, આના સમન્વયની - અંદર, તમે ડુબશો, તો જેમ કહેવાય કે જ્યાં ગંગા અને યમુના મળે છે, ત્યાં જમીન માંથી સરસ્વતી મળે છે, અને ત્રીવેણી સંગમ ની રચના થાય છે. જ્ઞાનયોગ અને ધ્યાનયોગ મળશે, ત્યાં આત્માનુભૂતિ નો પ્રવાહ સ્વયંભૂ રીતે ફુટી નીકળશે.

x x x x

## આત્મેષણા શિબિર - દિવસ-3

DATE 25 12 2018

રાચે સાચે ધ્યાનમેં જાચે વિષયન કોઈ।
નાચે માચે મુગતિ રસ આતમજ્ઞાની સોઈ॥

જ્ઞાની ને પુછવામાં આવ્યું કે આત્મજ્ઞાની કોણ છે? એમને કેમ ખબર પડે કે એમને આત્મજ્ઞાન થઈ ગયું? એમને કેમ ખબર પડે કે ફલાણી વ્યક્તિ ને આત્મજ્ઞાન થઈ ગયું? એમને કઈ રીતે ખબર પડે, એને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સમાધિ શતક ની અંદર એનો જવાબ આપે છે, કે એ ત્રણ લક્ષણ છે, તો આત્મજ્ઞાન છે, એ ત્રણ લક્ષણ નથી તો આત્મજ્ઞાન નથી. પહેલું લક્ષણ,

ધ્યાન પ્રસક્તિ !

ધ્યાન ખુબ ગમે, અંદર થી રુચિ થાય, સહજ રીતે ધ્યાન તરફ ઢળી જવું ગમે, લોકસંપર્ક અળખામણો લાગે, બહાર કશું જ ના ગમે, તો સમજવાનું કે એનામાં આત્મજ્ઞાન છે!

નાનકડું બાળક છે, ચાર વર્ષની ઉંમર છે, જ્યારે જ્યારે અનુકૂળતા મળે CARTOON FILM જોયા કરે છે, બાળકો ને અનુલક્ષી ને બનાવવામાં આવેલી FILMS, એ ચહેરા, એ COLORS, એ BACKGROUNDS, એ DIALOGUES, એ MUSIC, બાળકને એ FILMS ખુબ જ ગમે છે, અને પરિણામ એ આવીને ઉભુ રહે છે, કે હવે એને બીજું કશું ગમતું જ નથી! એ ઘરમાં છે ત્યાં એ રંગો નથી, એ બહાર ચોગાનમાં જાય છે ત્યાં એ રંગો નથી, ક્યાંય BACKGROUD નથી, બાળકને આખી દુનિયા નિ:રસ લાગે છે! કોઈ મજા આવે નહિ, કોઈ ગમે નહિ, બસ એને એ જ ગમે, અને એની સિવાય બધું જ અળખામણું લાગે, નિ:રસ લાગે. મમ્મી-પપ્પા એની સાર-સંભાળ ઘણી લે છે પણ FILMS માં જે છે એ એને મમ્મી-પપ્પામાં નથી દેખાતું, એમ કહેવાય છે કે બાળકોને તમે બહુ CARTOON FILMS બતાવશો તો એ ઉદાસ રહેશે, જડ જેવું રહેશે, કોઈને મળશે નહિ, કશું એને ગમશે નહિ.

આત્મજ્ઞાનના સંદર્ભમાં જોઈએ, ધ્યાનની એને મસ્તી મળી, ધ્યાનનો આનંદ મળ્યો, હવે એને બહાર કશું જ નહિ ગમે. સમજે છે સંસારમાં રહીશ તો સગવડ મળશે, પૈસા છે, નોકર ચાકર મળશે, મારું ધ્યાન રાખશે, સાચવશે, સેવા કરશે.

બાળક ને ખબર છે કે મમ્મી-પપ્પા મારી-કાળજી લે છે, મને સાચવે છે, પણ નથી ગમતા મમ્મી-પપ્પા. આત્મજ્ઞાની ને બહાર ની સુખ સગવડો, સુખ સાધનો, આ કશું ગમવાનું નથી !

" રાચે સાચે ધ્યાન મે "

કેટલાક જીવો ને વિચાર માં રસ હોય છે, એ મનમનના વિચારો કર્યા કરે, કેટલાક જીવો ને સંચારમાં રસ હોય છે, જ્યાં-ત્યાં.. જ્યાં-ત્યાં ફરવા જાય, કેટલાક જીવોને પ્રચારમાં રસ હોય છે, એ જ્યાં હોય ત્યાં જોડાયેલા હોય, પોતે જે પકડ્યું હોય, એ ધાર્મિક મુદ્દો હોય શકે, વ્યવસાયિક મુદ્દો હોય શકે, સામાજિક હોય શકે, આભિપ્રાયિક મુદ્દો હોય શકે, એ પ્રચાર કર્યા કરે ! એને પ્રચારમાં રસ હોય ! બહુ ઓછા જીવ એવા હોય છે, જેમને આચાર અને સ્વચાર માં રસ હોય છે ! પોતાના આચારમાં જે ચુસ્ત જ છે, પોતાના આચારને જેમણે છોડવા નથી, આચાર ને જેમણે પકડી રાખ્યા છે. આચારને પ્રાણાંતે પણ છોડવાની જેની તૈયારી નથી, અને સ્વચાર કરવો છે એટલે અંદર ઉતરવું છે. આપણે આખી જિંદગી કદાચ વિચાર કર્યા કરીએ છીએ, સંચાર કર્યા કરીએ છીએ, પ્રચાર કર્યા કરીએ છીએ, આચાર અને સ્વચાર ને આપણે પકડ્યા ક્યારે ?

આત્મજ્ઞાની એ છે જેને બહાર કશું જ ગમતું નથી આચાર નો એનામા હોય જ, વિચાર, સંચાર અને પ્રચારનો એકાંતે નિષેધ ના હોય શકે, પણ શરત એટલી જ કે એ આચાર અને સ્વચાર ને અનુકૂળ હોવું જોઈએ. આત્માનુબોધ કુલક ની અંદર, પૂર્વાચાર્ય જયશેખર સૂરીશ્વરજી મહારાજ કહે છે,

તું ધર્મ નો ઉપદેશ ઘણો આપે છે પણ પોતે ધર્મને કરતો નથી.

તો મને કહેવા દે કે તું, ACTUALLY માત્ર ધર્મને વહેંચવા નીકળ્યો છે. તારે ધર્મ એ઼ઈતો નથી ! સાચું બોલો કંદોઈ કેટલી મીઠાઈ ખાય ? છગને પુછ્યું મગનને કે એવો ક્યો ધંધો જે ના ચાલે ને તો એ ભુખે ના મરવું પડે ! છગને કહ્યું કે LODGE નો ધંધો કરવાનો, બધું પડ્યું રહે તો એ તમારું પેટ ભરાય જાય. જયશેખરસૂરીજી મહારાજ કહે છે.

તારે માત્ર ધર્મનો પ્રચાર કરવો છે. તારે ધર્મ કરવો નથી. હું તમને ગમે તેટલું કહું. અંદર ઉતરો, અંદર ઉતરો. પણ મારે જ બહાર ભરકવું હોય. તો એ કંદોઈ જેવું જ થયું, મારે મીઠાઈ વહેંચવી છે ફક્ત, મારે ધંધો કરવો છે. મારે મીઠાઈ ખાવી નથી

" શાપે સાપે ધ્યાન મે "

સ્વિચારની ભખ જાગી, સ્વિચારનો આનંદ લુંટ્યો, એ કદી પણ પ્રચારને ધ્યાનમાં રાખી જ ના શકે. કેન્દ્રમાં જો પ્રચાર જ છે ને બીજા માટે જ કરવાનું છે. આત્મા એમાં ક્યાંય આવતો જ નથી. તો આપણે પ્રચારને પણ બરાબર સમજેલા નથી ! પોડશક ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

સાધુની બધી જ ક્રિયા પરાર્થકરણ માટે છે. જે કરે એ પરાર્થ કરણ છે. સાધુ એક શબ્દનું વ્યાખ્યાન પણ ના આપે, સાધુ કોઈને ઉપદેશ પણ ના આપે, સાધુ કોઈને બેસાડી ને દીક્ષા પણ ના આપે. સાધુ કોઈ HOSPITAL માં જઈને કે અનાથ આશ્રમમાં જઈને કોઈ સેવા ના કરે. તો એ સાધુનું પરાર્થકરણ સતત ને સતત ચાલુ જ છે. સાધુ પડિલેહણ કરે એ પણ પરાર્થકરણ છે. પ્રતિક્રમણ કરે એ પણ પરાર્થકરણ છે. ગોચરી જાય એ પણ પરાર્થકરણ છે, સાધુની એવી કોઈ ચર્યા નથી. જે પરાર્થકરણ ના હોય !

પ્રેમસૂરીદાદા, અમદાવાદમાં પોળની અંદર બીરાજમાન હતા. એ સમયે આ બાજુ કોમલ હતું નદી કિનારે,

લગભગ પોણો કલાક- કલાક જેવું જતા થાય, એટલું આવતા થાય, બપોર નો સમય હોય, રીલીફ રોડ તપેલો હોય, સાહેબ ધીમે-ધીમે, એમની એક ચાલ હતી! સાથે ના સાધુ હોય ને, ગુરુને એકલા ના જવા દેવાય, જેટલો સાથેના સાધુ પોતે આવ્યા હોય એટલી સહનશક્તિ એમની હોય ના હોય, એમની સાથે હોય ને જરાક જરાક આમ પગ ઉંચા નીચા કરતા હોય, અને ગુરુદેવ એને કહેતા કે ભ, પેલા ઝાડ નીચે જઈને જલ્દી ઉભો રહે, હું ત્યાં આવું છું, પછી સાથે થઈ જાય! કો'ક છાપરા નીચે ઉભા રાખે, કોક ઝાડ નીચે ઉભા રાખે, પ્રેમસૂરીદાદા પોતે હાથી ની ચાલે ધીમે-ધીમે.. ધીમે-ધીમે, ગરમ.. ગરમ રસ્તા ઉપર ચાલતા.

એક પારસી ભાઈ હતા, ત્યાં પોતાના ઘરની બારીમાં ઉભા હતા, બહાર જોતા હતા, દુર થી એમણે જોયું કોઈ સાધુ આવી રહ્યા છે, હજુ થોડા નજીક આવ્યા જોયું ખુલ્લા પગ છે, એ પ્રશાંત ચહેરો, પ્રશાંત મુખ મુદ્રા, એ ધીમી ચાલ, એ નીચી દ્રષ્ટિ, એ રોમે રોમે થી વહેતી ત્યાગની ધારા, સંયમની ધારા, ભાઈ ફરી ગયા! જિનશાસનને સમજશો ને, તો ખરો પ્રચાર સમજશો કે, ખરો પ્રચાર શુ છે! જ્યાં સુધી જિનશાસનને અહીં સમજે ત્યાં સુધી પ્રચાર પણ નહીં સમજાય, આચાર વગરનો પ્રચાર છે ને એ હકિકતમાં જિનશાસનનો પ્રચાર હોતો જ નથી. ગમે તેટલું આપણે આયોજન કરી લીધું, ગમે તેટલા રૂપિયા ભેગા કરી લીધા, ગમે તેટલી આપણે જાહેરાતો કરી દીધી, ગમે તેવો PROGRAM ઉભો કરી દીધો, જે પાયામાં આચાર નથી, તો એ પ્રચાર નો કોઈ અર્થ જ નથી. લોકોને ભેગા કરી શકાય છે, પ્રભાવિત કરી શકાય છે, પણ મારામાં જ જો જિનશાસન નહીં હોય તો હું બીજા ને કઈ રીતે આપી શકીશ!

એ ભાઈ પોતે ફટાફટ દાદરા ઉતર્યા છે, નીચે આવ્યા છે, પ્રેમસૂરીદાદાની પાછળ દોડ્યા છે, એમના પગની રજ આળોટી પડ્યા છે, એક બહુમાન ભાવ થયો, એક અહોભાવ થયો, કે આવા સંત આજના કાળમાં છે! આવી દ્રષ્ટિ, આવું ધ્યાન, આવું સંયમ, આવી નિઃસ્પૃહતા, આવી નિઃસંગતા, એ ભાઈએ

ત્યાં ને ત્યાં પોતે માંસાહારી હતા, અને માંસાહાર નો ત્યાગ કરી દીધો. આચાર જેવો ઉપદેશ બીજો કોઈ જ નથી. એક મહાત્મા જિનશાસનમાં પોતે એકદમ વ્યવસ્થિત હોય, અંદર ડુબેલા હોય, પામેલા હોય એ મહાત્માના દર્શન જે કામ કરી દેશે ને, એ બીજા કદાચ આખી જિંદગી પ્રચારના મુદ્દે યુદ્ધ ખેલતા રહેશે, તો પણ એ કામ નહીં કરી શકે!

એક ભવન મુક્ત મહાત્મા છે, જિનશાસનમાં સુસ્થિત આત્મા છે, એના દર્શન માત્રથી જે ઉપકાર પોતાના આત્મા ઉપર થઈ શકે, એવો ઉપકાર,

જે ભવ-ભવના બંધનો થી બંધાયેલા છે, ગમે તેટલા ધમપછાડા કરે, ગમે તેટલી મહેનત કરે, ગમે તેટલો પ્રયાસ કરે, ગમે તેટલો પ્રચાર કરે, તો પણ એ એનાથી નહીં થઈ શકે!

" શીઘે સાધે ધ્યાનમે "

સાચું ધ્યાન કયું? શાસ્ત્રમાં બે પ્રકારના ધ્યાન બતાડ્યા, સાચું ધ્યાનને, ખોટું ધ્યાન - બીજા શબ્દોમાં શુભ ધ્યાન અને અશુભ ધ્યાન, અને એમાં અશુભ એટલે આર્ત, અને રૌદ્ર ધ્યાન. સાચું ધ્યાન એટલે ધર્મ અને શુકલ ધ્યાન. ધ્યાન નો અર્થ છે મનને એકાગ્ર કરવું, ધ્યાનનો અર્થ છે વિક્ષિપ્તતા છોડવી, યોગસુત્ર ની અંદર ધ્યાનની ટુંકમાં વ્યાખ્યા આપી,

एकाग्रचिन्तानिरोधो ध्यानं

આપણે એકાગ્ર શબ્દ બોલીએ છીએ, આ એકાગ્ર છે! અગ્ર એટલે શું? અગ્ર નો અર્થ છે આલંબન, એક આલંબન ઉપર મનને સ્થિર કરી દેવું, આનું નામ ધ્યાન! જ્યાં વિક્ષિપ્ત દશા છે ત્યાં ઘણા બધા આલંબન છે! આજુબાજુ આપણું ધ્યાન જાય, ઉપર નીચે આપણું ધ્યાન જાય, આપણે ભ્રમ કરી રહ્યા છે, આમ-તેમ ધ્યાન જાય છે, આ વિક્ષિપ્ત દશા છે, આને ચિંતા કહેવાય, અને એક

આલંબન ઉપર આપણે સ્થિર થઈ ગયા, આને ધ્યાન કહેવાય। હવે એ આલંબન, એ વિષય, એ શુભ છે તો ધ્યાન શુભ છે. એ જો અશુભ છે તો ધ્યાન અશુભ છે. બિલાડી પણ ઉંદરનું ધ્યાન કરતી હોય છે. લોભી પણ પૈસાનું ધ્યાન કરતો હોય છે. આ બધા ધ્યાન એ અશુભ ધ્યાન છે, કેન્દ્રિત થઈ ગયો છે આત્મા, ધ્યાન છે, પણ એ અશુભ છે.

આત્મજ્ઞાની એ છે,

"રાચે સાચે ધ્યાન મેં"

આત્મજ્ઞાની ને કદિ પણ બીજો વિચાર આવે જ નહિ, એવું જરૂર નહિ, પણ એ વિચાર છે એના ઉપર એ કેન્દ્રિત તો ના જ થાય, એ વિચાર ને જલ્દી છોડી દે! આત્મજ્ઞાની જ્યાં પણ કેન્દ્રિત થાય ને એ શુભ આલંબન જ હોય. ઉત્તરાધ્યયન સુત્રની અંદર એક ઘટનાનું વર્ણન છે, મગધ સમ્રાટ શ્રેણિક છે, ઉપવનની ચર્ચા ઉપર નીકળ્યા છે, સાથે રસાલો છે, પરિવાર છે, ઉપવનની અંદર શ્રેણિક રાજા હરી ફરી રહ્યા છે, ફરતા.. ફરતા એક જગ્યા એ આવે છે, સામે એક વૃક્ષ છે, એ વૃક્ષની નીચે એક મહાત્મા બેઠા છે! મહાત્મા ને જોતાની સાથે, એ મહાત્મા ના દર્શન થયા, એક ઝલક જોઈ, અને રાજા ઠરી જાય છે. આ ઘટનાનું વર્ણન ઉત્તરાધ્યયન સુત્રની અંદર મુકેલું છે ને બહુ અદ્ભુત વાત કરી છે, કે શ્રેણિક રાજા મહાત્મા ને જુએ છે, મહાત્માની ઝલક દેખાય છે ને, એના ઉપર અસર કેવી પડે છે, શ્રેણિક રાજા પોતે વિચાર શું કરે છે. શ્રેણિક રાજાનો ચહેરો આખો ખીલી ઉઠે છે, આંખ એમની આગે ફાટી જાય છે, વિસ્મય ના વિશ્વમાં શ્રેણિક રાજા ડુબી જાય છે. અને મહાત્મા ને જોવાથી એમના હૃદયમાં જે છાપ પડીને, એનું શબ્દ ચિત્ર ઉત્તરાધ્યયન સુત્રની એક ગાથા ની અંદર કરેલું છે.

अहो रूवं अहो वण्णो अहो अज्जस्स सोमया।

અદ્ભુત એમનું રૂપ, અદ્ભુત એમનો વર્ણ, અદ્ભુત એમની - સૌમ્યતા,

अहो खंती अहो मुत्ती अहो भोगे असंगया।।

અદ્ભુત એમની ક્ષમા, અદ્ભુત એમની નિ:સ્પૃહતા, અદ્ભુત એમની ભોગ પ્રત્યેની અનાસક્તિ ! અનાથિમુનિ સાથે ની મુલાકાત, એ મુલાકાત નું આખું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રની અંદર છે. અનાથિમુનિ અને રાજાનો સંવાદ લખેલો છે. મહાત્મા શું કહે છે, રાજા શું કહે છે. અનાથિમુનિ એમને શું સમજાવે છે. એની કેવી અસર થાય છે. આ બધી જ પછીની વાત હોય છે.

श्रेणिक तिहां समकित पाम्यो, अनाथीने शिर नाम्यो

मुगते गया मुनिराय, उदयरत्न वंदे उवज्झाय

સજ્ઝાય ના શબ્દો છે કે, શ્રેણિક મહારાજા ત્યાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. અનાથિમુનિ એ શું કહ્યું એ પછીની ઘટના છે. રાજા શું સમજ્યા એ એની પછીની ઘટના છે. સમ્યક્ત્વ પામ્યા એ હજુ એની પછીની ઘટના છે. આ બધી છે ને એક પ્રક્રિયા હતી ! હકીકતમાં તો અનાથિમુનિ દેખાયા ને ત્યાં જ શ્રેણિક મહારાજાનું મિથ્યાત્વ હચમચી ગયું હતું અને એમના સમ્યક્ત્વ નો પાયો રચાઈ ગયો હતો. અનાથિમુનિ શું બોલ્યા, એ પછીની વાત હતી. અનાથિમુનિ શું હતા એ પહેલાની વાત છે. અનાથિમુનિ એ પોતે જે હોવા જોઈએ એ ના હોત ને, કદાચ રાજદરબારમાં લિંક લગાડી હોત, લાગવગ લગાડી હોત, કદાચ ત્યાં પહોંચી ગયા હોત, કદાચ રાજાને બહુ સારી રજુઆત કરી હોત, જૈન ધર્મ એ જ સાર છે. આમ જ છે. તેમ જ છે, આ કરવું જોઈએ એવી પણ વાત નથી. આગમ માં એ પણ લખ્યું છે,

गन्तव्यं राजकुले द्रष्टव्या राजपूजिता लोकाः।

રાજદરબારમાં પણ અમુક અધિકારી મહાત્મા એ જવું જોઈએ, એમની એવી વિશિષ્ટ યોગ્યતા હોય, વિશિષ્ટ લબ્ધિ હોય, વિશિષ્ટ દેશના શક્તિ હોય, અને રાજાને પણ પ્રતિબોધ કરવા જોઈએ. પણ ધારો કે અનાથિમુનિમાં પોતાનામાં તત્ત્વ ના હોત, અને તત્ત્વ કહેવાનો પ્રયાસ કર્યો હોત તો, એનો

કોઈ અર્થ જ ના રહેત !

" રાચે સાચે ધ્યાન મે "

સાચા ધ્યાનની અંદર અનાથિમુનિ પોતે રાચતા હતા. રાજાએ એક વલણ જોઈ, એ ધ્યાનની મગ્નતા જોઈ, અને રાજાને અંદરથી ફાળ પડી કે ખરા રાજા તો આ જ હોય શકે, હું તો ભિખારી છું ! અધ્યાત્મસારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

स्पष्टदृष्टसुखसम्भृतमिष्टं ध्यानमस्तु शिवशर्मगरिष्ठम्।

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, કદાચ સ્વર્ગ - પરોક્ષ છે, કદાચ મોક્ષ પરોક્ષ છે, કદાચ સદ્ગતિ પરોક્ષ છે, કદાચ ચક્રવર્તી, દેવ દેવેન્દ્ર, વિદ્યાધર વગેરેની પદવીઓ પરોક્ષ છે, કદાચ કશું જ આમાંથી તમને દેખાતું નથી, કદાચ આ બધા પર તમને વિશ્વાસ પણ નથી, તમને ધ્યાનનો સંશય છે કે નહિ ? ધ્યાનનું સુખ સાક્ષાત છે, ધ્યાનનું સુખ સ્પષ્ટ છે, ધ્યાનનું સુખ સ્પષ્ટ અનુભવાય છે, ધ્યાનના સુખનો ભીતરમાં સ્પષ્ટ સાક્ષાત્કાર થઈ રહ્યો છે, જો આ બધું જ છે પછી કદાચ સ્વર્ગ ના પણ હોય, મોક્ષ ના પણ હોય, તમને વિશ્વાસ ના પણ હોય, તો એ બહાર ક્યાંય ભટકવા જેવું નથી, અંદર જ જવા જેવુ છે !

नास्तिकस्तु निर्वृतो यदि न स्यादेवमादिनयवाङ्मयदण्डात् ।

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, નાસ્તિકને અમે કદાચ સ્વર્ગ ના બતાડી શકીએ, નાસ્તિકને કદાચ અમે મોક્ષ ના બતાડી શકીએ, અને છતા એ નાસ્તિકે અમારી વાત માનવી જ પડશે. કારણકે નાસ્તિક એ બહાર ભટકી - ભટકીને વર્તમાનમાં પણ દુઃખી હોય છે, અમે અંદર ઉતરીને હમણાં પણ સુખી જ છીએ. બહુ સરસ મઝાની વાત અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

गोस्तनीषु न सितासु सुधायां नापि नापि वनिताधरबिम्बे ।

એક માણસ છે જે દ્રાક્ષ ખાઈ રહ્યો છે. દ્રાક્ષની પાતળી ત્વચા, એ તૂટી રહી છે, દ્રાક્ષ એના મોઢામાં ખુલી રહી છે, એ દ્રાક્ષને ચાવી રહ્યો છે, મીઠી મધુરી દ્રાક્ષ છે ને માણસને રસ આવી રહ્યો છે.

એક માણસ છે ને એણે સાકરનો ટુકડો પોતાના મોઢામાં મુક્યો છે ને, ચુસી રહ્યો છે. એને રસ આવી રહ્યો છે. એક માણસ છે જે વિષય સેવન કરી રહ્યો છે, અને એ પણ કોઈ રસનો અનુભવ કરી રહ્યો છે.

तं रसं कमपि वेत्ति मनस्वी ध्यानसम्भवधृतौ प्रथते यः ॥

દુનિયામાં વિશ્વનીય માં જે રસ નથી, પ્રાણમાં જે રસ નથી, સાકરમાં, મીઠા મધુરા ભોજનમાં, પકવાનોમાં, મિઠાઈઓમાં, ક્યાંય જે રસ નથી, જે રસ ધ્યાનની અંદર છે.

★ ધ્યાનની મસ્તી એટલે રસની મસ્તી ★

★ ધ્યાનમાં ડુબવું એટલે રસમાં ડુબવું ★

★ ધ્યાન એટલે આત્માનું જીવન ★

★ ધ્યાન એટલે આત્માનો જન્મ ★

★ ધ્યાન એટલે આત્માનો શ્વાસ ★

★ ધ્યાન એટલે આત્માના HEART-BEATS ★

★ ધ્યાન એટલે આત્માના ધબકારા ★

★ ધ્યાન એટલે આત્માની દુનિયા ★

★ ધ્યાન એટલે આત્માનું સર્વસ્વ ★

ધ્યાન શા માટે કરવું આ પ્રશ્ન એના જેવો છે કે, શ્વાસ શા માટે લેવો!

ધ્યાન શા માટે કરવું આ પ્રશ્ન એના જેવો છે કે, શા માટે જીવવું!

ધ્યાન શા માટે કરવું આ પ્રશ્ન એના જેવો છે કે, સુખી શા માટે થવું!

અનાથિમુનિ એમને મળીને શ્રેણિક રાજા આત્માની નજીક ગયા, કારણકે અનાથિમુનિ પોતે આત્માની નજીક હતા! તમને મળનારનું જે થાય છે ને એ હકિકતમાં તમારો GRAPH હોય છે. તમે એ મેલા છો તો તમને મળનાર મેલા થશે. તમને મળનાર એ ગંદા થઈને ભય છે તો સમજી લો કે તમે અશુધ્ધ છો! તમને-મળનાર એ કાળા થઈને ભય છે તો સમજી લો કે તમે

મેઘ છો. તમને મળનાર જો ઉજળા થઈ જાય છે તો તમે સમજી લો કે તમે સ્વચ્છ પાણી છો! તમને મળનાર જો ઠરી જાય છે તો સમજી લો કે તમે ઠરેલા છો! તમને મળનાર ઉકળી જાય છે તો સમજી લો કે તમે ઉકળેલા છો!

स्पष्टदृष्टसुखसम्भृतमिष्टं ध्यानस्तु।

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજને પ્રશ્ન કરવામાં આવ્યો, કે અમને ધ્યાન વિશે બહુ જ્ઞાન નથી, આવું અમે કાંઈ સમજી શકીએ કે યાદ રાખી શકીએ એવી પણ શક્તિ નથી. અમને એક શબ્દમાં ધ્યાનની વ્યાખ્યા આપી દો! એને મહોપાધ્યાય-યશોવિજયજી મહારાજ અધ્યાત્મ સારમાં, એક જ શબ્દથી ધ્યાનનું સ્વરૂપ આપણને સમજાવે છે.

शिवशर्मगरिष्ठम्।

"જેવું મોક્ષનું સુખ મહાન છે, એવું જ ધ્યાન મહાન છે!!"
"મોક્ષના સુખની સંસારમાં મળતી ઝલક, એનું નામ ધ્યાન!!"
ઇન્દ્રો પણ જે સુખની ઈર્ષ્યા કરે, એનું નામ ધ્યાન!!
સંસારના બધા જ ભૌતિક સુખો જેની સામે પાણી ભરે, અને જેને શરમાવે, એનું નામ ધ્યાન!!

બહુ સરસ મજાની વાત સિદ્ધસેન દિવાકર-સૂરી મહારાજ, સ્તુતિ દ્વાત્રિંશિકા ની અંદર કરે છે.

શતાર્ધ્વરાદ્યા લવસપ્તમોત્તમાઃ, સુરર્ષભા દૃષ્ટ પરાપરાસ્ત્વયા।

ભગવાનની સ્તુતિ કરતા કહે છે કે ભગવાન, દુનિયાની અંદર રાજા-મહારાજા હોય છે, સમ્રાટ હોય છે, ચક્રવર્તીઓ હોય છે, આ બધા કરતા વધારે સુખ હોય તો એ દેવોનું હોય છે, એમના કરતા વધારે સુખ ઇન્દ્રોનું હોય છે, એના કરતા વધારે સુખ ઉપર ઉપરના દેવલોકના ઇન્દ્રોનું હોય છે, એના કરતા વધારે સુખ અહમેન્દ્રોનું હોય છે, એ બધા જ ઇન્દ્રો પોતે કદાચ ગર્વમાં હોય, કે ક્યાં મનુષ્ય લોક ગંધાતો, ક્યાં ગટર જેવા એમના બધા શરીરો, ક્યાં એમના તુચ્છ વિષયો, ક્યાં એમના દુઃખ દર્દો, ઘડપણો, એમના મૃત્યુ, એમના જન્મો, એમના ગર્ભાવાસો, એમની ગરીબીઓ, એમની લાચારીઓ, આખા મનુષ્યલોકનું સુખ ભેગું

કરોને એના કરતા અનંતગણું સુખ તો અમારી પાસે છે.
દુનિયાનો જે સૌથી શ્રીમંત માણસ હોય ને એનું જે ઘર
હોય ને, એ અમારા વિમાનની સામે ઝુંપડી સમાન છે,
આમ ઝુંપડું એ નહી શકાય એવું છે. અમારી તુલનામાં
ભિખારી બરાબર છે, એમનો જેવો ઠાંકો છે એવા ઈન્દ્રો
પણ ભગવાન આપના ધ્યાનની મસ્તી જુએ ને, આપની
યોગ સાધના જુએ, આપની ભિતરની યાત્રા જુએ,
त्वदीय योगागममुग्धशक्रय- स्त्यजन्ति मानं सुरलोक जन्मजम् ॥
ભગવાન આપનું ધ્યાન જુએ આપની સાધના જુએ, એને
દેવલોકમાં જન્મ લીધાનો એમનો બધો જ ગર્વ ઉતરી જાય.
સુખ આપણા હાથવેંતમાં છે, મોક્ષ આપણા હાથવેંતમાં
છે. સવાલ મળતું નથી એ નથી, સવાલ આપણને ગરજ
છે કે નહિ એ છે! ગરજ હશે તો મળશે! અને તમારે મો
ગરજનું નથી તો પછી મળવાનો કોઈ સવાલ જ નથી.
આપણને તો આમ છે ને તેમ છે ને આપણાથી તો
સાધના કેમ થાય ને મોક્ષ કઈ રીતે મળે. કોઈ અર્થ જ
નથી! બહુ સરસ મઝાની હીન્દીમાં એક કહેવત છે,
" નાચ ન જાને આંગન ટેડા "
ગુજરાતીમાં પણ એ કહેવત ઉતરી આવી છે,
" નાચવું નહિ ને આંગણ વાંકુ "
આત્મજ્ઞાનનું પહેલું લક્ષણ "ધ્યાન પ્રસક્તિ" બહારની -
ચર્ચાઓ ચાલે, આચરણ પણ હોય, બધું જ હોય, પણ
છેવટે એ માણસ બધું કરીને અંદર ઉતરી જાય, લોક-
સંપર્ક ના ગમે, પ્રસિધ્ધિ ના ગમે, કોઈ વખાણ કરે તો
કાનમાં જીવડા જેવું લાગે.
એક JUDGE હતા, તત્વજ્ઞ હતા, અને
RETIRE થવા જઈ રહ્યા હતા, એ COURT ની અંદર જ
એમની છેલ્લો SENDOFF DAY નો સમારંભ યોજાયો,
એક JUDGE ના માનમાં ઘણા બધા માનવંતા લોકો
હાજર રહ્યા, એમના ઘણા બધા વખાણ, પ્રશસ્તિ, ગુણાનુ-

વાદ, વક્તવ્યો બધા થઈ રહ્યા હતા. છેવટે એમને કહેવામાં -
આવ્યું, તમે પણ કંઈ બોલો અને JUDGE ઉભા થયા, અને
કહ્યું કે આજે કેટલો સરસ મજાનો સંયોગ છે, કે COURT ની
અંદર મેં ઘણાને ફાંસી એ લટકાવવાની સજા ફરમાવી, એ જ
COURT ની અંદર, મને આજે ફાંસીએ લટકાવવામાં આવ્યો.

આત્મજ્ઞાન થયું છે કે નહિ, કંઈક આપણે
આગળ વધ્યા છીએ કે નહિ, એ સવાલ કોઈને પુછવાની -
જરૂર નથી. આપણે આપણને પુછવાની જરૂર છે. પર્યુષણની
ટીપ ચાલુ છે, લોકો લખાવી રહ્યા છે, નામ જાહેર થઈ રહ્યા
છે. આપણે ત્રણ વાર આપણું નામ બોલ્યા. પેલા કાર્યકર્તા
એ PASS પણ કર્યું, પણ માઈક ઉપર આપણું નામ આવ્યું
નહિ. પુરૂ થઈ ગયું, સર્વમંગલ થઈ ગયું ત્યાં આપણે -
ઝઘડ્યા પેલા ટ્રસ્ટી સાથે, કાંઈક પણ થયું હશે, ધ્યાન બહાર
રહી ગયું, પછી આપણે ગમ ખાઈ ગયા, ઘરે જઈને બેઠા છીએ,
સાચું બોલો આપણી સ્થિતિ કેવી હોય! વગર ઉપવાસે ઉપ-
વાસ જેવું લાગે કે નામ નથી આવ્યું તો, ને નામ આવ્યું છે
તો ઉપવાસમાં શાતા આપણને મળી જાય.

વિહાર કરીને અમે આવી રહ્યા હતા. વચ્ચે
માતર તીર્થ આવ્યું, સ્કુલ ની અંદર પ્રવચન આપવાનું હું ગયો-
હતો. PRINCIPLE ની OFFICE માં અમે બધા બેઠા હતા.
થોડોક તડકો COMPOUND માં આવે એની રાહ જોવાતી હતી,
જેથી છોકરાઓ ને ઠંડી ન લાગે, પછી પ્રવચન શરૂ કરવાનું હતું.
TEACHERS બેઠા હતા, PRINCIPLE બેઠા હતા, મને કહે કે
થોડુંક મારે પહેલા બોલવાનું છે. આપ આપનું નામ આપો,
એટલે હું કહું કે આ મહારાજ સાહેબ પધાર્યા છે ને પ્રવચન
આપશે, મેં કહ્યું એમ કરો, તમે જૈન મુનિ એમ કહી દેજો!
મને કહે છતાં મને આપનું નામ કહો ને, મેં કહ્યું ગમતું નથી,
નામની જંજાળથી માથાકૂટ હોય છે, અને મને થોડી સુગ છે.
એટલે રહેવા દો! એ ભાઈએ મને બહુ માર્મિક વાત કરી, હવે
તો હું આટલું વાક્ય બોલ્યો, મને થોડો DOUBT હતો કે આ

લોકો સમજશે કે મને વિચિત્ર સમજશે, કે નામ પણ નથી આપતા, અને જો કોઈ કહે એકદમ સાચી વાત, કે અમારે ત્યાં નામની બહુ મોટી ઉપાધિ છે. આ GOVERNMENT SCHOOL છે જ્યાં અમે એના જે હોઈએ, આ તાલુકાનું અમારું CENTER છે, જે બધા અધિકારીઓ બદલાતા જતા હોય, અને અત્યારે જે એમનું નામ બોલવાનું રહી ગયું ને, તો અમારું આવી બને. PRINCIPLE આટલું બોલ્યા ને TEACHER એ ઉમેર્યું, કે એમનું નામ બોલવા માટે અમારે બીજો PROGRAM કરવો પડે.

આપણે કેટલા બધા અંદરથી ખાલી હોઈશું ભિખારી હોઈશું, આપણે કેવી લાઈન લગાડતા હોઈએ, કેવી દીનતા લઈને બેઠા હોઈએ, આપણે નામ આવવાની રાહ જોતા હોઈએ, આપણું નામ આવે, અને આપણે હરખાઈ ઉઠીએ, નામ રહી જાય ને આપણને ખાલી-ખાલી લાગે!

સવાર પડી છે, સદ્‌ગુરુએ શિષ્યને - બોલાવ્યા છે, શિષ્ય વંદન કરીને હાથ જોડીને ઊભા રહ્યા છે, સદ્‌ગુરુ શિષ્ય ને કહે છે કે તારો આજનો પાઠ આ છે, "તું તારું નામ નથી"! તમે કોઈક સમજ્યા છો, ધ્યાનની ભૂમિકા મળી છે, આત્મજ્ઞાન કંઈક નજીક આવી રહ્યું છે, તમને એક બહુ સરસ માપદંડ આપું! તમારા રોજિંદા જીવન વ્યવહારની અંદર, ભૂલો ની ભરમાર થવા લાગે ને, ત્યારે સમજી લેવાનું કે તમને આત્મજ્ઞાન - નજીક આવી ગયું છે. આપણે બહુ વ્યવસ્થિત રીતે જીવતા હોઈએ છીએ, આપણી ક્યાંય ભૂલ ના થાય, આપણે ક્યાંય થાપ ના ખાઈએ, આપણને બધુ બરાબર આવડે, આપણને યાદ રહે!

ત્રણ- ચાર કલાક પસાર થયા, શિષ્યનું નામ હતું, "સૌમ્યઘોષ" સદ્‌ગુરુ એ બુમ પાડી, સૌમ્યઘોષ જી ગુરુદેવ.. જી ગુરુદેવ.. સદ્‌ગુરુ એ કહ્યું કેમ આવ્યો, ભૂલી ગયો, મેં કહ્યું હતું, તું તારું નામ નથી!

મ ફરી અભ્યાસ કર ! ભૂલી જવાનું આપણે યાદ રાખીને બેઠા છીએ, યાદ રાખવાનું આપણે ભૂલી ગયા છીએ, માટે આપણું ઠેકાણું પડતું નથી. બહુ સરસ મઝાની વાત આનંદઘનજી મહારાજ અધ્યાત્મ પદની અંદર કહે છે.

आनंदघन निपट निकट अक्षर हो नहीं समरे सो मरेंगे

જે આત્માને ભૂલી ગયા એ મરશે, જેણે આત્માને યાદ રાખ્યો તે અમર થઈ જશે. આપણને નામ યાદ છે, ધંધો યાદ છે, પરિવાર યાદ છે, પચ્ચીસ વર્ષ પહેલા કોણે આપણી સાથે કેવો વ્યવહાર કર્યો એ બધું યાદ છે, અને એ બધું યાદ રાખવામાં ખરું જે યાદ રાખવાનું છે એને આપણે ભૂલી ગયા છીએ. એક કવિએ બહુ મઝાની વાત કરી છે,

તું ફરી નામ એ ભૂલી ગયો લાખ ચોરાશી વાર, ઉઠ બેસ કર

બાળક છે, ભણી રહ્યો છે, શિક્ષકે કંઈક પુછ્યું, એને યાદ ન આવ્યું, શિક્ષકે એને ઉઠબેસ કરાવી, દસ ઉઠબેસ કર, વીસ ઉઠબેસ કર,

તું ફરી નામ એ ભૂલી ગયો લાખ ચોરાશી વાર ઉઠ બેસ કર

લાખ ચોર્યાસીના ફેરાનું મુળ શું ? અનંત સંસારનું મુળ શું ? આત્માનું વિસ્મરણ ! ઉંધુ ઉંધુ એટલું ઘુંટ્યું, એટલું ઘુંટ્યું, અનાદિકાળનું ઘુંટ્યું, કેમ સહજ રીતે વિષયો ગમે, કેમ સહજ રીતે વિભનીય ગમે, સહજ રીતે નામ ગમે. ક્યાં આ EDUCATION લીધું કે આ સારું, આ બહુ જ સારું, આ હોવું જ જોઈએ, આ જેટલું મળે એટલું આપણને સુખ મળે, એટલો આનંદ મળે ! અનાદિકાળના આત્મામાં ગાઢ પડેલા સંસ્કાર, હવે આ સંસ્કાર જાય કઈ રીતે, તો એના પ્રતિપક્ષી સંસ્કાર, ગાઢપણે આપણે આત્મામાં નાખવા પડે, અને તો એ મળે ! અને એના માટે શું કરવું જોઈએ, તો એના માટે બધી જ ધર્મ ચર્યાઓ ઉપયોગી છે. અને એ ધર્મ ચર્યાઓ એટલી બધી પૂરતી થતી નથી, કારણકે સીધી ગાઢ સંસ્કાર, એ ધ્યાનથી જ તૂટી શકે એમ છે. ધ્યાન વગરની ધર્મચર્યા નકામી છે, અનઉપયોગી છે, એવું પણ નથી, કારણકે એ નહીં હોય તો

તો તમને સાચું ધ્યાન જ નહિ મળે !

" શાને સાચે ધ્યાન એ "

આત્મજ્ઞાની નું પહેલું લક્ષણ ધ્યાન પ્રસક્તિ !

આત્મજ્ઞાની નું બીજું લક્ષણ વિષય વિરક્તિ !

જાણે વિષય ન હોઈ

જેને સંસારનો કોઈ જ વિષય ખેંચતો નથી, જેને ભાવતા ભોજન નથી ખેંચતા, સુંવાળા સ્પર્શ નથી ખેંચતા, સરસ સુગંધ નથી ખેંચતી, જેને શરીરની સુશ્રૂષા નથી ખેંચતી, જેને વિભૂષા નથી ખેંચતી, જેને સુખશીલતા નથી ખેંચતી, જેને કોઈ મન ના વિષય ની કોઈ જ ઈચ્છા નથી, વિષય-વિરક્તિ !

અનાથિમુનિ વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠા છે, શ્રેણિક મહારાજા ઉપર જે છાપ પડી, એ છાપની એક રેખા હતી, ભોગો પ્રત્યે સંપૂર્ણ પણે નિઃસંગતા, વિષયો પ્રત્યે સંપૂર્ણ પણે વિરક્તિ, મહાત્માની જે મસ્તી હતી, મહાત્માની આજુ બાજુ શું છે - શું નહિ, શ્રેણિક રાજા સાથે કદાચ સંગીત હતું, બેંડ હતું, રસાલો હતો, કદાચ રાણીઓના આભૂષણો હતા, કદાચ એમની આંખ બંધ હતી, પણ જે આભૂષણો ના રણકારો થઈ રહ્યા હતા ને મહાત્માને કશી પડી જ ન હતી ! ખરું ઐશ્વર્ય આભૂષણો હોય એ નથી, ખરું ઐશ્વર્ય રાણીઓ હોય એ નથી, ખરું આભૂષણ-ખજાનાઓ હોય એ નથી, ખરું આભૂષણ તમારી પાસે કરોડો કે અબજો રૂપિયા હોય એ નથી, પણ આ બધા માટે અંતરથી કોઈ અભિપ્રાય સુધ્ધા ના ઉઠે, એમને આ બધામાં કંઈ માણવા જેવું, જોવા જેવું, લેવા જેવું, ભોગવવા જેવું, કશું લાગે જ નહિ, એ ખરું ઐશ્વર્ય છે!

જાણે વિષય ન હોઈ

જ્યાં સુધી એક પણ વિષય પ્રત્યે આપણા અંતરમાં ભિખારી વૃત્તિ છે, આપણે એની ભીખ માંગી શકીએ છીએ, ત્યાં સુધી આપણા આત્મજ્ઞાનની કોઈ શક્યતા જ નથી !!

classmate

અને વિષયો પ્રત્યે વિરક્તિ છે આનું લક્ષણ શું, વિષયોનો
ત્યાગ હોય એ આનું લક્ષણ ! સ્ત્રી સાથે રહેવું છે, પૈસા
સાથે રહેવું છે, ધંધા વગેરે ચાલુ છે, પર પ્રવૃત્તિઓ ચાલુ છે,
વિષયોનું સેવન ચાલુ છે, કોઈ મનનો જીવનમાં તપ નથી,
કોઈ મનનો જીવનમાં ત્યાગ નથી, નિઃસ્પૃહતા નથી, પ્રસિદ્ધિની
ભુખ છે, ભાવતા ભોજનોની ભુખ છે, ત્યાં સુધી હજી
"આત્મજ્ઞાન" આ શબ્દનો અર્થ પણ સમજ્યો નથી.
"આત્મજ્ઞાન" મળવાની વાત તો ઘણી દૂર છે !!

વિષયો છોડવા આપણને અઘરા લાગે,
આપણને વસમું લાગે, આપણને એમાં છોડવા જેવું લાગે,
આપણને એમાં વંચિત થવા જેવું લાગે, તો આપણે વિષયો
ને પણ નથી સમજ્યા, અને આત્માને પણ નથી સમજ્યા।

માણસ છે, જંગલ પાર કરીને પોતાના ગામે
પહોંચવું છે, અજાણ્યો જંગલ છે, કોઈ નીકળે નહીં ત્યાંથી,
એવું જંગલ છે. માણસ આગળ વધી રહ્યો છે... વધી રહ્યો છે,
કોઈ જગ્યાએ રંગીન.. રંગીન પથ્થરોનો ઢગલો મળ્યો,
રંગીન.. રંગીન પથ્થર હતા, માણસની પાસે એક કપડું
હતું, કપડામાં એણે બે ગાંઠ લગાવી દીધી, વીસ પથ્થર એમાં
થી લઈ લીધા, છોકરાને રમવા આપીશ, લઈને માણસ જઈ
રહ્યો છે. અડધો- એક કિલોમીટર વધારે એ માણસ ચાલ્યો,
અને એને સામે ચાંદીનો ઢગલો દેખાયો ! માણસ એ તો
એ છે, ભોળો એ તો એ છે, વજન હવે આનાથી વધારે
ઉપાડાય એવું નથી, સહજ રીતે માણસ એ રંગીન પથ્થરને
છોડી દે છે, અને ચાંદી ભરી લે છે. એક- દોઢ કીલોમીટર
હજુ આગળ ચાલ્યો, અને ત્યાં એવું બને છે, કે ત્યાં સોના
નો ઢગલો હોય છે, ફટ દઈને માણસ ચાંદી ખાલી કરી નાખે
છે, સોનું ભરી લે છે. માણસ હજુ બે- અઢી કિલોમીટર
આગળ ગયો, અને હીરાનો ઢગલો ત્યાં દેખાય છે, કિંમતી
સાચા હીરા, સોનું એટલું ઉપાડ્યું હતું કે એનાથી વધારે
ઉપાડવું શક્ય જ ન હતું, ત્યાં તો ત્યાં એ માણસ ભોળો

જાળી કરી દે છે, હીરા લઈ લે છે!

ધ્યાન એટલે શું ? વિષયો ને છોડવા, અને આત્માને મેળવો, આનું નામ ધ્યાન! ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

इतश्चिन्तामणिर्दिव्य , इतः पिण्याकखण्डनम् ।

આ બાજુ દિવ્ય ચિંતામણી છે, અને આ બાજુ ચામડાનો ટુકડો છે,

ध्यानेन चेदुभे लभ्ये, क्वाद्रियन्तां विवेकिनः ॥

જે ધ્યાનથી તમને બંને મળી શકે એમ છે, તમે દોડો વિષયો ની પાછળ, એ પણ એક પ્રકારનું ધ્યાન છે. તમને ચામડું મળશે, આ સોનું, ચાંદી શું છે પુદ્ગલોનો પરિણામ છે, બીજું કશું જ નથી. અને શુભ ધ્યાન જે તમે કરો, તમે દિવ્ય ચિંતામણી સ્વરૂપ આત્મા મળે એમ છે.

क्वाद्रियन्तां विवेकिनः।

તમારો વિવેક તમને શું સલાહ આપે છે ? આત્મજ્ઞાન નું પહેલું લક્ષણ "ધ્યાન પ્રસક્તિ", આત્મજ્ઞાનનું બીજું લક્ષણ "વિષય વિરક્તિ", આત્મજ્ઞાન નું ત્રીજું લક્ષણ "જિનાજ્ઞા ભક્તિ". મુક્તિ રસ એટલે શું ? સંસારમાં મુક્તિ રસ શું હોય શકે. જ્ઞાની ઓને પ્રશ્ન પુછો તો જ્ઞાનીઓ જવાબ આપશે, "જિનાજ્ઞા" એજ મુક્તિ રસ છે. ધ્યાન કરતા- કરતા તમને એમ થાય, કે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ અને દીક્ષા ની જરૂર નથી, તો સમજી લો કે તમે સાચું ધ્યાન કર્યું નથી, તમે પલટાઈ ગયા છો ! ધ્યાન કરતા ભવને તમને "જિનાજ્ઞા" પ્રત્યે નો આદર વધતો જાય, ષટ્કાય જીવો ની રક્ષાનું પરિણામ વધતું જાય, તમારા જીવનની અંદર સાદગી આવતી જાય, વિષયો વિદાય લેતા જાય, લોક સંપર્ક જતા જાય, અને "જિનાજ્ઞા" નું સામ્રાજ્ય વિસ્તરતું જાય, તો સમજવું કે તમે સાચું ધ્યાન કર્યું છે, તો સમજવું કે તમને આત્મજ્ઞાન છે. આત્મા... આત્મા ની વાતો કરવી

અને જેનાથી આત્મ સ્વરૂપ પ્રાપ્ત થાય, એ જિનાજ્ઞા પાલન
ની ઉપેક્ષા કરવી, ત્યાં સાચું આત્મજ્ઞાન હોય જ ના શકે!
એક સવાલ તમને પુછુ, રોજ કમાવા માટે તમે ધંધે જાવ,
ઓફિસે જાવ, JOB કરવા જાવ, બધું શેના માટે ? પૈસા
માટે! અને પૈસા માટે જાવ એટલે તમારે ત્યાં સતત પૈસા..
પૈસા.. પૈસા.. પૈસા કરવાનું હોય, કે કાંઈ બીજું કરવાનું હોય?
અને ધારોકે જે તમારી DUTY છે, એને છોડીને માત્ર પૈસા..
પૈસા.. પૈસા.. પૈસા કરો તો તમને પૈસા મળે કે તમે પૈસાને
ગુમાવો! નોકરી, ધંધો પૈસા માટે જ છે, પણ એની પ્રવૃત્તિની
બહાર પૈસા.. પૈસા ની જાપ નથી કરવાનો હોતો. તમે દિવસમાં
કેટલી વાર પૈસા શબ્દ બોલ્યા ? નથી બોલ્યા તો તમને પૈસા
નહિ મળે, આવું કશું જ નથી, તમારે જે રીતે પૈસા મળે ને
એના ઉપાયને પકડવાનો હોય છે! આજે તમારી કમનસીબી
આવી છે, જિનાજ્ઞા ની ઘોર ઉપેક્ષા કરનાર પંથો, જિનાજ્ઞા-
સાથે જેને લેવા-દેવા નથી, એવી વ્યક્તિઓ, આત્મા.. આત્મા..
આત્મા.. આત્મા કર્યા કરે, અને તમારા મગજમાં ઘુસાડવાનો
પ્રયાસ કરે, કે આત્મા તો અમારા થી જ મળી શકશે, આ
તમારી વર્તમાનની સહુથી મોટી કમનસીબી છે!

કમનસીબી એ તમને આ બધું ઘુસાડવાનો
પ્રયાસ કરે છે એ નથી, તમારા મનમાં આ બધી વાત
ઘુસી જાય છે ને, આ તમારી સૌથી મોટી કમનસીબી છે,
જોઈએ છે આત્મા જ, આત્મ સ્વરૂપના માર્ગે જ ચાલવાનું છે,
પણ એ માર્ગે, લોગ્ગસ ઉજ્જોઅગરે પણ આવે, વંદિત્તુ -
સવ્વસિધ્ધે પણ આવે, શીતલ ગુણ જેમાં રહ્યો એ પણ આવે,
કરેમિ ભંતે, સામાઈયં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવજ્-
જીવાએ, તિવીહં તીવીહેણં, આ બધું પણ આવે, એટલે જે આ
બધું નથી આવતું તો એ આત્માનો રસ્તો જ નથી. આજે
તમારી સ્થિતિ એવી છે કે, બીજા રસ્તે તમે ચડી ગયા છો,
એ રસ્તે, બધા ની વાત નથી, તમારી MEANS જેને લાગે
વળગે એની વાત છે, એ રસ્તે એક સાચું BOARD આવતું

જ નથી, એ રસ્તો બહુ PURPOSELY બનાવવામાં આવ્યો છે, ને એ રસ્તા ઉપર REGULAR આવા BOARD આવતા રહે છે, કે તમે એકદમ બરાબર છો, એ એ બીજે ક્યાંય ભેરમાતા નહિ, આ જ સાચું છે! આ જ સાચું છે ! આ જ સાચું છે ! એ માણસ સાવ જ ફસાઈ ગયો હોય છે, અને એને એવું લાગે છે, કે મારી સિવાય બધા જ ફસાઈ ગયા છે.

પૂજા કરનાર જોયા, સામાયિક કરનાર જોયા, પ્રતિક્રમણ કરનાર જોયા, મહાત્મા ઓ એટલે યા દંભી, અને યા ભ્રમિત. એ નાટક કરે છે તો દંભી છે ને પ્રામાણિક છે તો ભ્રમિત છે, ભુલ્યા છે, બિચારા ઓને સાચો માર્ગ ન મળ્યો ને આપણને સાચો માર્ગ મળી ગયો છે.

આવા એક "આત્મજ્ઞાની" ને મારે મળવાનું થયું હતું, એમના ભક્તો મને બહુ આગ્રહ કરીને લઈ ગયા હતા, કોઈને ઉતારી પાડવાની આશય નથી! પણ આખો સંઘ જ્યારે લુંટાઈ રહ્યો હોય, તમે થોડાક જિનશાસનની નજીક આવ્યા ને, જેના માટે નજીક-આવ્યા છો, એ PURPOSE થી તમે જિનશાસન થી દૂર થવ, અને તમારો PURPOSE પણ SOLVE ના થાય, ઉલ્ટાનો સંસાર વધે, ઉત્સુત્ર ની પ્રરૂપણાઓ વારંવાર તમારા કાનમાં પડે, તમને મનમાં ઉતરી જાય. સસુત્ર પ્રરૂપણા અળખામણી લાગે, માર્ગે ચાલનારા-ભટકેલા લાગે, ભટકેલા હોય એ માર્ગે લાગે, આનાથી ઘોર મિથ્યાત્વ બીજું કયું હોય શકે! આવું જ બને છે જ્યારે જિનાજ્ઞા ને છોડી ને ખ્યાલ માર્ગ પકડવામાં આવે છે. આવું જ બને છે જ્યાં આત્મજ્ઞાન ના નામે, મને થઈ ગયું છે કે મારા જે ઉપરી છે એને થઈ ગયું છે, એના નામે જિનાજ્ઞા ના માર્ગે ચાલનારા કોઈક નાનામાં નાના સાધુ હોય, નાનામાં નાના સાધ્વીજી ભગવંત હોય, નાના

માં નાના શ્રાવક હોય. મને ખબર છે આજે તમે બહુ સારીરીતે બેઠા છો, બહુ સારી રીતે સાંભળી રહ્યા છો, ને એના માટે મારે ત્રણ દિવસ મહેનત પડી છે. અને મને એનો કોઈ અફસોસ એ નથી, મને એની કોઈ ફરિયાદ એ નથી, મારે તો બસ અહીંયા જ કામ કરવું છે ને મારે ભગવાનની જે મુળ પરંપરા, એ ચતુર્વિધ સંઘ, જે પચ્ચીસમો તીર્થંકર, એનું ગૌરવ, એની ગરિમા, એની જે પોતાની શોભા, એ મારે પાછી મેળવવી છે!

આપણે જ એને કલંકિત કરી શકશું, આપણે જ એને ગૌરવ અપાવી શકશું, અને એ શક્ય છે, પણ આ બધી PROECSS બહુ જરૂરી છે. હું કહું કે કેમ એક એક જણને અંદરથી થાય નહી, કે મારે મારા સંઘને ઉંચો લાવવો છે. તમને અહીંયા DISTURBANCE થયું, તમને અહીંયા ના ફાવ્યું, એટલે તમે કોઈ વ્યાખ્યાન માળામાં પહોંચી જશો. તમે ક્યાંક ફંટાઈ જશો, તમે ક્યાંક જતા રહેશો, આપણા ઘરમાં કંઈ તકલીફ હોય, કંઈક મરામત કરવાની જરૂર છે, કોઈ COLOR ઉખડી ગયો, કોઈ પોપડો ઉખડી ગયો, તો આપણે બીસ્તરા- પોટલા લઈને પડોશીને ત્યાં જતા રહેશું. કે હું આવુ છું. આને આત્માર્થી ના કહેવાય, આને દ્રોહી કહેવાય.

મને કશું લાગે વળગે નહિ, મને કશો ફરક પડે નહિ, તો જિનાજ્ઞા નું હાર્દ ક્યાં રહ્યું! જ્યાં ભગવનના માર્ગ ના ખુલ્લે આમ, વિહારની અંદર એવા રસ્તેથી અમે આવ્યા હતા, અમુક પંથના મંદિરો જેની તકતીઓ, ત્યાં કોઈ હતું નહી, મારે તો એ તકતીઓનું લખાણ લાવવું હતું અહિંયા, એ જે લખાણ હું વાચું ને તો તોફાન થઈ જાય, એવી તકતીઓ લગાડી છે કે, બધું જ ડુબી ગયું હતું. આપણા બધા પૂર્વાચાર્યો, મહા-તપસ્વીઓ, મહાજ્ઞાનીઓ એ બધા જ જાણે ભ્રમમાં હતા, અને જૈન ધર્મને અમે જ પુર્નજાગૃત કર્યો, આવી પોતાની માન્યતાને ઠસાવવા માટે, આવા પોતાના સ્થાનોની અંદર, એ તકતીઓ પણ મૂકી દેવામાં આવી, અમારી સાથે આ બધું આવે, અમારી પાસે બધે SIDE નું બધું જ STUDY હોય છે. તમને

એક પણ SIDE નો બરાબર STUDY હોતો નથી જિનાજ્ઞા થી તમે દુર ગયા, એટલે સમજ નો સાચા ધ્યાનથી પણ ગયા, આત્મજ્ઞાનથી દુર ગયા.

"ધ્યાન પ્રસક્તિ",
"વિષય વિરક્તિ",
"જિનાજ્ઞા ભક્તિ",

આ ત્રણ લક્ષણ હશે તો આત્મજ્ઞાન આપણને મળશે. આ ત્રણ લક્ષણ એ આત્મેષણા સાધનાની અંદર, બહુ જ ઉપયોગી છે. બહુ પ્રેમથી તમને કહુ આપણે ચાર વિશેષતા ભૂમિકા રૂપે જોઈ. ત્રણ આધાર સ્તંભ જોયા. આધાર-સ્તંભ બન્યા પછી, હવે આખી ઈમારત ઉભી કરવી પડે, જે ઈમારત નો દ્વાર હોય, તો એ છે "જ્ઞાન પ્રસક્તિ" એની રક્ષક દિવાલો હોય, તો એ છે "વિષય વિરક્તિ" જે તમને વિષયોથી બચાવે, બાહ્ય ભાવોથી બચાવે, અને ત્રીજા નંબર ની અંદર, એની જે છત છે, છત્રછાયા છે, SEALING છે, એ છે "જિનાજ્ઞા ભક્તિ", માત્ર આત્મજ્ઞાન નહિ, માત્ર ધ્યાન નહિ, જે પણ કરો એ જિનાજ્ઞા પૂર્વક, કંઈ પણ કરતા પહેલા વિચારો, આમાં જિનાજ્ઞા શું કહે છે.

આજે તમારી આવી સ્થિતિ થઈ ગઈ છે, આ બધા દહેરાસરો માં સવારે જઈએ એટલો આનંદ થાય. પહેલા દિવસે અમે આવ્યા, આમ ગભારાથી લઈને છેક સુધી પગ મુકવાની જગ્યા નહિ, મને બહુ આનંદ થાય, અમુક મહાત્માઓ ભગવાનના બહુ ભક્ત હોય ને, એને ખાલી દહેરાસર ગમે, હું કહું કે તમને ખાલી દહેરાસર ગમે ને એ સારું નથી, તમે એમ ઈચ્છો છો કે ખાલી થાય, ભગવાનનું દહેરાસર તો આખું ભરેલું જોઈએ! તમારા સંઘનું આ ગૌરવ છે, આ ગરિમા છે, સવારે કોઈ જયને પગ મુકવાની જગ્યા ના હોય, ભક્તિની જે રમઝટ હોય, ભાવિકો જે સ્નાત્ર ભણાવે, ચૈત્યવંદન વગેરે કરતા હોય એની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી,

એની સાથે સાથે જ્યાં છો ત્યાંથી આગળ લઈ જવાનું મન થાય, અમારા ગચ્છાધિપતિ શ્રી એ, વીસ વર્ષ પહેલા એમનું એક પ્રવચન મેં સાંભળ્યું, એમાં એમણે કહ્યું હતું કે જ્યારે જિનવાણી ચાલતી હોય ત્યારે દેરાસર ખુલ્લા રખાય જ નહિ. હું કહું છું કે તમે ખુબ જ સારા છો, સજ્જન છો, ભગવાનના રાગી છો, શાસનના રાગી છો, ઘણા બધા તમારા શુભ ભાવો છે, અહીંયા કેટલા બધા સાધુ-સાધ્વીજી ભગવંતો રહે છે એમાં પણ તમારી ભક્તિની સિંહ ફાળો છે, આ જિનાલયો આપણા રંગે ને ચંગે ચાલતા હોય, આ તમે બીજા કોઈ પણ મંદિર પાસે જાવ તમને આટલા BANNERS જોવા મળે છે અને ખબર છે ઘણા ને દેરાસરમાં ટાઈમ લાગે એના કરતા BANNERS વાંચવામાં વધુ TIME લાગે, એટલા બધા BANNERS હોય છે. કેટલો મહાન સંઘ, કેટલા બધા - આરાધનામાં તમને જોડવાના આલંબનો, કેવા આ માહોલ! બીજા ધર્મ કે પંથોના લોકો હોય, એમનો આંખો ફાટી જાય કે આ લોકો પાસે કેટલું બધું છે, હું કહું છું ભક્તિની પણ અનુમોદના, આરાધનાની પણ અનુમોદના, જ્યાં છો ત્યાંથી હવે આગળ વધો, વિવેક સમજો, ભગવાનની વાણી ચાલતી હોય, ત્યારે આપણે દેરાસરમાં હોઈએ, એ એવા દીકરા જેવી વાત છે, એ કહે છે કે પપ્પા તમારા પણ હું દબાવીશ, તમારે મને કંઈ કહેવાનું નહી, હું તમારું કંઈ પણ સાંભળીશ નહિ! વાત સમજાઈ તમને!

સંખ્યા વધારવાની વાત નથી, પણ ક્યારેક એવું બને બહુ તમે વિવેકી છો, બહુ સારી રીતે સમજદારી પૂર્વક જ વર્તો છો, કોઈ એવી વાત પણ નથી, પણ ક્યારેક એવું બને, કે એક બાજુ વ્યાખ્યાન ચાલતું હોય, ક્યારેક કોઈક સ્થાને એવું બને કે એજ સમયે બહેનોએ પૂજા રાખી છે, પૂજા નો અવાજ આવતો હોય. પૂજા નો એમણે નક્કી કરી દીધી છે, ખ્યાલ હશે કે વ્યાખ્યાન છે, પણ વ્યાખ્યાન તો વ્યાખ્યાન હોલમાં હશે ને પૂજા નો

દેરાસરમાં હશો, અને ત્યારે અમે જે આ CONTRAST
જોઈએ, કે આ ભગવાનની ભક્તિ, કે આ ભગવાનની
આશાતના ! એ ના આવે એનો એ વાંધો નહિ, પણ
એનો અવાજ, ભગવાનના અવાજમાં, અમારો અવાજ
નથી, અમે શું છીએ ! અમે MEDIATOR છીએ અમે
SOUND SYSTEM છીએ, ભગવાન અમારા દ્વારા બોલતા
હોય છે, અમે તો POSTMAN છીએ, ભગવાનના,
પ્રતિનિધિ છીએ, એટલે આપણે ભગવાનનો અવાજ
દબાવી ને ભગવાનની ભક્તિ કરીએ આ આપણે બહુ
આત્મનિરીક્ષણ કરવાની જરૂર હોય છે, જેટલા ભગવાનની
વાણીની નજીક આવશું, એટલા તાત્વિક દ્રષ્ટિ એ
ભગવાનની નજીક આવશું. શ્રાવક જીવનના બધા જ
કર્તવ્ય છે, તમે મારી પાસે આવીને પુછો કે સાહેબ,
એટલી બધી TIGHT POSITION સાહેબ, સાહેબ
બસ યા હું વ્યાખ્યાન સાંભળી શકું ને યા હું પૂજા કરી
શકું બે માં એક જ થાય ! હું શું કરું બેને કરવા
જોઈએ, સાહેબ એ શક્ય જ નથી, એક જ થાય એવું
છે ! તો શું કરવું ? તો હું શાસ્ત્રના આધારે એમ
કહી શકું, કે ભાઈ તું વ્યાખ્યાન સાંભળજે !

"જિનાજ્ઞા ભક્તિ", ભગવાનની વાણીનું
બહુમાન, એ પણ જિનાજ્ઞા પ્રત્યેની ભક્તિ છે. એના
માટે ખુબ અંતરમાં આદર કરશે, આત્મજ્ઞાન અને
એના લક્ષણના માધ્યમે આત્મોત્થાન સાધનામાં આગળ
વધશે !

# આત્મૌપમ્ય શિબિર દિવસ ૪

DATE 26 12 2018

કેવલ આતમ બોધ હૈ પરમારથ શિવપંથ।
તામેં જિનકું મગનતા સોહી ભાવ નિર્ગ્રંથ॥

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સમાધિ શતક ગ્રંથમાં કહે છે,
કેવલ આતમ બોધ હૈ પરમારથ શિવપંથ
HIGHWAY પર જવાના ઘણા બધા રસ્તા હોય શકે છે, કદાચ એમ કહેવાય કે આ રસ્તો મુંબઈ જશે, આ રસ્તો મુંબઈ જશે, આ રસ્તો મુંબઈ જશે, પણ પરમાર્થ થી કહેવું હોય તો એમ કહેવું પડે, કે NATIONAL HIGHWAY NUMBER 8 પકડો, એ રસ્તો મુંબઈ જશે! CITY માંથી નાના નાના રસ્તા HIGHWAY ને મળતા હોય, એ મુંબઈ ના રસ્તા છે પણ, અને મુંબઈ ના રસ્તા નથી પણ, એ મુંબઈના રસ્તા છે, એમ કહેવા કરતા, વધારે સાચી વાત એ છે કે, એ HIGHWAY ના રસ્તા છે, અને HIGHWAY એ મુંબઈનો રસ્તો છે। મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સમાધિ શતક ગ્રંથમાં કહે છે,
કેવલ આતમ બોધ હૈ પરમારથ શિવપંથ
આત્મજ્ઞાન એ પારમાર્થિક મોક્ષ માર્ગ છે। આત્મજ્ઞાન એ રસ્તો સીધો મોક્ષ ને પહોંચે છે, એ માર્ગ છે. આત્મજ્ઞાન જો એ નથી તો મોક્ષ નથી, આત્મજ્ઞાન છે તો મોક્ષ છે જ. આત્મજ્ઞાન ની વાત કરવા સાથે, એને સમજવા સાથે, અંદર ઉતરવા સાથે, સમાધિ શતક નું જ મહોપાધ્યાયજીનું એક બીજું વચન છે.
મારગ અનુસારી ક્રિયા છેદે સો મતિહીન
માર્ગાનુસારી ક્રિયા છે, કોઈ સામાયિક કરે છે, કોઈ પ્રતિક્રમણ કરે છે, કોઈ પૂજા કરે છે, પૌષધ કરે છે, આયંબિલ કરે છે, અહીંથી કોઈ એક વાક્ય ઉપાડી ને ગયા ને કહે આ બધું છે ને કાયક્લેશ છે, મુરખ બનવાની વસ્તુ છે. મહારાજ સાહેબે આજે જ કીધું વ્યાખ્યાનમાં,
કેવલ આતમ બોધ હૈ પરમારથ શિવપંથ
શીમાટે આટલા દુઃખી થાવ છો, હેરાન થાવ છો, આટલા

બધા આયંબિલ કર્યા, આટલા બધા પ્રતિક્રમણ કર્યા,
કોઈ આવું બોલે, એની સામે મહોપાધ્યાયજી એ જ ગ્રંથ
માં કહે છે, કે જે માર્ગ અનુસારી ક્રિયા છે, એને જે
લોપે, એનું જે ખંડન કરે, એ કોણ છે ? એ મતિઅંધ
છે, એની મતિ છે એ આંધળી છે. એ જોઈ શકતો નથી
કે મોક્ષ માર્ગ શું છે ?

HIGHWAY મુંબઈ પહોંચશે એ વાત
સો ટકા સાચી છે, પણ તમે જ્યાં સુધી આ રસ્તો
નહીં પકડો ને, ત્યાં સુધી HIGHWAY પણ આવવાનો
નથી ! અને જે આ રસ્તે નથી ચાલી શકતો એ
HIGHWAY ઉપર તો ક્યાંથી ચાલી શકશે ? જેણે -
હજુ આ રસ્તાને પણ નથી પકડ્યો, જે હજુ ઘર જ
પકડીને બેઠો છે, એ HIGHWAY પર પહોંચશે કેવી
રીતે, એને HIGHWAY મળશે કઈ રીતે.

મારગ અનુસારી ક્રિયા છેદે સો મતિહીન ।

અને જે HIGHWAY ઉપર પહોંચતા જ નથી, જે ત્યાં
જ ગોળ-ગોળ.. ગોળ-ગોળ ફર્યા જ કરે, ને કહે કે
અમે મોક્ષ માર્ગે ! અંદર ઉતરવું જ નથી, અંદરની -
કંઈ પડી જ નથી, ફક્ત બહાર દેખાડો જ કરવો છે,
અને લોકોમાં ધર્મી તરીકે ની ખ્યાતિ મેળવવી છે,
તો એના માટે મહોપાધ્યાયજી કહે છે,

કપટ ક્રિયા બલ જગ ઠગે સો ભી ભવજલ મીન ।।

જે પોતે કપટ ક્રિયા કરે, લોકો ને ઠગે, અને મોક્ષમાર્ગી
હોવાનો દાવો કરે, એ પણ કોણ છે ? ભવજલ માં
મીન છે, એટલે સંસાર સાગરની માછલી છે. કેવી
સરસ મજાની વાત મહોપાધ્યાયજી સમાધિ શતક ગ્રંથમાં
કરે છે. ક્રિયા શું છે ? અને જ્ઞાન શું છે ?

ક્રિયા યોગ અભ્યાસ હૈ ફલ હૈ જ્ઞાન અબંધ ।

અંદરના રસ્તાઓ ઉપર ચાલવાનું ફળ શું ? કે તમને
HIGHWAY મળી જાય ! ક્રિયા એ અભ્યાસ છે,

ક્રિયા એ PRACTICE છે, ક્રિયા એ TRAINNING છે,
ક્રિયા એ નાની રસ્તો છે, અને એ જ ક્રિયા માર્ગે આગળ
વધતા.. વધતા.. વધતા કેવળજ્ઞાન તદ્દન નિકટ આવી જાય.
અને એ સમયે આત્મા ક્ષપકશ્રેણિ પર આરોહણ કરે, -
કેવળજ્ઞાન એને મળી જાય, અને પછી મોથભોગની ક્રિયા-
કરવાની રહેતી નથી ! કોઈ એ પદાર્થનો આવો અર્થ કરે કે,
મેં સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વગેરે કર્યા, આયંબિલ, ઉપવાસો
વગેરે કર્યાને હવે મને આત્મજ્ઞાન થઈ ગયું છે, હવે હું રાતે
બાર વાગે જલેબી ગાંઠિયા ખાઉં, હવે મારે તપની, ક્રિયાની કશા
ની જ જરૂર નથી, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

ક્રિયા યોગ અભ્યાસ હૈ ફલ હૈ જ્ઞાન અબંધ।
દોનું કું જ્ઞાની ભજે એકમતિ તે અંધ ॥

સાચો જ્ઞાની કોણ છે, જે જ્ઞાનને પણ ભજે ને ક્રિયાને પણ
ભજે, જેની એક જ મતિ છે, જે માત્ર ને માત્ર ક્રિયામાં જ
ડુબેલો રહે છે, એ પણ આંધળો છે. જેણે ક્રિયાઓ છોડી-
દીધી, જે જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન જ કર્યા કરે છે, એ પણ
આંધળો છે. હવે મહોપાધ્યાયજી ને પ્રશ્ન કર્યો કે, તો પછી
તમારી જે વાત,

કેવલ આતમ બોધ હૈ પરમારથ શિવપંથ।

આનો અર્થ શું? અમે તો CONFUSE થઈ ગયા. જે એક
મતિ અંધ છે, આવું જ તમે કહો છો, માત્ર ક્રિયા એ આંધળી,
માત્ર જ્ઞાન એ આંધળું, આવું જે તમે કહો છો, તો પછી-
આત્મજ્ઞાન એ જ પરમારથ શિવપંથ છે, આવું કહેવાનો અર્થ શું?
મહોપાધ્યાયજી કહે છે, એનો પહેલો અર્થ એ છે કે મોક્ષ સુધી
પહોંચનાર, અંતિમ માર્ગ તો એ જ છે, એ અપેક્ષાએ પરમારથ
શિવપંથ ! બીજો જવાબ, બીજી અપેક્ષા કે આત્મ જ્ઞાન પારમાર્થિક
હોય ને, તો જ એ શિવપંથ બને. અને પારમાર્થિક આત્મજ્ઞાન
છે, એ કદી એ ક્રિયા વગરનું હોતું જ નથી. મહોપાધ્યાય શ્રી
મેઘવિજયજી મહારાજ, એમનો એક ગ્રંથ "અર્હદ્ ગીતા", આ
ગ્રંથની અંદર જ્ઞાન અને ક્રિયાની ઘણી બધી એમણે વાત કરી ને

એ વાતો કરવાની સાથે સાથે પાછળી પાછળ. મહોપાધ્યાય મેઘવિજયજી મહારાજ સાહેબ ને એક પ્રશ્ન પુછવામાં આવ્યો કે તમે એ કહેતા હો કે જ્ઞાની ક્રિયા કરે, તો એમને જવાબ આપો કે કેવળજ્ઞાની કઈ ક્રિયા કરે ? હું તમને પુંછું કે કેવળજ્ઞાની ક્રિયા કરે ? અને તમે કહો કે કદાચ કેવળજ્ઞાની છે, દીક્ષા લીધી છે, ગોચરી એ જાય છે, આ પણ ક્રિયા છે, બ્રહ્મચર્યની નવ વાડો નું પાલન કરે છે, આ પણ એક ક્રિયા છે. અમે તમને કહીએ કે મરૂદેવા માતા એ કઈ ક્રિયા કરી, કેવળજ્ઞાન પામ્યા છે, મોક્ષે ગયા છે. ક્રિયા કઈ કરી ? એમને જવાબ આપ્યો એ બધા જ કેવળજ્ઞાની જોજે ક્રિયા કઈ કરી ? દીક્ષા લે એ કેવળજ્ઞાની, એ ભવની અંદર જ્યાં સુધી આયુષ્ય પુરું ન થાય, ત્યાં સુધી સંયમચર્યા ને પાળે.

આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર કહ્યું,

संसत्ता केवलीण पडिलेह।

કેવળજ્ઞાની પોતાના વસ્ત્રોનું પડિલેહણ કરે કે ના કરે, ત્યાં જવાબ આપ્યો કરે પણ ખરા ને ના પણ કરે. જ્યારે વસ્ત્રમાં જીવ નથી, પોતાના કેવળજ્ઞાનથી જુએ છે, ત્યારે પડિલેહણ ના કરે. જ્યારે વસ્ત્રની અંદર કોઈ જીવ હોય, ત્યારે એ કેવળજ્ઞાની વસ્ત્રનું પડિલેહણ કરે, એ વસ્ત્રને ખંખેરે, એ જીવ જતો રહે, ને પછી એનો ઉપયોગ કરે! મેઘવિજયજી ઉપાધ્યાયજી ને પુછવામાં આવ્યું, કે દરેક કેવળજ્ઞાની કઈ ક્રિયા કરે, એનો જવાબ મને આપો ? અને મેઘવિજયજી મહારાજે અર્હદ્ ગીતા ગ્રંથની અંદર એનો જવાબ આપ્યો.

जीवन्मुक्तोऽपि शैलेश्या: केवली स्यात् शिवङ्गमी।

જીવન મુક્ત હોય છે, કેવળજ્ઞાન થઈ ગયું છે, ચરમ શરીરી છે, એ જ ભવે મોક્ષ નક્કી છે, અને છતાં પણ કેવળજ્ઞાની ભગવંતો ક્રિયા અવશ્ય કરે છે, કદાચ મરૂદેવા માતા જેવા હોય, કોઈ પણ કેવળજ્ઞાની હોય, ગણે કાળમાં જેટલા

થયા, જેટલા થશે, એ ક્રિયા અવશ્ય કરે. અને એ ક્રિયા છે, શૈલેષીકરણ ની ક્રિયા! ચૌદમું ગુણ સ્થાનક જે ક્રિયાકરણ છે એમાં નામ જ કરણ મુક્યું છે, અને એ શૈલેષીકરણની ક્રિયા છે, જે કર્યા વગર એકે કેવળજ્ઞાની મોક્ષે જતા નથી. અનંત તીર્થંકરો થઈ ગયા, અનંત તીર્થંકરો થશે, વર્તમાનમાં પણ વીસ તીર્થંકરો છે, એક પણ તીર્થંકર એવા નથી, જેઓ કેવળજ્ઞાન પછી પણ અખંડ એકાસણાનો તપ કરતા નથી, એક પણ તીર્થંકર એવા નથી, જેઓ અનશનપૂર્વક મોક્ષે જતા નથી.

આદિનાથ ભગવાન છ દિવસ નું અનશન, અનેક તીર્થંકરો એક મહિનાનું અનશન, મહાવીર સ્વામી ભગવાન બે દિવસ નું અનશન, અનંત તીર્થંકરો માંથી એક પણ તીર્થંકર એવા નથી, આગમ સુત્રોમાં કહ્યું, હરેકે હરેક જિનેશ્વરો

पच्चक्खाणेण मरन्ति ।

તેઓ અનશન ના પચ્ચખ્ખાણ પૂર્વક જ કાળ કરે, અનશન પૂર્વક જ નિર્વાણ પામે!

સુત્રાની પ્રશ્ન :- અનશન એટલે શું ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- અનશન એટલે ચારે આહારનો ત્યાગ! ત્રણ આહારનો ત્યાગ એને પણ અનશન કહેવાય, અનશન નો અર્થ સંથારો, અંતિમ કાયાનો ત્યાગ, આવો અર્થ આપણે કરતા હોઈએ છીએ. હકિકતમાં આત્મીકલાભમાં તમે બાહ્ય તપ કરો છો ને, અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, પણ અહીં અનશન નો અર્થ શું છે? એક ઉપવાસને પણ આગમમાં અનશન કહ્યું છે. અને તમે જે અર્થ કરો છો ને, અહીંયા હું એ જ અર્થની વાત કરું છું. કે હરેકે હરેક તીર્થંકર, અનશનપૂર્વક મોક્ષે જાય! કારણકે આપણે શું અર્થ કરીએ છીએ અનશનનો, આજીવન ઉપવાસ! જ્યાં સુધી જીવે ત્યાં સુધી ઉપવાસ, આનું નામ અનશન. આગમિક પરિભાષા છે આહાર નો ત્યાગ કરે, એક ઉપવાસ કરે, બે કરે, ત્રણ કરે, આઠ કરે, ત્રીસ કરે, જેટલા પણ કરે એ અનશન!

જ્યાં ભોજન નથી, એનું નામ અનશન ! અને દરેકે દરેક તીર્થંકર, છેવટે આજીવન ઉપવાસના પચ્ચક્ખાણ પૂર્વક - મોક્ષે ગયા હોય છે. ખાસ આ બધી વાત કહેવાનું મન એટલા માટે થાય, આત્મજ્ઞાનની અંદર ડુબકી મારવી છે, આત્મજ્ઞાનને સમજવું છે, આત્મજ્ઞાનના રહસ્યોને પામવા છે, પણ આ અનુભવ ક્યાંક આપણને ભ્રામક અનુભવ ના થાય, પારમાર્થિક અનુભવ આપણને મળે, જિનશાસનના રહસ્યની સાથે મળે, નો આત્મજ્ઞાન મળ્યું એટલે આપણે એટલા ઊંચે આવી ગયા કે બીજું કંઈ કરવાની જ જરૂર નથી, ને ઉલટાના આપણે હોઈએ ત્યાંથી પણ બહાર થઈ જઈએ, પેલું મળે નહી, ને હતું એ છુટી જાય, શ્રમણ મળે, આત્મજ્ઞાન ન મળે, એવું આપણી સાથે ન થઈ જાય, માટે આ બધા પદાર્થોની CLARITY જરૂરી છે.

આનંદઘનજી મહારાજે પણ કહ્યું,

"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગી રે

યોગ ગ્રંથોની અંદર જે સમ્યક્ત્વની પરિભાષા આપી ને, અમને થઈ જાય કે નથી સમ્યક્ત્વ, હજુ સમ્યક્ત્વ એ દૂર લાગે, એક ગ્રંથ છે ઉપદેશપદ પ્રકરણ હું મહાત્માઓને કહું છું કે તમે મહાનીશીથ સુત્ર ભણો ને, એના પછી આ ઉપદેશપદ પ્રકરણ ભણી લેવું જોઈએ, નમે યોગ ગ્રંથો ભણો, યોગશતક ભણો, યોગદ્રષ્ટિ સમુચ્ચય - ભણો, યોગબિંદુ ગ્રંથ ભણો, અને એના પદાર્થો આવે,

ભિન્નગ્રન્થેસ્તુ યત્ પ્રાયો મોક્ષે ચિત્તં ભવે તનુ: ।

સમકિતિ આત્માની સ્થિતિ એવી હોય કે, મન છે એ સતત મોક્ષમાં હોય, સંસારમાં માત્ર એનું તન જ હોય, સતત એનો સાક્ષીભાવ હાજર ને હાજર હોય,

તસ્ય તત્સર્વ એવેહ યોગો યોગો હિ ભાવત: ।

એ સંસારની અંદર પણ હોય એ કદાચ રસોઈ કરે, એ કદાચ ધંધો કરે, એ કદાચ સંસારના વ્યવહારમાં ગયો હોય,

જે લગ્નમાં ગયો હોય, સંસારની કોઈ પણ પ્રકારની ક્રિયા હોય
ને છતાં પણ, જે નિર્જરા કરે, આ યોગગ્રંથો ની પરિભાષા.
અને માત્ર એકાંતિક આ પરિભાષા જે ગણે, એ ડૂબાઈ જાય,
એ ગેરસમજમાં પડી જાય, શાસ્ત્રોનો આશય ના સમજી શકે,
એનું હાર્દ ના સમજી શકે, એ ગેરસમજ લઈને બેસી જાય.
અને જે માર્ગાનુસારી ક્રિયા, એને છોડીને દીક્ષાની પણ કાંઈ
જરૂર નહી આવું એના મનમાં આવી જાય, આજે બહુ તમારી
પરિસ્થિતિ ખરાબ એટલા માટે થઈ, કે અધકચરા પંડિતો,
એ તમારા વક્તા બની બેઠા, તમારા વ્યાખ્યાનકર્તા બની
બેઠા, અને એના કારણે એકાંતિક પ્રરૂપણા, એની બગલ
દિશાઓ સાથે ની નહી એવી પ્રરૂપણા, અને એનાથી તમારા
મનમાં ગેરસમજો ઘુસી ગઈ!

ગુરુદેવ અમને વર્ષો પહેલા વાચનામાં એક
સરસ મજાની વાત કરતા, કે ઉત્તરાધ્યયન સુત્ર છે, તમને
સંસ્કૃત આવડી ગયું, તમને પ્રાકૃત આવડી ગયું, વ્યાકરણ-
આવડી ગયું, ન્યાય આવડી ગયો, આટલું તમને આવડી ગયું
ઉત્તરાધ્યયન સુત્રના અર્થ કરવા તમે બેઠા, આ રીતે તમે
ઉત્તરાધ્યયન સુત્રના અર્થ ના કરી શકો. અનેક આગમો,
અનેક શાસ્ત્રો, અનેક શાસ્ત્રોનું હાર્દ તમને મળે, પછી તમે
એક શાસ્ત્રના સાચા અર્થને જાણી શકો! એક વાક્ય ગમે ત્યાંથી
ઉપાડીને એ કદાચ ન્યાયથી સિદ્ધ થઈ જાય, પણ બીજા આગમો,
બીજા શાસ્ત્ર વચનો નો જે વિરોધ આવે ને એ રીતે જે એનો
અર્થ કરવા જાવ, તો એ શુદ્ધ પ્રરૂપણા નથી, પણ ઉત્સુત્ર પ્રરૂપણા
છે! અધ્યાત્મ સારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે

अधीत्य किञ्चिच्च निशम्य किञ्चिदसद्ग्रहात्पण्डितमानिनो ये।

કંઈક સાંભળી લીધું, કંઈક વાંચી લીધું, કંઈક ભણી લીધું, એક
કદાગ્રહ પકડાઈ ગયો કે આમ જ છે. પોતાની મનને પંડિત માને
વિદ્વાન માને,

मुखे सुखं चुम्बितमस्तु वाचो, लीलारहस्यं तु न तैर्जगाहे ॥

કદાચ સભાને ડોલાવી શકાય, કદાચ પોતાનો એક વર્ગ ઉભો કરી

શકાય, કદાચ શ્રોતાઓને પ્રભાવિત કરી શકાય, આજ સાચા જીવો બધા જ જોશે! પણ જે આગમનું રહસ્ય છે, જે એ વાક્યનું તાત્પર્ય છે, એને એ સમજી શક્યા નથી. જુદા જુદા નયોના વાક્યો, એક આગમ વચન મળે,

अप्पागमो किलिस्सइ जइवि करेइ अइदुक्करं तु तवं।

ઓછું ભણેલો દુષ્કર તપ કરે, પણ જેની પાસે જ્ઞાન નથી, એ માત્ર કાયક્લેશ કરે છે. એવું આગમ વચન મળે,

सुबहुं पि सुयमहीयं किं काही चरणविप्पमुक्कस्स ॥

ઘણું બધું તમે ભણ્યા પણ તમારામાં જો આચરણ નથી, તો તમારું બધું જ જ્ઞાન આગિયા ને ધરેલા દીવા બરાબર છે. જે ક્રિયામાં બહુ જ ડુબ્યો છે ને જ્ઞાનની ઉપેક્ષા કરે છે, જ્ઞાનની જેને જરૂર જ લાગતી નથી, આંધળુકિયા કરીને જે વાચ્યું તેને વળગે રાખે છે, એને જ્ઞાનીઓ કહે છે કે તારી-ક્રિયાઓથી તારો મોક્ષ નહિ થાય, જ્યાં સુધી તારામાં જ્ઞાન આવ્યું નથી, ત્યાં સુધી તારો ઉધ્ધાર નથી, જે જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન જ લઈને બેઠો છે, જેને સામાયિક નથી કરવી, પ્રતિક્રમણ નથી કરવું, જેને ક્રિયા નથી કરવી, જેને દીક્ષા લેવા જેવી નથી લાગતી, એને કહેવામાં આવ્યું કે ભાઈ તું તારા જ્ઞાન સાથે ભવસાગરમાં ડુબી જઈશ!

દીનું કું જ્ઞાની લજે એક મતિ તે અંધ

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, જ્ઞાનનો સાચો અર્થ એ છે, કે જે આચરણ સહિતનું જ્ઞાન હોય, સાચી ક્રિયા એ છે, કે જે જ્ઞાન સહિત હોય! જ્ઞાન વગરની ક્રિયા ખોટી, અને ક્રિયા વગરનું જ્ઞાન ખોટું!

સભાનો પ્રશ્ન :- કોઈ પણ કામ ROUTINE માં તો આવે જ ને. આયંબિલ કરતા હોય તો એમાં એક કલાક લાગે, તો ચોવીસ કલાક એક એક કોળિયે મારે અણહારી પદ.. અણહારી પદ.. આસક્ત.. અનાસક્ત ભાવ.. સામાયિક.. પુજા.. આ બધામાં દરેક સમયે ઘુંટતા રહેવાનું ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- હું તમને કહું કે તમે ધંધો કરતા હો,
આની અંદર તમને પૈસા - પૈસા - પૈસા
સતત રટણ ના ચાલે, પણ અંદર તો પૈસા -- પૈસા પડ્યું -
હોય કે ના પડ્યું હોય તો એટલે ઉપયોગ રૂપે આવવું જરૂરી
નથી. ઉપયોગ રૂપે તમારી જ્યાં જે ક્રિયા છે, વાપરતા છો ને
તમે અણાહારી પદ, અણાહારી પદ, ઘુંટી શકો એ સારી વસ્તુ
છે, વાપરતા -- વાપરતા પાંચ પ્રકારના સ્વાધ્યાય, માંથી કોઈપણ
સ્વાધ્યાય થઈ શકે છે, જેનું નામ છે અનુપ્રેક્ષા ! તમે -
અનુપ્રેક્ષા કરી એ સારું છે. ધારોકે તમારું આખું આયંબિલ
કદાચ કોઈ બીજા વિચારમાં ગયું, છતાં તમારે એક ભાવ છે
કે આયંબિલ દ્વારા મારે ખાવાની આસક્તિ દુર કરવી છે. રસ
લાંપટ્ય દુર કરવું છે. મોક્ષ મારે જોઈએ, નિર્વિકારીતા મારે -
જોઈએ છે, આ ભાવનાના BASE થી તમે જે આયંબિલ
કર્યું, એમાંથી ક્યાંક તમારો ઉપયોગ આઘોપાછો ગયો, તો
પણ એ મોક્ષ નો માર્ગ જ છે. એટલે એકદમ શુદ્ધ ક્રિયા
છે ને, એકદમ શુદ્ધ ક્રિયા, એ છેલ્લા ભવમાં જ વર્તતી હોય
છે. જ્યાં તમારો બિલકુલ ઉપયોગ આઘોપાછો થયો, હું કહું
કે એક જણ પુરા ઉપયોગ સાથે પ્રતિક્રમણ કરે, બીજાનો -
ઉપયોગ આઘો ગયો છે, ત્રીજાને કાંઈ અર્થ જ ખબર નથી,
એનો એટલો ભાવ છે કે મારે મારા પાપ ધોવા છે, એના માટે
એ આવ્યો છે, મન થોડું ભટક્યું પણ છે. તો પણ એનું
આંશિક રીતે ભાવ પ્રતિક્રમણ થઈ શકે ! આવું કરતા રહેવું
જેવી વાત નથી, સમજવાની વાત શું છે, કે જ્યાં સુધી પુરે
પુરો ભાવ નથી આવ્યો, ત્યાં સુધી ક્રિયા ખોટી આવું પણ નથી.
જ્યાં સુધી તમને ભાવનો એક લેશ પણ છે, ત્યાં સુધી અમુક
અપેક્ષા એ ભાવ અનુષ્ઠાન છે, દ્રવ્ય અનુષ્ઠાન નથી ! ચરમા-
વર્ત ની અંદર પ્રાયઃ કરીને શુભ ભાવ અનુષ્ઠાન ની નજીક જતી
હોય છે. ચરમાવર્ત ની પહેલા, સમગ્ર ભવચક્ર ની અંદર,
શુભ ભાવનો અંશ સુદ્ધા જીવને સ્પર્શતો નથી ! મૂળ વાત
આ છે. આત્મજ્ઞાન વગર મોક્ષ નથી, અને આત્મજ્ઞાન એ

ક્રિયા વગર નથી, ઔચિત્ય વગર નથી, નાનો રસ્તો નથી
પકડ્યો, તો HIGHWAY મળવાનો જ નથી. HIGHWAY
મળે એના માટે નાનો રસ્તો પકડવો પડે, અને નાના
રસ્તા ઉપર દસ મિનિટ DRIVE કર્યા પછી HIGHWAY
આવી ગયો છે, અને એવી રીતે તમે ચાર દિવસ ક્રિયા
કરી લો ને પછી આત્મજ્ઞાન લઈને જેની ભવ, જે દશા
આ ભવમાં શક્ય નથી. પરમાર્થથી, તાત્વિકપણે, સંપૂર્ણ-
પણે આત્મજ્ઞાન, એ કેવળજ્ઞાનની પહેલા આવતું હોય છે.

કેવળજ્ઞાન જ્યાં સુધી ના થાય, ત્યાં
સુધી ચૌદપૂર્વ ધર પણ, બે વાર પોતે પ્રતિક્રમણ કરે છે,
બે વાર પડિલેહણ કરે છે, લોચ કરાવે છે, વિહાર કરે
છે, બધી જ ક્રિયા જે ગુનન હીઓત કરે, એ બધી
જ ક્રિયા, ચૌદપૂર્વ ધર પણ કરે છે, એટલે મને આત્મ-
જ્ઞાન થઈ ગયું, હવે મારે ક્રિયાની જરૂર નથી. આવું
જે કહે, એને આત્મજ્ઞાન નથી થયું હોતું, એને ભ્રમણા
થઈ હોય છે.

એક શ્રીમંત હોય છે, પોતાનું CHARTER
PLANE લઈને નીકળ્યો છે, PLANE ઉડી રહ્યું છે. -
વિમાનમાં કંઈક ખરાબી થાય છે, આના તો મોતીયા
મરી ગયા, નીચે તપાસ કરે છે ઉતરવું ક્યાં ને જોતા
જોતા એક જગ્યા લાગે છે કે અહીંયા ઉતરી શકાય
એવું છે, માંડ માંડ સાચવી ને ઉતરાણ કરે છે.
PLANE આવ્યું છે, પેલો શ્રીમંત નીચે ઉતર્યો છે,
આજુબાજુ જુએ છે, બધે જ જમીન જ જમીન દેખાય,
કોઈ ઘર નહિ, કોઈ વસાહત નહિ, કોઈ માણસ નહિ,
શુંમય છે. PLANE માંથી નીચે ઉતરે છે, આમતેમ
નજર કરે છે, ભટકે છે, જતા.. જતા.. જતા.. જતા
માંડ એક માણસ મળે છે, એને જઈને પુછે છે કે
અહીંયા કોઈ RAILWAY STATION છે, માણસ કહે
છે મને ખબર નથી. બીજો પ્રશ્ન કર્યો અહીંયા કોઈ

BUS STATION છે, મને ખબર નથી. પેલો મુંબઈ છે, અહીંયા કોઈ પોલીસ સ્ટેશન જેવું કાંઈ, મને ખબર નથી. એટલે ઓલો અકળાય છે, તે તમને કાંઈ જ ખબર નથી. અને એ માણસે કહ્યું કે મને તમારી કરતા વધારે ખબર છે. ઓલો કહે કે તમને જેટલા સવાલ કરીએ કશી ખબર નથી, ને કહો છો કે મારા કરતા વધારે ખબર છે, એ કેવી રીતે. પેલા માણસે બહુ શાંતિથી કહ્યું, કે હું ક્યાં છું એ મને ખબર છે, તમે ક્યાં છો એની તમને ખબર નથી !

ઘણી બધી માહિતી આજે તમારી પાસે છે, પણ આપણે ક્યાં છે, આપણે શું છે, આપણે કોણ છે, આ માહિતી આપણી પાસે નથી ! બહુ સરસ મર્મની વાત એક કવિ એ કરી છે.

" તું પહેલા તારો જ માહિતગાર થઈ મ,
પછી બાઈબલ, કુરાન, ઉપનિષદ ખબર પડશે તને "

જ્યાં સુધી તને સ્વની ખબર નથી ને, ત્યાં સુધી બધું જ આંધળે બેરું કુટાવા જેવું થશે ! આપણે કેટલી વાર ઉપાશ્રય માં ગયા, કેટલી વાર વ્યાખ્યાનો સાંભળ્યા, કેટલી વાર ધર્મ ગ્રંથો વાંચ્યા, ધાર્મિક પુસ્તકો વાંચ્યા, આપણે આપણું નિરિક્ષણ કરીએ ને આપણા જીવનનું, આપણી ધર્મચર્ચા નું, આપણી જ્ઞાન ચર્ચા નું, જેને વિહંગા લોકન, BIRD VIEW કહેવાય, SKY VIEW કહેવાય, આપણે આપણું જ ચિત્ર જોઈએ તો આપણને આપણા ઉપર હસવું આવશે, આપણને આપણા ઉપર રડવું આવશે કે શું ચાલતું હતું, આપણે કેવી રીતે લેતા હતા, આપણે શું સમજતા હતા, શાની વાત ચાલુ હતી છે

" તું પહેલા તારો જ માહિતગાર થઈ મ,
પછી બાઈબલ, કુરાન, ઉપનિષદ ખબર પડશે તને "

જ્યાં સુધી તમે તમને નથી સમજ્યા, ત્યાં સુધી તમે કશું સમજ્યા નથી ! તમે તમને સમજી ગયા તો પછી બીજું કાંઈ સમજવાનું બાકી નથી ! બહુ સરસ મર્મની વાત અધ્યાત્મ સાર માં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

classmate

ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
આત્મા જણાઈ ગયો, આત્મા પરખાઈ ગયો, તો બીજું કશું જાણવાનું કે પરખવાનું બાકી નથી.
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥
અને જો આત્માને નથી જાણ્યો, તો બીજું બધું જ જ્ઞાન ફોગટ છે. બહુ સરસ મઝાની વાત યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે,
आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
આપણું બધું જ દુઃખ, એ ઉગ્યું કયાંથી, એ ફેલાયું - કયાંથી, જ્યાં સુધી તમે મૂળમાં નહિ જાવ, નિદાન નહી પકડો, DIAGNOSE નહી કરો, ત્યાં સુધી તમારું કામ થવાનું જ નથી. બધા જ દુઃખનું મૂળ છે આત્માનું - અજ્ઞાન, અને જે બધું જ દુઃખ હરે, એનો એક માત્ર રસ્તો છે, આત્મજ્ઞાન !
तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥
તપથી પણ જેણે હજુ આત્મજ્ઞાન નથી પામ્યું, એ પોતાના દુઃખને છેદી શકતો નથી. વર્તમાનમાં મોટા ભાગનાઓને આત્મા/મોક્ષ ની કોઈ પડી જ નથી. બહુ ઓછાને પડી છે, એમાં અડધા માત્ર જ્ઞાનના રસ્તે ચાલ્યા છે, બાકી ના અડધા, એમાં મોટા ભાગના માત્ર ક્રિયાના રસ્તે ચાલ્યા છે, જ્ઞાનીઓ કહે છે,
ज्ञानक्रियाभ्यां मोक्षः ।
જ્યાં સુધી બંને નથી, ત્યાં સુધી તમારો ઉધ્ધાર નથી ! મોક્ષ સ્યાદવાદ થી મળશે, મોક્ષ અનેકાંતવાદ થી મળશે, માત્ર નિશ્ચય થી પણ મોક્ષ નથી, માત્ર વ્યવહારથી પણ મોક્ષ નથી ! જેની પાછળ આપણે આખી જિંદગી દોડીએ છીએ, આપણે જરા ઉભા રહીએ ને વિચારીએ ને તો આપણને આપણું મન પાગલ લાગશે. જ્યાં સુધી - આપણને આપણું મન જ નથી મળ્યું, જ્યાં સુધી તમને તમે જ નથી મળ્યા, ત્યાં સુધી બીજું કંઈ મેળવવાનો

અર્થ જ નથી. આત્મપ્રગા ની સાધના, આ શબ્દોથી સમજા-
વવા માટે નથી. આ સુચના માત્ર છે, આ દિશા માત્ર છે.
તમે કહો કે સાહેબ અમને સમજાવો, અમને આત્મજ્ઞાન-
જોઈએ છે, અમને આત્મજ્ઞાન આપો. આત્મજ્ઞાન આપવાની
વસ્તુ જ નથી! બહુ.. બહુ તો આત્મજ્ઞાનનું આલંબન
આપી શકાય છે. આત્મજ્ઞાનની દિશા આપી શકાય છે.
સાચું બોલો, રસોઈની THEORY તમે ગમે તેટલી ભણો,
મોઢે કરો, પાકી કરો, ગોખી મારો, એનાથી રસોઈ બની જાય?
છેવટે તો રસોઈ કરવી પડે.

છગન નો છોકરો SCHOOL માં ગયો
હતો, TEACHER એ પ્રશ્ન કર્યો, કે SCIENTISTS
એ ઘણા બધા MACHINES ની શોધ કરી છે,
તમે મોટા થઈ ને કયા MACHINE ની શોધ
કરશો? છગનના છોકરા એ આંગળી ઉંચી કરી
TEACHER એ કહ્યું બોલ, એટલે એણે કહ્યું કે
હું એવા મશિન ની શોધ કરીશ જેનું એક બટન
દબાવો એટલે HOME-WORK થઈ જાય!
TEACHER જરા નારાજ થયા, છોકરાઓ ને ENCOURA-
GE કરવા હતા, SCINTIEST બનવા, સંશોધન કરવા,
ત્યાં તો HOME WORK ની જે આળસ છે.
TEACHER એ ખાસ નારાજ થઈ ને કહ્યું કે તું તો
બહુ જ આળસુ છે, મહાઆળસુ છે. બેસી જ તું.
મગન ના છોકરા એ આંગળી ઉંચી કરી એને
પુછ્યું, બોલ તુ શું કરીશ? તું કયા મશીનની
શોધ કરીશ, મગનના છોકરા એ કહ્યું, કે આ
છગનનો છોકરો છે એ જે મશીનની શોધ કરીને
જેનું બટન જે દબાવી આપે ને એવા MACHINE
ની હું શોધ કરીશ. એટલે બટન દબાવવાની પણ
તસ્દી લેવી નથી, કશું જ કરવું નથી, કદાચ એવું
MACHINE શોધાય પણ જાય, HOME WORK થઈ

DATE 26 12 2018

પણ જાય, બધું હોય INTERNET ઉપર ને છોકરો PRINT કાઢી લે, ને એ સ્કુલમાં PASS પણ થઈ જાય, તો પણ HOME WORK તો બાકી જ રહેશે. વાત સમજાય છે! બહુ સરસ મજાની વાત હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

स्वयं वेद्यं हि तद्ब्रह्म।

બ્રહ્મ ને જે ઓળખવું છે, આત્માને જે ઓળખવો છે, તત્વજ્ઞાન જે મેળવવું છે, એક જ શ્લોક ની અંદર હરીભદ્રસૂરી મહારાજ એ, એના બધા જ રહસ્યો ભરી દીધા છે.

कुमारी न स्त्रीसुखं यथा।

જે કુંવારી સ્ત્રી છે, કુંવારી કન્યા છે, પરણેતર નું જીવન શું હોય, એ જીવનની શું ધારના હોય એને સમજ ના શકે.

अयोगी न विजानाति सम्यग् जात्यन्धवद् घटम्॥

જે યોગી નથી જે અયોગી છે, હજુ સુધી જેને યોગની સ્પર્શના નથી થઈ, એ આત્માને સમજ શકે એ શક્ય જ નથી. એક માણસ છે જન્મ થી આંધળો છે, તમારો મિત્ર છે, તમને પુછે કે માટલું શું હોય? કેવું હોય? તમે એને સમજાવો છો, કે જે એ છે ને એક માટીનું વાસણ હોય, એને ગોળાકાર - SHAPE આપ્યો હોય, મોઢું કર્યું હોય, ઉપર કાંઠા જેવું હોય, પાણી ભરાય એની અંદર, ધીમે ધીમે પાણી ઝરે ને પાણી ઠંડુ થાય, એને માટલું કહેવાય, એ કહે કે હજુ સમજાતું નથી, તમે માટલું એના હાથમાં આપો ને કહો કે જાને અડ, આ આકાર તને અડે છે ને, આને માટલું કહેવાય, એક લાઈએ એક અંધ

વ્યક્તિ ને ઘરે આમંત્રણ આપ્યું, ખીર પીરસી, ખીર એને
બહુ ભાવી, એણે કહ્યું આ શું હોય, કહ્યું આ ખીર
હોય. કેવી હોય ?, મીઠી મીઠી હોય એ તો બરાબર-
પણ કેવી હોય ?, એ કહે બગલા જેવી ધોળી- ધોળી
હોય, એટલે પેલા આંધળા એ પુછ્યું બગલો કેવો
હોય ?, એટલે ઓલો માણસ મુંઝાયો, એણે એની
બુદ્ધિ લગાડી, હાથ છે ને આમ વાંકો કર્યો, અને
વાંકો હાથ કરીને પેલા ને અડાડ્યો, કે છે ને આવું છે
ને બગલો આવો હોય, ડોક આવી હોય, એટલે
માણસ ને સમજ્યું, અને એ અંધ ને સમજ્યું એટલે
એણે તરત કહી દીધું કે મને સમજાઈ ગયું, કે જે
વાંકુ વાંકુ હોય ને એનું નામ ખીર !

अयोगी,न विजानाति सम्यग् जात्यन्धवद् घटम् ।

જે અયોગી છે તે આત્માને જાણી શકે એમ નથી,
જેણે માત્ર સાંભળ્યું, જેણે માત્ર વાંચ્યું, બસ જેને માત્ર
જાણ્યું છે, જેને કંઈ કરવું નથી, જેને અંદર ઉતરવું
નથી, જેને સ્વપુરૂષાર્થ થી આત્માને શોધવી નથી,
આત્મીપણા કરવી નથી. ધ્યાનમાં ડુબવું નથી. આપણને
વર્ષો ની એવી ટેવ પડી ગઈ છે, ઉંચા માં ઉંચા વ્યાખ્યાનો
સાંભળવા. સારું વ્યાખ્યાન હોય તો આપણે જઈએ,
બે દિવસ તમે ધ્યાન કર્યું, ત્રણ દિવસ તમે ધ્યાન
કર્યું તમને લાગ્યું એ આ બધું બરાબર છે, પહેલા
દિવસે તમે વ્યાખ્યાન સાંભળ્યું ને લાગ્યું કે ધ્યાન
કરવા જેવું છે, બે દિવસ કર્યું ને હવે છે ને આપણે
જરા લગન માં જવાનું છે, આ છે, તે છે, ફલાણું
છે, ઢીકણું છે, પછી ક્યારેક જોઈશું, ને આમ
કંઈ થતું નથી, આ કરી- કરી ને કંઈ ફાયદો નથી.
THOMAS ALVA EDISON નામની વૈજ્ઞાનિક, જેણે
વિજળી ના BULB ની શોધ કરી. અને એ માણસે
છે ને એ વિજળી નો BULB શોધવા માટે

એમાં એવો તાર કે જે કામ લાગે, એ તારની
શોધ કરવા માટે, એને એ યોગ્ય તાર મળ્યો ની
એની પહેલા એણે એક હજાર નિષ્ફળ પ્રયાસો
કર્યા. એક હજાર વાર એ FAIL થયો, અને
એની પછી એને એ PROPER (યોગ્ય) તાર મળ્યો
કે જે આ રીતે વિજળી થી પ્રકાશિત થઈ શકે,
અને BULB માં કામ લાગી શકે.

શું આત્માર્થી જીવ એક વૈજ્ઞાનિક
જેટલી પણ ધીરજ ના રાખી શકે ? તમે
ત્રણ વાર નહિ તમે ત્રીસ વાર કરો, ત્રણસો
વાર કરો, હું તમને ખાત્રી સાથે કહું છું કે
દર વખતે તમારો અનુભવ પહેલા કરતા વધુ
ઊંડો થતો જ જશે, શરત એટલી કે પ્રામાણિક
પણે તમારે કરવું પડે, અને એમ આગળ
વધતા ... વધતા એ દશા પણ આવશે, કે જેને
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, પરમારથ શિવ
પંથ કહે છે.

અને જ્યાં સુધી મહેનત કરશો નહિ,
તીર્થંકર ભગવાન સાક્ષાત મળ્યા હશે, આપણને
કેવળજ્ઞાન ના આપી, આ તો હું સ્પષ્ટ કહું
જ નથી કહેતો, ઢેવાડા જડા થઈ જાય, એવી
આત્મજ્ઞાન ની વાત સાક્ષાત તીર્થંકર કહેશે, પણ
જ્યાં સુધી તમે પુરુષાર્થ નહીં કરો, ત્યાં સુધી
તમને વાત સમજવાની નથી, આત્મજ્ઞાન થવાનું
નથી ! આંધળી વ્યક્તિ ને દેખતી વ્યક્તિ ખીર-
માટે, માટલા માટે, ગમે તેટલું સમજાવે,
જે દેખતા ને સમજાય છે, એ ખીર-
આંધળા ને માત્ર સમજાવવા થી આવવાની જ
નથી. બરાબર એ જ રીતે તમે જ્યાં સુધી
અંદર ના ઉતર્યા, તમે અંદર શોધ ના કરી,

તમે શબ્દથી, અશબ્દ સુધી પહોંચ્યા નહી, તમે શાસ્ત્રથી અનુભવ સુધી ના પહોંચ્યા, અને માત્ર શબ્દોથી તમને આત્મજ્ઞાન થઈ જાય, આવી આશા જો તમે રાખો છો, તો એ કદી થવાનું જ નથી.

**સાધકોનો પ્રશ્ન :-** જેમ પંચના બોલી, હું એક આત્મા છું, શરીર થી પર છું. એ પણ એક ક્રિયા જ છે ને. માત્ર આયંબિલ કરીએ તો ક્રિયા ગણાય ને આ રીતે મન સતત આવામાં રાખીએ તો એ ક્રિયા ના ગણાય ?

**પૂજ્ય શ્રીનો ઉત્તર :-** સો ટકા સાચી વાત, મારે તમને આ જ કહેવું છે ! એટલે હું તમને પહેલા દિવસ થી કહી રહ્યો છું, કે હું આ બોલું છું એ જ અધ્યાત્મ છે ને શબ્દો છે એ જ આત્મજ્ઞાન છે, એવું ભુલે ચુકે સમજતા નહી. આ બધું માધ્યમ છે. શબ્દના માધ્યમે અનુભવ સુધી પહોંચવાનો પ્રયાસ, આ દસ દિવસ દરમ્યાન આપણે કરવો છે. આત્મજ્ઞાન ની ઘણી બધી વાત તમને કરવી છે, પણ તમે વાતમાં જ અટકી ના જાવ, વાતમાં જ તમે ઈતિ શ્રી ના સમજી લો, એના માટે પણ મારે તમને તૈયાર કરવા છે.

સદ્‌ગુરુ ઉપાશ્રય માં બેઠા છે, સવારનો સમય છે, શિષ્ય એ વંદન કર્યા છે, વંદન કરી ને સદ્‌ગુરુ ની પાસે બેઠા છે, હાથ જોડ્યા છે, અને સદ્‌ગુરુ ને કહે છે, કે ગઈ કાલે રાતે એક અદ્દભુત સ્વપ્ન આવ્યું, અને એ સ્વપ્ન ની અંદર મેં જોયું, કે છે ને એક હોલ હતો, ને એ હોલમાં હું પ્રવેશ્યો ને આગળ મોટી દિવાલ હતી,

દિવાલ ઉપર મોટું તૈલ ચિત્ર હતું. (OIL PAINT)
અને એ ચિત્રમાં મોટું વૃક્ષ હતું, એ વૃક્ષમાં
ઘણા બધા પાંદડા હતા, અને એ પાંદડાઓ છે
ને, એ રડતા હતા. શિષ્ય, સદ્ગુરને પોતાનું
સ્વપ્ન કહી રહ્યા છે મેં રડતા પાંદડાઓને -
પુછ્યું તમે શા માટે રડો છો ? અને એ
પાંદડાઓ એ કહ્યું, કે અમે ખરી જઈશું, અમને
ડર લાગે છે, માટે અમે રડીએ છીએ.
મને બહુ જ આશ્ચર્ય થયું સાંભળીને કે
એ ખરી કઈ રીતે શકે ? મેં પાંદડાઓને
કહ્યું, કે તમે તો ચીતરેલા પાંદડાઓ છો, તો
તમે કઈ રીતે ખરી શકો ? એ પાંદડાઓએ
રડતા .... રડતા જવાબ આપ્યો, કે અમે
પાંદડા છીએ તો ખરશું તો ખરા જ ને !
મને બહુ જ આશ્ચર્ય થયું, અને મારી આંખ
ખુલી ગઈ. આ સ્વપ્ન નો અર્થ શું હોય શકે ?
શિષ્ય એ સદ્ગુરૂ ને પ્રશ્ન કર્યો, અને -
સદ્ગુરૂ મધુર સ્મિત સાથે જોઈ રહ્યા છે !
સદ્ગુરૂ સમાધાન આપે એ પછીની ઘટના
હોય છે. સદ્ગુરૂ સમાધાન આપે
એ માત્ર પ્રક્રિયા હોય છે. ખરી વાત તો
એ છે કે સદ્ગુરૂ પોતે જ સમાધાન છે.
સદ્ગુરૂ પાસેથી જેને સમાધાન મળે છે,
જેને સદ્ગુરૂ પોતે સમાધાન લાગે છે. જેને
સદ્ગુરૂ પાસેથી સમાધાન મળતું નથી ને,
એને હકીકતમાં સદ્ગુરૂ જ પોતે સમસ્યા
લાગતા હોય છે. સદ્ગુરૂ સમજશે તો બધું
જ સમજશે ! એનું એ વ્યાખ્યાન હોય,
સૌથી વધારે લાભ કોને થશે, એનું એ
પુસ્તક હોય સૌથી વધારે BENEFIT કોને

DATE 26 12 2018

થશે ? જેને HIGHEST અહોભાવ હશે, HIGHEST બહુમાન હશે, એને સૌથી વધારે લાભ થશે! આપણી સમજીએ છીએ કે આપણને છે ને ક્ષયોપશમ જેટલો વધારે હશે, એટલું વધારે સમજશે, જ્ઞાનીઓ કહે છે કે કદાચ ક્ષયોપશમ તમારો ઓછો હશે, શક્તિ તમારી ઓછી હશે, પણ અહોભાવ જો તમારો વધારે છે, તો તમને જલ્દી આત્મજ્ઞાન મળશે.

બુદ્ધિ તમારી જોરદાર છે, હોંશિયારી તમારી બહુ જ છે, બહુ જ તમે બુદ્ધ છો, ભણેલા ગણેલા છો, ઘણા બધા વ્યાખ્યાનો સાંભળ્યા, ઘણી બધી ધ્યાન શિબિર કરી, અહોભાવ જો તમારો ઓછો છે, તો એટલી તમારી વાર લાગશે જ રહેશે. આત્મજ્ઞાન કદિ પણ બુદ્ધિથી મળીના શકે, બુદ્ધિ એને સમજવા કંઈક USEFUL થઈ શકે, કંઈક ઉપયોગ એનો હોય શકે, છેવટે તો તમારા અહોભાવ ના બળે, શ્રદ્ધાના બળે, બહુમાન ના બળે, મોક્ષ માર્ગ ઉપર આગળ વધવાનું છે.

આત્મસાક્ષી એ આપણા આત્મા ને - આપણે પુછીએ, હજારો વ્યાખ્યાન કદાચ આપણે સાંભળ્યા, ઘણા ઘણા ઉંચા ઉંચા પદાર્થો આપણે સાંભળ્યા, અહોભાવ ની ભીનાશ આપણામાં કેટલી? ભગવાન ના શબ્દો આપણને મળ્યા એ સુણી આપણે ગળગળા થયા ખરા? ભગવાન ના આગમનું એક સુત્ર આપણને સમજવા મળ્યું, ને આપણી આંખમાં હર્ષ ના આંસુ આવ્યા ખરા? જ્ઞાન પ્રત્યે, જિનવાણી પ્રત્યે, અંતરમાં સહજ, પરાકાષ્ટા ના બહુમાન ભાવનો એક કણ માટે પણ આપણને સ્પર્શ થયો ખરો?

દોઢ વર્ષના દીકરાને, પૌત્રાને રમાડતા રમાડતા, ગાંડા ઘેલા આપણે થયા છીએ. દહેરાસરમાં જઈને કદી ગાંડાઘેલા, જિનવાણી શ્રવણ કરીને કદી ગાંડાઘેલા, આખી જિંદગીમાં એકાદ મિનિટ એવી આવી કે આપણે નાચી ઉઠ્યા હોઈએ, આપણે ગાંડા બની ગયા હોઈએ, એકાદ મિનિટ ?

સવાલ ઉંચા પદાર્થો નો નથી, સવાલ કેવા મહાત્મા છે એનો નથી, હું કહું કોઈ સીધા-સાદા મહાત્મા હોય, સીધી-સાદી ભાષામાં - વ્યાખ્યાન કરતા હોય, હું તમને પુછું છું કે એ શું નકામું હોય છે! ભલે પાંચ જણ માંડ આવતા હોય, એ મહાત્મા નું વ્યાખ્યાન - સાંભળતા- સાંભળતા પણ આપણને કેવળજ્ઞાન થઈ શકે છે, એ આપણી પાસે ભૂમિકા છે.

શિષ્ય ને સદ્ગુરુ સમજાઈ રહ્યા છે, સદ્ગુરુના હોઠ ફરકે છે, અને સદ્ગુરુ કહે છે, કે આ સ્થાન નો જે અર્થ છે ને, એ તું સાંભળ. એ ચિત્ર ના વૃક્ષનો અર્થ છે સંસાર! અને પાંદડા નો અર્થ છે આપણે! એ ચીતરેલા પાંદડા કદી ખરે જ નહિ ને એમને જે ખરવાનો ડર હતો, બરાબર એ જ રીતે, આપણને મરવાનો ડર છે. એ રડે છે કે હું ખરી જઈશ, આપણે રડીએ છીએ કે હું મરી જઈશ. સંસાર પણ ચીતરેલો, પાંદડા પણ ચીતરેલા, વૃક્ષ એ ચીતરેલું, પાંદડા એ ચીતરેલા, સંસાર એ ચીતરેલો, આપણે પણ ચીતરેલા! શિષ્ય કહે છે કે ગુરુદેવ હજુ બરાબર સમજાતું નથી, એ પાંદડા ખરી ભય માટે એ રડે, એ ખોટા હતા, તો શું આપણે પણ ખોટા છીએ ?

એ તો ચીતરેલા હતા, આપણે તો સાચા છીએ, તો આપણે મૃત્યુનો ભય એ ખોટો કઈ રીતે ને સદ્‌ગુરુ કહે છે, કે એ પાંદડા ને કોઈ ચીતારો એ ચીતરેલા છે, આપણને નામકર્મ એ ચીતરેલા છે. ગતિ-નામકર્મ, શરીર નામકર્મ, સંઘાત નામકર્મ, ચીતારા જેવું આ નામકર્મ ને નામકર્મ એ આપણને ચીતરેલા છે. એ પાંદડા માટે આશ્ચર્ય થાય, એ પાંદડા માટે હસવું આવે, કે તમે ચીતરેલા છો તો તમારે ખરવા માટે ડરવાનું જ ના હોય, હકીકતમાં આપણી જ આ વાત છે.

"આપણો મડદા છતાં બીક મરવાની રહે,
ચીતરેલા પાંદડાને જેમ ખરવાની રહે."

આપણને મૃત્યુ નો ડર લાગે છે કારણ કે આપણી પાસે આત્મજ્ઞાન નથી. આપણે હું ને સમજ્યા નથી, આપણે આપણા સ્વરૂપ ને સમજ્યા નથી. આપણા મરવાનો ડર એના જેવો છે કે જેમ કોઈ બળદ વિચારે કે મને કોઈ દોરી જશે તો! આપણા મરવાનો ડર એ એના જેવું છે, એ કૃત્રિમ પુષ્પ હોય, અને એ ડરતા હોય કે અમે કરમાઈ જશું તો! આપણા મરવાનો ડર એ એના જેવો ડર છે કે વંધ્યા સ્ત્રી હોય, અને એ ડરતી હોય મારો દીકરો મરી જશે તો! આપણા મરવાનો ડર એ એના જેવો ડર છે, ભલે રાખ છે એ ડરી રહી છે કે હું બળી જઈશ તો!

"આપણો મડદા છતા બીક મરવાની રહે
ચીતરેલા પાંદડાને જેમ ખરવાની રહે"

આખી જિંદગી આપણે ચિત્ર માટે ખુવતા હોઈએ છીએ અને ચિત્ર માટે આપણી જિંદગી વેડફતા હોઈએ છીએ.

જે નથી એના માટેની બધી ઉપાધિ, જે બનાવટી છે, એની પાછળ દોડવું છે, જે અસલ છે, જે આપણું સ્વરૂપ છે, જે આપણે પોતે છીએ, એનાથી આજ આડા કાન કરવા છે, ને માટે જ આપણો મોક્ષ થતો નથી. સાહેબ, સમજ્યા તો ખરા, સાહેબ, દીક્ષા ની ભાવના એ થાય, સાહેબ દીકરા નું શું ? પત્ની નું શું ? સાહેબ ઘરનું શું ? સાહેબ, શરીર છે ને બહુ સુખશીલ છે, એને કષ્ટ વેઠવું ફાવતું નથી, હું કહું બધી જ ચિત્ર ની મથામણ છે, ચિત્રની માથાકૂટ છે, - અસલિયત ને ભૂલી ગયા છીએ, ચિત્ર જ સાચું છે, આ સમજી ને બેઠા છીએ ને માટે આપણે આત્માને ભૂલી ને જીવીએ છીએ.

દસ દિવસ એક સંકલ્પ કરવો છે, ગમે તે થાય, એક CHANCE લેવો છે, આત્મજ્ઞાનની એક ઝલક મેળવવી છે, આત્મા ની શોધ કરવી છે. આત્મા સુધી પહોંચવું છે, અને આ દસ દિવસના છેલ્લા ત્રણ દિવસ, એટલે પોષ દસમી ના પ્રભુ પાર્શ્વનાથ ના કલ્યાણકો ના દિવસ, પાવન દિવસો, સેન પ્રશ્ન નામનો ગ્રંથ એની અંદર, પ્રશ્ન પૂછ્યો છે, કે ચોવીસે તીર્થંકરો નું સરખું કેવળજ્ઞાન, સરખા અતિશયો, સરખા અષ્ટ - પ્રાતિહાર્યો, ને છતાં પાર્શ્વનાથ ભગવાનનો આટલો બધો મહિમા કેમ ? એનો બહુ સરસ મજાનો જવાબ સેન પ્રશ્ન ગ્રંથ ની અંદર આપ્યો, કે પાર્શ્વનાથ ભગવાન છે ને, એમના ઘણા બધા શિષ્યો અને શિષ્યા, એ પોતે ભવનપતિ, વ્યંતર વગેરે નિકાયો માં ગયા છે, આપણાથી બહુ જ નજીક છે, પોતાના જે ગુરુ હતા, એમની પાસે દીક્ષા લીધી, એટલે ભગવાન પણ જે

ની ગુરૂ પણ એ, એમના પ્રત્યે ના પુજ જ ભક્તિ ભાવથી, એ લોકો એ ભગવાનની મહિમા વધારે છે. તમારે કોઈપણ પ્રકારનો અંતરાય હોય, તમારે કોઈપણ મનની તકલીફ હોય, વિઘ્ન હોય, જેના કારણે તમે એટલો બધો ધર્મ ન કરી શક્તા હો, જેના કારણે તમને સમાધિ ન રહેતી હોય, જેના કારણે તમને રાગ-દ્વેષ વધ્યા કરતા હોય, કોઈપણ પ્રકારનો પ્રશ્ન, સંઘની સમસ્યા, પોષ દસમી ની આરાધના, એ આખા વર્ષની અંદર, તમારી બાહ્ય તકલીફો ની પણ દુર કરવા માટે, જેનાથી તમને સમાધિ મળે, જેનાથી તમને ધર્મની અનુકૂળતા થાય, એના માટે નું એક સરસ મઝનું આલંબન છે. ત્રણ દિવસ એવી ભાવના છે પ્રવચન દરમ્યાન, પાર્શ્વનાથ ભગવાનના દસ ભવો, અને એ દસ ભવો સાથે સાથે, ભગવાનની દસ આંતર સાધના. ભગવાનનું બાહ્ય ચરિત્ર, અને ભગવાનનું આંતર ચરિત્ર આ બંને સમાંતર સમાંતર સ્પર્શવાની ભાવના! અનુભવવાની ભાવના! અને એમી સાથે - સાથે, આત્મએષણા ની અંદર, સ્વયં પાર્શ્વનાથ ભગવાન તરીકેની અનુભૂતિ આપણને મળે, એમની જે દશા હતી,

कमठे धरणेन्द्रे च स्वोचितं कर्म कुर्वति

એવી વિષમતા ની અંદર પણ, જે ભગવાનની સમતા,

प्रभुस्तुल्यमनोवृत्तिः।

આ દશા ની સ્પર્શના આપણને મળે, ત્રણ દિવસ આખા વરસમાં, તપ કરવા માટે સૌથી સહેલા માં સહેલા દિવસો, હોય તો એ આ દિવસો છે. ઠંડી ચાલુ હોય, તમે પર્યુષણ માં અઠ્ઠમ કરો, અને પોષ દસમી કરો, એમાં પોષ દસમી નો અઠ્ઠમ ઘણો સહેલો પડે, પર્યુષણ માં તો હજુ ભાદરવો મહિનો બેસી ગયો હોય, સંવત્સરીના તડકા પણ કદાચ ચાલુ થઈ ગયા હોય, આ કુલ ઠંડીની માહોલ, એની અંદર પાર્શ્વનાથ

ભગવાનની આરાધના, ઘણા બધા સંઘોની વિનંતીઓ
હતી, આગ્રહ પણ ખુબ જ હતો, અને ગુરુદેવે
જે રીતે આપી છે ને, એક ભાઈની ખુબ જ સારી
ભાવના વધુ માં વધુ અઠ્ઠમ થાય, સાહેબ મારી તો
ભાવના એવી છે માત્ર સંઘ ના જ નહિ, કોઈ
પણ શેરિયા ના ભાગ્યશાળી ઓ આવી શકે.
અઠ્ઠમ નો તપ હોય, પાર્શ્વનાથ ભગવાનનું જાપ
અને આંતર ચારિત્ર હોય, અને ધ્યાન યોગ દ્વારા
સ્વયં પાર્શ્વનાથ ભગવાન તરીકે ની આપણી અનુભૂતિ
થાય, એનો એક મોકો. ભગવાનને ભેટવાનો
અર્થ એ છે કે આપણા આત્માના પ્રદેશે પ્રદેશે
ભગવાનની પરિણતિ મળે.

આપણે ત્યાં એક શબ્દ છે, સર્વાંગીણ
આલીંગન, જ્યાં દરેક અંગ મળે એવી રીતે ભેટવું
એ શક્ય જ નથી હોતું, એવી રીતે કદાચ ભગવાન
ને ભેટીએ તો ભગવાનની પીઠ ઓલી બાજુ હોય
ને આપણી આ બાજુ હોય, આત્મીપણા ના
માધ્યમે, ધ્યાન યોગના માધ્યમે, આપણા આત્માના
પ્રદેશે પ્રદેશે, પરમાત્મા નો POWER સ્પર્શ થાય.
પરમાત્મા નું જે મુળભુત સ્વરૂપ, એમનો જે
સમભાવ, એ સમભાવ ની પરિણતિ આપણા -
આત્મા ના પ્રદેશે પ્રદેશે મળે, એ પરમાત્મા જ
મળ્યા બરાબર કહેવાય, માટે પોષ દસમી ત્રણ
દિવસ, આ કોઈ સંખ્યા વધારવા માટેની પણ
વાત નથી. એક વ્યક્તિ એમના જે આરનુ
એના બળે અહીંયા આવવાનું થયું, એમની
ભાવના સફળ થાય, સંઘ આખો જોડાય, તમે
તમારા આખા પરિવારને અત્યારથી તૈયાર કરી
શકો છો, બેટા, આખું વર્ષ તો આપણે ત્રણ વાર,
ચાર વાર, પાંચ વાર ખાઈએ છીએ, બેટા આ

DATE 26 12 2018

મારી ઈચ્છા છે, આ ત્રણ દિવસ આપણું રસોડું બંધ રહે. ઘર-ઘરમાં રસોડું બંધ હોય, અને ઘર ઘરની અંદર પાર્શ્વનાથ ભગવાનની એક ધારા થાય, બાહ્ય થી અઠ્ઠમ નો તપ હોય. તમને કદાચ ખબર નહીં હોય, ચક્રવર્તી પોતે જ્યારે દિગ્વિજય કરવા જાય, અને એમાં વારંવાર અઠ્ઠમ તપ કરે, અને પછી પછી એ આગળનો રસ્તો CLEAR થાય, અઠ્ઠમ તપ વિઘ્ન નાશક છે, મંગલકારક છે, આરોગ્ય પ્રાપક છે, શાંતિદાયક છે, એમાં પણ પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ રૂપે કરેલ અઠ્ઠમ તપ, આપણા માટે બાહ્ય અને અભ્યંતર, સમૃદ્ધિ લાવનાર થશે, સમભાવ ની અંદર ડુબાડનારો થશે. આ તો કસ્તુરી ની દલાલી છે, જેટલી કરશો, તમારા આત્મા ની પણ સુવાસ મળશે, એના માટે પ્રયાસ કરજો.

---

## આત્મેક્ષણા શિબિર - દિવસ ૫

DATE 27 12 2018

ઉદાસીનતા જ્ઞાનફલ પરપ્રવૃત્તિ મોહ
શુભ જાનો સો આદરો ઉદિત વિવેક પ્રરોહ

શુન્યતા, સ્વચ્છતા, નમ્રતા અને સમર્પિતતા, - આત્મેક્ષણા ની ભૂમિકા ! આગળ આગળ ઇમારત ચણવાનો આપણે પ્રયાસ કર્યો છે. આધાર સ્તંભો, બારી, દિવાલ, અને હવે એક વાતાવરણ સર્જવું છે, આજે વાત કરવી છે, વાતાવરણ ની ! બહુ સરસ મઝાની વાત એક કવિ એ કરી છે.

" કેવી રીતે મકાન ઘર થશે,
એ રીત હું દીકરીને શિખવાડું છું !"

મકાન બનાવવા માટે ENGINEER પૂરતો છે, ઘર બનાવવા માટે "મા" બનવું પડે છે. સમજદાર બનવું પડે છે, આવકાર વાળા બનવું પડે છે. આત્મેક્ષણા ના ઘરનું વાતાવરણ, એનું નામ છે ઉદાસીનતા ! ગુજરાતી-માં ઉદાસીનતા નો અર્થ જુદો છે સંસ્કૃતમાં જુદો છે. અહીં સંસ્કૃત નો અર્થ લેવાનો છે. ઉદ્ ઉપસર્ગ, આસ ધાતુ, આસ એટલે બેસવું, રાગદ્વેષની ભૂમિકા થી ઉપર ઉઠી ને બેસવું, એનું નામ ઉદાસીનતા.
ક્ષુદ્ર ભૂમિકા છે, તુચ્છ ભૂમિકા છે, રાગદ્વેષની, એના-થી કંટાળવું, એનાથી ઉબવું, એનાથી અલિપ્ત રહેવું, એના થી ઉપર ઉઠવું, ઉદ્ એટલે ઉપર ઉઠવું. - આસીનતા એટલે બેસવું. ઉદાસીનતા - રાગ-દ્વેષની ભૂમિકાથી ઉપર ઉઠીને બેસવું.

માણસ છે રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યો છે, નાની કેડી છે, બે બાજુ વાડ છે. એક બાજુ કાંટાની વાડ છે, બીજુ બાજુ ફૂલની વાડ છે, કેડીમાં ધૂળ પથરાયેલી છે, માણસ ચાલી રહ્યો છે, કાંટા પ્રત્યે એને છોડવાની વૃત્તિ થાય છે, હેય બુદ્ધિ

થાય છે. ફૂલ પ્રત્યે એને ઉપાદેય બુદ્ધિ થાય છે, લેવાની વૃત્તિ થાય છે. ધૂળ માટે એને કશું જ પડતું નથી. - છોડવું પણ નથી, લેવું પણ નથી. માણસ ચાલે જાય છે, હેય બુદ્ધિ, ઉપાદેય બુદ્ધિ, અને બંને બુદ્ધિનો અભાવ, તટસ્થ બુદ્ધિ, મધ્યસ્થ બુદ્ધિ, નિર્લેપ બુદ્ધિ, એટલે ઉદાસીનતા. ફૂલ લેવા છે, કાંટા છોડવા છે, ફૂલને લેન લે એ જુદા પ્રકારની વાત છે, કાંટાને છોડે ન છોડે એ જુદા પ્રકારની વાત છે, પણ બુદ્ધિ થઈ, હેય બુદ્ધિ, ઉપાદેય બુદ્ધિ, આમાંની એકે બુદ્ધિ ધૂળ પ્રત્યે નથી, ધૂળને જોઈ રહ્યો છે ને ચાલી રહ્યો છે, ને પસાર થઈ રહ્યો છે.

જૈન તત્ત્વનો એક BASIC ગ્રંથ છે, પ્રમાણ-નય તત્ત્વાલોક, અને આ ગ્રંથની અંદર પ્રશ્ન કર્યો છે કે કેવળજ્ઞાનનું ફળ શું ? કેવળજ્ઞાન મળી ગયું આનું ફળ શું ? અને ત્યાં જવાબ આપ્યો છે,

केवलज्ञानस्य तावत्फलमौदासीन्यम्।

ઉદાસીન ભાવ એ કેવળજ્ઞાનનું ફળ છે. બીજો પ્રશ્ન કર્યો કે બીજા જ્ઞાનોનું ફળ શું છે ? અને ત્યાં જવાબ આપ્યો,

शेषप्रमाणानां पुनर्हानोपादानोपेक्षाबुद्धयः।

કેવળજ્ઞાન સિવાયના જેટલા જ્ઞાન છે, જેટલી મતિ છે, જેટલા બોધ છે, જેટલી સમજ છે, જેટલું જોવા, સાંભળવા, વાંચવા વગેરેનું છે એનું ફળ શું ? તો એનું ફળ હેય બુદ્ધિ પણ હોય શકે, ઉપાદેય બુદ્ધિ પણ હોય શકે, અને ઔદાસીન્ય પણ હોય શકે. માણસ ત્યાંથી પસાર થઈ જાય છે, અને એ જ કેડી ઉપર, એની પાછળ-એક કેવળજ્ઞાની ભગવંત વિચરતા...વિચરતા પધારે છે. એજ કેડી છે, એજ એ વાડ છે, એજ કાંટા છે, એજ ફૂલ છે, એજ ધૂળ છે. કેવળજ્ઞાની ભગવંત ચાલી રહ્યા છે, એમને કાંટા છોડવા પણ નથી, એમને ફૂલ લેવા પણ નથી, કાંટા ખરાબ આવ્યું પણ એમને નથી પડતું,

ફૂલ સારા આવ્યું પણ એમને નથી પતું. જેવો ભાવ-
પેલી વ્યક્તિ ને ધૂળ પ્રત્યે હતો ને, એ જ ભાવ-
કેવળજ્ઞાની ને ધૂળ પ્રત્યે પણ છે, કાંટા પ્રત્યે પણ છે,
અને ફૂલો પ્રત્યે પણ છે. માટે કેવળજ્ઞાની ની દ્રષ્ટિમાં
ફૂલ પણ ધૂળ છે, કાંટા પણ ધૂળ છે અને ધૂળ પણ
ધૂળ છે. બધું જ ધૂળ થઈ જાય, એનું નામ કેવળજ્ઞાન.
જ્ઞાનનું ફળ શું ?

ફૂલો જેનાથી લેવા જેવા લાગે એને
શું જ્ઞાન કહી શકાય ? ફૂલો પણ કરમાય જવાના છે.
કાંટા જેનાથી છોડવા જેવા લાગે, એને શું જ્ઞાન કહી
શકાય ? કાંટા પણ એક દિવસ માટો બોગા થવાના છે.
નવા પર્યાયો આપણી સામે આવવાના છે ને ઉપાદેય-
બુધ્ધિ જગાડવાના છે. જેનાથી રાગ જાગે એને જ્ઞાન
કઈ રીતે કહી શકાય, જેનાથી દ્વેષ જાગે એને જ્ઞાન
કઈ રીતે કહી શકાય, જો એને પણ જ્ઞાન કહી-
શકાય, તો દુનિયામાં અજ્ઞાન જેવી કોઈ વસ્તુ જ નહિ
રહે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા, સમાધિ
શતક ગ્રંથ ની અંદર કહે છે,

ઉદાસીનતા જ્ઞાનફલ પરપ્રવૃત્તિ મોહ।

જ્ઞાન કોને કહેવું ? તમે બસો, પાંચસો, હજાર શ્લોકો
ગોખી લીધા એ જ્ઞાન ? તમે બસો, પાંચસો, ચોપડી-
ઓ વાંચી લીધી એ જ્ઞાન ? તમે પાંચસો, હજાર,
બે હજાર પ્રવચનો સાંભળી લીધા એ જ્ઞાન ? જ્ઞાન
શું ? જેનું ફળ છે એને જ્ઞાન કહેવાય ! ગુરુસુત્ર
ગયનું એક મંતવ્ય છે,

યદેવાર્થક્રિયાકારી તદેવ સત્।

સત્ શું છે ? હાજર શું છે ? વિદ્યમાન શું છે ?
જે અર્થ ક્રિયાકારી છે, જેનું કંઈક ફળ છે, જે
ACTIVE છે, જે એને અનુરૂપ કામ કરે છે.

એ જ છે. એ સિવાયની વસ્તુ છે જ નહિ એવું કહી શકાય.
જેટલી તમને ઉદાસીનતા મળી છે, એટલું તમને જ્ઞાન
મળ્યું છે.

ઉદાસીનતા જ્ઞાનફળ પરપ્રવૃત્તિ મોહ।

ભેર જ્યારે તમે ચાલવા નીકળ્યા છો, તમે ચાલી રહ્યા છો,
મોટા મોટા MALLS છે, મોટા મોટા SHOPPING-
CENTERS છે, મોટા-મોટા SHOW ROOMS છે,
લોકોની ભીડ છે, ઝાકઝમાળ છે, LIGHTING છે,
બધું ચમક ચકાચક-ચકાચક લાગે, સામેથી માણસ
નીકળે એટલે ફટ દઈને બધું ભેગા જ કરે... ભેગા જ
કરે. આ લેવું, પેલું લેવું, ઓલું લેવું, આ સારું, તે
સારું, ઓલુ સારું, પેલું સારું, અને એના મનમાં-
ઘમસાણ ચાલે. અને જે જ રસ્તે તમે નીકળ્યા છો,
એ MALLS, SHOWROOMS, SHOPPING CENTERS,
MEDIA, એ ભીડ, આ બધાની અંદર ધુળના ઢગલાની
સિવાય તમને બીજું કશું જ ન લાગે, તો તમે જ્ઞાની!

એક દિવસ હતો તમારા ઘરની અંદર જ
દિવસે, તમારા દીકરાનો જન્મ થયો હતો, કદાચ એક-
દિવસ એવો આવે જ્યારે તમને સાંભળવા મળે, કે-
તમારો દીકરો હવે આ દુનિયામાં નથી. જે બંને દિવસ
તમારા એક સરખા થાય, તો તમે જ્ઞાની!
ઓફિસમાં તમે બેઠા છો તમને ખબર પડી, કે પાંચ
કરોડની કમાણી તમને એક જ દિવસમાં થઈ છે, એ
દિવસ, ઓફિસમાં તમે બેઠા છો, તમને ખબર પડી કે,
આજના દિવસે તમે પાંચ કરોડને ગુમાવી દીધા છે, એ
દિવસ, બંને દિવસ તમારા સરખા થાય, તો તમે જ્ઞાની!

સભાનો પ્રશ્ન :- ભગવંત! સંયમ અનુકૂળ ક્ષેત્ર મળે ગામડા વગેરેમાં
તો આનંદ થાય છે, ને પછી અહીંયા

આવીએ ને એવું ક્ષેત્ર ના મળે તો શોક થાય છે, તો પછી આપણી ઉદાસીન વૃત્તિ કઈ રીતે રાખવાની ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સાધુને સંયમ યોગ્ય ક્ષેત્ર મળ્યું, એને આનંદ થયો, ગમ્યું હતું, લોકોની રહેણી-કરણી સંયમને અનુકૂળ હતી, લોકા-ચાર્યો સંયમને અનુકૂળ હતી, નિર્દોષ જગ્યાઓ, જંગલો સંયમને અનુકૂળ હતા, ને આનંદ થયો, ને અહીંયા આવ્યા ને, થયું કે ક્યાં આવી ગયા! ધારોકે! અને દુઃખ થયું, તો સાધુની ઉદાસીનતા ક્યાં છે ?

હું તમારા સંદર્ભમાં કહું કે ચાલો આજે તમને ઘરેથી રજા મળી, તમને દસ દિવસ તો ના રહેવા માટે જવા દીધા, ચાલો માફ કરી દઉં છું, આજે એક દિવસ તમે છુટ્ટા, મારી જેલમાંથી છુટ્ટા, તમે જઈ શકો છો, ઉપાશ્રય એક દિવસ રહી શકો છો, તમે આમ નાચી ઉઠ્યા, આનંદ... આનંદ થઈ ગયો, અને હજુ તો આ બધી DEAL થઈ હતી ને હજુ તો તમે પૂજા કરીને આવ્યા, આવતી કાલે જવાનું હતું, તમે થોડો સામાન PACK કરવા લાગ્યા, ને ફરીથી ઘરના ગ્રહો ફરી ગયા, ને તમને કહી દીધું કે કાલે તો આપણે અહીંયા જવાનું હતું, હવે કાલે નહીં જવાય, ને પછી જોઈશું ને તમે ઢીલા થઈ ગયા.

જિનશાસનની અંદર કોઈપણ વસ્તુ હોયને એને નયવાદથી સમજવાની હોય છે. હું વાત કરું ઉદાસીનતાની, ધારોકે મને સમાચાર મળ્યા કે અમુક મહાત્મા કાળ કરી ગયા છે, તમે મને એ જ સમયે વંદન કરવા આવ્યા, ને હું રડતો હતો ને તમે કહ્યું સાહેબ તમે વાત બધી કરો છો

જો રહી રહ્યા છો. આ બધી વાતો છે ને, અમુક વસ્તુને આદર્શ તરીકે સમજવાની હોય છે. અમુક વસ્તુ તાત્કાલિક લગાડવાની હોય છે, એ સંસારની બાબતમાં લગાડવાની હોય છે. કષાયો પણ મોક્ષ થઈ શકે છે. શસ્ત્ર એ છે કે એ પ્રશસ્ત કષાયો હોવા જોઈએ. પ્રશસ્ત કષાયો, એ પણ કાંટા છે, અપ્રશસ્ત કષાયો એ પણ કાંટા છે પણ પ્રશસ્ત કષાયો એ કાંટો નીકાળનારા કાંટા છે, અને અપ્રશસ્ત કષાયો આત્માને નડનારા કાંટા છે.

સંયમ યોગ્ય યોગની અંદર આનંદ થાય, સંયમ પ્રતિકૂળ યોગની અંદર, ઉચાટ થાય. આ પણ એક પ્રકારના રાગ-દ્વેષ છે, આ પણ એક પ્રકારના કષાયો છે, પણ એ પ્રશસ્ત કષાયો છે. ઉદાસીનતા નો આદર્શ ઘણો ઉંચો છે. પહેલા સાંસારીક બાબતોમાં - ઉદાસીનતા લાવવાની છે, દીકરો જન્મ્યો શું ને, ગયો તોએ શું ! પૈસા મળ્યા તો એ શું ને ગયા તો એ શું ! આ બાબતમાં તમારી ઉદાસીનતા હશે. તો તમને પારમાર્થિક ઉદાસીનતા જેમાં પ્રશસ્ત - અપ્રશસ્ત, કશું જ નથી, એ પણ મળશે. જ્યાં પ્રશસ્ત રાગ-દ્વેષ હોવા જોઈએ, પ્રવચન સાંભળવું છે. પૌષધ કરવો છે. દીક્ષા લેવી છે, એક દીક્ષાર્થી છે. એને જીવન મરણનો પ્રશ્ન છે. ઘરેથી રજા નથી મળતી, એ દીક્ષા માટે વિહ્વળ થયો છે, એ ધ્રુસકે ને ધ્રુસકે રડે છે, અને એને તમે કહો કે ભાઈ ઉદાસીનતા રાખવી જોઈએ, આ પણ કાંટો છે, આ પણ કષાય છે, આ પણ રાગદ્વેષ છે, એ તું રાગ-દ્વેષથી દુઃખી થયો છે, એ તને દીક્ષા ઉપર રાગ ના હોત ને, તો તુ બિલકુલ દુઃખી ના થાત, વિતરાગતા ની અંદર મોક્ષ માર્ગ છે, તુ જ્યાં સુધી દીક્ષા નો રાગ છોડીશ નહીંને ત્યાં સુધી તમારો મોક્ષ થવાનો નથી, તમે હજુ બરાબર સમજ્યા જ નથી. સાધુ બોલો, તમે એ આમ કહો તો

તમને શું કહેવું પડે ? તમે ય સમજ્યા નથી. નિશ્ચય નય એને પામવાનો માર્ગ છે વ્યવહાર નય. હમણાં જે ગ્રંથનું નામ કહ્યું ને, પ્રમાણનય તત્ત્વાલોક, એના કર્તા મહાવિદેહસૂરીશ્વરજી મહારાજ. એમના શિષ્ય, પોતે પણ પ્રકાંડ વિદ્વાન ને મહાવિદેહસૂરીજી કાળધર્મ પામ્યા ને, ત્યારે એમણે કૃતિ રચીને એ કૃતિનું નામ છે ગુરુ વિરહ વિલાપ !

જિનશાસનના એક યુગપ્રધાન જેવા - આચાર્ય ભગવંત, ધુરંધર વિદ્વાન, એમના ગુરુની વિદાયથી એવા વિહ્વળ બન્યા છે, એવા રડ્યા છે. અને એ અદ્ભુત કૃતિ, ધર્મબિંદુ ગ્રંથની અંદર, એનું સંપાદન કર્યું મુનિચંદ્રસૂરી મહારાજ - સાહેબે એમની એના ઉપરની ટીકા, એ ટીકાનું - સંપાદન જંબુવિજયજી મહારાજ સાહેબે કર્યું, અને એ ગ્રંથના પરિશિષ્ટની અંદર આ કૃતિ છે ને એ એમણે લીધી છે, નાનકડી કૃતિ, જિનશાસનના ઊંચા માં ઊંચા પદાર્થો ને સમજનાર, ઉદાસીનતા ને સમજનાર, એ મહાત્મા એ ગુરુના વિરહમાં જે વિલાપ કર્યો છે ને, એ શબ્દો વાંચીએ ને તો આપણા રૂંવાડા ખડા થઈ જાય. ગુરુ ગયા ને હવે સંયમ નિરાધાર થઈ ગયું, હવે બ્રહ્મચર્ય ક્યાં રહેશે, હવે આત્મરતિ ક્યાં રહેશે ? હું એકલો નથી રડતો પણ આ બધા ગુણો પણ રડી રહ્યા છે, કે હવે અમે ક્યાં જઈને રહીશું ? આ ભરતક્ષેત્રમાં આ કાળમાં અમારો જે આધાર હતો, એ તો જતો રહ્યો. જ્યાં સુધી પ્રશસ્ત કષાય પણ આવ્યા - નથી, ત્યાં સુધી અપ્રશસ્ત કષાયો જાય, એની કોઈ શક્યતા જ નથી. તમારે શત્રુંજય ઉપર દાદાના દરબાર ઉપર પહોંચવું છે, વચ્ચેનું એક પગથિયું એ તમારા માટે હેય છે કે ઉપાદેય છે ? તમે એ દાદા

ના દરબારમાં પહોંચવા માટે જે પગથિયાથી નીચે છો તો એ પગથિયું ઉપાદેય છે, તમે એનાથી ઉપર આવી ગયા તો એ પગથિયું તમારા માટે હેય છે. એક જ પગથિયું હેય પણ છે, ઉપાદેય પણ છે. તમે દસમા ગુણસ્થાનક ની પણ આગળ પહોંચી ગયા, હવે પ્રશસ્ત કષાયોનું પણ તમને કામ નથી. તમે પગથિયા એની વટાવી ગયા છો, તમે ઉપર પહોંચ્યા છો, હવે નીચે આવવાનું કામ નથી. તમે ચોથે છો, પાંચમે છો, છટ્ઠે છો, અને તમે કહો કે પ્રશસ્ત કષાયો પણ ઝેર છે, હેય છે, એ તમને બડતર છે, તો તમે કશું સમજ્યા જ નથી !

કેટલાક પંથો ની અંદર બાળમંદિરમાં કૉલેજ નો કૉર્સ કરાવવામાં આવે છે, જેનાથી બાળ જીવો એટલા ભ્રમિત થઈ જાય, એટલા ગુમરાહ થઈ જાય, અને પોતે જે પગથિયું હેય હતું એને ઉપાદેય માની લેશે, અને પોતે આગળ વધી જ નહી શકે. વૈદિક ગ્રંથોની અંદર એક ગ્રંથ જેનું નામ છે "મહોપનિષદ" બહુ સરસ મજાની વાત એ ગ્રંથની અંદર કરી કે, બધું જ બ્રહ્મ છે, આ કોને કહેવું ?

ब्रह्म सत्यं जगन्मिथ्या ।

આ વાત કોને કહેવી ? અને ત્યાં જવાબ આપ્યો છે,

अज्ञस्यार्धप्रबुद्धस्य सर्वं ब्रह्मेति यो वदेत् ।

જે હજુ અધકચરો છે, જે હજુ અજ્ઞાની છે, જેને હજુ એ ભૂમિકા નથી મળી, હજુ જેણે એ પગથિયું વટાવ્યું નથી, એને જે કહે છે કે બધું જ બ્રહ્મ છે, બધું જ આત્મ સ્વરૂપ છે, જગત મિથ્યા છે,

महानरकज्वालासु स तेन विनिपातितः ।

એણે એને મહાનરકની જ્વાળાઓની અંદર ધક્કો મારી દીધો છે.

पुर्वं शमदमप्रायैः गुणैश्शिष्यं विशोधयेत् ।

પહેલા નંબરમાં શું કરવાનું ? એને પ્રશમ શીખવાડો, એને ઉપશમ શીખવાડો, એને ઈન્દ્રિઓનો નિગ્રહ શીખવાડો, એને શીખવાડો ધર્મ એ સાર છે. એને શીખવાડો તત્ત્વબોધ એ સાર છે, એને શીખવાડો અધ્યાત્મ એ અમૃત છે, એને શીખવાડો કે ગુરુ છે એ સર્વસ્વ છે, એને શીખવાડો કે ગુરુની વાણી એ સ્વર્ગ છે. આ બધુ જ મજાનું છે. આ સોહામણું છે સંસાર બિહામણો છે, પહેલા એને આ બધુ શીખવાડો.

पश्चात्सर्वमिदं ब्रह्म जगन्मिथ्येति बोधयेत् ।।

અને પછી એને શીખવાડો, કે જગત મિથ્યા છે, અને બ્રહ્મ એ જ સાર છે. બ્રહ્મ સિવાય બધું જ ફોગટ છે.

હજુ જેને દેવ-ગુરુ પણ ગમ્યા નથી, હજુ જેને શાસ્ત્ર ગમ્યું નથી, હજુ જેને ધર્મ ગમ્યો નથી, હજુ જેને શાસન ગમ્યું નથી, એને કહીએ કે ભાઈ પ્રશસ્ત કષાયો પણ હેય, પ્રશસ્ત કષાયો પણ ઝેર, એય મોક્ષમાં બાધક તો આપણે એને મોક્ષે નથી પહોંચાડી રહ્યા, આપણે એને સંસારના કુવાની અંદર ધક્કો મારી રહ્યા છે.

उदासीनता ज्ञान फल

સદ્ગુરુની પાસે શિષ્ય આવે છે. વંદન કરે છે, હાથ-જોડે છે, અને કહે છે ગુરુદેવ એક પ્રશ્ન કરવો છે, સદ્ગુરુ રજા આપે છે, શિષ્ય પ્રશ્ન કરે છે, કે આપણે કેમ વારંવાર મરીએ છીએ ? આપણી-વાણીથી ભણ્યું, શાસ્ત્રોથી ભણ્યું, અનંત વાર-આપણા મૃત્યુ થઈ ગયા, આ ભવમાં પણ મરશું, કદાચ બીજો ભવ મળશે એમાં પણ મરશું, આપણે શા માટે વારંવાર મરીએ છીએ ? શિષ્યે પ્રશ્ન કર્યો ને સદ્ગુરુ જવાબ આપે છે, આપણે જીવતા નથી, માટે આપણે મરીએ છીએ. ઉદાસીનતા એ આત્માનું

જીવન છે. આત્મા રાગ પણ નથી, આત્મા દ્વેષ પણ નથી, આત્મા ઉદાસીન છે, અને જ્યાં સુધી આપણને ઉદાસીન ભાવનો સ્પર્શ નથી થયો, ત્યાં સુધી આપણું જીવન શરૂ જ થયું નથી. રાગ દ્વેષ એ આત્માનું ભાવ મૃત્યુ છે. અનંત મૃત્યુનું કંઈ કારણ હોય, તો એ ભાવમૃત્યુ છે. અનંત જીવનનું કંઈ કારણ હોય, તો એ ભાવ જીવન છે.

જ્યારે ભ્રષ્ટાચાર થાય ને, ભ્રષ્ટાચાર થાય એટલે શું થાય ? ધારો કે કરીયાણા ની દુકાન છે, દુધની દુકાન છે, ભ્રષ્ટાચાર એમાં ચાલે છે, ભેળસેળ થાય, ભ્રષ્ટાચાર હજુ વધે, પછી કાંકરામાંથી ચોખા વીણવા પડે. છગને મગનને વાત કરી કે એક MACHINE નીકળ્યું છે જે દુધ માંથી તરત જ FAT છુટી પાડી દે. એટલે મગન કહે પાણી-પાણી છુટું પાડી દે તો એવા મશીનની જરૂર છે. બાહ્ય ભ્રષ્ટાચાર છે એનાથી શું થાય ? દુધમાં દુધ ન રહે, ઘી માં ઘી ન રહે, આ બાહ્ય ભ્રષ્ટાચાર.

આંતર ભ્રષ્ટાચારથી શું થાય ? આત્મામાં આત્મા જ ના રહે.

## રાગ-દ્વેષ એ આંતરીક ભ્રષ્ટાચાર છે !

જ્યારે જ્યારે આપણે રાગ કરીએ છીએ ત્યારે ત્યારે આપણો આત્મા મરે છે. જ્યારે જ્યારે દ્વેષ કરીએ છીએ, ત્યારે આપણો આત્મા મરે છે. રાગ નથી- દ્વેષ નથી, ઔદા-સીન્ય છે, ઉદાસીન ભાવ છે, મધ્યસ્થ ભાવ છે, ત્યારે આપણો આત્મા જીવે છે, કેવળજ્ઞાનમાં કઈ દશા છે, સિધ્ધ ભગવંતોમાં કઈ દશા છે ? એને સમજવાનો એ પ્રયાસ કરશો તો સમજાશે, કે આત્માની ખરી દશા શું છે.

ઉદાસીનતા વગરનો આત્મા, એટલે વૈરાગ વગરનું મન!

ઉદાસીનતા વગરનો આત્મા, એટલે પાણી વગરનો કુવા!

ઉદાસીનતા વગરનો આત્મા, એટલે જીવન વગરનું જીવન!

ઉદાસીનતા વગરનો આત્મા, એટલે આત્મા વગરનો આત્મા!

છગન ઘરમાં બેઠો છે. અંદરથી જોરથી અવાજ આવે છે. છગન બુમ મારીને પુછે છે શું થયું ? અને અંદરથી ચિંટુ જવાબ આપે છે કે પપ્પા, મારા કપડા પડી ગયા. છગને પુછ્યું કે કપડા પડ્યા એમાં આટલો બધો અવાજ કેમ ? ચિંટુ એ કહ્યું કે પપ્પા કપડાની અંદર હું પણ હતો.

આજ ઘટનાને શરીરના સંદર્ભમાં જોઈએ. તત્વજ્ઞ છે ઘરમાં બેઠો છે, આઠ વરસનો દીકરો છે. તોફાન કરતા પડી જાય છે. વાગે છે. રડે છે. તત્વજ્ઞ કહે છે બેટા શરીર પડી ગયું. એમાં આટલો બધો વિલાપ. શરીર પડ્યું છે. એમાં કેમ રડે છે. અને દીકરો જવાબ આપે છે કે પપ્પા શરીરમાં હું પણ હતો, માટે રડું છું.

આજ ઘટનાને આત્માના સંદર્ભમાં જોઈએ. પહેલા વસ્ત્રની વાત હતી, પછી શરીરની વાત હતી. હવે આત્માની વાત છે. અષાઢાભૂતિજી ગોચરી ગયા છે, લાડવામાં મોહાયા છે, બીજુ. ત્રીજુ વાર જવાનું થયું છે. નટડી અને એમના પિતાએ કહ્યું છે કે આ માણસને ભોળવી દો. લપસાવી દો, ફુસ-લાવી દો, પરાવર્તિની વિદ્યા આની પાસે છે ને, આ વ્યક્તિ જો આવી ગઈ ને, તો આપણું કામ થઈ

જશો. નટડીઓ ભોળવે છે. ફસાવે છે. અષાઢાભૂતિ ફસાય-જાય છે. સંસારી બની જાય છે. અષાઢાભૂતિજીને એ પુછવામાં આવ્યું હોય, કે તમે કેમ પડ્યા? ચિંદુ પણ પડ્યો હતો, તત્વજ્ઞાની છોકરો પણ પડ્યો હતો, અષાઢાભૂતિજી પણ પડ્યા, એમને પ્રશ્ન કરવામાં આવ્યો હોય, ધારોકે - તમે કેમ પડ્યા? એને અષાઢાભૂતિજી કદાચ જવાબ આપે, હું પડ્યો કારણકે હું માં હું નહતો! મારામાં જ્યાં સુધી ઉદાસીનતા હતી ત્યાં સુધી હું સલામત હતો, ત્યાં સુધી હું STABLE હતો, ત્યાં સુધી હું એક હતો, પણ જ્યાં ઉદાસીનતા ગઈ, જ્યાં રાગ-દ્વેષ આવ્યા, ત્યાં હું પડ્યો. હું પડ્યો કારણકે હું માં હું ન હતો.

ઉદાસીનતા જ્ઞાન ફલ

બહુ સાંભળ્યું, બહું વાંચ્યું, મોક્ષ માટે ઘણા બધા પ્રયાસો કર્યા, હું કહું છું, આપણી પાસે હિસાબ-કિતાબ કરેલા માપદંડ શું, [illegible] લક્ષ્ય શું? ધંધામાં લક્ષ્ય હોય છે તમારા? હિસાબ-કિતાબ હોય, સરવૈયા હોય, માપદંડ હોય અને આત્માની બાબતમાં આપણી આટલી બધી ઉદાસીનતા શા માટે? રોજ સાંજ પડે તમારી એક ડાયરી તમે રાખી હોય, એકાંત માં તમે બેઠા હો, ડાયરી તમે ખોલી હોય, અને હિસાબ કરો, આજે વ્યાખ્યાન સાંભળ્યું, પુજા કરી, આજે કદાચ આયંબિલ કર્યું, એકાસણું બેસણું કર્યું, ઉપવાસ કર્યો, સ્વાધ્યાય કર્યો, જપ કર્યો, પ્રતિક્રમણ કર્યું, મારામાં ઉદાસીનતા વધી કેટલી? એ ઉદાસીનતા નું એક ટીપું પણ આપણને આજે મળ્યું નથી, તો આજનો આપણો દિવસ FAIL છે! શું ફાયદો? શું કરવાનું? તમારા રાગ-દ્વેષ ટળ્યા નહિ, તમને સમભાવ મળ્યો નહિ, તમને આત્મા મળ્યો નહિ, તમને તમારી દશા ન મળી, તમને તમારું મુળ વતન ના મળ્યું, તો કરવાનું શું!! સદ્ગુરુ ને શિષ્ય પ્રશ્ન કરે છે કે મને ઉદાસીનતા મળી આનો અર્થ શું? શું થાય તો

DATE 27 12 2018

હું સમજું છું મને ઉદાસીનતા મળી ? મારા રાગ-દ્વેષ ટળ્યા. અને સદ્‌ગુરુ બહુ પ્રશ્નનો જવાબ આપે છે. તું એવું ઉદાસીનતા ની વ્યાખ્યા સમજ, તો તને ખ્યાલ આવી જશે કે તને ઉદાસીનતા મળી છે કે નહિ. શિષ્ય કહે સમજાવો વ્યાખ્યા ! અને સદ્‌ગુરુ કહે છે,

- ★ બોલ્યા વગર બોલવું આનું નામ ઉદાસીનતા !
- ★ સાંભળ્યા વગર સાંભળવું આનું નામ ઉદાસીનતા !
- ★ જોયા વગર જોવું આનું નામ ઉદાસીનતા !
- ★ ચાલ્યા વગર ચાલવું આનું નામ ઉદાસીનતા !
- ★ કર્યા વગર કરવું આનું નામ ઉદાસીનતા !
- ★ ખુલ્લી આંખે આંધળા બની જવું આનું નામ ઉદાસીનતા !
- ★ સાબુત કાને બહેરા બની જવું આનું નામ ઉદાસીનતા !
- ★ સક્રિયતા ની અંદર નિષ્ક્રિયતાનો અનુભવ કરવો આનું નામ ઉદાસીનતા !
- ★ કરતા નથી એવી રીતે કરવું, આનું નામ ઉદાસીનતા !

ઇષ્ટોપદેશ ની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

ब्रुवन्नपि हि न ब्रूते गच्छन्नपि न गच्छति।
स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति।।

જેણે આત્મ તત્વ ને સ્થિર કર્યું, જેણે આત્માનું ખરું સ્વરૂપ મેળવ્યું, જેને ઉદાસીન ભાવ ની પરિણતિ મળી એ બોલવા છતાં બોલતો નથી, એ જોવા છતા જોતો નથી, એ ચાલવા છતા, ચાલતો નથી.

પ્રવચનસાર ગ્રંથ ની અંદર કુંદકુંદ સ્વામીને પ્રશ્ન કરવામાં આવ્યો, કે તીર્થંકર ભગવાન શાસનની સ્થાપના કરે વિચરણ કરે, દેશના આપે. આ બધું કઈ રીતે થાય ?

એને પ્રવચનસાર ગ્રંથ જવાબ આપે છે.

સહાવાઓ

આ બધું જ સ્વભાવથી થાય!

માયાચારો વ ઇસ્થીબં

જેમ બહુ માયાવી વ્યક્તિ હોય, એને સહજ માયા થઈ જાય, એને માયા કરવી ના પડે, માયા થઈ જાય. બરાબર એજ રીતે, તીર્થંકર ભગવાનથી દેશના અપાય જાય, વિહાર-થઈ જાય, શાસન સ્થાપના થઈ જાય.

સભાનો પ્રશ્ન :- સાહેબજી, ઉદાસીન ભાવ લાવવા માટે શું કરવાનું?

પૂજ્યશ્રીનો ઉત્તર :- આ પ્રશ્નના સંદર્ભમાં ઉમાસ્વાતિ મહારાજ જી, તત્ત્વાર્થ કારિકામાં કહ્યું છે,

तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकं।

ઉદાસીન ભાવ કઈ રીતે થાય? સહજ રીતે કઈ રીતે થાય? તો બહુ સરસ ઉદાહરણ આપે છે, સુરજ. સુરજ હોય-છે ને ~~[illegible]~~ જ્યોતિષના વિમાન સ્વરૂપ હોય છે, હવશે સેવક દેવો, ઘોડાનું રૂપ કરીને, વૃષભનું રૂપ કરીને, એની નીચે-નીચે, આગ એની બહુ નજીક જઓ તો આપણને દેખાય, કે એને ઉપાડીને જઈ રહ્યા છે. આગમની અંદર પ્રશ્ન કર્યો કે, જે લોકો આને ઉપાડે છે, એ ન ઉપાડે તો શું સુરજ પડી જાય? અને ત્યાં જવાબ આપ્યો કે છે ને, સુરજ ને જે લોકો ઉપાડતા નથી, સુરજ સ્વભાવથી આકાશમાં રહેલો છે. સુરજ ને ઉપાડીને જે લોકો જતા નથી, સુરજ સહજ ગતિ કરે છે. પણ સેવક છે, સ્વામી ભક્તિ છે, અને અમે અમારા સ્વામી ના ભક્ત છીએ, એવા ભક્તિભાવથી જે લોકો જરૂર ના હોવા છતાં પણ આ રીતે, એને ઉપાડીને જતા હોય, જે રીતે-આકાશમાં સુરજના વિમાનની નીચે વહન કરતા હોય છે. ઉમાસ્વાતિ મહારાજ કહેવા માંગે છે કે, સુરજ જેમ સહજ

રીતે ગતિ કરે છે, અને સૂરજ જે અજવાળુ આપે છે, એમાં સૂરજના વિમાનના એકેન્દ્રિય જીવો જેમને આતપ ના કર્મનો ઉદય છે, જેનાથી પાણી ઠંડા, પ્રકાશ ગરમ આપે, એ જીવોનો એવો કોઈ અભિપ્રાય નથી, એ વિમાનનો એવો કોઈ અભિપ્રાય નથી, એ પુદ્ગલોનો એવો કોઈ અભિપ્રાય નથી, કે મારે અજવાળુ પ્રસરાવ-વું છે, તો છતા સહજ-- સહજ રીતે, સૂરજ છે એ ગતિ કરતો રહે, તો તે એમાં સૂર્યોદય થતો રહે, અજવાળુ પ્રસરતુ રહે,

तीर्थप्रवर्तनाय प्रवर्तते तीर्थंकर एवम् ।

બરાબર એજ રીતે, તીર્થંકર અભિપ્રાય વગર, ઈચ્છા-વગર, ઈચ્છા હતી જરી, તમન્ના હતી, સવિ જીવ કરું શાસન રસી, આ બધી જ કેવળજ્ઞાન પહેલાની દશા હતી, જ્યાં કેવળજ્ઞાન થયું, આપણે કહીએ કરુણાસાગર,- સમવસરણમાં બેઠા- બેઠા ભગવાન, આમ કરુણાની રસના હોય, આ એક નયવાદ છે, જેને બસ જ કરુણા ઉભરાઈ હોય, એ જીવો ઉપર કેવો ઉપકાર કરે, એવો ઉપકાર - ભગવાન જીવો ઉપર કરી રહ્યા છે, પૂર્વના ત્રીજા ભવથી સતત એ ભાવના ભાવી છે, ભગવાનની પ્રવૃત્તિ એવી છે કે જે ખુબ જ કરુણા હોય તો જ થઈ શકે, એ અપેક્ષાએ કેવળજ્ઞાન પછી ભગવાનને કરુણાસાગર કહેવામાં આવ્યા છે બાકી, કેવળજ્ઞાનની અંદર મૈત્રી ભાવના પણ નથી હોતી પ્રમોદ પણ નથી હોતી, કરુણા ભાવના પણ નથી હોતી, અને માધ્યસ્થ્ય ભાવના પણ હોતી નથી, પણ આ ચારે ભાવનાના ફળ સ્વરૂપ, માધ્યસ્થ્ય પરિણામ હોય છે

કરે ઉપેક્ષા એ મારગની તો એ સમતા ચિત્ત ધરશું

આવી વિચારણા પણ કેવળજ્ઞાનીને નથી હોતી, એ દશા છે, એ સ્વરૂપ છે, એ સ્વભાવ છે, પરિણતિ છે પણ એ ભાવના સ્વરૂપ, ચિંતન સ્વરૂપ, વિચારણા - સ્વરૂપ, ભાવના એ પણ કેવળજ્ઞાનીને પણ હોતી નથી.

સભાનો પ્રશ્ન :- તો ચિંતન સ્વરૂપ શું હોય છે એમનો? (?)

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે, મનનો કેવળજ્ઞાનીને માત્ર ને માત્ર ત્યારે ઉપયોગ છે, જ્યારે કોઈ વિશિષ્ટ અવધિજ્ઞાની, કે મનપર્યવજ્ઞાની, શંકાનું સમાધાન મેળવવા માટે, મનથી એમને પ્રશ્ન કરે, ત્યારે જવાબ આપવા માટે મનથી વિચારે, એ સિવાય કેવળજ્ઞાની ને મનનો કોઈ જ ઉપયોગ નથી હોતો.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સમાધિશતક ગ્રંથની અંદર કહે છે,

યોગનું ફળ છે ઉદાસીનતા !

બહાર કંઈ લેવા જેવું પણ ના લાગે, છોડવા જેવું પણ ના લાગે, આનું નામ ઉદાસીનતા. એની આગળ મહોપાધ્યાયજી કહે છે,

કંઈક લેવા જેવું લાગે, એ પણ મોહ. (પરપ્રવૃત્તિ ^ મોહ છે) કંઈક છોડવા જેવું લાગે એ પણ મોહ ! હેય બુદ્ધિ એ પણ એક પ્રકારનું ગાંડપણ છે. ઉપાદેય બુદ્ધિ એ પણ એક પ્રકારનું ગાંડપણ છે. (પરપ્રવૃત્તિ ^ મોહ છે)

છગન એક વાર પાગલખાનામાં ગયો, એણે છગને જોયું કે પાગલો બધા એકદમ ડાહ્યા જેવા લાગતા હતા. અને બહુ જ SERIOUS એમની ^કોઈ MEETING મળી હતી ને ચર્ચા ચાલતી હતી. પાગલો બહુ જ SERIOUSLY આપસ માં DISCUSS કરતા હતા, છગનને થયું કે પાગલો જે આટલું SERIOUSLY DISCUSS કરતા હોય તો DISCUSSION સાંભળવું જોઈએ. એટલે છગન સાંચવી-

સાચવી ને થોડા નજીક ગયા ને, ને ઉપાઈ ને કોઈ ચાલવાની ઓથ લઈને છગન ઉભો રહી ગયો ને, કાન સરવા કર્યા છે કે DISCUSSION શાની ચાલે છે ને, બહુ SERIOUSLY DISCUSSION ચાલુ હતી ને, પાગલો વાત કરતા હતા, કે હવે આપણે છે ને મુંબઈ ને છોડી દઈએ, મુંબઈ ને અમેરીકા મોકલી દઈએ, NEW YORK લાવી દઈએ. બીજા પાગલે કહ્યું, તમે વિચારી ને કરો જે કરવાનું હોય, આવું ના કરાય, એમ કરો ચેન્નઈ ને મોકલો, ત્રીજા પાગલે કહ્યું હું ચેન્નઈ ને છોડી શકું એમ નથી, ત્યારે એવું હોય તો બેંગલોર ને મોકલી દો, ઓલા પાગલે કહ્યું કે એવી હું તમને કહું છું, બેંગલોર જેવું કાંઈ છે નહિ, TEXAS લઈ લો, તમે WASHINGTON લઈ લો, તમે VA રાખો, પણ આનું અહીંયા કામ નથી, અને ત્યાં પાંચમા પાગલે તરત જ OBJECTION લીધું, કે મોકલવું હોય તો કલકત્તા ને મોકલો, બીજું કોઈ CITY આપણે છોડી શકીએ એમ નથી. અને છોડવું એ આપણને બહુ ભારે પડે એમ છે. આ સોદો કરવા જેવો નથી, ત્યાં તો છઠ્ઠા પાગલે, આગળ OBJECTION લીધું, અને છગન સાથે ચિંટુ પણ હતો ને ચિંટુ જોરથી હસવા જતો હતો, છગને ચિંટુનું મોઢું દબાવી દીધું, કે અહીંયા હસ નહી, બહાર જઈને હસજે, અહીંયા માર પડશે. છગન ત્યાંથી બહાર નીકળી જાય છે. છગન બજારમાં જાય છે. અને બજાર ની અંદર ફેરીયાઓ હોય છે, કોઈ શાક લેવા આવ્યું છે, કોઈ ફળ લેવા આવ્યું છે, દુકાનો છે, છગન અને ચિંટુ બંને ચાલી રહ્યા છે, આપવા- લેવાની વાત છે, ઓલા એ કીધું આદુ કીલો કેટલામાં આપ્યા, પચ્ચીસ રૂપિયામાં, કહે કે પચ્ચીસ રૂપિયા હોતા હશે, પચ્ચીસમાં હું ના આપું,

શોકવાળી કહે બહેનના પરવડે જમને. ઓફિસમાં આવે છે, દુકાનો આવે છે, બે- વહેંચની બધી વાતો થઈ રહી છે. છગાન અને ચિંટુ બંને સ્વસ્થતાપૂર્વક સાંભળી રહ્યા છે, મોઈ રહ્યા છે, પસાર થઈ જાય છે. અને બરાબર એમની પાછળથી એક તત્ત્વજ્ઞ આય છે. તત્ત્વજ્ઞ પણ બધું સાંભળી- રહ્યો છે, મોઈ રહ્યો છે, સમજુ રહ્યો છે, અને ચિંટુને જેમ પાગલખાનામાં હસવું આવતું હતું, છગાનને હસવું આવતું હતું. એમ તત્ત્વજ્ઞને એ બજારોમાં, MALLSમાં, ઓફિસોમાં હસવું આવે છે.

પાગલ કહે કે મુંબઈ મોકલવું ને- NEW YORK લેવું ને, બેંગલોર છોડવું કે ના છોડવું, - ચેન્નાઈ ને અમેરિકા મોકલી દેવું કે નહિ, TEXAS ને, ATLANTA ને, સ્વીકારવું કે નહિ. આ બધી જ ચર્ચા- એમ ગાંડપણ છે, મોહ સીવાય બીજું કશું જ નથી. બરાબર એજ રીતે, સંસારમાં કોઈ પણ વસ્તુ લેવા જેવી લાગે, એ મોહ સીવાય બીજું કશું જ નથી.

સમાધી તંત્રની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित् |

મુઢ જીવ છે એ બહાર કંઈ દે છે, લે છે, છોડે છે, ગ્રહણ કરે છે, આત્મજ્ઞ સમજે છે કે બહાર કંઈ લેવાનું પણ નથી, બહાર કંઈ છોડવાનું પણ નથી. એ હકીકતમાં શક્ય જ નથી, અને એનો કંઈ અર્થ પણ નથી. પાંચ લાખ આમથી- આમ ગયા, હું તમને પુછુ એમાં તમારા આત્મા ને શું મળ્યું ? ઘરે તમે નવું AC FIT કર્યું, નવું કોઈક- MACHINE લાવ્યા, તમે કોઈ GADGET લાવ્યા, તમને શું ફેર પડ્યો ?

સભાનો ઉત્તર :- એમ થાય કે સગવડો વધી એટલે આનંદ થશે.

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- જ્ઞાની સ્વભાવ વધી છે શરીર કોનું છે શરીર તમે તો નથી ને. આ પ્રશ્ન તમને સમજાઈ ન જતો હોય તો તમને ત્યાં સુધી પુછું છું શરીર કોનું છે જરા સરસ મજાની વાત એક કવિએ કરી છે.

"મારા ભાગની કોઈ એક ઘટના, એમાં તો મેં મઈ નહી,
પુછું છું પણ લાગે છે કે, જીવ છે."

---

તમારા જીવનમાં તમે ભેલા જ નથી. આપણે ચિત્ર માટે જીવીએ છીએ, આપણે પૂતળા માટે જીવીએ છીએ, આપણે જીવ માટે જીવીએ છીએ. આપણા જીવનમાં આપણી ENTRY જ થતી નથી.

સમાધિતંત્રની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે, મુઢ જીવ બહાર કાંઈક દે છે ને લે છે. તત્વજ્ઞ છે, આત્મજ્ઞ છે, એ અંદર લે છે ને અંદર છોડે છે. બહાર કાંઈક LIFE PARTNER લેવાના હોય છે, પૈસા લેવાના હોય છે, વસ્તુ લેવાની હોય છે, કંઈક છોડવાનું છે, કંઈક લેવાનું છે, ત્યાં સુધી મુઢતા છે. તમે દોષો ને છોડતા શીખી જાવ, ગુણોને લેતા શીખી જાવ, તો તમે તત્વજ્ઞ થયા.

यद्ग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति

તે સિધ્ધાત્મા છે, જે નિષ્કિત આત્મા છે, જે સિધ્ધ યોગી છે, એને કંઈ બહાર પણ લેવા છોડવાનું નથી, અને અંદર પણ લેવા છોડવાનું નથી.

સમાધિતંત્રની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

यद्ग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति

જે લેવાય એવું છે જ નહિ, એને જે લેતો પણ નથી, પૈસા ને તમારું શરીર લે છે, જીવ શરીર ને તમારું

શરીર લે છે. પ્રશંસાનો તમારું શરીર લે છે. વસ્તુને તમારું શરીર લે છે. આત્માને કશું લેવાનું હોતું જ નથી. આત્માથી કશું લેવું શક્ય જ નથી. અગ્રાહ્ય જે ગ્રહણ કરતો નથી.

गृहीतं नापि मुञ्चति

જે ગ્રહણ કરેલું છે, જે પોતાનું સ્વરૂપ છે, એને જે છોડતું પણ નથી.

**સભાનો પ્રશ્ન :-** આત્મા જે બહાર લે છે કે છોડે છે, એમાં આત્મા કર્તા ભાવમાં કે સાક્ષી ભાવમાં ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** સવાસો ગાથાના સ્તવનની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ એ આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

જોગવશે પુદ્ગલ ગ્રહ્યા નવિ જીવના તેહ
તેહથી જીવ છે જુજુઓ વળી જુજુઓ દેહ

યોગ વસાત પુદ્ગલો લીધા છે, શ્વાસોશ્વાસ ના પુદ્ગલો લઈએ છીએ, છોડીએ છીએ, ઔદારીક વર્ગણા ના પુદ્ગલો લઈએ છીએ, છોડીએ છીએ, આહાર ના પુદ્ગલો લઈએ છીએ, છોડીએ છીએ, આ બધી પુદ્ગલની પ્રક્રિયા છે, આત્માને એમાં કંઈ લેવા દેવા છે જ નહિ.

**સભાનો પ્રશ્ન :-** તો પછી આત્માને દોષ શા માટે લાગે છે ? એનો ભાર આત્માએ શા માટે વેઠવાનો ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** બહુ સરસ મજાનો પ્રશ્ન, આનો જવાબ પણ સવાસો ગાથા ના સ્તવનની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ એ આપ્યો છે.

હું કર્તા પરભાવનો એમ જિમ જિમ જાણે
તિમ તિમ અજ્ઞાની પડે નિજ કર્મને ઘાણે

કર્મ કેમ બંધાય છે ? પાપ કેમ લાગે છે ? કારણકે પુદ્ગલની પ્રક્રિયાને પોતાની પ્રક્રિયા માને છે. કેમકે જે વાત કરી, જોયા વગર જોવું, ચાખ્યા વગર ચાખવું, ખાધા વગર ખાવું, પીધા વગર પીવું, કર્યા વગર કરવું, આનું જ નામ ઉદાસીનતા. આનું જ નામ અકર્તા ભાવ. આનું જ નામ સમભાવ. આનું જ નામ સાક્ષી ભાવ, આનું જ નામ આત્મભાવ. આનું જ નામ સ્વરૂપ સ્થિરતા ભાવ !

સમાધિતંત્ર કહે છે, અનંતકાળથી - અનાદિકાળથી, આપણા આત્માને અઢળક જન્મનાઓ મળ્યા, રાજ્ય મળ્યું, રોજગાર મળ્યું, ઘણું બધું મળ્યું છે, રૂપસુંદરીઓ મળી છે, હીરામાણેક મળ્યા છે, એનાથી અસંખ્ય આત્મપ્રદેશમાં એકાદ પણ આત્મપ્રદેશનો વધારો નથી થયો. અનંતવાર આપણે પણ નરકમાં જઈ આવ્યો, કતલખાને કપાઈ ગયો. સંસારના ઘણા - બધા દુ:ખો આપણે ભોગવ્યા, એમાં કદી પણ એવું નથી થયું કે, આપણો એકાદ પણ આત્મપ્રદેશ ઓછો - થયો હોય.

પરપ્રવૃત્તિ મોટે

ઘરે તમે ગયા છો, ઘરે વાત ચાલે છે, ઘી ખુટી ગયું છે, ઘી લાવવાનું છે. અને તમને પેલી પાગલોની વાત યાદ આવે કે, NEWYORK ને આપણે ક્યાંય લઈ આવીએ, તમે ઓફિસ ગયા છો તમારો SALESMAN તમને કહે છે, તમારો માણસ તમને કહે છે, કે આટલી આટલી DEAL કરવાની છે, એટલું PAYMENT આપણે ચુકવવાનું છે. પૈસાની ક્યાં આવે છે ને તમને એ વાત યાદ આવે, કે એંસલોર છે એ આપી દઈએ,

સભાનો પ્રશ્ન :- પેલું વ્યવહારીક છે ને આ તો

વ્યવહારીક છે, એને માં ડૂબે જશો ને !

પૂજ્ય શ્રી નો ઉત્તર :- બહુ સરસ મજાની વાત, આનંદઘનજીએ અધ્યાત્મ પદમાં કરી છે, વ્યવહાર કોને કહેવો અને અવ્યવહાર કોને કહેવો. અધ્યાત્મ કોને કહેવું ? અનઅધ્યાત્મ કોને કહેવું ? જે વ્યવહારથી આત્મા નું હીત થાય, એ વ્યવહાર સાચો, જે વ્યવહારથી આત્માનું અહિત થાય, એ વ્યવહાર ખોટો, એક વાર આવું બધું મેં પ્રવચન આપ્યું ને પ્રવચન પૂર્યું, દહેરાસરના ચોગાનમાં બે જણ ભેગા મળ્યા, વાત કરી બધી, [illegible] વાત સારી હતી, પણ PRACTICAL ન હતી. PRACTICAL એટલે તમારી ભાષામાં વ્યવહારીક, કહે કે આ રીતે તો ક્યાં સુધી વ્યવહાર ચાલે, મેં કીધું ક્યાં સુધી ચલાવવા છે આવા વ્યવહારો, તમારું કશું ચાલવાનું નથી, તમારું ના ચાલે તો સંસાર કાંઈ અટકવાનો નથી, એ વ્યવહાર તમારે ચલાવવા છે ? હું કબુલ કરું છું પાગલ જેવી વાત છે, કદાચ આવી રીતે કોઈ યુવનું હોય, ઘડી ઘડી હસ્યા કરે, ઘડીકમાં ભેટ્યા કરે, હસ્યા કરે, તો તમે એને પાગલ કહેશો, પણ એની મોટી તકલીફમાં હોય, તમારી દુર્ગતિઓની લસ્થાર, તમારા વ્યવહાર ને લીધે ચાલવાની હોય- તો તમે ફાયદામાં કે નુકશાનમાં ? હવે છેલ્લી વાત, તમારા જે પ્રશ્ન નથી આવ્યા ને, હું તમારા વતી કરી લઉં.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, કહે છે કે
ઉદાસીનતા જ્ઞાનફળી

તમે કહો કે અમને જ્ઞાનમાં રસ છે, પણ ઉદાસીનતામાં રસ નથી. મહોપાધ્યાયજી કહે,
પરપ્રવૃત્તિ મોહ

પરમાં પ્રવૃત્તિ કરવી એ મોહ છે, તમે કહો કે અમને તો એમાં જ શાતાપણ લાગે છે. અને તમે પ્રશ્ન કરો કે બધી વાત સાચી, પણ હવે અમારા મનમાં બીજી વાત

DATE 27 12 2018

જેસતી નથી, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ,
સમાધિશતક ના આ શ્લોકના શ્લોકાર્ધ ની અંદર,
એનો જવાબ આપે છે,

શુભ જ્ઞાનો સો આદરો ઉદિત વિવેક પ્રરોહ

એમ તો જે વાસ્તવિકતા છે એ તમને કહી દીધી, હાથ
પકડી ને કોઈ ને મોક્ષે લઈ જઈ શકાતો નથી. જ્યાં
સુધી તમે નહીં થાઓ, તમે સંયત નહી થાવ, તમને
મોક્ષ નહી જોઈએ, ત્યાં સુધી અનંત તીર્થંકરો મળીને
પણ તમને મોક્ષ આપી શકવાના નથી.

શુભ જ્ઞાનો સો આદરો ઉદિત વિવેક પ્રરોહ

તમને ભીતરમાં ઉદય પામેલો વિવેક જ રીઝવે, એ
વિવેક નો અંકુરો તમને જે સુઝવે, તમે જે કરો એ
તમારા વિવેકનું ફળ હોવું જોઈએ, વિવેક નો અંકુરો
હોવો જોઈએ. એ જો તમે કરો, તો તમારું શુભ
થશે, આત્મકલ્યાણ થશે. આજે સમય થયો છે આગ
આટલું રાખીએ !

x x x x x x

# આત્મીયતા શિબિર- દિવસ- ૯

DATE 28 12 2018

અરિહંત પદ ધ્યાતો થકો દવ્વ ગુણ પજ્જાય।
ભેદ છેદ કરી આતમા અરિહંત રૂપી થાય ।।

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, આ શ્લોક ની અંદર કહે છે, દ્રવ્ય ગુણ પર્યાયથી જે અરિહંત પદનું ધ્યાન કરે છે, એ વ્યક્તિ પોતાનો અને અરિહંત નો ભેદ-છેદ કરી દે છે, અને અરિહંતરૂપી થાય છે. ધ્યાનને આજે ઊંડાણથી સમજવાનો પ્રયાસ કરવો છે. અરિહંતની પૂજા આપણે કરીએ છીએ પ્રતિષ્ઠા આપણે કરીએ છીએ, અનેક પ્રકારે ભક્તિ કરીએ છીએ, આખા વિશ્વમાં ભગવાનનો ભક્તિનો જે મર્મ નથી, અને આખા વિશ્વમાં ભગવાનની ભક્તિનો જે ભાવ નથી, એ આપણે ત્યાં જોવા મળે છે.

## ભગવાનની શ્રેષ્ઠ ભક્તિ શું ?

સમજવાનો પ્રયાસ કરવો છે. ધ્યાન હકીકતમાં શું છે ? એને આજે સમજવાનો પ્રયાસ કરવો છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સિધ્ધપુર ની અંદર બીરાજમાન છે, એક જિજ્ઞાસુ એમની પાસે આવે છે, અને પ્રશ્ન કરે છે કે ધ્યાન એ શું છે ? મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જવાબ આપે છે, જિજ્ઞાસુ સવાલ પુછે છે. સવાલ.. જવાબ.. સવાલ.. જવાબ.. સવાલ.. જવાબ... અને જ્ઞાનસાર ગ્રંથનું ત્રીસમું અષ્ટક, ધ્યાનાષ્ટક. ધ્યાન વિષયનો એક શિરમોર ગ્રંથ કહી શકાય. ટુંકમાં, SHORT માં ધ્યાન નો બધો જ સાર આપી દેનારી કૃતિ ! એટલે જ્ઞાનસાર ગ્રંથનું ધ્યાનાષ્ટક. મહોપાધ્યાયજી ને પ્રશ્ન પુછવામાં આવ્યો કે, ધ્યાન શું છે, તો મહોપાધ્યાયજી જવાબ આપે છે. અનુસંધાન એ ધ્યાન છે. જિજ્ઞાસુ બીજો પ્રશ્ન કરે છે, કોનું અનુસંધાન ? અને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જવાબ આપે છે, ધ્યાતા અને ધ્યેય નું અનુસંધાન ! ધ્યાતા આ પાર છે, ધ્યેય પેલે પાર છે, અને પારને જોડનો જે પુલ,

એનું નામ ધ્યાન !

ध्याताऽन्तरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्तितः।

અંતર આત્મા એ ધ્યાતા છે પરમાત્મા એ ધ્યેય છે.

ध्यानं चैकाग्र्यसंवित्तिः

એક આલંબન ઉપર સ્થિર સંવેદના, સ્થિર બોધ સંવાદ, મનની એક આલંબન ઉપરની સ્થિરતા આનું નામ ધ્યાન ! ધ્યાતા એ મુસાફર છે, ધ્યેય એ મંઝિલ છે, ધ્યાન એ માર્ગ છે.

" ધ્યાતા એ તરસ છે !
ધ્યેય એ તૃપ્તિ છે !
ધ્યાન એ પાણી છે ! "

" ધ્યાતા એ થાક છે !
ધ્યેય એ આરામ છે !
ધ્યાન એ નિદ્રા છે ! "

" ધ્યાતા એ વાદક છે. !
ધ્યેય એ સંગીત છે. !
ધ્યાન એ વાજિંત્ર છે. ! "

" ધ્યાતા એ અનુભાવક છે. !
ધ્યેય એ અનુભાવ્ય છે. !
ધ્યાન એ અનુભવ છે. ! "

" ધ્યાતા એ જિજિવીસા છે, જીવનની ઈચ્છા છે.
ધ્યેય એ જીવન છે !
ધ્યાન એ શ્વાસ છે ! "

ध्याता ध्येयं तथा ध्यानं त्रयमेकात्मतां गतम्।

મુસાફર પણ આપણે જ, મંઝિલ પણ આપણે, માર્ગ પણ આપણે. તરસ પણ આપણે, તૃપ્તિ પણ આપણે. પાણી પણ આપણે. થાક પણ આપણે, આરામ પણ આપણે, નિદ્રા પણ આપણે. વાદક પણ આપણે, સંગીત પણ આપણે, વાજિંત્ર પણ આપણે, મુમુક્ષા પણ આપણે, મુક્ત પણ આપણે, પ્રવાસ પણ આપણે.

मुक्तेरनन्यचित्तस्य तस्य दुःखं न विद्यते।

મહોપાધ્યાયજી ને પ્રશ્ન કરવામાં આવ્યો કે, દુ:ખ મટે કઈ રીતે, દુ:ખ મુક્ત કઈ રીતે થઈ શકાય. અને મહોપાધ્યાયજી જવાબ આપે છે, કે એ તમને ધ્યાન મળી ગયું, તો તમારા બધા જ દુ:ખો ટળી જશે. મહોપાધ્યાયજી ને ત્રીજો પ્રશ્ન પુછવામાં આવ્યો, ધ્યાનનું ફળ શું ?

फलप्रधानो आरम्भ इति लोकनीतित:

એવી લોક નીતિ છે કે કોઈ પણ પુરૂષાર્થ, કોઈ પણ મહેનત, એ ફળ માટે હોય છે. FRUIT માટે હોય છે. RESULT માટે હોય છે. એ RESULT છે તો પુરૂષાર્થ કરવાનો અર્થ છે, એ RESULT નથી, કંઈ ફળ નથી, છે પણ સંતોષકારક નથી, તો પછી એના માટે કોઈ જ મહેનત નહી કરવી પડે. મહોપાધ્યાયજી ને ત્રીજો પ્રશ્ન પુછવામાં આવ્યો કે ધ્યાનનું ફળ શું ? અને મહોપાધ્યાયજી, જવાબ આપે છે, ધ્યાનનું ફળ છે સમાપત્તિ. ઉપાશ્રય ની અંદર સદ્દગુરૂ બેઠા છે, સદ્દગુરૂ સાંજના છેલ્લા .. છેલ્લા સુર્ય કિરણ નો ઉપયોગ કરી ચુક્યા છે, શાસ્ત્ર માંગલિક થયું છે ! શિષ્ય વંદન કરવા આવે છે, વંદન કરે છે, અને સદ્દગુરૂને પ્રશ્ન કરે છે, કે ભગવાન કેવી રીતે મળે ? આપણને પ્રશ્ન હોય છે કે ભગવાન કેવી રીતે મળે ? સદ્દગુરૂ મધુર સ્મિત કરીને જોતા રહે છે, શિષ્ય નો પ્રશ્ન અને ઉત્તર પામવાની ઈચ્છા થોડી ઠરમરી જાય છે, મેં કોઈ ખોટો પ્રશ્ન તો નથી કરી દીધો ને ? એવી આશંકા અંતરને કોરી જાય છે.

કોઈક અપરાધની સંભાવના હશે, નહિ હોય, શિષ્ય થોડો ડગુમગુ થાય છે. સદ્ગુરૂ એમના ચહેરાને વાંચી રહ્યા છે. સદ્ગુરૂના ચિત્તમાં વાત્સલ્ય ઉભરાય છે ને, શિષ્યને જરા ધરપત થાય છે! સદ્ગુરૂની વાત્સલ્ય ધારા અને શિષ્યની અહોભાવ ધારા, બંનેનો સંગમ થઈ રહ્યો છે. મોક્ષ માર્ગ એટલે શું? સદ્ગુરૂ અને શિષ્યનો સંબંધ, એટલે મોક્ષમાર્ગ!

**EXTREMELY IMPORTANT**

તમે સાધના કહો, આરાધના કહો, ઉર્ધ્વીકરણ કહો, યોગદ્રષ્ટિ વિકાસ કહો, ગુણસ્થાનક-આરોહણ કહો, કર્મ ક્ષય કહો, વિવિધ ધર્માનુષ્ઠાનો કહો, આ બધું જ શું છે? સદ્ગુરૂ અને શિષ્યના સંબંધનું, હકીકતમાં આ બીજું નામ છે! એ સંબંધ મજબુત છે તો આ બધું વિશુધ્ધ થશે, આ બધું જ મજબુત થશે, અને એ સંબંધ ઉપર પુર્ણવિરામ-મુકાયું છે તો, આ બધા ઉપર પુર્ણવિરામ મુકાઈ જશે.

શિષ્યની જિજ્ઞાસા પ્રબળ બની છે.

સદ્ગુરૂ શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપવાની બદલે પ્રતિપ્રશ્ન કરે છે, શિષ્યનો પ્રશ્ન ભગવાન કેવી રીતે મળે, અને સદ્ગુરૂ સામે શિષ્યને પુછે છે કે તારે કઈ રીતે જોઈએ છે? શિષ્યને જવાબ જોઈતો હતો, ને સામે પ્રશ્ન આવ્યો, અને પ્રશ્ન પણ પ્રશ્ન બની ને રહી ગયો કે ભગવાનને મળવાની કેટલી રીત હોય છે ને જેમાંથી, કઈ ~~[illegible]~~ રીત સદ્ગુરૂ પુછે છે? આપણને કેટલી રીત એ જ ખબર નથી, શિષ્યના ચહેરા ઉપર જે પ્રશ્ન તરવરી રહ્યો છે, સદ્ગુરૂ વાંચી લે છે ને સદ્ગુરૂ શિષ્યને કહે છે કે એ, FACE TO FACE મળવાની પણ એક રીત હોય છે, સ્પર્શ કરવી

ભગવાનને, સાક્ષાત ભુવના ભગવાન એમનો સ્પર્શ મળે,
આ પણ મળવાની એક રીત છે. ભગવાનની સાથે તમે
સાક્ષાત વાત કરો, આ પણ મળવાની એક રીત છે ને,
ભગવાનના DIRECT શબ્દો તમને સાંભળવા મળે, આ-
પણ એક મળવાની રીત છે, ને ભગવાનના આત્મ પ્રદેશોની
તમને સ્પર્શ થાય, આ પણ એક મળવાની રીત છે।

FACE TO FACE ગોશાળો પણ મળ્યો હતો
સંગમ અને શૂલપાણી એ પણ ભગવાનનો સ્પર્શ કર્યો હતો.
ગોવાળિયા એ પણ ભગવાનની સાથે વાત કરી હતી, અને
ભગવાનના DIRECT શબ્દો, એ કાલસૌકરીક કસાઈએ
પણ સાંભળ્યા હતા. હવે બાકી રહ્યું ભગવાનના આત્મ-
પ્રદેશો ને મળવાનું, જ્યાં ભગવાનના આત્મ પ્રદેશો છે ને,
મહાવીર સ્વામી ભગવાનનો, ~~શ્ર~~ પાર્શ્વનાથ ભગવાનનો,
નેમિનાથ ભગવાનનો, ચોવીસે તીર્થંકરો ના, અનંત ચોવીસી
ઓ ના, અનંત તીર્થંકરો ના, એ બધા જ અત્યારે
મોક્ષમાં બિરાજમાન છે. એમના જ્યાં આત્મપ્રદેશ છે,
એજ અવગાહનાની અંદર, અનંત નિગોદના જીવો પણ
રહેલા છે.

ભગવાનને મળવાની ઘણી બધી રીત છે,
સદ્ગુરુ શિષ્ય ને પૂછે છે, કે બોલ આમાં તારે કઈ રીતે
ભગવાનને મળવું છે? ભગવાન કઈ રીતે મળે, આમાં તને
કઈ રીત અભિપ્રેત છે? એ રીત હું તને બતાડું!
સદ્ગુરુ જ્યાં આ વાત કરે છે, ત્યાં શિષ્યને પોતાના પ્રશ્ન-
ની અધુરપ, અને અણસમજ સમજાય છે. જેને પોતાની
અધુરપ અને અણસમજ સમજાતી હોય, એનું નામ શિષ્ય!
સમજણ નું પ્રવેશદ્વાર આ જ છે, કે તમને તમારી અધુરપ
સમજાય, તમારી અણસમજ સમજાય! સમજણ ની
સભાનતા જેવું, સમજણનું અંતરાય તોડનાર તત્ત્વ બીજું કોઈ જ
નથી! મને જરૂર સમજણ પડે છે, આનું નામ સમજણની

સમાનતા ! હું બહુ સમજદાર છું. આનું નામ સમજણ ની સમાનતા ! પ્રશ્ન જુદી- જુદી રીતે થઈ શકતા હોય છે. પ્રશ્ન ક્યારેક જિજ્ઞાસાથી થાય, ક્યારેક - બધા ને ખ્યાલ આવે કે મને આટલી ખબર છે, એના માટે પણ પ્રશ્ન થાય. કેટલીક વાર કોઈ વ્યક્તિ હોય ને એ પ્રશ્ન કરીને આજુબાજુ જોઈ લે, કે બધા મને જુએ છે કે નહિ, બધા ઉપર મારા પ્રશ્નની કેવી IMPRESSION પડી. પ્રશ્ન જે સમજણ માટે હતો, એને આપણે સમજણ ની અંતરાય બનાવી દઈએ, આવું પણ થાય. મને બહુ જ ખબર પડે છે, આવું સમજીને કદી કોઈ પુસ્તક ખોલતા નહિ, મને બહુ જ સમજણ પડે છે આવું સમજી ને કદી કોઈ સદ્‌ગુરૂ - પાસે જતા નહિ. આપણી કઈ ભુમિકા, આપણે જોવાનો પ્રયાસ કરીએ ને. મહાત્મા ને મળવા માટે આપણે ગયા, આચાર્ય ભગવંત ને મળવા માટે આપણે ગયા, પંદર વીસ મીનીટ આપણે વાતો કરી, આપણી વાતો નો સાર શું ?

આપણી વાતો, સાહેબ હું આટલી - આટલી આરાધના કરું છું, અહીંયા .. અહીંયા .. અહીંયા આટલો લાભ લીધો, સાહેબ આટલું .. આટલું પામેલો છું, આટલું .. આટલું સમજેલો છું, આટલું .. આટલું ભણેલો છું, આટલું .. આટલું મારું અહિંયા - અહિંયા સ્થાન છે, અહીંયા .. અહીંયા મારું આટલું .. આટલું પદ છે. જે સદ્‌ગુરૂ ને મળી ને આપણે હું ને ગુમાવવાનો હતો, એ સદ્‌ગુરૂ પાસે જઈને આપણે હું ને જ ઘુંટ્યા કરીએ. તો આપણે હું ને ગુમાવશું ક્યારે ? હું આમ કરું છું .. હું આમ કરું છું .. હું આ સમજુ છું .. મેં આ કર્યું છે, આપણે વિચાર્યા કરીએ છીએ, બોલ્યા કરીએ છીએ,

એને હું ઘુંટાયા કરે છે. આ જીવન, આ જન્મ, આ સમજણ, આ બુદ્ધિ, આ જીવન... જે પણ મળ્યું છે એ હું ને ભુંસવા માટે મળ્યું છે. સદ્ગુરૂ પાસે આવો તો કોરી પાટી થઈને આવો તો સદ્ગુરૂ કંઈક લખી શકશે. આજી નોટ આપણે આપણી જ ભરી દીધી હશે, પાટી આપણે જ ભરી દીધી હશે. અમુક જીવો એ બધું જ ભરી દીધું છે, સદ્ગુરૂ માટે ક્યાંય જ જગ્યા નથી. અમુક જીવો એ આટલું જાણી રાખ્યું છે, એનાથી આગળ વધવાનું નહિ. અમુક જીવો કોરી પાટી, જ્યાં જેવું અને જેટલું લખવું હોય એટલું લખી શકે સદ્ગુરૂ. અને અમુક જીવો એ પાટી જેવા નથી હોતા, જે પેન જેવા હોય છે. જેનામાં કંઈ લખવાનો અવકાશ જ નથી, એમને સદ્ગુરૂમાં કંઈ લખી નાખવું હોય છે.

બહુ આત્મમંથન કરો, આત્મચિંતન કરો, આપણે ક્યાં આવ્યા, શેના માટે આવ્યા, શું કરવું છે ?, બહુ થઈ ગયું, હજુ મે આપણામાં તત્ત્વ નહીં આવે, હજુ મે આપણે શિષ્ય ના બની શકીએ, હજુ સમજણનું પ્રવેશદ્વાર ખુલ્યું નહિ, તો ભવ પુરો થઈ જશે ને કોઈક એકેન્દ્રિયાદિ માં આપણે ઘુસી જશું, પછી ત્યાં આની કોઈ શક્યતા જ નથી. રસ્તા ઉપરથી પસાર થયા હો, એક ગાય દેખાય છે, એક બળદ દેખાય છે, હું તમને કહું છું, ધ્રુજી જાવ, કંપી જાવ, વિચાર કરો કે આમાં ઘુસી ગયા તો પછી શું ?, એક કુતરાની અંદર સંભવિત ભવિષ્ય જુઓ, એક ઉંદરની અંદર સંભવિત ભવિષ્ય જુઓ, કોઈ કીડા-મકોડા ની અંદર સંભવિત ભવિષ્ય જુઓ, શાક MARKET (બજાર) માં જાવ એક એક શાકની અંદર જુઓ, આ ભવ કેમ પુરો થઈ ગયો ને હમણાં સુધી કેમ હસતું રાખ્યું, એમ ભવ પુરો કરી દીધો. આપણે માની લીધું - આપણે આરાધક થઈ ગયા, આપણે સાધક થઈ ગયા, આપણે બહુ આગળ વધી ગયા, આપણે આટલું.. આટલું

પામી ગયા. એક કવિએ બહુ મજાની વાત કરી છે.

"તું તને પામી ગયો એ ભ્રમ છે તારો,
 કે દાખલો ગણવામાં કંઈ ભૂલ થઈ લાગે છે!"

પામી ગયાનો પણ એક ભ્રમ હોય શકે છે.
સમજુ ગયાની પણ એક ગેરસમજ હોય શકે છે
અને જ્યાં સુધી ગેરસમજમાંથી બહાર નહીં નીકળીએ ને,
ત્યાં સુધી આપણો ઉદ્ધાર થવાનો નથી. સાચે એક
ગુરૂ રાખો, અને ડગલે ને પગલે એમને પુછતા રહો.
હું શું કરું ? સાચે એક ગુરૂ રાખો, અને ડગલે ને
પગલે પુછતા રહો કે હું આમ કરું છું, એ બરાબર તો
છે ને ? ગુરૂને પુછવાનું હતું ને આપણે ગુરૂને
INFORM કરીએ છીએ. સાહેબ અમે આવું કર્યું છે,
સાહેબ અમે આવું રાખ્યું છે, સાહેબ અમે આવું
કરવાના છીએ, અહીંયા યાત્રા કરવા જવાના છીએ,
જ્યાં સુધી સાચો સદ્ગુરૂ નથી આપ્યા, જ્યાં સુધી
આપણે સાચા શિષ્ય નથી બન્યા, ત્યાં સુધી આપણો
ધર્મ શરૂ પણ થવાનો નથી.

આપણે જ આપણા ગુરૂ બનવું છે
આપણે જ આપણને પુછવું છે. આપણે કોઈને કશું
પુછવાની તસ્દી લેવી નથી. સદ્ગુરૂ માનવા છે,
સદ્ગુરૂ રાખવા છે, સદ્ગુરૂનો ફોટો રાખવો છે,
સદ્ગુરૂની પાછળ રૂપિયા ખર્ચવા છે, પણ સદ્ગુરૂના
ઈશારે આપણી ચાલવાની કોઈ તૈયારી નથી, તો માટે
આપણું ઠેકાણું પડતું નથી.

સદ્ગુરૂ શિષ્યને જગાવે છે, આટલી-
આટલી રીતે ભગવાનને મળી શકાય છે, તારે કઈ

રીતે મળવું છે ? શિષ્ય હબક ખાઈ જાય છે ને શિષ્ય સમજુ છે કે મારે પ્રશ્ન કરતા પહેલા, મારા પ્રશ્નમાં - આટલી CLARITY હોવી જોઈતી હતી, એના ઉપરથી એનો જવાબ આપવો પણ શક્ય ન હતો, પણ બરોબર સદ્ગુરુએ પ્રશ્નને બહુ સ્પષ્ટ કરી આપ્યો. ને મારે કોઈ સંગમ, શૂલપાણીની જેમ ... ગોવાળિયા કે કાલસૌકરિકની જેમ ભગવાનને નથી મળવું. મારે નિગોદના જીવોની જેમ પણ ભગવાનને નથી મળવું. અને શિષ્ય, સદ્ગુરુને કહે છે કે મારે સારી રીતે ભગવાનને મળવું છે.

શિષ્ય એ હાથ જોડેલા છે, સદ્ગુરુ એક મધુર સ્મિત આપે કહે છે, સારી રીતે મળવું છે કે શ્રેષ્ઠ રીતે મળવું છે ? સારી રીતે મળે અમુક દેવતાઓને મળે, અમુક શ્રાવકોને મળે, અમુક ભદ્રિક મનુષ્યોને મળે, પણ હજુ મોક્ષ દૂર હોય તો શું કરવાનું ? સદ્ગુરુ શિષ્યને કહે છે કે બોલ સારી રીતે મળવું છે કે શ્રેષ્ઠ રીતે મળવું છે ? અને શિષ્ય કહે છે કે મારે શ્રેષ્ઠ રીતે મળવું છે, તમે કહો કે શ્રેષ્ઠ રીતે ભગવાન કઈ રીતે મળે ? અને સદ્ગુરુ જવાબ આપે છે, કે ભગવાન શ્રેષ્ઠ રીતે ધ્યાનથી મળે ! ભગવાન આ ભવમાં પણ મળી શકે છે. ભગવાન હમણાં પણ મળી શકે છે. ભગવાન શ્રેષ્ઠ રીતે મળી શકે એમ છે. અને એ કઈ રીતે મળી શકે એમ છે ? મહોપાધ્યાય યશોવિજયજી મહારાજને ત્રીજો પ્રશ્ન પુછવામાં આવ્યો, ધ્યાનનું ફળ શું ? મહોપાધ્યાયજી જવાબ આપે છે કે સમાપત્તિ એ ધ્યાન નું ફળ છે. મહોપાધ્યાયજી ને ચોથો પ્રશ્ન પુછવામાં આવ્યો, કે સમાપત્તિ એટલે શું ?

જ્ઞાનસારના ધ્યાનાષ્ટક ની અંદર - મહોપાધ્યાયજી જવાબ આપે છે.

DATE 28 12 2018

समापत्तिस्तद्दृकता।

ધ્યાતા અને ધ્યેય એ બંને ધ્યાનના માધ્યમથી એક થઈ જાય, આનું નામ સમાપત્તિ! શિષ્ય ચોથો પ્રશ્ન પુછે છે, કે ધ્યાતા જુદા છે, ધ્યેય જુદા છે, અંતરાત્મા જુદો છે, પરમાત્મા જુદા છે, અમે અહીંયા છીએ, ભગવાન મોક્ષમાં છે ભગવાન સમવસરણમાં છે, તો આ એકતા થઈ કઈ રીતે શકે? સમાપત્તિ શક્ય કઈ રીતે બને? સમાપત્તિ કઈ રીતે થાય છે? અને સદ્ગુરુ જવાબ આપે છે, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર ગ્રંથની અંદર, આનો જવાબ આપે છે,

मणाविव प्रतिच्छाया समापत्तिः परात्मनः।

એક મણિ છે, એક રત્ન છે, એ રત્ન છે એ એકદમ સ્વચ્છ છે, નિર્મળ છે, અને એ રત્ન એકદમ - નિર્મળ છે, કે જે વસ્તુ એની નજીક હોય, એનું પ્રતિબિંબ એમાં પડે છે. જે રીતે મણિની અંદર નજીકની વસ્તુનું પ્રતિબિંબ પડે, બરાબર એ જ રીતે ધ્યાન દ્વારા અંતરાત્મા નિર્મળ થાય, અંતરાત્મા - વિશુદ્ધ થાય, ધ્યાન દ્વારા આત્મા એ સ્વચ્છ મણિ- જેવો બને, એની અંદર પરમાત્માનું પ્રતિબિંબ પડે અને આ જે પરમાત્માનું પ્રતિબિંબ પડ્યું, એમ જોઈએ કે જે મણિ છે એની અંદર જેવી વસ્તુ EXACT દેખાય, બરાબર એ જ રીતે, ધ્યાન દ્વારા નિર્મળ બનેલા આત્માની અંદર, પરમાત્માનું જે પ્રતિબિંબ પડે આનું નામ સમાપત્તિ! આનું નામ ધ્યાતા અને ધ્યેયની એકતા! આનું નામ પરમાત્માનું મિલન!

क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले ॥

ધ્યાન શું કરે છે? તમારા આત્માના બધા જ મેલને સાફ કરી નાખે છે. ધ્યાન શું કરે છે? તમને ચોખ્ખા ચટ કરી નાખે છે. ધ્યાન શું કરે છે?

તમને નિર્મળ બનાવે છે. ધ્યાન શું કરે છે ? - પરમાત્માનું પ્રતિબિંબ તમારી અંદર પડે, અને તમારી અંતર આત્મા પરમાત્મા બની જાય, દેહનો છેદ થઈ જાય, તમે અને ભગવાન એક થઈ જાય. તમારું અને - ભગવાનનું શ્રેષ્ઠ રીતનું મિલન, શ્રેષ્ઠ કક્ષાનું મિલન થઈ જાય, આનું જે માધ્યમ તત્વ એનું નામ ધ્યાન ! એક કવિએ બહુ મજાની વાત કરી છે.

"આઈનો પહેલા હૃદયનો સાફ કર,
એ મહીં જે દેખાય, એ પરવરદિગાર !"

ભગવાન કોણ છે ? ક્યાં છે ? મહાવિદેહમાં છે, મોક્ષમાં છે, દહેરાસરમાં છે, બધી જ વાત સાચી છે, પણ આ બધા જ ભગવાનના માધ્યમે, આપણે ભીતરના ભગવાન સુધી પહોંચવાનું છે ! જો ધ્યાનથી આત્મા-નિર્મળ નથી થયો, આત્મા અને પરમાત્માનું શ્રેષ્ઠ કક્ષાનું મિલન નથી થયું તો દહેરાસરના ભગવાન, મહાવિદેહના ભગવાન, હું કહું છું, કદાચ દહેરાસરમાં ચાર કલાક ભક્તિ પણ કરી, આખી જિંદગી ચાર કલાક ભક્તિ કરી, કદાચ મહાવિદેહમાં જન્મ પણ મળી ગયો, સમવસરણમાં પહોંચી પણ ગયા, પણ જ્યાં સુધી આ મિલન નથી થયું, ત્યાં સુધી આપણે ભગવાનને તાત્વિક રીતે નહીં મળી શકીએ.

" આઈનો પહેલા હૃદયનો સાફ કર,
એ મહીં દેખાય, એ પરવરદિગાર " !

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, કે ધ્યાન એ એક સ્વચ્છ વસ્ત્ર છે, જે તમારા આત્મારૂપી-રત્નને નિર્મળ કરે છે. આપણને સ્વચ્છ વસ્ત્રની

ઝેર છે, અને આપણે ગંધાતુ મસોતુ લઈને બેઠા છીએ, અને આત્માને વધારે ને વધારે મેલો કરતા જઈએ છીએ, ગંદો કરતા જઈએ છીએ !

★ T.V. એ ગંદુ ગંધાતુ મસોતુ છે.
★ PHONE એ ગંદુ ગંધાતુ મસોતુ છે.
★ પરિવાર એ ગંદુ ગંધાતુ મસોતુ છે.
★ ધંધો એ ગંદુ ગંધાતુ મસોતુ છે.
★ વિકથા, બાહ્યભાવો, પારકી પંચાત, નિંદા, કુથલી, પ્રમાદો, વ્યર્થ પ્રવૃત્તિઓ, વિષય પ્રવૃત્તિઓ, આ બધું જ ગંદુ ગંધાતુ મસોતુ છે.

આપણે સતત આપણા ઉપર ગંદકીને ઠાલવ્યા કરીએ છીએ, ને ફરીયાદ કર્યા કરીએ છીએ, કે શા માટે હજુ આપણને નિર્મળતા નો કે-વિશુદ્ધિનો અનુભવ થતો નથી !

क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मलि।

જ્યાં સુધી તમારો આત્મા નિર્મળ થયો નથી, ત્યાં સુધી તમારી બધી જ આરાધના ફોક છે. ગયા વર્ષે જેટલો ગુસ્સો તમને આવતો હતો, એટલો જ ગુસ્સો આ વર્ષે પણ આવતો હોય, તો એક વર્ષમાં તમે કર્યું શું ? દસ વર્ષ પહેલા એ તમે અહીંયા આવ્યા હતા, ફંડમાં નામ લખાવ્યું હતું, તમારું નામ સારી રીતે BOARD ઉપર આવ્યું હતું, તમને બહુ જ સંતોષ થયો હતો, આ વર્ષે પણ બરાબર એ જ ઘટના બને, તો તમારી દસ વર્ષની આરાધનાનો અર્થ શું ? કોઈએ તમને બે વર્ષ પહેલા ગાળ આપીને તમને જેટલું દુઃખ થયું હતું, એટલું આજે પણ તમને કોઈએ ગાળ આપી, તમને એટલું જ દુઃખ થાય છે, તો બે વર્ષ

તમે કર્યું શું ? તમે ધંધો કર્યો, તમે રસોઈ કરી, તમે રૂપિયા કમાયા, તમે તમારી જે કંઈ પણ આરાધના કરતા હતા એ કરી, તમે જે કંઈ પણ પ્રવૃત્તિ કરી, - તમારા એ દોષો નથી ઘટ્યા, તો તમે કશું જ કર્યું નથી. તમારા એ વર્ષ નિષ્ફળ ગયા છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! આપણા અધ્યવસાયોની ચડતી પડતી તો થઈ શકે ને એ આપણે છદ્મસ્થ હોઈએ તો ! એટલે એ પહેલા જેવું હતું એનાથી આપણે ઉંચે નથી આવ્યા, એ તો હંમેશા માટે શક્ય નથી, અમુક સમય માટે ઉંચે આવ્યા ને પછી નીચે પડી જઈએ, તો પછી શું કરવાનું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજએ આ પ્રશ્ન નો જવાબ આપ્યો છે, સવાલ છે મુળ કે - આપણી નિર્મળતા કેમ નહીં, અંતર્ગત પ્રશ્ન મહાત્માએ પુછ્યો કે, ચડ..ઉતર.. ચડ. ઉતર તો આવતી હોય છેને એ ગુસ્સો જતો રહ્યો ને પાછો આવ્યો તો તે વર્ષોની આરાધનાઓ શું નિષ્ફળ છે ? યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજએ આ જ પ્રશ્ન ને, જુદા રૂપે પુછ્યો કે, અમે ગમે તેટલી આરાધના અહીંયા કરીએ, ધારોકે અમે મહાત્મા છીએ, અહીંયા નવ-વાડ શુદ્ધ બ્રહ્મચર્ય નું પાલન કરીએ, અહીંયા તપસ્યા-કરીએ, અહીંયા પ્રતિક્રમણ / પડિલેહણ કરીએ, લોચ-અને વિહાર કરીએ, સંયમના પ્રભાવે અમને એ-દેવલોક મળ્યો છે, અને દેવલોક મળવાની સાથે એ અમારું બ્રહ્મચર્ય જતું રહ્યું, સંયમ જતુ રહ્યું, વિરતિ-જતી રહી, અમારી આ બધી જ ચર્યા જતી રહી, મુહપત્તિ અમને અસંખ્ય વર્ષો સુધી પડિલેહણ કરવા નહી

મળે તો શું અમારી સાધના તુટી ગઈ ? ચડ-ઉતરતો આવી શકે છે, મૃત્યુ પણ આવી શકે છે, દેવનો ભવ મળે એનાથી પણ આવી શકે છે, અને શું ચડ-ઉતર આવે એનાથી સાધના નિષ્ફળ છે ? અને હરીભદ્રસૂરી મહારાજ, યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની-અંદર આનો જવાબ આપે છે,

प्रयाणभङ्गाभावेन निशि स्वापसमः पुनः।

એક આત્મા છે જે મોક્ષ તરફ પ્રયાણ કરી રહ્યો હતો... કરી રહ્યો હતો... કરી રહ્યો હતો ને જેમ એક મુસાફર પ્રયાણ કરતો હોય ને વચ્ચે રાત પડીને એણે વિશ્રામ વચ્ચે લીધો, વિશ્રામ લઈને જે સવારે પાછો ચાલવા માંડ્યો તો જેમ એને પ્રયાણનો ભંગ ના કહેવાય, એમ ના કહેવાય કે મુસાફરી અટકી ગઈ, બરાબર એણે તો વિશ્રામ લીધો છે, અને એ તો આગળ વધવાનો છે,

विघातो दिव्यभवत - श्चरणस्योपजायते ।

દિવ્ય ભવથી ચારિત્રનો આ માત્ર વિશ્રામ રૂપ વિઘાત છે, આનાથી યાત્રા અટકતી નથી, આ ભવની-અપેક્ષા એ લઈએ, મહાત્મા છે એણે દેવનો ભવ-આળ્યો, એને પુણ્ય બંધ રૂપે ભોગવી લે છે, સાનુબંધ જે સાધના કરી હતી, સાનુબંધ હતી સુસાધના,

स्वनुबन्धवती सुसाधना (न्यभवे स्यान्न किमन्तिमे क्षणे ॥ भुवनभानवीयम् ॥

[EXTREMELY IMPORTANT]

સાનુબંધ જે સાધના હશે, એક અંતરના ભાવથી જે ભગવાનની પૂજા કરી હશે ને, આવતા ભવમાં તમને અવશ્ય પૂજા મળશે, એક સમભાવ પૂર્વકનું સાનુબંધ સામાયિક કર્યું હશે, એ સામાયિક તમને ઉત્તરોત્તર વિશુદ્ધ સામાયિક, અને યાવત્ યથાખ્યાત-સંયમ, જે કેવળજ્ઞાની નું સંયમ છે ત્યાં સુધી તમને લઈ જશે, એક પ્રવચન તમે [illegible] અંતર થી સાંભળ્યું હશે, કોરી પાટી બની ને

સાંભળ્યું હશે, એ જ પ્રવચન તમને સાક્ષાત ભગવાનની દેશના સાંભળવા સુધી લઈ જશે. એક નાનો પણ નિયમ તમે બરાબર પાળ્યો હશે, એ બરાબર પાળેલો નિયમ, એ તમને યથાખ્યાત ચારિત્ર સુધી લઈ જશે, અને હવે જે સવાલ આવ્યો કે ઉત્સ્પષ્ટ ખુબ છે. UPS-DOWNS એના ઘણા રહે, અને એ DOWN થાય તો શું બધી સાધના નિષ્ફળ છે ? એને હરિભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે, UPS-DOWNS થઈ શકે, પણ OVERALL જેણે સાનુબંધ સાધના કરી, એનો GRAPH PROGRESS નો હશે, એની પડતી નો GRAPH નહીં હોય.

COMPANIES ના GRAPHS હોય ને થોડું DOWN પણ થાય, થોડું UP પણ થાય, પણ એ એપણે એમના ANNUAL REPORT માં મુક્યું છે, શા માટે મુકે ? તમે તમારું એમાં કરેલું રોકાણ ઉપાડી ના લો એના માટે, અને એણે એનો GROWTH બતાવ્યો હોય, થોડું ઘણું આમ-તેમ થઈ શકે, OVER ALL GRAPH શું હોય, UP ! એ જ રીતે, ઉતાર-ચઢાવ આવી શકે, કોઈક વિચાર તમને સ્પર્શી ગયો, થોડો ક્રોધ સ્પર્શી ગયો, થોડું માન સ્પર્શી ગયું, ફરી તમે ભગવાનનું વચન યાદ કર્યું, ફરી તમે વિભાવને ઉચક્યો, સાચો સાધક છે એને ઉતાર ચઢાવ નહિ આવે એવું નહિ, પણ સાચો સાધક હોય, એનો OVER ALL GRAPH તો UP જ હોય !

આપણે એ ત્યાં ના ત્યાં છીએ, આપણે એ DOWN FALL GRAPH વાળા છીએ, તો આપણે ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે.

સભાનો પ્રશ્ન : શ્રેણિક મહારાજનો તો છેલ્લા સમય

સુધી GRAPH ત્યાં ને ત્યાં હતો !

પૂજ્ય શ્રીનો ઉત્તર :- શ્રેણિક મહારાજ છે ને, એમનો GRAPH જે જ્યાં-ત્યાં સુધી UP હતો ને, અત્યારે પણ UP છે. એક કર્મ છે જે એનું ફળ બતાડે છે. શ્રેણિક-મહારાજ નરકમાં ગયા છે, પણ શ્રેણિક મહારાજનું સમ્યક્ત્વથી પતન નથી થયું. શ્રેણિક મહારાજ જે ગુણસ્થાનકે હતા એ જ ગુણસ્થાનકે અત્યારે પણ છે, ક્ષાયિક સમ્યક્ત્વના સ્વામી છે, નરકમાં ક્યા મળ્યું છે, નરક ની અંદર પણ સમ્યક્ત્વ એમનું અકબંધ છે, પરિણામની ધારા અકબંધ છે. ને નિશ્ચય દ્રષ્ટિથી જોઈએ ને, તો એ મોક્ષની દીશામાં જ આગળ-વધી રહ્યા છે.

નરક સારું એવી વાત નથી પણ નરક પણ એક ભૌતિક વાતાવરણ છે, શ્રેણિક મહા-રાજનું આધ્યાત્મિક વાતાવરણ જોઈએ ને, તો એ સમ્યક્ત્વ નું સ્વર્ગ જ છે, નરક નથી ! પીડા છે, વેદના છે, વેદના નો અનુભવ પણ છે, ચોથા ગુણ-સ્થાનકને પ્રાયોગ્ય એવું આર્તધ્યાન એમને ના જ થાય એવું પણ નહિ, અમુક LEVEL નું આર્તધ્યાન પણ થઈ શકે, અમુક LEVEL નું દુર્ધ્યાન પણ થઈ શકે, એ દુર્ધ્યાન એમને ત્યાં જેલની અંદર પણ હતું, કોડાના માર ખાતા પણ હતું, પણ શ્રેણિક મહારાજની GRAPH જો આપણે જોઈએ, તો એ GRAPH ની અંદર આપણને DOWNFALL ના દેખાય, એ STABILITY દેખાય, કર્મની-નિર્જરા દેખાય, અને મોક્ષ યાત્રામાં આગળ વધવા પણું દેખાય ! એક નિકાચિત કર્મ જે બાંધી દીધું, એક ઘટના, એક ક્ષાયિક સમ્યક્ત્વ જે ઉપાર્જ

લીધું, એ ઘટના. ક્ષાયિક સમ્યક્ત્વમાં નિકાચિત કર્મ ફળ ન આપે એવું નથી બનવાનું, ને એ કર્મના ઉદય થી નરકમાં ગયા તો ક્ષાયિક સમ્યક્ત્વ જતું રહે એવું પણ નથી બનવાનું. આ છે છેડા નયે જુઓ. FALL એ શું છે ? પડ્યું એ શું છે ? કંડરિક મુનિ, - સમ્યક્ત્વ થી પતિત થયા, ચારિત્રથી પતી ગયા, સાતમી નરકમાં ગયા, આનું નામ FALL (પડ્યું) !

રહનેમિ મુનિ હતા, એક અશુભ વિચાર આવ્યો. અશુભ વાણી આવી, પાછા સમજી ગયા, પાછા પાટે ચડી ગયા, તો આને નાસ્તિક દ્રષ્ટિએ FALL ના કહી શકાય. જુદા જુદા નયવાદ હોય છે. OVER ALL એમનો GRAPH શું રહ્યો, તો મોક્ષે પહોંચી ગયા ! તો આને નાસ્તિક દ્રષ્ટિએ, OVER ALL દ્રષ્ટિએ વિરંગાવ- લોકન કરો, એક અપેક્ષા એ એમ પણ કહિ શકાય કે એક અશુભ વિચાર પણ સ્પર્શે છે ને, ત્યાં પતન જ છે. અને બીજી દ્રષ્ટિએ કહી શકાય, કે ભાઈ OVERALL RESULT શું છે ? RESULT એ મોક્ષમાં ગયા છે. કોઈ કહે ભાઈ રહનેમિ મુનિ, એ તો પડી ગયા, એ તો પતિત થઈ ગયા, તો આપણે શું કહીએ, કે ભાઈ ગિરનારમાં જજો, ત્યાં રહનેમિ મુનિ છે ને, એમનું આખું દહેરાસર બનેલું છે. એ પડેલા હોય ને તો એમના દહેરાસર ન બને આ તો મોક્ષે ગયા ને, એટલે દહેરાસર બનેલું છે.

પ્રયાણભઙ્ગાભાવેન નિશિ સ્વાપસમઃ પુનઃ।

સાધક છે ક્યાંક અટકે એવું બને, ક્યાંક નીચે જાય એવું બને, પણ જે વર્ષો ના વર્ષો સુધી ત્યાં નો ત્યાં જ રહે, જે કિનારે જ રહે, જે તળિયે જ રહે, જે પડી જાય, આવું તો બની જ ના શકે. મહોપાધ્યાય - યશોવિજયજી મહારાજ ને પાંચમો પ્રશ્ન પુછવામાં આવ્યો, કે સમાપત્તિ ની આપે વાત કરી, ધ્યાનની સમાપત્તિ,

અંતર આત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ પડે, આત્મા અને પરમાત્માનું આ રીતે મિલન થાય આનું નામ સમાપત્તિ. આતો અમે સમજ્યા, સમાપત્તિનું ફળ શું છે, અને મહોપાધ્યાયજી જવાબ આપે છે.

आपत्तिश्च ततः पुण्यतीर्थकृद्कर्मबन्धतः।

ભીતરમાં ધ્યાન દ્વારા પરમાત્માનું મિલન થાય, આનું નામ સમાપત્તિ। સમાપત્તિનું ફળ શું છે, સમાપત્તિનું ફળ છે આપત્તિ। આપત્તિનો જે ગુજરાતીમાં અર્થ લઈએ છે એ અહીંયા લેવાનો નથી. આપત્તિમાં આ + પત્ ધાતુ છે, જે આવે તે આપત્તિ, સંસ્કૃત વ્યુત્પત્તિ અર્થ આ થાય, અને અહીંયા પારિભાષિક અર્થ લેવાનો છે અને પારિભાષિક અર્થ ધ્યાનાષ્ટક ની અંદર સમજાવ્યું છે.

पुण्यतीर्थकृद्कर्मसन्धतः

સમાપત્તિ દ્વારા, તીર્થંકર નામ કર્મનો બંધ થાય. સમાપત્તિ એટલે આત્મા અને પરમાત્માનું ધ્યાન દ્વાર મીલન. નિર્મળ આત્મામાં પરમાત્માનું જે પ્રતિબિંબ પડે, અંદર જે પરમાત્માની અનુભૂતિ થાય.

અરિહંત પદ ધ્યાતો થકો દ્રવ્ય ગુણ પજ્જાય।
ભેદ છેદ કરી આતમા અરિહંત રૂપી થાય।।

जो झायदि अरिहंते दव्वत्तगुणत्तपज्जवत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु तस्स जादि लयं

દ્રવ્ય ગુણ પર્યાય થી જે અરિહંત નું ધ્યાન કરે, પરમાત્મા નું જે ધ્યાન કરે, એ આત્મજ્ઞાન પામે છે, એ અરિહંત પરમાત્મા સાથે, એમના ભેદ નો છેદ થાય, એનો ભેદ ઉડી જાય, એટલે કે અભેદ થઈ જાય, એટલે કે એકતા થઈ જાય, એના મોહનો વિલય થઈ જાય, ક્ષય થઈ જાય. સમાપત્તિ નું ફળ છે આપત્તિ, એટલે કે તીર્થંકર નામ કર્મ નો બંધ। મહોપાધ્યાયજી ને છઠ્ઠો પ્રશ્ન પુછવામાં આવ્યો,

કે આપત્તિ નું ફળ શું ? અને મહોપાધ્યાયજી જવાબ
આપે છે. આપત્તિ નું ફળ છે સંપત્તિ !

तद्भावाभिमुखत्वेन सम्पत्तिश्च क्रमाद् भवेत्

તીર્થંકર નામ કર્મનો બંધ થયો છે જ્યારે એ નિકાચિત થાય
ત્યારે સતત સમયે સમયે એનો બંધ થયા જ કરે. આત્મા
અહીંયા ચારિત્ર નું પાલન કરતો હોય, તો ય બંધ સતત
ચાલુ હોય. કોઈ આત્મા દેવલોકમાં ગયો, શ્રેણિક મહારાજ
નરકમાં છે, પ્રત્યેક સમયે જિનનામ કર્મનો બંધ, -
તીર્થંકર નામ કર્મનો બંધ, ચાલુ છે. જે જે તીર્થંકરો
એ આગલા ત્રીજા ભવે જ્યાં નિકાચિત કરે તીર્થંકર નામ
કર્મ, અને જ્યાં સુધી આત્મા ગુણસ્થાનકે, ક્ષપક
શ્રેણિમાં, અંતિમ ભવમાં પહોંચે નહિ, ત્યાં સુધી
સતત ને સતત, તીર્થંકર નામ કર્મ નો બંધ ચાલુ ને
ચાલુ !

સમાપત્તિ નું ફળ આપત્તિ !
આપત્તિ નું ફળ શું ?

આપત્તિ નું ફળ છે સંપત્તિ એટલે કે જે આત્મા અંતિમ-
ભવમાં ક્ષપક શ્રેણિ પર આરોહણ કરે, કેવળજ્ઞાન પામે.
અને તીર્થંકર નામ કર્મ નો ઉદય થાય, અષ્ટ પ્રાતિહાર્ય
આવી જાય, પાંત્રીસ વાણીના ગુણો, ચોત્રીસ અતિશયો,
સમવસરણની ઋદ્ધિ, અદ્ભુત દેશના લબ્ધિ, લાખો-
કરોડો ભવ્ય જીવો ઉપર ઉપકાર જે તીર્થંકર પરમાત્મા
પોતે કરે, આનું નામ સંપત્તિ. ધ્યાનનું ફળ સમાપત્તિ,
સમાપત્તિ નું ફળ આપત્તિ, તીર્થંકર નામ કર્મ નો બંધ,
અને આપત્તિ નું ફળ, સંપત્તિ ! એટલે કે તીર્થંકર-
નામ કર્મનો ઉદય !

સભાનો પ્રશ્ન :- સાહેબ આપે કહ્યું કે તીર્થંકર નામ-
કર્મનો બંધ કરે, એક વાર કરવાનો હોય કે
સતત નરકમાં પણ એનો બંધ ચાલુ હોય ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- તીર્થંકર નામ કર્મનો બંધ છે એ બે રીતે થઈ શકે છે. એક નિકાચિત અને બીજો અનિકાચિત ! અનિકાચિત બંધ ગમે ત્યારે થઈ શકે, તીર્થંકર થવાના સંખ્યાતા ભવ પહેલા, અસંખ્યાતા ભવ પહેલા પણ, આ રીતે એનો બંધ થઈ શકે. અનંતાભવ પહેલા પણ તીર્થંકર નામ-કર્મ નો બંધ થઈ શકે. આ જે બંધ થયો એ નિકાચિત ના હોય, એનાથી તીર્થંકર બની ના શકાય. નિકાચિત કરે તો તીર્થંકર બને. આ રીતે જે-અનિકાચિત બંધ હોય એમાં પછી સતત બંધ રહેતો નથી, એ કર્મ ખરી જાય, આવું પણ બને.

નિકાચિત કરે પછી એ હંમેશ માટે રહે, એવું પણ બને. ત્રીજા ભવે તીર્થંકર પોતે બની શકે, જેમણે નિકાચિત કર્યું, એમને સતત એ કર્મનો બંધ, ચાલુ હોય.

સભાનો પ્રશ્ન :- સાહેબ ત્રીજા ભવે જ નિકાચિત બંધાય કે અસંખ્ય ભવો પહેલા પણ નિકાચિત બંધાઈ શકે ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- નિકાચિત તીર્થંકર નામ કર્મ એ પૂર્વના ત્રીજા ભવે જ બંધાય શકે. તમે ચોવીસે તીર્થંકરો ના ચરિત્રો જુઓ, બીજા બીજા ગ્રંથોની અંદર પણ તીર્થંકરો આવે, તમે ક્યાંય પણ જુઓ, પૂર્વના ત્રીજા ભવે જ નિકાચિત થઈ શકે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજને સામે પ્રશ્ન પુછવામાં આવ્યો કે તમે કહો છો કે ધ્યાનથી તીર્થંકર નામ કર્મ બંધાય, અને અમે

DATE 29 12 2018

સાંભળ્યું છે કે વીસસ્થાનકની આરાધનાથી તીર્થંકર - નામ કર્મ બંધાય ! તો હવે આમાં પ્રકાર સમજવાનું શું ? અને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, જ્ઞાનસારના ~~ધ્યા~~ ધ્યાનાષ્ટક ની અંદર એનો જવાબ આપે છે.

इत्थं ध्यानफलाद् युक्तं विंशतिस्थानकाद्यपि।

મહોપાધ્યાયજી ને પ્રશ્ન કરવામાં આવ્યો કે ધ્યાનથી કે વીસ સ્થાનક ની આરાધનાથી, શેનાથી તીર્થંકર નામકર્મ બંધાય ? અને મહોપાધ્યાયજી જવાબ આપે છે કે વીસસ્થાનક ની આરાધનાથી, ધ્યાનની યોગ્યતા પ્રગટે છે, અને એ યોગ્યતાથી ધ્યાન કરવામાં આવે, એનાથી - તીર્થંકર નામ કર્મ બંધાય છે.

[EXTREMELY IMPORTANT]

વિશ્વનું સર્વોત્કૃષ્ટ પુણ્ય, તીર્થંકર નામ કર્મ, એના સ્રોત તરીકે મહોપાધ્યાયજી ધ્યાન ને જણાવે છે. દુનિયાનું કોઈ એવું સુખ નથી જે ધ્યાનથી ના મળે. દુનિયાનું કોઈ એવું પુણ્ય નથી જે ધ્યાનથી ના મળે. દુનિયાનું કોઈ એવું વિઘ્ન નથી જે ધ્યાનથી ના ટળે. આપણે ધ્યાનને ગુમાવી ને શું ગુમાવીએ છીએ, એનો કદાચ આપણને ખ્યાલ જ નથી.

મહોપાધ્યાયજી ને પ્રશ્ન કરવામાં આવ્યો, કે કોઈ વીસ-સ્થાનક ની આરાધના કરે, પણ એ- ધ્યાન ના કરે, તો શું એને તીર્થંકર નામકર્મ ના બંધાય ? અને મહોપાધ્યાયજી એનો જવાબ આપે છે કે તીર્થંકર નામ કર્મ તો ના બંધાય, એ તીર્થંકર થઈને તો મોક્ષે ના જાય, એ સામાન્ય કેવળજ્ઞાની થઈ ને પણ મોક્ષે ના જાય, એનો મોક્ષ જ ના થાય ! બીજું બધી જ આરાધના ધ્યાનની યોગ્યતા મેળવવા માટે, ધ્યાન માટે અને ધ્યાન દ્વારા મોક્ષ મેળવવા માટે !

સભ્યોનો પ્રશ્ન :- એટલે પહેલા ધ્યાન પછી સાધુ
ધ્રુવ કરું શાસન રસી કે, પહેલા શાસન રસી પછી વીસ સ્થાનક તપ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- શાસ્ત્રની અંદર બે ધારા મળે છે યોગબિંદુની અંદર - હરીભદ્રસૂરી મહારાજ એ કહ્યું કે, સર્વ જીવોના મોક્ષની ભાવના ભાવે તે તીર્થંકર બને, સ્વજનોને તારવાની ભાવના હોય એ ગણધર બને, માત્ર આત્મચિંતન હોય, આત્મ ચિંતા હોય એ સામાન્ય કેવળજ્ઞાની બને, આ એક ધારા છે.

બીજુ ધારા ત્રિશષ્ટિ વગેરે ગ્રંથોની અંદર બતાડી, કે દરેકે તીર્થંકરે વીસ સ્થાનક ના કોઈને કોઈ સ્થાનક ની આરાધનાથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જિત કર્યું. આદિનાથ ભગવાને વીસે સ્થાનકોની આરાધનાથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જિત કર્યું, એમ બંને ધારા શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે. અપેક્ષા એ બંને સાચી વાત છે. એકમાં બંને હોય શકે છે. અથવા એક જીવમાં એક ધારા પણ હોય શકે છે. ધ્યાન શું છે ? આની વાત મારે તમને કરવી છે.

મોક્ષ માર્ગ ને શ્રી શત્રુંજય સમજીએ ને
★ તો તત્વ જિજ્ઞાસા એ જય તળેટી છે.
★ પહેલો વિસામો એ ગીતાર્થ અને સંવિગ્ન સદ્ગુરુનો સત્સંગ છે.
★ તપ અને ક્રિયા એ હિંગળાજ નો હડો છે.
★ જ્ઞાન એ હનુમાનધારા છે, જ્યાંથી નવટુંક ના દર્શન થાય !
★ વિરતિ એ રામપોળ છે !

✱ બીજુ આરાધનાઓ એ સગાળપોળ ને હાથીપોળ છે.
✱ ધ્યાન એ હાથીપોળ છે.
✱ મોક્ષ એ દાદાનો દરબાર છે.

મહોપાધ્યાયજી ને પ્રશ્ન કર્યો કે, બીજુ આરાધના કરે, વીસ સ્થાનક ની આરાધના કરે, અને એ ધ્યાન નો કરે તો એનો મોક્ષ ના થાય ને, એ એનો મોક્ષ ના થાય, તો એણે કરેલી આરાધનાનું શું ? એણે આટલી આરાધના કરી તો એ તીર્થંકર જ હોવો જોઈએ, એનો મોક્ષ કેમ ના થાય ? જ્ઞાનસારને ધ્યાનાષ્ટકમાં મહોપાધ્યાયજી એનો જવાબ આપે છે.

कष्टमात्रं त्वभव्याना- मपि नो दुर्लभं भवे ॥

જ્યાં ધ્યાન નથી, જ્યાં પરિણતિ નથી, જ્યાં આશય નથી સમજ્યા, હું કહું છું કે બધું આપણે તપમાં CONVE-રટ કરી દેવાનું છે. વીસ સ્થાનક ના પદોને ભૂલો તમે, તમે ઉપવાસ કરો, આટલું સહન કરો, આટલો તમે તપ કરો, તમે આટલા ભાગ્ય વધ્યા, અને તમે જરાક એક સેન્ટી મીટર જેટલા અંદર ન ઉતરી શકો, ઉંડે ના ઉતરી શકો. સંઘવાત્સલ્ય એ ય તપમાં CONVERT કરી દેવાનું. આચાર્ય નું વાત્સલ્ય, જ્ઞાનનું વાત્સલ્ય, ગ્લાન પદ છે, [struck] સ્થવિર પદ છે, આ વીસ સ્થાનક ના પદો ચાલુ હોય ને, બસ કરવાના જ છે. ઉપવાસ-છોડવાની વાત નથી, એમાં તમારું વિશેષ લક્ષ્ય હોય કે ચાલો ભાઈ આ અમદાવાદની અંદર, હું જોઉં કે ક્યાં ગ્લાન મહાત્મા છે એવા વૈયાવચ્ચ વાળા ને પુછું કે અત્યારે હોસ્પિટલમાં કોઈ મહાત્મા છે, તમારા ઉપવાસનું ઉત્કૃષ્ટ ફળ તમને ત્યારે મળે, એ તમારું તપસ્વી પદ અને એ તપસ્વી પદ રૂપે તમે વીસસ્થાનક ના-ઉપવાસો કરી રહ્યા છો, તો તે ઉપવાસના દિવસે તમારી જાવાની સમય બચ્યો, અને તપસ્વી મહાત્મા ની વૈયાવચ્ચ-

તૈયારી વધી, એ ગ્લાન મહાત્માની વૈયાવચ્ચ વધી, આચાર્ય પદની આરાધના ચાલુ છે. કોઈ આચાર્ય-ભગવંત ની સેવામાં તમે જડે પગે ઉભા રહ્યા, એમનું વાત્સલ્ય કર્યું, વીસ સ્થાનક પદને સમજો, વારંવાર વાત્સલ્ય.. વાત્સલ્ય.. વાત્સલ્ય.. વાત્સલ્ય.. શબ્દ છે.

જ્યાં આ કશું જ નથી, જ્યાં સમજણ નથી, જ્યાં માત્ર શુષ્ક આરાધના છે, જ્યાં માત્ર જડ ક્રિયા છે. મહોપાધ્યાયજી કહે છે કે એવી વીસ-સ્થાનક ની આરાધના તો અભવ્ય જીવને પણ સુલભ છે, જે કદી તીર્થંકર થવાનો જ નથી, કારણકે જે કદી મોક્ષે પણ જવાનો નથી ! આવું-તપ કરવાનો જ છે, જે એનાથી પણ પડ્યા, હીંગળાજ નો હડો એ ના ચડી શક્યા, એ દાદાના દરબારમાં તો ક્યાં પહોંચવાના, અને તમે કહો કે અમે આટલું બધું કરીએ તો એ અમને મોક્ષ નહિ. મહોપાધ્યાયજી આપણને કહેવા માંગે છે, તમારો પ્રશ્ન એવો જ છે કે જે હાથીપોળે જ નથી જતા, એમને દાદાનો દરબાર કેમ ન મળે !

## બધું જ કરો પણ ધ્યાનની સુગ

ધ્યાનની ~~xxx~~ આળસ, ધ્યાન માર્ગે આગળ વધવું નથી, અત્રે તો જે કરીએ છીએ, વ્યવહારે તો સમય નથી, અત્યારે તો ઓછું છે, જે છે, તે છે, મારે રોજનું આ છે- તે છે, અને હું કરી શકું એમ નથી, તો એ હાથીપોળે હાથ દઈને, પાછો ડુંગર ઉતરી જવાનો માર્ગ છે. દાદાનો દરબાર આપણને નહિ મળે, મોક્ષ નહીં મળે. મહોપાધ્યાયજી જ્ઞાનસારમાં કહે છે,

कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ।।

DATE 24 12 2018

આ બધું કષ્ટ, આ બધો કાય-ક્લેશ, સમજણ વગરનો કરો, એનો અભાવ પણ કરી શકો છો. એનાથી મોક્ષ મળી ના શકે. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

X———X———X———X———X———X———X

## આત્મપ્રેક્ષણા શિબિર- દિવસ ૭

DATE 29 12 2018

એક પ્રશ્ન કરવામાં આવ્યો કે ધ્યાનમાં શું શું હોવું જોઈએ ? જરૂરી સવાલ આપણાથી ધ્યાન થાય છે કે નહિ, આવડે છે કે નહિ, થઈ ગયું કે નહિ, ફાવ્યું કે નહિ, એ નથી. જરૂરી સવાલ - આપણે ક્યાં- ક્યાં જઈ આવ્યા, શું - શું કરી આવ્યા, એનો પણ નથી.

### જરૂરી સવાલ એ છે કે આપણે ધ્યાતા છીએ કે નહિ ?

જ્યાં સુધી આપણે ધ્યાતા નથી ત્યાં સુધી ધ્યાન થવાનું જ નથી. આપણે કદાચ માની લેશું કે ધ્યાન થઈ ગયું, પણ ધ્યાન બાકી હશે. ધ્યાતા નો અર્થ છે, ધ્યાનની પાત્રતા, ધ્યાનનો અર્થ છે એક પ્રકારની પ્રાપ્તિ. જ્યાં સુધી પાત્રતા નથી ત્યાં સુધી પ્રાપ્તિ થવાની જ નથી, તમે ગમે તેટલી મહેનત કરો. આપણી બધી જ દોટ પ્રાય: કરીને, પાત્રતા વગરની પ્રાપ્તિ માટે હોય છે. પાત્રતા વગરની પ્રાપ્તિ તાત્વિક હોતી નથી, પાત્રતા વગરની પ્રાપ્તિ લાંબી હોતી નથી. ~~[illegible]~~ - પાત્રતા વગરની પ્રાપ્તિ સાચી હોવા છતાં પણ સારી હોતી નથી. પાત્રતા વગરની પ્રાપ્તિ વધારે નુકશાન માટે થાય છે. પાત્રતા વગરની પ્રાપ્તિ એ પ્રાપ્તિ નથી હોતી, એ પ્રાપ્તિ નો ભ્રમ હોય છે.

ધ્યાતામાં શું શું હોવું જોઈએ ? આ પ્રશ્ન નો જવાબ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, અધ્યાત્મસાર ગ્રંથ ની અંદર આપે છે.

*भावना देशकालौ च स्वासनाऽऽलम्बनक्रमान् ।*
*ध्यातव्यध्यात्रनुप्रेक्षा, लेश्यालिङ्गफलानि च ।।*

અધ્યાત્મસાર નો એક જ શ્લોક, એની અંદર ધ્યાતાની પાત્રતા ની છણાવટ યશોવિજયજી મહારાજ એ કરી દીધી છે,

અને એમાં પહેલા નંબરની પાત્રતા, મહોપાધ્યાયજી કહે છે ભાવના ! આજે માત્ર તમને પહેલી પાત્રતાની વાત કરવી છે. ને એ જો મળી ગઈ તો તમને બીજી બધી જ પાત્રતાઓ બહુ જ સહેલાઈથી મળી જશે. આપણે પ્રાપ્તિ માટે પ્રયાસ કરતા હોઈએ છીએ, ધમપછાડા કરતા હોઈએ છીએ, પ્રાપ્તિ નથી થતી નિરાશ થતા હોઈએ છીએ.

બહુ સરસ મજાની વાત ધર્મબિંદુ ગ્રંથની ટીકામાં મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે,

नोद्न्वानर्थितामेति न चाम्भोभिर्न पूर्यते।

દરિયો યાચના નથી કરતો, દરિયો હાથ નથી લંબાવતો, દરિયો કાકલુદી નથી કરતો, દરિયો તપાસ નથી કરતો, દરિયો કોઈ આમંત્રણ પત્રિકા નથી લખતો, અને છતાં એ દરિયો પાણી થી ભરાયા વગર રહેતો જ નથી. ચારે બાજુથી નદીઓ આવી આવીને દરિયાને ભરી દે છે.

आत्मा तु पात्रतां नेयः, पात्रमायान्ति सम्पदः॥

તમારે જો સંપતિ જોઈએ છે, તમારે સુખ જોઈએ છે, તમારે અધ્યાત્મ જોઈએ છે, તમારે મોક્ષ જોઈએ છે, તમારે ધ્યાન જોઈએ છે, પહેલું કામ આ કરો, પાત્રતા કેળવો ! આપણે આપણી પાસે હિસાબ રાખ્યો હોય છે કે, કેટલા પૈસા છે, કેટલા ઘરેણા છે, કેટલી જમીન છે, કેટલા FLAT છે, ક્યાં કેટલું INVESTMENT કર્યું છે. આ બધા જ પ્રકારનો હિસાબ રાખ્યો છે, આપણે આપણો હિસાબ રાખ્યો નથી. પાત્રતા એ આપણા પોતાનો હિસાબ છે. પાત્રતા એ આપણા આત્માનું સરવૈયું છે. જ્યાં સુધી પાત્રતા નથી મળી, ત્યાં સુધી આપણને કશું મળ્યું નથી. એક કવિએ બહુ મજાની વાત કરી છે,

"ડૂબાવશે મળવા નદીઓ દોડીને તને,
છે શરત એટલી પહેલા તું સમંદર થઈ જ."

તું હરિયો થઈશ તો બધી જ નદીઓ દોડીને આવશે, તારે બોલવવી નહી પડે. શરત એટલી છે કે તું - હરિયો થઈ જ. ધ્યાન માટેની પહેલી પાત્રતા ભાવના અને પહેલી ભાવના છે, જ્ઞાન ભાવના ! જ્ઞાનથી - આત્માને ખુબ જ ભાવિત કરવો, વાસિત કરવો આનું નામ જ્ઞાન ભાવના.

ત્રીજું આગમ સ્થાનાંગ સૂત્ર. એમાં કહ્યું છે,

जया सुद्धु अहीयं भवइ तया सुद्धु झाणं भवइ।

સારું ધ્યાન ક્યારે થઈ શકે ? જ્યારે તમારો સારો જ્ઞાનાભ્યાસ થયો છે, ત્યારે ! તમારો જ્ઞાનાભ્યાસ - બરોબર થયો નથી, તમે બરાબર ધ્યાન કર્યું નથી, એ તમારી ખરી તકલીફ નથી. તમારી ખરી તકલીફ એ છે કે તમે બરાબર જ્ઞાનાભ્યાસ કર્યો નથી. જ્યાં સુધી તમારું જ્ઞાનનું એક LEVEL આવ્યું નથી, જ્યાં સુધી તમને ધ્યાનની ખરી સમજણ મળી નથી. આલંબનમાં ધ્યાનયોગ સાથે જ્ઞાનયોગ શા માટે ? ધ્યાનની પહેલા પ્રવચન શા માટે ? તમારામાં જ્ઞાન આવે એના માટે. જ્યાં સુધી જ્ઞાન નથી મળ્યું, ત્યાં સુધી ધ્યાન કરવામાં જોખમ છે. જ્યાં સુધી જ્ઞાન નથી મળ્યું, ત્યાં સુધી ખરું ધ્યાન થઈ શકે એવું નથી. જ્યાં સુધી જ્ઞાન નથી મળ્યું, ત્યાં સુધી આપણે ધ્યાનના નામે કદાચ કાંઈક બીજું જ કરશું. જ્યાં સુધી જ્ઞાન નથી મળ્યું ત્યાં સુધી જ્ઞાનની ભૂમિકા જ રચાઈ નથી.

સભાનો પ્રશ્ન :- જ્ઞાનનો અર્થ, શાસ્ત્રોનો અભ્યાસ કરવો એવો છે ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- બહુ સરસ મજાનો પ્રશ્ન છે,

પંચાસક ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ એ પ્રશ્નનો - જવાબ આપ્યો છે, કે જ્ઞાન કોને કહેવાય ? અને ત્યાં કહ્યું કે,

गुरुपारतंतं णाणं।

તમે ગુરૂને સંપૂર્ણ પણે સમર્પિત બની જાવ, તમારી બધી જ બુધ્ધિનું બારમું કરી દો, બુદ્ધિ ને પાણીએ વહાવી દો, બુદ્ધિને તમે દૂર મુકી દો, બુદ્ધિનો ત્યાગ કરી દો, અને ગુરૂને સંપૂર્ણ પણે સમર્પિત થઈ જાવ, આનું નામ જ્ઞાન ! હરીભદ્રસૂરી મહારાજને પ્રશ્ન કરવામાં આવ્યો કે અમે તો સમજુએ છીએ કે આ જે પ્રતિક્રમણ ના સૂત્રો, એને જ્ઞાન કહેવાય, પિસ્તાલીસ આગમો છે એને જ્ઞાન કહેવાય, ચૌદ પૂર્વો છે એ જ્ઞાન કહેવાય, અને તમે કોઈ - બીજુ જ વ્યાખ્યા કહો છો, એ સમયે હરીભદ્રસૂરી મહારાજ કહે છે, કે એ વ્યાખ્યા પણ સાચી છે, પણ એ બધું કઈ રીતે મળે ? એ ગુરૂને સમર્પિત થવાથી મળે. માટે અમે ગુરૂ સમર્પણને જ જ્ઞાન કહીએ છીએ. પહેલી - ભાવના, જ્ઞાન ભાવના. જ્યાં સુધી જ્ઞાન નથી મળ્યું, ત્યાં સુધી સાચું ધ્યાન નથી મળતું, ત્યાં સુધી સાચું - RESULT નથી મળતું. તમે પ્રેમમાં રહો કે આપણે જઈ આવ્યા, ધ્યાન કરી આવ્યા, ધ્યાન થઈ ગયું, એકાગ્ર - થઈ ગયા, કંઈક શાંતિ મળી, કાંઈક અનુભવ મળ્યો, RESULT મળે એટલું જ પુરતું નથી. RESULT સારું હોવું પણ જરૂરી છે. અને RESULT સારું હોવું એટલું જ પુરતું નથી, એ લાંબા સમય માટે, કાયમ માટે સારું RESULT હોય, એ પણ જરૂરી છે.

છગને એક એજન્ટ ને પુછ્યું કે મારે છ ને પાંચ વાગ્યાની ટ્રેન પકડવી છે, રસ્તો કહી ને જાવ છે, આ તમારું અંતર છે, એમાંથી હું જઈ શકું. એટલે એજન્ટે - કહ્યું કે કંઈ જ વાંધો નહિ તમે જઈ શકો છો. મારો

classmate

કુતરો તમારી પાછળ પડશે ને તો તમે ચાર વાગ્યાની
ટ્રેન પણ પકડી શકશો. RESULT મળશે, છગન-
વહેલો પહોંચી જશે, પણ કેવી રીતે પહોંચે છે, કેવી
સ્થિતિમાં પહોંચે છે. હેમખેમ છે, સાબુત છે, એના
કપડા ફાટી ગયા છે, લોહી નીકળ્યું છે, સામાન એનો
ક્યાંક ફેંકાઈ ગયો છે, થાક લઈને એને ભાગવું પડ્યું
છે. પહોંચી જવું પુરતું નથી, કેવી રીતે પહોંચ્યા એ
પણ જરૂરી છે.

એક આચાર્ય ભગવંત, વિશિષ્ટ ધ્યાનમાં
ઉતરવા માંગતા હતા, અને ધ્યાનમાં એમને ઉતરવું-
હતું એના માટે, એમણે વિચાર્યું કે અત્યારે મારી-
સાથે મારા જે શિષ્યો છે ને, એ બધા ગીતાર્થ નથી,
જ્ઞાની નથી, ભણેલા નથી. એના કારણે એમની-
સાથે રહીને હું આ ધ્યાન ના કરી શકું. આચાર્ય
મહારાજ ના એક શિષ્ય હતા જે થોડા દુર ગયા હતા,
એ ભણેલા હતા, ગીતાર્થ હતા, અને આચાર્ય
મહારાજ સાહેબ એમને સંદેશો મોકલે છે કે તમે
અહીંયા આવી જાવ. એ શિષ્ય આવી જાય છે,
આચાર્ય મહારાજ સાહેબ, એમની સાથે એક મીટીંગ-
કરી લે છે. આચાર્ય મહારાજ સાહેબ જે રૂમમાં છે,
એના પેસેજમાં એ ગીતાર્થ શિષ્ય બેસે છે, બીજા
બધા જ શિષ્યો નીચે છે. આચાર્ય મહારાજ સાહેબનું
ધ્યાન શરૂ થાય છે, એક દિવસ.. બે દિવસ.. ત્રણ-
દિવસ.. ચાર દિવસ.. બધા શિષ્યો કહે છે કે
અમારે વંદન કરવા છે, અમારે પાઠ લેવો છે, પેલા
ગીતાર્થ શિષ્ય એ કહ્યું કે હમણાં કોઈને પણ મળી
શકે એમ નથી, ગુરૂદેવે મને સુચના આપી છે,
એ કોઈને પણ મળશે નહિ. પેલા શિષ્યોને ચટપટી
થાય છે, બહુ ચટપટી થાય છે, પણ જ્યારે જાય
પેલા ગીતાર્થ શિષ્ય ત્યાં જ બેઠા હોય, જ્યાં અંદર

મળી નહિ. અને એક દિવસ એવું થાય છે કે એ શિષ્ય- ક્યાંક, કોઈ કારણ સર ગયા હશે. પેલા શિષ્યો ત્યાં- પહોંચી જાય છે, રૂમમાં જાય છે. અને જુએ છે કે- આચાર્ય મહારાજ તો આમ ચત્તા પાટ પડ્યા છે. ગુરુદેવ ઉઠો.. ઉઠો.. ઉઠો કરે છે, ગુરુદેવ ઉઠતા નથી, કાંઈ સાંભળતા નથી, જુએ છે, આ શ્વાસ ચેક કરવા જાય છે. તો શ્વાસ પણ કાંઈ જણાતો નથી. નાડી જુએ છે તો નાડી પણ જણાતી નથી, ને શિષ્યોએ તો રોવા માંડ્યું. કે અમારા ગુરુ મહારાજ તો કાળ કરી ગયા, હોહાપો મચાવ્યો શ્રાવકો ને બોલાવ્યા, શ્રાવકો એ આવ્યા ને બરોબર જોયું ને પાલખી ની તૈયારીઓ થવા લાગી. ને એટલી વારમાં પેલા ગીતાર્થ શિષ્ય આવી ગયા. ધ્યાન માટે જ્ઞાનનું કેટલું મહત્વ છે એની વાત મારે તમને કરવી છે.

ધ્યાન કરવા માટે પણ જ્ઞાન જોઈએ છે. અને ધ્યાનને સમજવા પણ જ્ઞાન જોઈએ છે. અને કોઈએ ધ્યાન કર્યું હોય, એની સમજણ મળે, એના માટે પણ જ્ઞાન જોઈએ છે. આગમની અંદર આ ઘટનાનું વર્ણન કરેલું છે એ સમયે પેલા ગીતાર્થ શિષ્ય આવ્યા ને જોયું કે આ તો પાલખી ની તૈયારી થઈ રહી છે. ગુરુની પાસે આવે છે, ગુરુના જમણા અંગુઠે પોતાનો હાથ મુકે છે, અને ત્યાં હાથને થોડો દબાવે છે, એટલે ધીમે-ધીમે ગુરુ આંખો ખોલે છે. જે શ્વાસ એકદમ સુક્ષ્મ થઈ ગયો હતો એ સ્થુલ થઈ જાય છે. નાડીના ધબકારા જે જણાતા ન હતા એ જણાવા લાગે છે. આચાર્ય ભગવંત પેલા ગીતાર્થ શિષ્યને કહે છે, કે શા માટે તમે મારો ધ્યાન ભંગ કર્યો? અને એ સમયે ગીતાર્થ શિષ્ય કહે છે કે આપે કહ્યું હતું કે કોઈ અગ્નિ વગેરેનો ઉપદ્રવ જેવું લાગે, તો મને ધ્યાનની બહાર કાઢજે, નહીં તો ધ્યાનની બહાર કાઢતો નહીં. અને અત્યારે અગ્નિ નો ઉપદ્રવ એ થવા જઈ રહ્યો છે. એ ગીતાર્થ શિષ્યો, નહી ભણેલા શિષ્યો, એમને પોતાની ભુલ સમજાય

છે. ગુરુની માફી માંગે છે. જે ગીતાર્થ શિષ્ય ની માફી
માંગે છે કે, અમે તમારા માટે શંકા-કુશંકા કરી. કાંઈક
ગરબડ છે એવું અમે માન્યું, ગુરુના ધ્યાન ભંગમાં
અમે નિમિત્ત બન્યા.

વર્તમાન કાળની વાત કરું, બે વરસ -
પહેલાની વાત, મહાત્મા અમદાવાદ આવ્યા હતા. ભગંદર
નો રોગ એમને થયો હતો, OPERATION કરાવાનું
હતું. SURGICAL HOSPITAL માં પોતે પહોંચે છે,
બધી વાત કરે છે, એમણે કહ્યું કે તમારું ઓપરેશન
કરી દઈશું. મહાત્માએ કહ્યું કે મારી ત્રણ શરત છે,
હું સુતા-સુતા નહીં કરાવું, હું ઉભા ઉભા કરાવીશ!
બીજી શરત બધા GENTS DOCTORS જોઈશે. ત્રીજી
શરત હું બેભાન નહીં થાવ. DOCTORS એ કહ્યું કે
આ બધું POSSIBLE નથી. અમે કરીએ એ રીતે
કરવું હોય તો કરી દઈએ. આવી રીતે તો અમે નહી
કરી શકીએ. બહુ બહુ તો અમે ઉભા ઉભા નું SOLUT-
ION લાવી દઈએ, GENTS DOCTORS હશે એ
બધું બરાબર છે. બેભાન થવું પડશે. અમે બધું
CHECK (તપાસી) કરી લીધું છે. OPERATION લગ-
ભગ દોઢ-બે કલાક ચાલશે, અંદર ઘણું- બધું રસી-
પરુ થઈ ગયું હોય, એ બધું અમારે... ખુબ ત્રાસ
ખુબ જ વેદના વાળુ કામ છે, એટલે એ શરત શક્ય
નથી, એટલે તમે અમારા હિસાબે કરાવો, મહાત્માએ
કહ્યું કે મારા હિસાબે કરાવવું હોય, અને કરી આપતા
હો તો હું કરાવું. DOCTORS સહમત થયા, —
OPERATION નો દિવસ આવ્યો, સમય નજીક આવ્યો.
મહાત્માએ કહ્યું કે OPERATION પહેલા તમે મને
દસ મિનિટ આપજો. હું તમને કહું એની દસ -
મિનિટ પછી ચાલુ કરવાનું, મહાત્મા ઉભા રહી ગયા,

કોઈક support લઈને મહાત્મા ઉભા રહ્યા છે. ઓપરેશન ચાલુ થયું છે. દોઢ કલાક ઓપરેશન ચાલ્યું છે, મહાત્મા દસ મિનિટ જ માંગી હતી, જેમાં ધ્યાનમાં ઉતરી ગયા છે. બહારની કશી ખબર નથી. ઘણું બધું, ઘણું બધું આપણી કલ્પના બહારનું અંદર કોતરવું પડ્યું છે. બધું પરુ વગેરે કાઢવું પડ્યું છે. દોઢ કલાકે ઓપરેશન પુરુ થયું. ઓપરેશન પછીની જે બધી વિધિ હતી, ટાંકા વગેરે જે પણ, તેના પછી બાકીનો કલાક મહાત્માને ધ્યાનની બહાર લાવવાના પ્રયાસ કરવામાં આવ્યા.

एकाग्रचिन्तानिरोधो ध्यानम्।

આપણને પ્રશ્ન છે કે કઈ રીતે આ ગજસુકુમાલ મુનિ, આ રીતે માથુ સળગતું હોય ને આટલી સમાધિ રાખી શકે, ખંધક મુનિ, મહાવીર સ્વામી ભગવાનના ઉપસર્ગો હોય, ખંધક સૂરીના શિષ્યો હોય, ઘાણી માં પીલી દીધા છે. આપણને માથું દુઃખે તો વેઠાતું નથી, જરાક સોય અડી જાય તો ચીસ પડી જાય, આપણને જરાક પીડા થાય ને આપણાથી સહન થાય નહિ, અને એ મહાત્માઓ એ આટલી સમાધી કઈ રીતે રાખી હશે. અને ધ્યાન સંબંધી શાસ્ત્રોનો અભ્યાસ કરીએ, જ્ઞાન મેળવીએ તો ખબર પડે કે, એમણે સહન કર્યું જ નથી.

ક્ષપકશ્રેણિ માંડી છે. શુક્લ ધ્યાનના-આલંબનથી મોક્ષે પહોંચ્યા છે. શુક્લ ધ્યાનના આલંબનથી

एकाग्रचिन्तानिरोधो ध्यानम्

તમે એક આલંબન ઉપર સ્થિર થઈ ગયા, બીજા આલંબન ઉપર તમારું મન જશે તો ખબર પડશે કે વેદના છે કે નહિ, પીડા છે કે નહિ, જ્યાં મન પીડામાં જ નથી, જ્યાં મન વેદનામાં જ નથી, જ્યાં મન માથામાં જ નથી, જ્યાં મન ચામડી માં જ નથી, જ્યાં મન શરીરમાં જ નથી, ત્યાં કઈ રીતે પીડા થશે ?

આપણા અનુભવની વાત છે. આપણે વાંચવામાં એકદમ લીન થઈ ગયા. કોઈએ કાંઈ કહ્યું, વળી નજીક આવીને આપણને હલબલાવ્યા તમને કહું છું સાંભળતા નથી ? અને આપણે કહીએ કે મારું ધ્યાન ન હતું. કહીએ આપણે કે આપણે બહેરા નથી, આપણા કાન સાબુત છે, કાન સારા છે, વ્યક્તિ નજીક હતી. એ બરાબર બોલી પણ છે. ક્યાંક શબ્દ આપણાં કાનમાં પડ્યા પણ છે, છતાં આપણને સંભળાયુ નથી, કારણકે કાનનો શબ્દનો સંપર્ક થયો છે. પણ કાન અને મનનો સંપર્ક તૂટી ગયો છે. સંભળાય છે ક્યારે ? માત્ર કાન અને શબ્દનો સંપર્ક થાય. એનાથી સંભળાતું નથી, આગળ કાન અને મનનો સંપર્ક હોય, તો સંભળાય છે. દાખલ છે ક્યારે ? તમે આંખ ખુલ્લી રાખીને બેઠા છો, સામેથી હાથી જતો રહ્યો. કોઈએ તમને પુછ્યું કોણ ગયું ? અને તમે કહ્યા જવાબ આપો મેં જોયું નથી, પેલો કહે મેં જોયું છે તમારી આંખ ખુલ્લી છે. આપણે કહીએ મારું ધ્યાન ન હતું. કહીએ આપણે ? ધંધાના કોઈ TENSION ની અંદર જમવા તમે બેઠા છો, જમી રહ્યા છો, જમી લીધું બહાર આવી ગયા, કામે લાગી ગયા. છોકરો સ્કુલેથી આવે છે, ને પુછે છે પપ્પા આજે કયું શાક બનાવ્યું હતું. તમે કહો બેટા મને ખ્યાલ નથી. દીકરો કહે તમે જમ્યા હતા કે નહિ, બેટા હું જમ્યો તો હતો, ખ્યાલ નથી. મારું ધ્યાન ન હતું.

આત્મા યુનક્તિ મનસા મન ઇન્દ્રિયેણ।

આત્મા મનથી જોડાય છે, મન ઇન્દ્રિયથી જોડાય છે. ઇન્દ્રિય વિષયથી જોડાય છે, અને આ રીતે સંપર્ક થાય છે. વિષયની હાજરી છે, વિષય નો સંપર્ક છે, વિષયો સાબુત છે, પણ મન આત્મા સાથે ભળેલું છે,

મન ઈન્દ્રિયો સાથે નથી જોડાયેલું, તો મનને વિષયોનો બોધ નહિ થાય.

સભાનો પ્રશ્ન :- એમણે દુઃખ ભોગવ્યું છે, એવું કહી શકાય કે નહિ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ગજસુકુમાલ મુનિ એ ખુબ સહન કર્યું, ખંધક મુનિ એ ખુબ સહન કર્યું, આ બધી છે ને .... શાસ્ત્રોમાં એક ન્યાય આવે છે,

મ્લેચ્છો મ્લેચ્છભાષયા ।

એક મ્લેચ્છ માણસ છે, મ્લેચ્છ ભાષા ના બોલવી જોઈએ, તમારે એની સાથે કામ પાર પાડ્યું છે તો મ્લેચ્છ ભાષા બોલવી પડશે, તો તમારું કામ થાય. એમ જુદા જુદા નયની અપેક્ષા એ વ્યવહાર નયથી કહેવાય કે ખુબ સહન કર્યું, અને નિશ્ચય નયની અપેક્ષા એ કહેવાય કે એમણે કશુ જ સહન કર્યું નથી.

PROFESSOR હતા, રસ્તામાં જઈ રહ્યા છે, ગલીનાકે મિત્ર મળ્યા, દસ મિનિટ વાત કરી, છુટા પડી રહ્યા છે. મિત્ર ચાર ડગલા આગળ ગયા છે, પ્રોફેસરે બોલાવ્યા, અને પુછ્યું કે આપણે મળ્યા ત્યારે હું આ-ગલી માંથી બહાર નીકળી રહ્યો હતો કે અંદર જઈ રહ્યો હતો ? મિત્રએ કહ્યું કે બહાર નીકળતા હતા. પ્રોફેસર કહે કે તો તો મેં જમી લીધું હશે. એટલે મનમાં - આજે ક્યું LECTURE છે એ ચાલી રહ્યું છે, શું ભણાવવાનું છે એ ચાલી રહ્યું છે, બહુ પોતે જ્ઞાનમાં ડુબેલા છે, એમની માટે એમનું જ્ઞાન, તો પછી ધ્યાન નથી કે જમ્યા કે નહિ ! ધ્યાનના એવા સાધકો હોય છે એમને ચાર દિવસ સુધી ઘરમાં કોઈ કહે જ નહિ, ઉપાશ્રયમાં કોઈ કહે જ નહિ, કે ગોચરી વાપરવા ચાલો તો ચાર દિવસ સુધી એમને ખ્યાલ ન રહે કે પોતે જમ્યા નથી, વાપર્યું નથી.

ધ્યાન ના એવા સાધકો હોય છે, વાપરી લીધું ને થોડી વાર પછી કોઈએ કહ્યું, કે થાળો વાપરવા, થાળો જમવા, અને ફરી પોતે જમી લે કારણકે, યાદ નથી કે પોતે જમ્યા હતા.

ધ્યાન બહુ જ સહેલું છે, મોક્ષ બહુ જ સહેલો છે, ધ્યાન આપણને બધાને આવડે છે. ધ્યાન આપણને અનાદિકાળથી આવડે છે. એક વિષયમાં આપણે લયલીન થઈ જઈએ, એનું નામ ધ્યાન! હવે ફરક એટલો જ કરવાનો છે કે, અશુભ ધ્યાન હતું, કોઈ વિજાતીય નું ધ્યાન હતું, પૈસાનું ધ્યાન હતું, ભોગ ભોગવીનું ધ્યાન હતું, એની જગ્યાએ હવે માત્ર ધ્યાનનો વિષય ફેરવી દેવાનો છે. જ્યાં સુધી વિષય નહી ફરે ત્યાં સુધી આપણું કલ્યાણ થવાનું નથી. વિરાગતા આપણામાં છે, વિષય આપણે ખોટો પકડ્યો છે, જો કે ધ્યાનથી મોક્ષ મેળવવાનો હતો, અને એજ ધ્યાનથી આપણે નરકે પહોંચી ગયા છીએ.

"નરક પણ ધ્યાનથી જ મળે છે,
મોક્ષ પણ ધ્યાનથી જ મળે છે!"

પૃથ્વીકાય ના જીવો, અપકાય ના જીવો, વાઉકાય ના જીવો, ~~[illegible] [illegible]~~ વનસ્પતિ કાય ના જીવો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવો, આ બધા જ જીવો છે, એમની પાસે પ્રબળ મન નથી, માટે એમની પાસે ધ્યાન નથી, માટે તેઓ મોક્ષે પણ જઈ શકે એમ નથી. અને નરકમાં પણ જઈ શકે એમ નથી. નરકમાં પણ ધ્યાનથી જ જઈ શકાય છે. અને મોક્ષે પણ ધ્યાનથી જ જઈ શકાય છે. ધ્યાનથી

તારક મળે છે. સહજ ધ્યાનથી મોક્ષ મળે છે. જ્ઞાન ભાવના!
તમે માત્ર રોજનો એક શ્લોક કાઢો ને, તો એ એક વરસનાં
અંદર, તમે એક LEVEL ના જ્ઞાની બની શકો છો. તમારી
ઉંમર થઈ ગઈ, ત્રીસ.. ચાલીસ.. પચાસ.. સાઈઠ, વર્ષ ને
હજુ સુધી તમે એક વર્ષ પણ, PROPER જ્ઞાન માટે એક
શ્લોક કાઢી શક્તા નથી, તો માટે તમારા LEVEL ઉપર-
આવતા નથી.

એક ચોમાસું તમે નક્કી કરો, કે આપણે
ત્યાં જે મહાત્મા આવ્યા હોય, ભણાવી શકે એમ હોય,
આપણે લાભ લેવો છે. એક શ્લોક તમે આપો તમે
ક્યાં ના ક્યાં પહોંચી જાવ, એક ચોમાસામાં એની તમે
કલ્પના ના કરી શકો, એનો તમને થશે કે બારસા-
વરસ અમે બરોબર ફોગટ ગુમાવી દીધા. તમારી ઘણી
બધી સમસ્યાઓનું મુળ બસ એટલું જ છે, કે તમે જ્ઞાન-
થી વંચિત છો. જ્ઞાન નથી એના કારણે વ્યક્તિગત-
સમસ્યા, પારિવારીક સમસ્યા, સામાજીક સમસ્યા, આર્થિક
સમસ્યા, ધાર્મિક સમસ્યા, આધ્યાત્મિક સમસ્યા, બધી
જ સમસ્યાઓ ઉભી થાય છે. જ્ઞાનીઓ કહે છે,

## " જ્ઞાન વિના પશુ સરીખા "!

તમે ગમે તેટલું મેળવ્યું, તમે જો જ્ઞાન નથી મેળવ્યું,
તો તમે જાનવર છો. તમે પશુ છો, તમારા માનવ-
હોવાનો કોઈ અર્થ જ નથી. ધ્યાનની કોઈ શિબિરમાં
તમે પહોંચી જાવ, તમને કોઈ પ્રક્રિયા કરાવી દે, અને
તમને લાગે કે આપણું કામ થઈ ગયું, ઉપલબ્ધિ થઈ ગઈ,
અને તમને જ્યારે એમ થાય છે કે આપણે પામી ગયા,
પણ જો જ્ઞાન જ નથી મળ્યું, BASE જ નથી, કઈરીતે
ધ્યાન કર્યું, ધ્યાન શું છે ?, જ્ઞાનની ભુમિકા નથી,
જ્ઞાનથી રાગદ્વેષ ઓછા નથી થયા, સાચું બોલો એક

માણસ ગટરમાં પડી ગયો છે, અને એ બહાર નીકળીને સીધો BEAUTY-PARLOUR માં જાય છે, ને ત્યાં જઈને કહે છે કે મને એકદમ સરસ કરી દો, પહેલા તમે બાથરૂમમાં આવી જાવ પછી તમારો બધો MAKE UP ચાલુ કરીએ, એ કહે એમ નહીં મને સીધો MAKE UP કરો, મારે સારા દેખાવું છે, ભાઈ તમે પહેલા કાદવ છે કીચડ છે એને સાફ કરો, ત્યાં સુધી તમારો MAKE UP નહીં થઈ શકે. અને છતાં પેલો માણસ આગ્રહ રાખે, કદાચ બોલો MAKE UP કરી પણ દે, લે ભાઈ મારું તો શું જાય છે. મારો જે CHARGE છે એ હું લઈ લઉં, MAKE UP તને કરી દઉં, MAKE-UP કરી પણ દેશે, પણ એ MAKE UP શોભશે નહિ, ખરા અર્થમાં MAKE UP થશે નહિ, બરાબર એ જ રીતે, જ્યાં સુધી જ્ઞાનની ભૂમિકા તમારી ઘડાઈ નથી, ત્યાં સુધી તમારામાં ધ્યાન પરિણમશે નહિ.

જ્ઞાન વગર ~~[illegible]~~ ધ્યાન લેવા જવું, એ કાદવ કાઢ્યા વગર, રાગ-દ્વેષ ઓછા કર્યા વગર, સમજણ કેળવ્યા વગર, સાફસૂફ કર્યા વગર, નાહ્યા-વગર MAKE UP કરવા જવા બરાબર છે.

ધ્યાન એટલે શું ? અધ્યાત્મની વાત છે, એ માત્ર માહિતી છે એને જ્ઞાન ના કહેવાય, તમે ચોપડીઓ કેટલી વાંચી એ માત્ર જ્ઞાનનો આધાર નથી, તમે પ્રવચનો કેટલા સાંભળ્યા, એ માત્ર-જ્ઞાનનો આધાર નથી. તાત્ત્વિક રીતે તમને તત્ત્વ જિજ્ઞાસા થઈ, આ જ્ઞાનની ભૂમિકા છે. ગઈકાલે જે વાત કરી, શત્રુંજય તુલ્ય મોક્ષમાર્ગ એની તળેટી, એ તત્ત્વ જિજ્ઞાસા ! ઘણી વાર તમે આ

પગથિયા સુધી આવ્યા હો છો, પણ ખરા અર્થમાં આવ્યા નથી હોતા. કારણ કે તત્ત્વ જિજ્ઞાસાની તમારી ભૂમિકા બંધાઈ નથી હોતી, તમને હજુ કંઈ ભૂખ જ લાગી નથી, કંઈ તરસ જ લાગી નથી, તો તમે એક શબ્દ પણ છોડી શકો, એક શબ્દ સાંભળવામાં તમારું ધ્યાન ન હોય, - તમારી ભૂમિકા નથી, તમારી GRASPING POWER નથી, તમારી ગ્રહણ કરવાની ઓછીએ જેવી હજુ ઈચ્છા જ નથી, ત્યાં સુધી તમારી જ્ઞાન પામવાની ભૂમિકા જ નથી.

તમે પ્રવચનો છે એ બરાબર ભૂમિકાની સાથે સાંભળો, પુસ્તકો ભૂમિકાની સાથે વાંચો, ગુરુને બરાબર સમર્પિત થાઓ, ત્યારે તમારી જ્ઞાનની ભૂમિકા બરાબર બંધાય, એ ભૂમિકા ઉપર જ્ઞાનની ઈમારત - ચણાય છે, જેમ જેમ ઈમારત ચણાતી જાય, એમ એમ તમારી પરિણતિ ઘડાતી જાય, અને એ જ્ઞાન તમારા - આચરણમાં આવતું જાય, એ જ્ઞાન તમારા જીવનમાં - આવતું જાય, ત્યારે સમજવાનું કે તમને ખરા અર્થમાં જ્ઞાન મળ્યું છે. ભણવું એ માહિતી છે, આચરવું એ જ્ઞાન છે. જેટલું તમારામાં આચરણ છે, એટલું તમારામાં જ્ઞાન છે, એટલે અહીંયા છે ને, પહેલી પાત્રતાના સંદર્ભમાં [illegible] ભાવનાની અંદર પહેલો પ્રકાર એ જ્ઞાનથી જ્ઞાન ભાવના છે. હજુ તમે ભાવનાનો જે ગુજરાતીમાં અર્થ કરો ને, એ અધુરો હોય છે. ભાવનાનો શાસ્ત્રીય અર્થ છે જેમાં ભાવિત થઈ જવાય, જેમાં પરિણતિ બની જાય, એક રૂ છે ને રૂની અંદર અત્તર નાખવામાં આવ્યું, એટલે રૂનો એક પણ કણ એવો નથી, જેની અંદર સુવાસ નથી પહોંચી, એવો એક કણ નથી જ્યાં અત્તર નથી પહોંચ્યું, રૂનો કોઈ પણ કણ કાઢો ને તમને અત્તરની સુવાસ આવશે, આને કહેવાય કે, રૂનું પુમડું ભાવિત થઈ ગયું, એની અંદર અત્તરની સુવાસ ભળી ગઈ. ભાવિત થયું એટલે વાસિત થયું. ભાવિત થયું

એટલે પરિણત થવું, ભાવિત થવું એટલે તો તે ધ્યાનમય બની જવું. ભાવિત થવું એટલે તો તે જ્ઞાન સ્વરૂપ બની જવું, ગંદી સૂત્ર ની અંદર કહ્યું છે.

से एवं आया

આચારાંગ સૂત્ર મહાત્માએ ભણી લીધું, બરાબર ભણી લીધું, એકદમ બરાબર ભણી લીધું. આવું ક્યારે કહેવાય, ક્યારે મહાત્મા આચારાંગ સૂત્ર મય બની જાય. એક મહાત્મા છે એમણે આચારાંગ સૂત્ર બરાબર ભણી લીધું છે. આચારાંગ સૂત્ર બરાબર વાંચ્યું છે, ક્યારે ક્યારે કહેવાય, જ્યારે મહાત્મામાં આચારાંગ [redacted] સૂત્ર વાંચી શકાય ત્યારે ! વાત સમજાઈ તમને ? તમે એમને જોતા રહો તમે એમના પ્રવચનને જુઓ, એમની બોલીચાલી જુઓ, એમનો વ્યવહાર જુઓ, એમનું વર્તન જુઓ, અને આચારાંગ સૂત્રના પદાર્થો તમને સમજાતા જાય, તો એ મહાત્માએ આચારાંગ સૂત્ર બરાબર ભણેલું છે. પ્રવચન પુરું થયું છે, તમે ઘરે ગયા છો, તમારા ઘરના બધા જ સભ્યો પ્રવચનમાં ભણતા આવ્યા, પણ તમે બરાબર પ્રવચન સાંભળ્યું એવું ક્યારે કહેવાય ? જ્યારે તમારા ઘરના સભ્યોને તમારા મોંમની અંદર પણ પ્રવચન સંભળાવા લાગે ત્યારે તમે પ્રવચન બરાબર સાંભળ્યું છે. જો આપણે સાંભળેલું પ્રવચન, આપણા અસ્તિત્વ માંથી સંભળાતું નથી, જો એ લોકોને બીજું જ કંઈ સંભળાઈ રહ્યું છે, કંઈક જુદુ જ લાગી રહ્યું છે, તો હકીકતમાં આપણે પ્રવચન સાંભળ્યું નથી.

એક વાક્ય પણ બરાબર સાંભળો એક વાક્ય પુરતું છે, તમારા મોક્ષ માટે, ભગવાનના વચનનું એક માત્ર વાક્ય હશે, એક માત્ર શબ્દ હશે, એ પણ મોક્ષ માટે પુરતું છે. જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશો-વિજયજી મહારાજ કહે છે,

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
માત્ર એક નિર્વાણ પદ ને જેની વારંવાર ભાવના કરવામાં - આવે, જેને ઘૂંટવામાં આવે, જેનું પુનરાવર્તન કરવામાં આવે,
तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥
એ જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે, તમે ઘણું બધું ભણી ભવ, એનો ઝાઝો આગ્રહ નથી. જે તમે ઘૂંટ્યું એ તમારું જ્ઞાન !

- ★ જે તમે આત્મસાત કર્યું એ તમારું જ્ઞાન !
- ★ જે તમારામાં પરિણમિ ગયું એ તમારું જ્ઞાન !
- ★ જે તમારામાં જીવંત બન્યું એ તમારું જ્ઞાન !

જિજ્ઞાસાનો પ્રશ્ન :- સાહેબ, રુક્મી સાધ્વીજી ના દ્રષ્ટાંતમાં આચાર્ય ભગવંત કહે છે કે તમે આલોચના કરો, પછી અનશન થશે, ત્યાં એ જે આલોચના ન નથી કરતા તો ધ્યાનની પરાકાષ્ટા તો ક્યાંથી આવી શકે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે, ધ્યાનની યોગ્યતા પણ આલોચના દ્વારા આવે છે, એક શબ્દ આચાર્ય ભગવંતનો સાંભળ્યો ને સાધ્વીજી ભગવંત એમને સંવેગ ના થયો, એમને એક સુક્ષ્મ માયા હતી, જે છુપી રહી ને એના કારણે પોતે વિરાધક બન્યા, મરણ વિભક્તિ આગમ કહે છે,

इक्कं पि पयं સોઉં સંવેગં વચ્ચઇ વીયરાયમએ ।
એક પદ પણ તમે સાંભળ્યું, એક શબ્દ પણ તમે સાંભળ્યો, એક વાક્ય પણ તમે સાંભળ્યું, એક શ્લોકાર્ધ સાંભળ્યો, શ્લોકનો પા ભાગ સાંભળ્યો, શ્લોકનો એક શબ્દ સાંભળ્યો,
तं तस्स होइ णाणं छिंदइ सो तेण दुहजालं ।
જેનાથી તમને વૈરાગ્ય મળ્યો, જેનાથી તમને સંવેગ મળ્યો, જેનાથી તમારો સંસાર પરનો રાગ ઉતરી ગયો, જેનાથી તમે આત્મામાં સ્થિર થયા, આત્મ સ્વરૂપની નજીક ગયા, જેનાથી તમે પલળ્યા, જેનાથી તમે ભીના થયા, જેનાથી

તમે ગળગળા થયા, જેનાથી તમારો વિષયો નો રાગ છૂટી ગયો, પરિવાર નો રાગ છૂટી ગયો,

इक्कंपि पयं सोउं संवेगं जो वच्चइ वीयरायमए।

આપણને લાગે છે કે આપણે સેંકડો, હજારો વ્યાખ્યાનો સાંભળી લીધા, આપણને લાગે છે કે ઘણા પુસ્તકો- વાંચી લીધા, આપણને લાગે છે કે ઘણું આપણે ભણી ગયા, હકીકતમાં જેટલી આપણી તલ્લીનતા છે, જેટલી આપણી જાગરૂકતા છે, જેટલી આપણી પરિણતિ છે, એટલું જ આપણું જ્ઞાન છે. પહેલી ભાવના - જ્ઞાન ભાવના, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજને પ્રશ્ન કરવામાં આવ્યો, કે આનું ફળ શું ? એને અધ્યાત્મસારમાં જવાબ આપે છે

निश्चलत्वमसम्मोहो निर्जरा पूर्वकर्मणाम्।

જ્ઞાન ભાવના નું કેવું ફળ આત્માને મળે ? નિશ્ચલ! આપણી ફરિયાદ હોય છે, સાહેબ આ ધ્યાન છે ને આપણા પગ સ્થિર રહે છે, અમારા પગ સ્થિર રહી શકતા નથી, ઘડીક માં આ ઊંચો કરવો પડે, ઘડીકમાં આ ઊંચો કરવો પડે, ઘડીક માં મન ચંચળ થઈ જાય, ઘડીક માં શરીર ચંચળ થઈ જાય, કોઈક બીજા વિચાર આવી જાય, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, તમે જ્ઞાન ભાવનાથી પોતાના આત્મા ને - ભાવિત કરો, તો પછી તમારી ચંચળતા જતી રહેશે, તમારી અસ્થિરતા જતી રહેશે, તમને ધ્યાનમાં - સ્થિરતા મળશે. અસ્થિરતાનું મૂળ હોય છે વિભાવો, વિભાવો નું મૂળ હોય છે અજ્ઞાન, એને જ્ઞાન ભાવના અજ્ઞાનને દૂર કરે છે, એને આત્માને નિશ્ચલતા આપે છે. ધ્યાનની પાત્રતા, પહેલી ભાવના જ્ઞાન ભાવના, બીજી ભાવના દર્શન ભાવના ! સમ્યક્ત્વ થી આત્મા ને એટલો ભાવિત કરવામાં આવે કે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા વગેરે, જે સમ્યક્ત્વ ના

રતિથારી, એનાથી જે દયાના મુક્ત થાય. સમ્યક્ત્વથી આત્માને એટલો ભાવિત કરવામાં આવે કે, ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિક્ય, આ ગુણોની વધારે ને વધારે ઉઘાડ થાય, આનું નામ દર્શન ભાવના !

સદ્ગુરુ પાસે પૂજાના કપડામાં એક શ્રાવક આવે છે, વંદન કરવા આવ્યા છે, વંદન કરે છે ને પચ્ચક્ખાણ લે છે, ને પુછે છે સાહેબજી એક પ્રશ્ન કરવો છે, સદ્ગુરુએ કહ્યું કે ભલે કરો, શ્રાવકે કહ્યું કે મને સમ્યક્ત્વ મળ્યું છે એ મને કેમ ખબર પડે ? સદ્ગુરુ કહે છે કે તમારે કોઈ સંતાન છે, શ્રાવકે કહ્યુ હા, મારી સાત વરસની દીકરી છે, સદ્ગુરુ એ કહ્યું કે તમે પૂજા કરી-ને ઘરે જઈ રહ્યા છો, તમારી દીકરી પૂજા કરવા આવી રહી છે, તમને રસ્તા માં મળ્યા છે એને તમે જોયો છે, એને જોઈને તમને કેવો ભાવ લાગે, શ્રાવકે કહ્યું કે મને એને જોઈને ખુશી થાય, મને એ મારી લાગે, એ બરાબર પહોંચે દેરાસર, રસ્તામાં કોઈની અડફેટમાં ના આવે, એની રક્ષાનો ભાવ જાગે, એ જઈ રહ્યો એની પૂજા બરાબર થઈ જાય, એવો ભાવ જાગે, જે મારી લાગે, એની સાથે આત્મીયતા ની FEELINGS થાય, સદ્ગુરુ એ કહ્યું કે બરાબર છે, જ્યારે આવો જ ભાવ તમે જાણીતા કે અજાણ્યા, કોઈ પણ સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા પ્રત્યે આવે, ત્યારે તારે સમજવું, કે તને સમ્યક્ત્વ મળી ગયું છે.

*સાહમ્મિયમ્મિ ધમ્મગણંમિ સંપત્તે જસ્સ ણ હોઇ ણેહો।*

DOOR BELL વાગી છે, તમે દરવાજો ખોલ્યો છે, કોઈક - અજાણ્યા ભાઈ છે, કોઈ જ પરિચય નથી, માત્ર એમના કપાળમાં તમને તિલક દેખાય છે, ભગવાનનો ચાંદલો - દેખાય છે, હજુ તમે મળી બોલી નથી, કોણ છો ? શું કામ છે ?, ગયું તમારું સમ્યક્ત્વ ! ઘરે જમાઈ આવે

નો શ્રાવક વ્યવહાર કરે, અને ઘરે સાધર્મિક આવે તો શ્રાવક ગાંડો અને ઘેલો થઈ જાય. જે કમાઈને પણ કમાડે, સાધર્મિક ને પણ કમાડે. જે કમાઈને કમાડે એ નારક હોય, જે સાધર્મિક ને કમાડે એ એની અસલીયત હોય.

*जिणसासणे भणियम्मिणे सम्मत्ते तस्स संदेहु ।।*

રસ્તામાં તમને કોઈ પણ જૈન મળ્યા છે, નાનામાં નાના સાધુ, સાધ્વીજી મળ્યા છે, તમે મત્થએણ વંદામિ નથી કર્યું, તમે પ્રણામ નથી કર્યું, તમને આનંદ નથી થયો, તમે રોમાંચિત નથી થયા, તમને એ મારા ન લાગે, તમને એ સારા ન લાગે, તમને ખુશી ના થાય, તમને એમની રક્ષા નો પરિણામ ના આવે, શુભેચ્છાનો પરિણામ ના આવે, તમને આત્મિયતા નો અધ્યવસાય ના થાય, સમ્યક્ત્વ ગયું કે હતું જ નહી, એ જ્ઞાની ભણે !

- ★ જે તમારું ઘર બદલી દે એનું નામ સમ્યક્ત્વ !
- ★ જે તમારી દુનિયા બદલી દે એનું નામ સમ્યક્ત્વ !
- ★ જે તમારી દ્રષ્ટિ બદલી દે એનું નામ સમ્યક્ત્વ !

FACTORY છે, આગ લાગી ગઈ છે, લાકડે બળી રહી છે, માલિક દોડતો આવે છે ને ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યો છે, બંબાવાળા આવી ગયા છે, હવાતિયા મારી રહ્યા છે, બુઝાવવા માટે, અરેરાર આગ ! એમ લાગે કે બધું જ બળીને ખાખ થઈ જશે, ધ્રુસકે ને ધ્રુસકે - માલિક રડે છે. ત્યાં દીકરો દોડતો આવે છે, પપ્પા ચિંતા ના કરો આને ચાર દિવસ પહેલા વહેંચી દીધી છે, અને પપ્પા હસવા લાગે છે. એ જ FACTORY છે, એ જ આગ છે, એ જ નુકશાન છે પણ મારું નથી ને વાત બધી પુરી થઈ જાય છે. થોડીક વારપછી

દીકરાને કંઈક લાઈટ થઈ, ફોન કર્યો, પેલી બધી કાર્યવાહી થઈ ગઈ છે ને ? એને સામેથી વકીલે જવાબ આપ્યો કે, બે દિવસ પહેલા રજાઓ વચ્ચે આવી ગઈ, ત્રીજા દિવસે મને કામ આવી ગયું, માટે કાર્યવાહી થઈ શકી નથી, હજુ FACTORY વેચાય નથી, એનો દીકરો અને બાપ ફરીથી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગે છે.

જ્યાં સુધી પરિવાર મારો લાગે છે, ત્યાં સુધી આપણા સમ્યક્ત્વ માં ખામી છે, જ્યાં સુધી સંઘ મારો નથી લાગતો, શાસન મારું નથી લાગતું, ત્યાં સુધી સમ્યક્ત્વમાં ખામી છે, ઘર ધર્મશાળા લાગે, મુસાફરખાનું લાગે, જેલ લાગે, બળબળતું લાગે, સંઘ મારો લાગે, શાસન મારું લાગે, ત્યારે સમજવાનું કે મને સમ્યક્ત્વ મળી ગયું છે. સંઘનું બળે એમાં મારું કશું જ નથી બળતું આ મિથ્યાત્વની ભૂમિકા છે. ઘર બળે એમાં મારું કશું નથી બળતું આ સમ્યક્ત્વની ભૂમિકા છે. ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે,

मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण।

ઇન્દ્ર મહારાજ પરીક્ષા લેવા આવ્યા છે, નમિ રાજર્ષિની પરીક્ષા લેવી છે. મિથીલાનગરી આખી બળતી દેખાય છે. જ્વાળાઓ આકાશને આંબી રહી છે, અંદરથી બધા શોરબકોર- ચીસાચીસ કરી રહ્યા છે. માયાવી ઇન્દ્ર આવું દૃશ્ય દેખાડે છે, શબ્દો સંભળાવે છે દોડો જલ્દીથી, બળી રહી છે તમારી મિથીલા! અને નમિ રાજર્ષિ જવાબ આપે છે મિથીલા બળતી હોય, એમાં મારું કશું જ બળતું નથી. તમને મારા અને પારકાનો ભેદ બતાવે એનું નામ સમ્યક્ત્વ! એક દેરાસરની વાટકીથી લઈને આયંબિલ ખાતાના પાટલા સુધી તમને આત્મીયતા બંધાઈ જાય, એનું નામ સમ્યક્ત્વ! ઘર અને ધંધાના બધા જ કામો પરાણે કરવા પડે, એનું નામ સમ્યક્ત્વ! સંઘ અને શાસન-ના કોઈ પણ કામ આવે, સહજ રીતે પરોવાઈ જવા માટે

તમને ભીતરથી પ્રેરણા કરે, જેનું નામ સમ્યક્ત્વ ! જીવ પાત્રતા દર્શન ભાવના ! સમ્યક્ત્વથી આત્માને ખુબ જ ભાવિત કરવો. મહોપાધ્યાયજી ને પ્રશ્ન કરવામાં આવ્યો, કે જેનું ફળ શું ? અને મહોપાધ્યાયજી જવાબ આપે છે, અસંમોહ !

દર્શન ભાવનાથી આત્મા ખુબ જ ભાવિત થાય ને, પછી કોઈ કહે કે તો ત્યાં જઈ આવ્યો, મને બહુ સારું લાગ્યું, મારા તો કષાયો ઓછા થઈ ગયા, હવે તો સ્વભાવ શાંત થઈ ગયો, ખરેખર આ પૂજા, સામાયિક પ્રતિક્રમણ આ બધું, મને ખરેખર લાગ્યું કે 'મેં' ~~અત્યાર~~ અત્યાર સુધી ખોટું કર્યું. આ જ કરવા જેવું હતું. અને તમારું એક રૂવાડું એ ફરકે નહિ, તમને લાગે કે આ બિચારો ક્યાંક ફસાઈ ગયો, જિનશાસનને પામીને પણ હારી ગયો, એની પાસે જ્ઞાન નથી, સાચી સમજણ નથી, ધ્યાનની ભૂમિકા નથી. બિચારો થોડી મોજની ઝપટ આવ્યો હતો, ને મોજના નામે જ બીજે ક્યાંક - ફંટાઈ ગયો.

તમે ઉત્કંઠિત થઈ જાવ, તમારી પાંચો ઈન્દ્રિયથી જાય, તમે ય થાય કે આ કેટલું બધું આપણે પણ કરીએ છીએ ને કંઈ લાગતું તો છે નહિ, કંઈ થતું તો છે જ નહિ, અને આ વ્યક્તિ ને મે આટલો અનુભવ થયો છે તો એ જ સાચું હોય શકે. તો સમજુ લો કે તમારી પાસે દર્શન ભાવના નથી.

દુનિયાની કોઈ પણ એવી સમસ્યા નથી, જેનું જિનશાસનમાં સમાધાન નથી. દુનિયાનો એવો-કોઈ યોગ પણ નથી, જેનું તાત્વિક સ્વરૂપ જિનશાસન-ની અંદર ના હોય, જિનશાસનને બરાબર સમજ્યા ન હોઈએ, બરાબર એની આરાધના કરી ના હોય, એનાથી જે આપણી ખામી રહી, એ ખામીને આપણી

જાણી નહીં, પણ જિનશાસનની જાણી સમજવી. આ આપણી બહુ મોટી ખુશામી છે.

બેનોનો પ્રશ્ન :- બીજા પંથના ધ્યાનાદિ પદ્ધતિથી એકાગ્રતા, શાંતિ વગેરે લાભ થતો હોય તો?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે, એક મારી પાસે ઇમ્પોર્ટન્ટ સાહિત્ય આવ્યું છે, એમાં કોઈ બીજો પંથ, આપણો જે પ્રસિધ્ધ, મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, મુળ પરંપરા કહો, એની સિવાય ના નામો લખ્યા છે, એમાં જઈ આવ્યાં ત્યાં, હું કહું, ધારોકે કોઈ જઈ આવ્યા હોય, જેમ શ્રાવક કે શ્રાવિકા બધું એમની ઈચ્છા નો વિષય છે, પણ હું પહેલા દિવસથી કહું છું કે મારે કોઈના નામો નથી લેવા, કોઈની નિંદા એ નથી કરવી, કઈ રીતે કોણ સાચા છે, કઈ રીતે કોણ ખોટા છે, એની પણ વાત નથી કરવી. મારે તમને એટલું જ કહેવું છે કે તમને કદાચ માનસિક શાંતિ પણ મળે, તમને એકાગ્રતા પણ મળે, તમારી-બધી ઉપાધિઓ તમારા ઘરની હોય છે. તમે ઘરથી છુટ્ટા પડ્યા એટલે ઉપાધિઓ સીધી છૂટી જવાની છે. બીજુ પચ્ચીસ-ત્રીસ ટકા ઉપાધિ તમારા ધંધા વગેરેની હોય છે, એ છૂટી જાય. બધી પંદર-વીસ ટકા ઉપાધિ જે તમારા ફોનની હોય છે, એ છૂટી જાય. બધી ઉપાધિ એ તમારા બોલવાની હોય છે, એ ય છૂટી જાય, તમે મૌનમાં આવી જાવ. પછી તમને કંઈક RESULT તો મળવાનું જ છે. હું તમને કહું કે તમને તાત્કાલિક RESULT મળે પણ ખરું, પણ એ છગનને પેલા કુતરાથી મળ્યું એવું જ હોય, તાત્કાલિક લાભ થાય, તાત્કાલિક સારું થાય એ પણ હકીકતમાં સારું નથી. લાંબા ગાળે સારું હોવું જોઈએ. જો એ સારું છે એ માત્ર તમારી દ્રષ્ટિમાં સારું ન હોવું જોઈએ, જ્ઞાની ઓની દ્રષ્ટિમાંપણ હોવું જોઈએ.

યોગશતક ની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, શુભભાવ પણ મોક્ષ માટે પુરતો નથી, યોગશતકની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, શુક્લ લેશ્યા પણ તમને મળી જાય એ પણ મોક્ષ માટે પુરતી નથી. યોગશતકની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે તમને શુભભાવ અને એકાગ્રતા મળી, એ પણ મોક્ષ માટે પુરતી નથી.

केसा वि य आणाजोगओ इह आराहओ इहं णेओ ।

તમને લાગે કે તમે શાંત થઈ ગયા, કષાયો મંદ પડ્યા, પણ જિનશાસનથી તમે દુર ગયા, ભગવાનથી તમે દુર ગયા, ક્રિયા અને જ્ઞાનના સમન્વય રૂપ સ્યાદવાદ માર્ગથી તમે દુર ગયા, અને મોક્ષથી તમે દુર ગયા હો, અનંત સંસાર જેનાંથી તમારો વધવાનો હોય, જેનાથી તાત્કાલિક તમને સારું લાગતું પણ હોય, તો પણ એને હકીકતમાં સારું કઈ રીતે કહી શકાય ?

બહુ સરસ મજાની વાત આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર, શ્રુતકેવલી ભદ્રબાહુસૂરી મહારાજ કહે છે,

तिण्हं पि समाजोगे मोक्खो जिणसासणे भणिओ ।

જ્યાં સમ્યગ્દર્શન છે, જ્યાં સમ્યગ્જ્ઞાન છે, જ્યાં સમ્યગ્ચારિત્ર છે, ભગવાને કહ્યું એ દર્શન, જ્ઞાન, ચારિત્ર નો જ્યાં સમન્વય છે ત્યાં જ મોક્ષ માર્ગ છે આવું જિનશાસનમાં કહ્યું છે, તો જિનશાસનની બહાર મોક્ષ માર્ગ છે જ નહિ. ઘણી બધી વાત ધ્યાનના સંદર્ભમાં, ગેરસમજ સ્વરૂપે પ્રવર્તે છે, એ જિનશાસનની નજીક આવો, સમ્યગ્જ્ઞાન / સમ્યગ્દર્શનની નજીક આવો, તો તમને ખ્યાલ આવશે સમ્યગ્દર્શનનું ફળ, અસંમોહ એ કયાંય ભયભીત ના થાય, એ કયાંય ફસાય નહિ, કરતા કરતા એની કોઈક અંદર

નું પણ વિઘ્ન આવ્યું, એમાં પણ એ અટવાય નહિ, અસંમોહ એ કારણથી ધ્યાન માર્ગે સીધી ગતી કરે, જ્યાં-સુધી આ ભાવના નથી આવી, જિનશાસનની પરિણતિ-નથી આવી, અને આપણને લાગે કે આપણું ધ્યાન થઈ ગયું છે, જ્ઞાન વગર ધ્યાન થઈ ગયું, દર્શન વગર ધ્યાન થઈ ગયું, અણાણની ભાવના છે, ચારિત્ર ભાવના, અને વૈરાગ્ય ભાવના, આની પણ વાત આપણે કરશું, ત્યારે તમને લાગે, ભાવના વગર પણ ધ્યાન થઈ ગયું છે, ત્યારે આપણી હાલત એવા વર જેવી હોય છે, જેને લાગે છે કે કન્યા વગર પણ એનો વિવાહ થઈ રહ્યો છે. કન્યા હતી જ નહિ, પણ વિવાહ રંગેચંગે, ગોર મહારાજ હતા, મંત્રોચ્ચાર હતા, મન હતી, સંગીત હતું, જમણવાર હતો, ફક્ત કન્યા ન હતી, અને વિવાહ થઈ ગયા.

ધ્યાન માટેની પાત્રતા એટલે ધ્યાતાનું સ્વરૂપ, અને એ ધ્યાતા ના સ્વરૂપની અંદર, ભાવના રૂપ પહેલી પાત્રતા, પહેલી ભાવના દર્શન ભાવના, જ્ઞાન ભાવના, બાકીની પણ જે ભાવના છે, એ પણ આપણે જોઈશું, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × × ×

# આત્મોપણગા શિબિર- દિવસ-૮

DATE 30 12 2018

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, અધ્યાત્મ સાર ગ્રંથની અંદર, ધ્યાન માટેની પહેલી પાત્રતા કહે છે, ભાવના! પહેલી જ્ઞાન ભાવના, બીજી દર્શન ભાવના, મહોપાધ્યાયજી ત્રીજી ભાવનાની વાત કરે છે, ચારિત્ર ભાવના! દેશ વિરતિ કે સર્વ વિરતિ થી આત્માને ખુબ જ ભાવિત કરવી, બાર વ્રતો, ચૌદ નિયમો, સામાયિક, પૌષધ, વગેરે આરાધના. એનાથી પણ આગળ વધીને, સર્વ-વિરતિની આરાધના, અષ્ટપ્રવચન માતા, પંચાચાર, પંચ મહાવ્રત, સામાચારીનું પાલન, આનો અર્થ છે, ચારિત્ર ભાવના!

ભાવના નો અર્થ વિચાર માત્ર નથી, ભાવનાનો અર્થ વિકલ્પ માત્ર નથી. જેનાથી આપણો-આત્મા ભાવિત થઈ ગયો, વાસિત થઈ ગયો, આનું નામ ભાવના! યોગબિંદુ ગ્રંથની અંદર હરીભદ્રસૂરી-મહારાજ કહે છે,

अत्र पूर्वोदितो योगस्तत्त्वतः सम्प्रवर्तते।

જ્યાં સુધી દેશવિરતિ કે સર્વવિરતિ નથી, ત્યાં સુધી સાચું ધ્યાન નથી. હરીભદ્રસૂરી મહારાજ ધર્મ સંગ્રહણી નામના ગ્રંથની અંદર કહે છે. કે જે હિંસામાં બેઠા છે, પરિગ્રહ લઈ ને બેઠા છે, એ લોકોને શુધ્ધ ધ્યાન ક્યાંથી હોય શકે?

शुद्धं झाणं कओ तेसिं।

હરીભદ્રસૂરી મહારાજ ધર્મસંગ્રહણી ગ્રંથમાં કહે છે, કે જે આચાર સંપન્ન નથી, જે શિથિલાચારી છે, એ ધ્યાન-કર્તા હોઈ શકે છે, પણ એમના ધ્યાનનું ફળ મોક્ષ નથી. એમના ધ્યાન નું ફળ સુખ નથી. એમના ધ્યાનનું ફળ સદ્ગતિ નથી. એમના ધ્યાન નું ફળ છે, દુર્ગતિ!

पासत्थाणं झाणं नियमेण दुग्गइ नियाणं।

પાર્શ્વસ્થનું ધ્યાન એ દુર્ગતિનું નિદાન છે. દુર્ગતિનું કારણ છે. હરીભદ્રસૂરી મહારાજ ધર્મસંગ્રહણી ગ્રંથની અંદર કહે છે,

कल्कुस्साधमं विशिद्धिं।

એક બગલો માછલાનું ધ્યાન કરે, અને એક શિથિલાચારી છે, એ કોઈ પણ પ્રકારનું ધ્યાન કરે, એ બેમાં હકીકતમાં કોઈ જ ફરક નથી. બગલાના માછલાના ધ્યાનથી પણ મોક્ષ થતો નથી, અને ષટ્કાયનો સંયમ નથી, દેશવિરતિ કે સર્વ વિરતિ નથી, આચાર યુક્તતા નથી, શિથિલાચાર છે, એ ધ્યાનના નામે ગમે તેટલી મથામણ કરે, એનો પણ મોક્ષ થતો નથી, તો એ બે ધ્યાનમાં તાત્વિક દ્રષ્ટિએ ફરક જ શું રહ્યો ?

**સભાનો પ્રશ્ન :-** અનુષ્ઠાનો ના કરે અને ધ્યાન કરે - એનો મોક્ષ ન થાય એમ ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** હા, પ્રશ્ન તમારો બહુ બરાબર છે. હરીભદ્રસૂરી મહારાજ યોગબિંદુમાં એનો જ જવાબ આપે છે,

अत्र पूर्वोदितो योगस्तत्त्वत: सम्प्रवर्तते।

ધ્યાન માટે શ્રેણિ છે મનની નિર્મળતા, ભૂમિકા તમારી જ્યાં - સુધી બરાબર નથી, ત્યાં સુધી તમારા ધ્યાનની ઈમારત થવાની નથી, જો ભૂમિકા તમારી એ બરાબર છે, તો તમે વિરતિનું પાલન શા માટે નહી કરો, વિષયો શા માટે નહિ છોડો, સુખશીલતા શા માટે નહીં છોડો, જિનાજ્ઞાનું પાલન તમારા જીવનમાં કેમ નહિ આવે, અને આ બધાની કોઈ જરૂર લાગતી નથી, કોઈ ઉલ્લાસ નથી, સમજણ નથી ને માત્ર ધ્યાન કરવું છે, ત્યા તો ધ્યાનની ભૂમિકા જ નથી, મનની અંદર પ્રમાદ છે, વિષયોની તૃષ્ણા છે, શરીરની સુખ-શીલતા છે, અને ધ્યાનની ખરી ભુમિકા ઉભી થઈ જ નથી.

આપણને લાગે કે આ બધી વ્યવહાર નયની વાતો છે, ક્રિયાનય ની વાતો છે પણ, ~~[illegible]~~ સમાધિતંત્ર માં પણ કહ્યું છે,

अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ।

સમાધિતંત્રની અંદર પૂજ્ય પાદ સ્વામી કહે છે કે, જો દુ:ખ તમે સહન કર્યું નથી, તમે જ્ઞાનની જ પાછળ-ગયા, તમે જ્ઞાનનો જ અભિલાષ છે, જ્ઞાનની જ ભુખ છે, ધ્યાનની જ ભુખ છે. તમે જ્ઞાનમાં આગળ વધતા રહ્યા ... વધતા રહ્યા ... વધતા રહ્યા ... સહન કરવાની-જીવનમાં કોઈ વાત જ નથી. બધુ જ LUXUARY જોઈએ, બધુ જ સારામાં સારું જોઈએ, અનુકૂળતામાં તમારે જરા પણ COMPROMISE કરવું નથી, તો-આવી જો તમારી દશા છે, તો એ તમારું જ્ઞાન છે ને, જરાક દુ:ખ આવશે ને, ત્યાં તમારું જ્ઞાન ગયું.

ઓઘ દર્શનની અંદર, એમના ગ્રંથોમાં એમ કહ્યું છે

मणुन्नं भोयणं भोच्चा मणुन्नं सयणासणं।
मणुन्नम्मि अगारम्मि मणुन्नं झायई मुणी॥

ધ્યાન કરો એનાથી તમારો મોક્ષ થશે. ધ્યાન તમારે સારું કરવું જોઈએ, તો સારું ધ્યાન કરવા માટે શું કરવાનું છે તો સારું ખાવાનું, સારું પીવાનું, સારી જગ્યાએ સુવાનું, સારા ઘરમાં રહેવાનું, અને એ બધુ જ સારું છે, તો તમારું ધ્યાન સારું જ થવાનું છે. જિનશાસન કહે છે, રાજમહેલની અંદર બધું જ સારું હતું, સારા ખાનપાન હતા, બધી જ અનુકૂળતા હતી, તો ભગવાન પોતે ધ્યાન માર્ગે જઈ રહ્યા છે, સાધનાના માર્ગે જઈ રહ્યા છે, એના માટે ભગવાને બધુ જ છોડે છે. છોડ્યું નથી એ જ મનની કલુષિતતા. છોડ્યુ નથી એ જ અંદર નો ગુંચવાડો, છોડ્યું નથી

એજ બતાડે છે કે તમારે મોક્ષના નામે, મોક્ષ યાત્રાના નામે, મિથ્યા સંતોષ મેળવીએ છે, તમારે ખરા અર્થમાં મોક્ષ કે મોક્ષ યાત્રા મેળવતી નથી. દુનિયાની અંદર તમને કોઈ હોશિયાર માણસ મળી જાય ને એ તમને સો ટકા આપે કે પૈસા માટે તમારે કશે જ જવાની જરૂર નથી, કોઈ જ TENSION લેવાની જરૂર નથી, હું ધ્યાન કરું છું એ ધ્યાન તમે કરો, તો ઘરે તમારે પૈસાનો વરસાદ-વરસશે, તમે ધંધો છોડી દેશો ? JOB છોડી દેશો ? પહેલા એ તમને સો ટકા આપ્યા છે. ચારિત્ર ભાવના ! ચારિત્ર વગર ધ્યાન નથી. ધ્યાન માત્ર નહિ, કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, યોગશાસ્ત્ર ગ્રંથની અંદર કહે છે,

ક્રીયા સકામા યમિનામ્

ધ્યાન એ આભ્યંતર તપ છે, છ એ છ પ્રકારનો-આભ્યંતર તપ, ઉપવાસ એ એક પ્રકારનો બાહ્ય તપ છે, છ એ છ પ્રકારનો બાહ્ય તપ, તપ ના બારે પ્રકાર, એ કોને હોય ? કલિકાલ સર્વજ્ઞને પુછવામાં આવ્યું તો, કલિકાલ સર્વજ્ઞ જવાબ આપે છે, બારે-બાર પ્રકાર સાધુને હોય ! હવે પ્રશ્ન કર્યો કે અમે ગૃહસ્થો ઉપવાસ કરીએ, અમે પ્રતિક્રમણ કરીએ, અમે સામાયિક કરીએ, અમે-પ્રાયશ્ચિત કરીએ, અમે વિનય કરીએ, અમે વૈયાવચ્ચ કરીએ, અમે ધ્યાન કરીએ તો શું એ અમારો તપ ના ગણાય ? શું એ અમારું ધ્યાન નથી ? શું એ અમારો ઉપવાસ નથી, શું એ અમારું પ્રાયશ્ચિત નથી, શું એ વિનય/વૈયાવચ્ચ નથી, શું એ અમારો કાયોત્સર્ગ નથી ? કલિકાલ સર્વજ્ઞને પુછવામાં આવ્યું તો કલિકાલ સર્વજ્ઞએ જવાબ આપ્યો કે તમારો પણ એ તપ ખરો, તમારી પણ એ આરાધના ખરી, પણ એનું મુખ્ય મુલ્ય એને તપ ના કહી શકાય, કારણ કે-એનાથી જે નિર્જરા થાય છે એ ઘણી મંદ હોય છે અને ચારિત્રી આત્મા છે, સંયમી આત્મા છે, સાધુ-સાધ્વીજી ભગવંતો છે, તેઓ આ આરાધના કરે, એમની નિર્જરાએ

તમારા કરતા લાખો ગણી હોય છે કરોડો ગણી હોય છે
અસંખ્ય ગણી અનંત ગણી હોય છે. માટે અમે એમ
કહીએ છીએ કે હકીકતમાં તપની જેમનો જ છે.
રસ્તા ઉપરથી તમે જઈ રહ્યા છો, એક સીંગ-ચણા-
વાળો એનું એક કોથળા જેવું લઈને, ચાર રસ્તે બેઠો
છે, દીકરો તમારો પુછે છે, પપ્પા આ શું કરે છે?
તમે જવાબ આપશો કે બેટા, આ સીંગ-ચણા વહેંચે છે
એટલે પપ્પા આને કોઈએ નોકરીએ રાખ્યો છે. તમે
જવાબ આપો છો કે ના બેટા એનું પોતાનું જ હોય,
એ ક્યાંકથી ખરીદી લાવે ને વહેંચે, તો પછી પપ્પા-
આને BUSINESS કહેવાય, હા બેટા આને BUSINESS
કહેવાય, તો પછી પપ્પા આને BUSINESS-MAN -
કહેવાય ને? એટલે તમારું મોઢું આમ થોડું કટાણું
થાય છે. તમે કહો છો બેટા આને BUSINESS-
MAN ના કહેવાય. તો પપ્પા આ નોકરી નથી, આ
ખરીદી ને લાવે છે વહેંચે છે, આ એનો નફો કરે છે,
તો આને BUSINESS MAN કેમ ના કહેવાય?
BUSINESS છે તો એ BUSINESS MAN કેમ નહિ?
ત્યાં તમને એનો જવાબ આપશો કે બેટા BUSINESS
એનો ખરો, આમ જોઈએ તો BUSINESS MAN પણ
ખરો, એટલે આને નફો છે ને હજારોમાં થતો હોય,
ATLEAST લાખો રૂપિયામાં નફો થતો હોય ને
કરોડોનું TURN OVER હોય, લાખો રૂપિયાનો નફો
હોય, તો BUSINESS MAN કહેવાય. બાકી તો
સીંગ-ચણા વાળો સો-બસો-ત્રણસો રૂપિયા કમાતો
હોય ને, એને BUSINESS MAN ના કહેવાય!
બરાબર એ જ રીતે કલિકાલ સર્વજ્ઞ કહે છે કે,
જ્યાં સુધી ચારિત્ર નથી, ત્યાં સુધી જે પણ સાધના
કરવામાં આવે, એ મંદ હોય છે. મહોપાધ્યાય યશો-
વિજયજી મહારાજ એ અધ્યાત્મ સાર ગ્રંથની અંદર,

જુદી- જુદી સાધનાઓની ભૂમિકાઓ બતાડી, જ્યાં તત્ત્વની જિજ્ઞાસા થઈ ને, ત્યાં સાધનાની પહેલી ભૂમિકા મળી છે. પછી એમ થાય છે કે હું સદ્‌ગુરુ પાસે જઈને પ્રશ્ન કરું કે બીજુ ભૂમિકા છે, ત્રીજુ ભૂમિકા છે, ચોથી ભૂમિકા, પ્રશ્ન પુછી રહ્યા છે, જવાબ સાંભળી રહ્યા છે, પાંચમી ભૂમિકા, એમ કરતા.. કરતા દેશવિરતિ સર્વવિરતિ, એ રીતે ઉપકશ્રેણિ, કેવળજ્ઞાન, ચૌદમું ગુણસ્થાનક, એમ બધી જુદી જુદી ભૂમિકાઓ બતાડી, અને બધી ભૂમિકાઓ- બતાડી ને મહોપાધ્યાયજી કહે છે

यथाक्रममभी प्रोक्ताऽसंख्यगुणनिर्जराः ।

આ બધાને ઉત્તરોત્તર કેટલી નિર્જરા હોય છે કે અસંખ્ય.. અસંખ્ય ગુણ નિર્જરા હોય છે, અસંખ્ય ગુણ નિર્જરા ! એટલે જ્યાં નીચેની ભૂમિકા એની અપેક્ષા એ ઉપરની- ભૂમિકામાં અસંખ્ય ગુણ નિર્જરા, એના કરતા ઉપરની ભૂમિકામાં અસંખ્ય ગુણ નિર્જરા, ને એમાં જ્યાં ચારિત્રની ભૂમિકા આવે, ત્યાં નીચેની બધી ભૂમિકાઓ કરતા, અસંખ્ય ગણી નિર્જરા હોય, અને એ અપેક્ષા એ, એમ કહેવાય કે ભાઈ તપ તો મહાત્માનો, નિર્જરા તો મહાત્મા ની, આપણું ભલે તપ છે પણ જરું, નિર્જરા પણ છે, પણ મહાત્માની અપેક્ષા એ ઘણી ઓછી છે.

જે એમ માને કે સાધુ પણા માં ક્રિયા- વધારે હોય ને, ધ્યાન ઓછું થાય, સ્વાધ્યાય ઓછો થાય, સાધુપણામાં LOSS છે, એ લોકો કશું સમજ્યા જ નથી. જે એમ માને છે કે હું તો અહીંયા વધારે કરી શકું છું, મહાત્માને તો ગોચરી જવાનું, પાણી જવાનું, પડિલેહણ કરવાનું, પ્રતિક્રમણ કરવાનું, વિહાર કરવાનો, માટે એમનો સ્વાધ્યાય ક્દાચ ઓછો થાય એ લોકો કશું સમજ્યા જ નથી. સાધુ- પણામાં જે નિશ્ચિંતતા છે, જે હળવાશ છે, જે પ્રસન્નતા છે, જે નિર્મળતા છે, જે અઢાર પાપસ્થાનકો નો ત્યાગ છે,

કે રાગ-દ્વેષના નિમિત્તો નો ત્યાગ છે, જે શુભ આલંબન છે, એનાથી એમનો જે સ્વાધ્યાય થાય, એ કોઈ ગૃહસ્થ કરી શકે એ શક્યતા જ નથી.

બીજા નંબરની વાત, કદાચ કોઈ મહાત્મા-કોઈ ગ્લાન મહાત્માની વૈયાવચ્ચમાં હોય, ગુરૂની-વૈયાવચ્ચમાં હોય, કદાચ કોઈ પણ કારણસર એ જેવો સ્વાધ્યાય ના પણ કરી શકતા હોય.

## મહાત્માનું જીવન જ સ્વાધ્યાય છે !

જ્યાં સુધી ભૂમિકા નથી મળી, નિર્મળતા નથી મળી, તમે ગમે તેટલી અનુકૂળ જગ્યાએ બેસો, ઉંચા માં ઉંચો ગ્રંથ લઈને બેસો, ઉંચા માં ઉંચા શિક્ષક લઈને બેસો, યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે, તમારો એ સ્વાધ્યાય નથી, કારણકે એ સ્વાધ્યાય ઘણો મંદ હોય છે. ત્રીજુ ભાવના ચારિત્ર ભાવના !

## ચોથી ભાવના વૈરાગ્ય ભાવના !

વૈરાગ્ય સિવાય બધું જ નકામું છે. વૈરાગ્ય આવે છે ત્યાં આંતરીક નિર્મળતા ની પરિણતિ આવે છે. વૈરાગ્ય આવે છે ત્યાં રાગદ્વેષ નો ત્યાગ આવે છે. વૈરાગ્ય આવે છે ત્યાં આત્મા મોક્ષ યાત્રામાં હરણફાળ ભરે છે. ભગવદ્ગીતા ની અંદર અર્જુન શ્રી કૃષ્ણને પ્રશ્ન કરે છે કે, મન બહુ જ ચંચળ છે એનું કરવું શું ? એનો નિગ્રહ કરવો બહુ જ અઘરો છે, વશમાં લાવવું બહુ જ અઘરું છે. અમે ગમે તેટલું કરીએ આ મન વશમાં આવે એવું નથી. કરવું શું ? અને ત્યાં શ્રી કૃષ્ણ અર્જુનને જવાબ આપે છે,

असंशयं महाबाहो! मनो दुर्निग्रहं चलम्।

વાત તમારી એકદમ સાચી છે, મન દુર્નિગ્રહ છે, મન ચંચળ છે, છતાં પણ એને વશમાં લાવવું એ અશક્ય નથી, એ સહેલું છે. એ અઘરું હશે, IMPOSSIBLE નથી. અર્જુન પુછે છે કે ભગવાન કઈ રીતે વશમાં લાવવું અને શ્રી કૃષ્ણ કહે છે,

अभ्यासेन तु कौन्तेय! वैराग्येण च गृह्यते ॥

તમે અભ્યાસ કરો અને તમે વૈરાગ્યથી ભાવિત થાવ, તો તમે વૈરાગ્ય ને કેળવી શકશો. મનને અંકુશમાં લાવી શકશો. અભ્યાસનો, અધ્યાત્મસારની પરિભાષામાં જોઈએ, દર્શન, જ્ઞાન, ચારિત્ર નો અભ્યાસ, વૈરાગ્ય એટલે ચોથી વૈરાગ્ય ભાવના!

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય ભાવના દ્વારા ધ્યાનની ભુમિકા કેળવીએ. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x x x

# ધ્યાન માટેની યોગ્યા !



જ્યાં સુધી તમારા મનની વિક્ષિપ્ત દશા મટી નથી, જ્યાં સુધી તમારું મન ઠર્યું નથી, મન શાંત થયું નથી, ત્યાં સુધી મોક્ષ યાત્રામાં પ્રગતિ કરવી શક્ય જ નથી.

## આપણી પાસે ગતિ છે, પ્રગતિ ક્યાં ?

ઘાંચીનો બળદ છે, અને એ બળદ આખો દિવસ ચાલે છે, એ કેટલું ચાલ્યો ? એક હજાર કોસ જેટલું ચાલ્યો, અને છતા એ ક્યાં છે ? એ ઘરમાં જ છે.

જ્યું કોલ્હૂ કે બૈલ કું ઘરહી કોસ હજાર

અનંતભવો આપણા નિગોદમાં થયા. નિગોદમાંથી નીકળ્યા પછી પણ ૮૪ લાખ યોનિમાંથી એક પણ યોનિ એવી નહીં, જેમાં અનંતભવો નથી થયા. અનંતીવાર આપણે ઉપર પણ આવ્યા, કદાચ આરાધના પણ કરી, લાખ રૂપિયાનો સવાલ એ હતો કે આપણે પહોંચ્યા ક્યાં ? અને મહોપાધ્યાયજી શ્લોકના એક જ ચરણની અંદર, એનો જવાબ આપે છે,

ઘરહી કોસ હજાર

આપણે બહુ ચાલ્યા, પણ આપણે ત્યાં ના ત્યાં જ હતા. એક પ્રયાસ કરવો છે, કે આ ભવ આપણો એળે ના જાય, દરેક આરાધના સાચી આરાધના બને. દરેક તપ સાચો તપ બને. દરેક જ્ઞાન સાચું જ્ઞાન બને, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, અધ્યાત્મ-સારમાં કહે છે,

૦ યત્નઃ ૦

જિનશાસનના દરેક મોક્ષાનુષ્ઠાન ની સિધ્ધિ શેનાથી ? ધ્યાનથી ! મહોપાધ્યાયજી નો પ્રશ્ન ક્યો કે ધ્યાન માટેની પાત્રતા શું જોઈએ, યોગ્યતા શું જોઈએ ? અને અધ્યાત્મસારના એક શ્લોકની અંદર, ધ્યાનની

બધી જ યોગ્યતાઓ મહોપાધ્યાયજી એ મુકી દીધી છે.
भावनादेशकालौ च स्वासनालम्बनक्रमान् ।
ભાવના, દેશ, કાળ, સ્વાસન, આલંબન, ક્રમ,
ध्यातव्यध्यात्रनुप्रेक्षा लेश्यालिङ्गफलानि च ॥
ધ્યેય, ધ્યાતા, અનુપ્રેક્ષા, લેશ્યા, લિંગ, ફળ ! ભાવનાની વાત આપણે જોઈ, આગે જીવ મંજરની પાત્રતા ઉપર આપણે આવીએ, એનું નામ છે દેશ ! દેશનો અર્થ આપણે રાષ્ટ્ર કરીએ છીએ, એ પણ અર્થ સાચો છે એનો બીજુ એક બીજો અર્થ છે જગ્યા, સ્થાન ! ધ્યાન ક્યાં કરવું ? અને એના સંદર્ભમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,
स्त्रीपशुक्लीबदुःशील वर्जितं स्थानमागमे ।
આગમમાં કહ્યું છે, કે મહાત્મા એ હંમેશા ક્યાં રહેવું જોઈએ. જ્યાં સ્ત્રીના હોય, જ્યાં પશુ ના હોય, જ્યાં કોઈ [illegible] - દુષ્ટ શીલ વાળી વ્યક્તિ ના હોય,
सदा यतीनामाज्ञप्तं
હંમેશા સાધકે ત્યાં જ રહેવું જોઈએ. મુનિએ ત્યાં જ રહેવું જોઈએ.
ध्यानकाले विशेषतः ।
અને જ્યારે ધ્યાન કરવાનું છે ત્યારે તો વિશેષથી આવી જ જગ્યાએ રહેવું જોઈએ. ધ્યાન અને અબ્રહ્મ આ બંને જુદા જુદા છેડા છે. સ્ત્રીની [illegible] હાજરીમાં જે કરવામાં આવે, વિજાતીય ના સંપર્કમાં જે કરવામાં આવે, દુષ્ટ વિષયોની હાજરીમાં જે કરવામાં આવે, બધી જ સુખશીલતા ભોગવીને જે કરવામાં આવે, એ તાત્વિક ધ્યાન જ હોતું નથી. ઉત્તર-ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ આજે બંને ભેગા થાય, તો ધ્યાન અને અબ્રહ્મ આ બે ભેગા થાય. આખી દુનીયા ની - આત્માની, અધ્યાત્મની, વાતો એક બાજુ છે, અને બીજુ બાજુ જિનશાસનની બ્રહ્મચર્યની નવ વાડ ની વાત છે. તમે ગમે તેટલું ભણો, સમજો, પામો, ગમે તેટલો ઘોર તપ કરો, ગમે તેટલી આરાધના કરો, જ્યાં સુધી તમારા જીવનમાં

નવ વાડનું પાલન નથી આવ્યું, ત્યાં સુધી તાત્વિક શુદ્ધિ તમને મળશે નહિ, અને ત્યાં સુધી ધ્યાનની ભૂમિકા તમને મળશે નહિ.

सदा यतीनामाज्ञाप्ते ध्यानकाले विशेषत:।

અર્થ ઢળવા આવી છે, સાડા ત્રણ આસપાસ નો સમય છે. સદ્ગુરૂ પડિલેહણ કરી ને અનુપ્રેક્ષામાં ગરકાવ થવા જઈ રહ્યા છે. શિષ્ય આવે છે, વંદન કરે છે. વંદન કરીને કહે છે, ગુરુદેવ! એક પ્રશ્ન કરવો છે. સદ્ગુરૂએ કહ્યું કે ભલે કરી શકો છો. અને શિષ્ય એ કહ્યું કે ગુરુદેવ, રૂપકોશા જ્યારે સ્થુલભદ્ર સ્વામી ને ચલિત કરવા માટે ગીત, સંગીત, બધો જ પ્રયાસ કરી રહી હતી, ત્યારે સ્થુલભદ્ર સ્વામીજી શું કરી રહ્યા હતા ? હાથ જોડી ને શિષ્ય બેઠા છે, આંખમાં જિજ્ઞાસા છે, ને સદ્ગુરૂ પ્રેમથી જવાબ આપે છે ધ્યાન કરી રહ્યા હતા! શિષ્ય એ કહ્યું કે બરાબર છે ગુરુદેવ! એનો અર્થ એ થયો કે સ્ત્રીની હાજરીમાં, ઈતર વિષયોની હાજરીમાં બાહ્ય પ્રતિકુળ વાતાવરણમાં પણ ધ્યાન થઈ શકે. સદ્ગુરૂએ કહ્યું કે બરાબર છે. ન જ થાય ધ્યાન એવી એકાંત નથી. શિષ્ય એ કહ્યું કે જો ગુરુદેવ આ રીતે ધ્યાન થઈ શકે છે તો પછી એવું કહેવાની જરૂર શું કે - ધ્યાન જ્યાં કરો ત્યાં સ્ત્રી ના હોવી જોઈએ, પશુ ના હોવું જોઈએ, આવું કહેવાની જરૂર જ શા માટે ? શિષ્ય નો જે પ્રશ્ન છે એ મૂળ પ્રશ્ન ઉપર આવ્યો છે. હાથ જોડેલા છે, એ ક્ષણ સદ્ગુરૂ કશું જ બોલતા નથી, શિષ્યની જિજ્ઞાસાનો ? અનિરેક છે એ થોડો ઘણો સમય જાય છે, શાંતી જાય છે. શિષ્ય પ્રતીક્ષા કરી રહ્યા છે, અને સદ્ગુરૂ જવાબ આપવાની સામે પ્રશ્ન કરે છે કે, કોઈ ઝેર ખાય, તો એ ઝેર ખાઈ ને મરી જ જાય, આવું નક્કી ખરું ? શિષ્યએ કહ્યું કે કદાચ કોઈ બચી પણ જાય. સદ્ગુરૂ એ

બીજો પ્રશ્ન કર્યો, તો પછી ઝેર ના ખાવું જોઈએ એવું ના કહેવું જોઈએ ને ? ઝેર ખાય ત્યારે કોઈ વાંધો નથી, એવું કહી શકાય કે નહિ ? શિષ્ય એ કહ્યું કે એમ તો ના કહી શકાય, કારણ કે મોટે ભાગે તો ઝેર ખાનાર મરી જ જાય છે. BY CHANCE કોઈ બચી જાય, એનાથી એમ ના કહી શકાય કે ઝેર ખાવાથી વાંધો ના આવે. BY CHANCE કોઈ બચી-ગયું હોય એ બહુ RARE INCIDENT કહેવાય, વિરલ ઘટના કહેવાય, કહેવું તો એમ જ પડે કે જે ઝેર ખાય એ મરી જ જાય, ઝેર તો ના જ ખાવું જોઈએ.

સદ્ગુરુ સ્મિત કરીને કહે છે કે, જેમ ઝેર ખાઈને કોઈ જીવી જાય આ વિરલ ઘટના છે, એ આશ્ચર્ય છે. એ મોટે ભાગે બનવા જોગ નથી, ઝેર ના ખવાય એમ જ કહેવું પડે, ઝેર ખાય તો મરી જ જાય એવું જ કહેવું પડે. બરાબર એ જ રીતે, વિશ્વનીય ની હાજરી, ઈષ્ટ વિષયોના સંપર્ક, આની અંદર ધ્યાન ના જ થાય, એમ જ કહેવું પડે. વિરલ ઘટના અને સામાન્ય ઘટના, આ બંને જુદી જુદી કથા છે. સ્થુલભદ્ર સ્વામી શું છે ? એક SURPRISE છે. SURPRISE એ SURPRISE જ હોય છે. SURPRISE એ કદી COMMON ઘટના થઈ શકતી નથી, અને SURPRISE ને COMMON ઘટના માનવામાં આત્મ વંચના છે. જે જે દુનિયામાં SURPRISE છે એને એ તમે COMMON માનીને ચાલશો તો, તમારે પસ્તાવું પડશે, તમારે ભોંઠા પડવું પડશે, તમારે નુકશાની વેઠવી પડશે. SURPRISE એક છેડો છે, અને COMMON ઘટના એ બીજો છેડો છે.

स्त्रीपशुक्लीबदु:शीलवर्जितं स्थानमागमे ।।

તમારી ફરીયાદ હોય છે, સાહેબ આટલા વ્યાખ્યાન સાંભળ્યા, ઉંમર પણ અમારી થઈ, સાહેબ બધું જ અમે જોઈ લીધું, બધું જ અમે સમજી ગયા, અને છતાં સાહેબ અમારી

વિષય- વાસના જતી નથી. આનું કારણ શું ? આનો જવાબ છે બ્રહ્મચર્યની નવ વાડનું પાલન ! જ્યાં સુધી વાડનું પાલન નથી, ત્યાં સુધી સંપૂર્ણ શુદ્ધિ- સંભવિત જ નથી. વ્યવહાર નયથી વિષય- સેવન એ અબ્રહ્મ છે. નિશ્ચય નયથી બ્રહ્મચર્યની વાડનો ભંગ, એ અબ્રહ્મ છે. આગમની અંદર કહ્યું કે જે મકાનમાં કોઈ સ્ત્રી હોય, એ મકાનમાં સાધુથી ઉતરાય નહીં, આજે છે ને એમને તમારી બાજુ જ ફરીયાદ છે. તમારી દ્રષ્ટિ બાહ્ય આયોજનો ઉપર છે, બાહ્ય - વ્યવસ્થા ઉપર છે, સગવડ ઉપર છે, એક જ PREMISE માં બધું જ થઈ જાય એ તમારી દ્રષ્ટિ છે, તમને કદી સંયમની ચિંતા થઈ ખરી ?

નવા ઉપાશ્રય બનાવવાના છે. આપણા ઉપાશ્રય પચાસ વર્ષ જુનો થઈ ગયો, નાના છે, દસ કરોડ ભેગા થઈ જાય એમ છે, હું તમને પુછું કે તમારો PLAN મહાત્માનું સંયમ સચવાય એ કે સંઘની અંદર કોઈ પણ અનુષ્ઠાન કરવું હોય, પૂજનો કરવા હોય, રસોડા કરવા હોય, મહેમાનોને ઉતારવા હોય, હું તમને પુછું કે ઉપાશ્રયનું નવું મકાન બનાવ- વાનો તમારો જે PLAN એના FOCUS માં મહાત્માનું સંયમ હોય, કે તમારી બાહ્ય વ્યવસ્થાઓ હોય ? મારો સવાલ સમજાય ? જે મકાનની અંદર, ઉપર ધર્મશાળા હોય, જે મકાનની અંદર ગૃહસ્થોને ઉતારવાની વ્યવસ્થા હોય, જે મકાનની અંદર નીચે રસોડા- એવા ચાલવાના, સવારે કદાચ તમારા વર્ષીતપ ના પારણા થાય, કોઈ પણ જાતના સ્વામી વાત્સલ્યો હોય, એને એના માટે રાતથી બહેનો આવી જવાના હોય, એ મકાનમાં સાધુથી ઉતરાય ખરું ? ઘણી વાર એમને થાય તમારું કેટલું બધું અજ્ઞાન હોય છે.

તમે માનો છો, વ્યવસ્થાઓ થઈ ગઈ, સગવડ થઈ ગઈ, ચોમાસામાં મહાત્માના મહેમાન આવશે, તો ઉતરવાની સગવડ થઈ જશે. હું કહું છું, સગવડ નહીં હોય તો ચાલશે, થોડી અગવડ હશે તો ચાલશે, મહેમાનને સો તકલીફ પડશે તો ચાલશે, મહેમાન નહીં આવે તો ચાલશે. પણ મહાત્માના મકાનમાં જઈને ઉતરે, આ કઈ રીતે ચાલી શકે ?

મહાત્માને બ્રહ્મચર્યની વાડનો ભંગ થાય, આવું કરવું, એમાં નિશ્ચય નયની દ્રષ્ટિએ, મહાત્મા ની હત્યા કરવા કરતા, વધારે ખરાબ ઘટના છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, આ પ્રકારનું PLANNING કરીને મહાત્માને હેબાડીએ ને એમ એમાં AGREE થતા હોય તો ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- હું કહું છું કે તમે જેમને બનાવો એ એ ના પાડે તો તમારી તૈયારી ખરી ? PLAN ફેરવવાની કે ગુરુ ફેરવી દો ! તમારે બધું અમારે માથે નાખી દેવું છે. ક્યાંક અમારી ભૂલ થતી હશે, એની ના નથી. પણ તમને કોઈ સાચું સમજાવનાર જ ગમી, આ તમારી ખરી તકલીફ છે કે સમજાવનાર હોવા છતાં તમારે સાંભળવું નથી, સમજવું નથી, સ્વીકારવું નથી આ તમારી ખરી તકલીફ છે ! અજ્ઞાન ! થોડા સ્થાની ઓછા થશે તો ચાલશે, મુમુક્ષુ અને મહેમાનોને ઉતરવાની જુદી સગવડ નહીં હોય તો, મહાત્માની આ હકીકત માં અગવડ નથી, આ સંયમની સગવડ છે. ચોમાસું અમારું હતું, યુવાન મારી પાસે આવ્યા, મને કહે કે અમારે મુમુક્ષુઓને રહેવાની સગવડ જ નથી. ચોમાસામાં મુમુક્ષુ રહે તો ક્યાં ઉતરે, આ બાજુમાં એક PLOT છે ને ત્યાં અમારે એક મકાન ઉભું કરવું છે. એની અંદર રૂમો હોય

મહેમાનો રહે મુમુક્ષુઓ રહે, મેં કીધું, મુમુક્ષુ એ રીતે
જુદા ઉતરે ને એ મુમુક્ષુ જ જોશે. મેં કહ્યું કે
મારી સાથે હતા અમુક છોકરાઓ, ગુરુ મહારાજ સાથે
હું રહેતો હતો ત્યારે એક શ્રાવકે એક FLAT માં
બધી સગવડ કરી આ હોય, તે હોય, -
આરામ કરવો હોય, એ મુમુક્ષુઓની હજુ સુધી -
દીક્ષા થઈ નથી. મુમુક્ષુ એટલે શું ? એનું નાહવાનું
થોડું થઈ ગયું, ક્યાંક જઈને જમી આવ્યા. બાકી -
મહાત્માની જેમ દિવસ-રાત રહે એ સાચો મુમુક્ષુ -
બાકી એની શું સગવડ કરવાની હોય ! એ મહેમાનો -
હોય ને, પ્રસંગ હોય, જેટલી તકલીફ પડે, હું કહું છું એ
તકલીફ નથી, એ સંયમની અનુકૂળતા છે, એ તકલીફ
પડની હશે, મહેમાન આવ્યા ને ઉતરવાની તકલીફ છે ને,
તો મહાત્માને બારે માસ સંયમની અનુકૂળતા રહેશે,
તમારા પ્રાસંગિક મહેમાનો આવ્યા, એની સગવડ થઈ
ગય એની કાયમી વ્યવસ્થા હોય, એ હકીકતમાં કાયમી
વ્યવસ્થા નથી, એ મહાત્માની સંયમની કાયમી પ્રતિકૂળતા
છે. વાત સમજાઈ તમને ? બધું ભેગું ના કરો !
એ જ ઉપાશ્રય એની અંદર વળી તમે દહેરાસર કરો છો,
GENERAL વાત છે. એ જ PREMISES માં હોયને
બહેનો ને ઉપાશ્રયની અંદરથી પસાર થવાનું થાય -
ભોજનાલયમાં ક્યારે પણ આવો કોઈ પણ મુદ્દો આવે, અને
ક્યાંક તમારું પુણ્ય પહોંચતું હોય, અને તમે એ બધું
કંઈ પણ અટકાવી શકો, તો એ કદાચ તમારી બાકી
જિંદગીનું શ્રેષ્ઠ સુકૃત બનશે, એ સંયમની સગવડ
બનશે, મહાત્માને પ્રાણદાન આપવા જેવી એ ઘટના
બનશે, તમે છો ને એક વસ્તુ મગજમાં FIX કરી દો,
અનુષ્ઠાનો ઓછા થશે તો ચાલશે. ઢોલ ઓછા
વાગશે તો ચાલશે, જમણવારો ઓછા થશે તો
ચાલશે. એ સગવડો અંદર ઓછી હશે તો ચાલશે,

પણ મહાત્માના રહેવાના સ્થાનમાં સંયમની અનુકૂળતા ના હોય, ભગવાનની આજ્ઞા ને પાળવાની અનુકૂળતા ના હોય, બ્રહ્મચર્યની નવ વાડનું પાલન કરવાની અનુકૂળતા ના હોય, એ તો હરગીઝ ના ચાલે. આ તમે ઉપાશ્રય કાઢી નાખો, પહેલું કામ આ કરો પછી જે કરવું હોય તે કરો. એ તમે ભણો, ગડ્ડી કરી હો કે આ શાસ્ત્રીય દ્રષ્ટિએ આપણે આટલું બધું કર્યું ને હવે આટલું જ કરવાનું રહ્યું છે, અહીંયાથી ઉપાશ્રય કાઢી નાખવાનો છે, તમે ઉપાશ્રયને પણ કંઈ બીજું રૂપ આપી દો. મહાત્મા પણ સમજુ જાય કે અહીંયા ઉતરવાનું નથી, વાત પુરી થઈ ગઈ!

આમારા હિમાંશુસૂરી દાદા ને એક ગામની અંદર ચોમાસા નો પ્રવેશ થયો. પ્રવેશ થયો છે, ચોમાસી ચૌદસ હજુ આવી નથી, આગલા દિવસો છે. એમણે જોયું કે ઉપાશ્રયની નીચે છે ને, હોલમાં બહેનો ધૂમ ભણાવવા આવે છે. ઉપાશ્રયની નીચેનો જ હોલ! હિમાંશુસૂરી દાદા એ વહીવટદારો / ટ્રસ્ટીઓને કહ્યું કે આ બરાબર નથી, અને એટલા જ માટે આવું ના થવું જોઈએ. ટ્રસ્ટીઓએ સાંભળી લીધું, માન્યું નહિ. બીજુ વાર કહ્યું, ત્રીજુ વાર કહ્યું, કહ્યું આ રીતે હું નહિ કરી શકું ચોમાસુ. ના માન્યા, કંઈ નહિ. અહીંયા ધમાલ કરવી, માથાકુટ કરવી, એ પણ અમારો ધર્મ નથી. ઈચ્છાકાર સામાચારી છે, અમે કોઈ માલિક-નથી હોતા, ચાર મહિના માટે પણ સંઘનો એક ઉપકાર છે, કે અમને સંયમ યોગ્ય સ્થાન આપ્યું, મુળભુત અમે-અમારી આરાધના માટે રહ્યા હોઈએ છીએ, સાથે-સાથે તમારા વ્યાખ્યાન, પ્રતિક્રમણ વગેરે સંઘને પણ લાભ મળે, સાહેબે જોયું કે આ લોકોને વાત ઉતરી નથી, નથી માનતા, આ રીતે હું નહિ રહી શકું ને ધૂમઓ ચાલુ છે, પરિવર્તન કંઈ થયું નથી, પ્રવેશ ચોમાસા નો થઈ ગયો છે, ચોમાસી ચૌદસ બાકી છે, નજીક ના બીજા ગામે વિહાર કરીને હિમાંશુસૂરી-

મહારાજ સાહેબ પહોંચી ગયા અને ત્યાં એમણે ચોમાસું કર્યું. સ્ત્રીના શબ્દો જે ઉપાશ્રયમાં સંભળાતા હોય, એ ઉપાશ્રયમાં રહેવાની આગમ ના પાડે છે. આગમમાં ત્યાં સુધી કહ્યું કે, સાધુ અને સાધ્વીજી ભગવંતો જે કોઈ ગામમાં ન છૂટકે કોઈક બધુ ના મકાનમાં રહેવું પડ્યું હોય, એક મકાન નહિ, જુદ જુદ મકાન છે, પણ અવાજ પહોંચે એમ છે. એવા મકાનની અંદર સાધુ કે સાધ્વીજી જો ઉંચે અવાજે સ્વાધ્યાય પણ કરાય નહિ, જેથી કરીને બીજા ઉપાશ્રયમાં અવાજ પહોંચે. આગમની અંદર કહ્યું કે જે ઉપાશ્રયની અંદર જે મકાનની અંદર સ્ત્રીનો ફોટો હોય, એ ઉપાશ્રય કે એ નિર્દોષ મકાન મળતું હોય, કોઈ દોષ નથી, સાધુ માટે બન્યું નથી, પણ ત્યાં ફોટો છે આવો, ત્યાં સાધુથી રહી ના શકાય.

આગમની અંદર કહ્યું કે મકાનની અંદર સ્ત્રીની પ્રતિમા હોય, એ મકાનની અંદર સાધુથી રહી ના શકાય. જે મકાનની અંદર પુરૂષ નો ફોટો કે પ્રતિમા હોય, ત્યાં સાધ્વીજીથી ના રહી શકાય. આગમની અંદર કહ્યું, જે મકાનની અંદર મહાત્મા રહ્યા છે, અને બાજુબાજુ ના મકાનમાં રહેલા વિજાતીય એનું દર્શન ત્યાંથી થઈ શકે એમ છે, એ મકાનમાં સાધુથી રહેવાય નહિ. આપણો સંયમ ધર્મ નો ખુબ જ મહિમા છે, અમારા અંતરની અંદર સંયમ નું ખુબ જ બહુમાન છે. તે દિવસે મેં કહ્યું કે આવા અમદાવાદ જેવા નગરો ધન્ય કહેવાય જેની અંદર, કાયમ સેંકડો મહાત્મા ! બારે માસ ઉછળતા ભાવ સાથે ગોચરીનો લાભ લેતા શ્રાવકો ! એમના MEDICALS હોય, OPERATION સુધી ની વાત હોય, સંઘ ખડે પગે ઉભો છે, નાનામાં નાના મહાત્મા હોય,

એને કોઈ ચિંતા રહી નથી. છેલ્લા સો/બસો વર્ષો નો - ઈતિહાસ જોઈએ તો અત્યારે પરાકાષ્ઠા ની વ્યક્તિત્વોય છે. આ બધાની સાથે અમુક અમુક તમારું અજ્ઞાન ! જ્યાં તમને કોઈ ખ્યાલ નથી, જ્યાં તમારા કોઈ દીકરા મહારાજે દીક્ષા લીધી, ફલાણે મહારાજે દીક્ષા લીધી, તમને કેટલો વ્યક્તિત્વોય હોય કે આપણા મહાત્મા, તમે વારતહેવાર - આવો, કરો, હજુ તમારું અમુક અજ્ઞાન હોય છે, મહાત્મા- ને તમારે પગલા કરાવવા હોય છે. મહાત્મા પાસે બેસવું હોય છે. ચાલો હું કહું છું એ મહાત્મા છે કે નહિ. કોઈપણ મહાત્મા હોય, તમે એને ઓળખો તો તમને - ફલાણે મહાત્મા યાદ આવશે, અમારા ફલાણે મહાત્માએ પણ દીક્ષા લીધી છે, અને એ ઘરે આવે એટલે આપણે કહ્યા વગર રહી ન શકીએ કે અમારા આ-આ વ્યક્તિએ પણ દીક્ષા લીધી છે.

દીક્ષા આપવી, આનો અર્થ એ છે કે એક ડૂબતા માણસને દરિયા માંથી કાઢવો. દીક્ષા પળાવવી આનો અર્થ એ છે કે, એ વ્યક્તિ ને જેમાંથી બચાવ્યો, એમાંથી પાણી કાઢવું. દરિયામાં ડૂબતા માણસને બે STEP થી બચાવી શકાય, એને પાણી માંથી કાઢો, એનામાંથી પાણી કાઢો, જો એને પાણી માંથી કાઢી નાખ્યો પણ એના માંથી પાણી ના કાઢ્યું તો પણ એ મરી જશે, એને પાણીમાંથી કાઢશો જ નહિ તો પણ એ મરી જશે. ગુરુ ભગવંતો - એક આત્મા ને પાણી માંથી બહાર કાઢે છે તો, આખી જિંદગી એના માંથી પાણી કાઢવાની પ્રક્રિયા કરતા હોય છે. એક કવિ એ બહુ મજાની વાત કરી છે.

" નીકાલ આયા હું એક પિંજરે સે પરીંદા,
અબ પરીંદે કે દિલસે પિંજરા નીકાલના હૈ ! "

હું પાંજરામાંથી પંજીને તો નીકાળી આવ્યો છું. હવે મારે પંજીના હૃદયમાંથી પાંજરાને કાઢવું છે. સાધુને સંયમની અનુકૂળતા આપવી ને, એ નિશ્ચયં શ્રેષ્ઠનું સુપાત્ર દાન છે. સાધુની બીજુ કોઈ જ ભક્તિ કદાચ ના થાય ને, તો સાધુને કોઈ જ તકલીફ ના હોય, પણ સાધુને સંયમની અનુકૂળતા ના મળે, તો એના માટે મોટામાં મોટી તકલીફ બની જાય. એક ગુરૂ ભગવંત પોતાના શિષ્ય ને દરિયામાંથી કાઢીને એને PUMPING વગેરે કરીને, એનું પાણી નીકાળી રહ્યા છે, સ્વાધ્યાય પણ PUMPING હોય છે,
વાચના પણ PUMPING હોય છે,
હિતશિક્ષા પણ PUMPING હોય છે,
સારણા- વારણા પણ PUMPING હોય છે,
આરાધનાનું વાતાવરણ આપવું એ પણ PUMPING હોય છે,

અને એ સમયે આપણાથી અજાણપણે એવી ઘટના બની જાય, કે આપણે PIPE LINE - લઈને આવ્યા હોઈએ, ને આપણે ત્યાં એના નાકમાં, કાનમાં, મોઢા પર, આપણે પાણી છોડતા હોઈએ છીએ.

તમારા ભત્રીજ મહારાજ,
ભાણેજ મહારાજ,
દીકરા મહારાજ,

આજની ખરી ભક્તિ તમારે કરવી હોય ને, તમે નક્કી કરો, કે અમે સાધુ ઉપાશ્રયની મર્યાદા પળાવશું. તમારે મહાત્માની શ્રેષ્ઠ ભક્તિ કરવી છે, તમે નક્કી કરો, અમારું ઘર ઉપાશ્રયની નજીક હશે તો અમે ત્યાં ગેલેરીમાં એવી રીતે ઉભા નહી રહીએ, જેનાથી બ્રહ્મચર્યની વાડનો ભંગ થઈ શકે. અમારું ઘર ઉપાશ્રયની નજીક હશે, ઉપાશ્રયમાંથી ઘર દેખાતું હશે, તો અમે અમારા T.V. SCREEN ને એવી-

રીતે નહીં રાખીએ, કે BY CHANCE, એક સેકન્ડ માટે પણ ઉપાશ્રયમાંથી એના ઉપર દ્રષ્ટિ પડી જાય. અમારું ઘર નજીક હશે, તો અમારા ઘરનો અવાજ એ જેટલો ઉંચો નહિ હોય, એ અમારા શબ્દનો અવાજ હોય શકે, એ કોઈ C.D. PLAYER, TAPE REORDER નો VOLUME હોય શકે, એ કોઈ T.V. નો અવાજ હોય શકે, એ જેટલો તો નહીં જ હોય એ અમે છાતી ઠોકીને કહી શકીએ, અમારી આખી જિંદગીમાં અમારા ઘરમાંથી, એક પણ શબ્દ એવો ઉપાશ્રયમાં ના પહોંચે, જે સંયમની બાધા કરે.

ગયા વર્ષે ઓપેરા સંઘની અંદર અમારું ચોમાસું હતું, પર્યુષણ પછીના દિવસો, અઠ્ઠાઈ નિમિત્તે, નાનો બાળક, અઠ્ઠાઈ એણે કરી છે, સંવત્સરીના બે દિવસ પછી અઠ્ઠાઈનું પારણું ભાઈ મને બોલાવવા આવ્યા, ઘરે પગલા કર્યા, માંગલિક સંભળાવ્યું, નીચેના ઘરોની પણ વિનંતી, નીચે GROUND FLOOR માં સામે-સામે બે ઘર, એક ઘર અને બીજામાં સાધ્વીજી ભગવંત રહે, માંગલિક સંભળાવી ને હું બહાર નીકળ્યો, સાધ્વીજી ભગવંત સામેના FLAT માંથી બહાર આવ્યા, અને મને કહ્યું, કે અહીંયા સામે અજિતભાઈ રહે છે, ને એમનું T.V. હંમેશા બંધ જ હોય છે. એ ઘરમાં T.V. નો વપરાશ કરતા જ નથી. અનુમોદના કરી સાધ્વીજી ભગવંતે, એ ભાઈ મારી બાજુમાં જ ઉભા હતા ને, એક વાક્ય બોલ્યા, સાહેબ સામે સાધ્વીજી ભગવંત છે ને! વાત સમજાઈ તમને? અંતર મારું ઝુકી ગયું કે કેવો ઉંચો સંઘ - કેવા જિનશાસનના શ્રાવક, કેવી એમની પરિણતિ, કેવી મહાત્માના સંયમની એમને ચિંતા, હું તમને કહું, પાંચ હજાર, દસ હજાર મહાત્માઓમાંથી, બે-પાંચ વર્ષે ક્યાંક કોઈ નબળી ઘટના ઘટી, અને આપણને દુઃખ થાય, આઘાત લાગે, ચર્ચા કરીએ, આપણને એમ થાય કે આપણા

મહાત્મા સાથે આવું થયું. હું તમને કહું કે એમાં
મહાત્માની જ ભૂલ કે આપણી પણ ભૂલ (?) મહાત્માની
તમારે શ્રેષ્ઠ ભક્તિ કરવી છે, હું તમને કહું છું.
તમારા પાત્રા તમે આટલા બધા નહિ ભરી દો તો ચાલશે.
કદાચ તમારા નામે આટલા બધા લાખો-
કરોડો રૂપિયા નહીં બચ્યાં હો તો ચાલશે. કદાચ-
તમારા બે નવા ઉપાશ્રય ઓછા બન્યા, તમને
તકલીફ પડી, સંકડાશ પડી, હું કહું છું એ મોટી
તકલીફ નથી. તમારા દીકરા મહારાજ, સગા મહારાજને
કારણે તમે ઉપાશ્રયમાં આટલા બધા આવતા હો,
જાપ વગેરે પૂછતા હો. એનાથી તમે ભક્તિ કરી
રહ્યા છો, આવું એ તમે માનતા હો, પણ એની
સામે એ જ દીકરા મહારાજ તમારા ઘરમાં આવે,
તો તમારા ઘરના અંદરના બહેનોના પહેરવેશ-
સંયમને અનુકૂળ ના હોય, મહાત્માને ગોચરી-
આવવા યોગ્ય તમારું ઘર ના હોય, તો આ એના
જેવું છે કે એક બાજુ આપણે મહાત્માના પગ-
દબાવીએ છીએ, અને બીજી બાજુ આપણે મહાત્માની
છાતીમાં ખંજર ભોંકીએ છીએ.

ઘણી વાર મને એમ થાય કે તમે
બહુ સારા છો, સજ્જન છો, આટલા બધા આરાધના-
માં આગળ વધેલા ને બીજી બાજુ તમને આટલી
COMMON SENSE નથી આવતી, જે મને સમજાતું
નથી. એવા ઘરો છે, મમ્મી દીકરી સાથે માથાકૂટ
કરે છે, બેટા આ ના પહેરાય... ના પહેરાય.. ને
પપ્પા કહે છે, મારી દીકરીને જે પહેરવું હશે તે
પહેરશે, તારે કશું કહેવાનું નહીં. આ તમારો
લાડ છે, આ તમારો પ્રેમ છે, આ તમારું
વાત્સલ્ય છે, આ તમારું પિતૃત્વ છે, કે આ

તમારું ઘોર અજ્ઞાન છે ? જે દ્રશ્ય સગા ભાઈને બતાવવા જેવું નથી, જે દ્રશ્ય સગા પિતાને બતાવાય એવું નથી, જે દ્રશ્ય કોઈને બતાવાય એવું નથી, ને એ દ્રશ્ય- રસ્તાના હાલી-મવાલી જોઈ શકે, વાસના ભૂખ્યા વરુ એ દ્રશ્ય જોઈ શકે. અને ઘરે આવેલ એક શુધ્ધ સંયમનું પાલન કરતા, ભગવાને આપેલી વ્યવસ્થામાં રહેતા, એમણે ધર્મના પાલન માટે તમારા ઘરે આવવું પડે ને, તમારા ઘરની સ્થિતિ, મહાત્માને આવવા જેવી ના હોય, એનો અર્થ એ છે કે તમારે અમારા ઘરે આવવું જ નહિ. તમે આમ અમને ગમે તેટલી વિનંતી કરો, તમને મારી આ વાત સમજાય છે ?

स्त्रीपशुक्लीबदु:शीलवर्जितं स्थानमागमे ।

મહાત્મા આવે ત્યારે સજાગ રહેવું, મારી આ બધી વાતનો એ અર્થ નથી, આપણા સંસ્કાર, આપણો ધર્મ, આપણો- સમાજ, આપણી સંસ્કૃતિ, આપણી ખાનદાની, એ આપણને જે કરવાની ના પાડે છે એ આપણાથી ના જ કરી શકાય. તમે તમારા સગા મહાત્માને મળવા જઈ રહ્યા છો, ભલે- એમની COUSIN બહેનો છે, ભલે એમની સગી બહેનો છે, હું તમને પુછું કે જે એમની બહેનો છે એ બધા મહાત્માની બહેનો છે? અને એમની જે બહેનો છે એમની માટે પણ કોઈ વાંધો નથી, ગમે તે રીતે જઈ શકાય ? પહેલા તો જવું કે નહિ એ સમજો, BY CHANCE કોઈ પ્રસંગો, કુજ પ્રસંગો જવું જ પડે એમ છે, તમારી આગલા દિવસની કેટલી તૈયારી જોઈએ, કેટલી સાવધાનતા જોઈએ, એ તમે સમજો. અને જો આ કશું જ સમજવા આપણે તૈયાર નથી, તો આપણે હકીકતમાં નિશ્ચય દ્રષ્ટિએ મહાત્માની ભક્તિ નથી કરી રહ્યા, આપણે મહાત્માને પરિસહ અને ઉપસર્ગ કરી રહ્યા છીએ. જેટલી જેટલી મહાત્માની સંયમની અનુકૂળતા છે, એટલી મહાત્માની સગવડ છે, એટલી મહાત્માની ભક્તિ છે. એક અપેક્ષા એ સસરા એ માપે સગાડી પેરાવી,

બંધક મુનિની ચુવતા ચામડી ઉતારવામાં આવી. એક
અપેક્ષા એ મહાત્માને સંયમ પ્રતિકૂળ વાતાવરણ આપવું
એ એના કરતા પણ વધારે ખરાબ ઘટના છે. આગમમાં
કહ્યું કે એ નજીક મકાન છે તો સાધુ કે સાધ્વીજી એ
ઊંચે જવાને સ્વાધ્યાય નહીં કરવાનો. BY CHANCE
અવાજ આવી રહ્યો છે ક્યાંક કોઈક ગીતો વાગી
રહ્યા છે, ક્યાંક કોઈકે કેસેટ મુકી છે, ક્યાંક કોઈ
લગ્નનો વરઘોડો ગયો, જેવા કોઈ શબ્દો, જે રાગ
જન્માવે એ સમયે શું કરવાનું, આગમની અંદર કહ્યું
જે મહાત્મા પાસે ધ્યાન લબ્ધિ છે, એ મહાત્માએ
ધ્યાનમાં ઉતરી જવાનું જેથી એમને બહારના શબ્દોની
સભાનતા જ ના રહે. જેમની પાસે ધ્યાન લબ્ધિ
નથી, એમણે શું કરવાનું ? તો એમણે મોટે મોટે-
થી એવી રીતે સ્વાધ્યાય કરવો, જેનાથી પોતાને
બહારના શબ્દો સંભળાય જ નહિ. મહાત્મા સ્વાધ્યાય
કરે એ વસ્તુ જુદી છે. બહાર કોઈ લગ્નનો વર-
ઘોડો પસાર થતો હોય, એમને કંઈ સાધુના -
આચારોની ખબર જ નથી, એ વસ્તુ જુદી છે
સંઘની અંદર જ એવી વ્યવસ્થા હોય, ઉપર નીચે
સાધુ- સાધ્વીજીના ઉપાશ્રયો હોય. હું કહું છું
એવા સંઘોએ જ્યાં સુધી અલાયદી વ્યવસ્થા ના
થાય ને, ત્યાં સુધી કાયદો કરી દેવો જોઈએ કે
અત્યારે ત્યાં સાધુ ભગવંતો હશે, ત્યાં સુધી નીચે
પણ સાધ્વીજી નહિ ઉતરે, સાધ્વીજી ભગવંતો હશે,
એ ગાળામાં ઉપર પણ સાધુ ભગવંત નહિ ઉતરે.
ઓછા સ્થાનો હોય છે, પણ હોય છે, એનું કારણ
તમારું અજ્ઞાન હોય છે. અમારા બંનેની વ્યવસ્થા
કરવાની જરૂર જ નથી. તમારા જ્યાં સુધી -
અલાયદા ઉપાશ્રયો ના થાય, ત્યાં સુધી તમે આ
બધી વિચારણા છોડી દો.

સંઘની અંદર નજીકમાં PLOT હોય, ઉપાશ્રયને અડીને PLOT હોય, સંઘ પાસે વ્યવસ્થા ના હોય તો, તો પણ દેવદ્રવ્યમાંથી દહેરાસર માટે જ એ PLOT તાત્કાલિક ખરીદી લેવો જોઈએ, એનો ભગવાન સિવાય, દહેરાસર સીવાય - કોઈ ઉપયોગ નહીં કરવાનો, ક્યારેક ઉપયોગ થયો હોય તો અવસર આવે દેવદ્રવ્યમાં ભાડું લઈ લેવાનું, પણ એના દ્વારા સાધુના સંયમની સુરક્ષા થઈ જાય, આવતી કાલે ઉઠીને એ PLOT ઉપર જ ઘરો બન્યા, અહીંયાથી T.V. દેખાય, અહીંયાથી શબ્દો સંભળાય, અહીંયાથી વિજાતીયનું દર્શન થાય, એ મારા મહાત્માના સંયમમાં પ્રતિકુળતા ઊભી થાય, આવું તો ના જ ચાલે, આવી સંવેદના આપણામાં કેટલા જણને ?

એને બીજના મકાનો ઊભા થાય એ તો દુરની વાત, આપણે જ આપણી એવી વ્યવસ્થાઓ, એવી વિચારણાઓ, એવી ધારણાઓમાં રમતા હોઈએ, જ્યાં સંયમનું સત્યાનાશ નીકળી જાય, હું તમને કહું કાલે એના કારણે કંઈક આડું થયું, એ દોષ કોના માથે ? મારો સવાલ સમજાય છે તમને ? જેમને માત્ર અનુષ્ઠાનોની અનુકુળતાઓ જોઈએ છે, સંયમ - બ્રહ્મચર્યની વાડ, આ કશું જેને સમજવું જ નથી, એ લોકો અજાણે પણ સાધુના દુશ્મન બની રહ્યા છે !

સદ્ગુરુએ શિષ્યને કહ્યું કે ઝેર ખાવું એ જુદો છેડો છે, અને જીવન એ જુદો છેડો છે. ઝેર - ખાઈને જીવવું એ શક્ય જ નથી, BY CHANCE લાખોમાં કોઈ એક બચી ગયો હોય, એને SURPRISE કહેવાય, એને આશ્ચર્ય કહેવાય, એને વિરલ ઘટના કહેવાય, અને એનો દાખલો દેવાય જ નહિ. બરાબર એ જ રીતે સ્થુલભદ્ર સ્વામી એમનું નિર્મળ સંયમ, એનું

આલંબન લઈ શકાય, એમની ધ્યાનની ગહનતા એનું
આલંબન લઈ શકાય. પણ એ જે ચિત્રશાળામાં-
વસ્યા, અને ત્યાં ગીત-સંગીત વગેરેની વચ્ચે-
એમણે જે ધ્યાન કર્યું, એ આલંબન ના લઈ શકાય.
સદ્ગુરુ ને શિષ્યએ કહ્યું કે ગુરુદેવ આપની વાત
એકદમ બરાબર, તો હવે મને પ્રશ્ન છે કે
ખાલી જેવા મકાનમાં નહિ રહેવાનું, જેવા સ્થાનમાં
નહિ રહેવાનું ધ્યાન માટે જે સ્થાન યોગ્ય નથી,
તો ધ્યાન માટે કયું સ્થાન યોગ્ય છે?, ક્યાં-
ધ્યાન કરવું જોઈએ?, ગામમાં કરવું જોઈએ કે
જંગલમાં કરવું જોઈએ?

સદ્ગુરુએ જવાબ આપ્યો, ક્યાંય ના
કરવું જોઈએ. શિષ્ય હબક ખાય જાય છે. અનપે-
ક્ષિત જવાબ મળે છે ને આપણને ધક્કો લાગે છે.
એવું ઇચ્છ્યો જવાબ નથી હોતો, આપણી અપેક્ષા હોય-
છે જવાબ મારી અપેક્ષાનો જ હોવો જોઈએ
ચોક્કસ ધારણાનો જ હોવો જોઈએ આ પણ એક
પ્રકારનું અસમર્પણ હોય છે. શિષ્ય ને લાગે છે
કે મેં જે OPTIONS આપ્યા એ ઓછા હશે તો
પછી શિષ્યએ કહ્યું કે પર્વત ઉપર ધ્યાન કરવું જોઈએ,
ગુફામાં કરવું જોઈએ, નદીમાં કરવું જોઈએ, નગરમાં
કરવું જોઈએ, આમાંથી ક્યાં કરવું જોઈએ?
સદ્ગુરુએ એ કહ્યું ના આમાંથી પણ ક્યાંય ના-
કરવું જોઈએ. શિષ્ય મુંઝાય છે, હવે સમજાતું
નથી કે, સદ્ગુરુનો આશય શું છે?, સદ્ગુરુની
વાતમાં રહસ્ય લાગે છે, સદ્ગુરુની આંખમાં-
રહસ્ય લાગે છે. હકિકતમાં છે ને, વિશ્વનું-
સર્વોત્કૃષ્ટ રહસ્ય, અને એક માત્ર રહસ્ય, એ
સદ્ગુરુ જ છે! સદ્ગુરુ સમજાય જાય છે તો

બીજું બધું જ સમજાય જાય છે. સદ્ગુરુ નથી સમજાતા ત્યાં સુધી બીજું કશું જ સમજાતું નથી. સદ્ગુરુ સમજાય જાય એના કેવળ સમયની અંદર, આત્માને કેવળજ્ઞાન સ્વાધીન થઈ જાય છે. અને એને બધું જ સમજાય જાય છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે

जो एगं जाणइ सो सव्वं जाणइ ।

जो सव्वं जाणइ सो एगं जाणइ ।

જે એક ને જાણે છે એ સર્વને જાણે છે. એક સૂત્રના - અનંત અર્થ, અને સદ્ગુરુના સંદર્ભમાં પણ આ સૂત્ર એકદમ તાદૃશ બેસે છે. શિષ્ય પ્રશ્ન કરે છે, હજુ સમજાતું નથી, કયાંય ન કરવું એનો અર્થ શું ? શિષ્ય મુંઝાઈ રહ્યા છે, અને સદ્ગુરુનું વાત્સલ્ય એનો હાથ ઝાલે છે.

**॥ સદ્ગુરુનું વાત્સલ્ય અને શિષ્યની જિજ્ઞાસા વચમાં આજે ય મોક્ષ માર્ગ સચવાય જાય છે !! ॥**

સદ્ગુરુનું વાત્સલ્ય તો સતત વરસી જ રહ્યું છે. અનાદિ-કાળથી વરસી રહ્યું છે. સદ્ગુરુ એ વાત્સલ્ય છે કે નહિ, સદ્ગુરુ મળ્યા કે નહિ, એ વરસ્યા કે નહિ એ નથી. સવાલ એ છે કે આપણે એ વાત્સલ્ય ઝીલ્યું કે નહિ !

**સદ્ગુરુએ આપણો હાથ અનંત વાર પકડ્યો છે !**

આપણી વિશેષતા એટલી જ રહી, કે આપણે એ હાથને છોડાવી દીધો છે. જે હાથ આપણને સંસારથી છોડાવવાનો હતો, જે હાથ આપણને કર્મોથી છોડાવવાનો હતો, જે હાથ આપણને દુઃખોથી છોડાવવાનો હતો, આપણે એ હાથથી જ છૂટી ગયા. સદ્ગુરુ શિષ્યની સામે જોઈ રહ્યા છે. શિષ્ય સદ્ગુરુને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એ ગામમાં ધ્યાન ના કરવું, નગરમાં ના કરવું, પર્વતમાં નહિ, જંગલમાં નહિ, ઉપવનમાં નહિ, ગુફામાં નહિ, તો ધ્યાન કરવાનું ક્યાં ?, એને સદ્ગુરુ-જવાબ આપે છે.

## ધ્યાન આત્મામાં કરવાનું હોય છે !

જ્યાં સુધી તમે ગામમાં છો, ત્યાં સુધી તમે ધ્યાનમાં નથી. જ્યાં સુધી તમે જંગલમાં છો, ત્યાં સુધી તમે ધ્યાનમાં નથી. જ્યાં સુધી તમે વન-ઉપવનમાં છો, ગુફામાં છો, ત્યાં સુધી તમે ધ્યાનમાં નથી. જ્યારે તમે આત્મામાં આવો છો, ત્યારે તમે ધ્યાનમાં આવો છો.

**સભાનો પ્રશ્ન :** સાહેબ પહેલાની જે વ્યવસ્થા હતી, ઉદ્યાનમાં ઉતરવાનું, પછી મહાત્માઓ દહેરાસરે દર્શન કરવા કઈ રીતે જતા હશે ? અને મહાત્માઓ એ ઉદ્યાનમાં જ ઉતરે છે તો ઉદ્યાન શું મહાત્માઓ માટે જ બનતા હશે. ઉદ્યાન બહાર છે એટલે શું છે ? રાજાઓ એ ઉદ્યાનનું શું કરતા હશે ?

**પૂજ્યશ્રી નો ઉત્તર :-** મૂળ વિધિ ની બહાર, ઉદ્યાનમાં ઉતરવું આવો કાયદો નથી - બહાર જ ઉતરવું આવો કાયદો નથી, મહાત્મા છે એમને જે સંયમ યોગ્ય સ્થાન મળે, નગરની વચ્ચે, ગામની વચ્ચે, જે નિર્દોષ વસ્તી હોય, જે સંયમ અનુકૂળ હોય, ગીતાર્થ મહાત્માઓ પહેલાથી એની તપાસ કરે, અને પછી ત્યાં જે પણ ગ્રુપ હોય એ આવી ને રહે. પ્રાચીન કથાઓમાં એ પ્રકારની

ઘટનાઓ આવે છે, ઉદ્યાનની એ આવે છે, ગામની એ આવે છે, નગરોની વાત પણ આવે છે. ક્યાંક આવી ગેરસમજ, ઉદ્યાનની બે-ચાર વાર વાત સાંભળી લીધી, એટલે સમજે કે ઉદ્યાનમાં જ ઉતરવાનું. બીજું ઉદ્યાનમાં ઉતરવાનો અર્થ તમે જે ઉદ્યાન કરો છો ને કે બગીચા જુદા ઉપર એક ઉદ્યાન હોય ને ત્યાં મહાત્મા કોઈ બેંચ ઉપર બેસી જતા હશે, તો આવી બધી સમજણ એ ગેરસમજ છે. નગરની બહાર ખુલ્લી જમીન હોય, વૃક્ષો વગેરે હોય.

રાજગૃહી નગરી, ગુણશીલ ચૈત્ય, ગુણશીલ-ની ચૈત્ય એ શું હતું ? કોઈ દેરાસર બનાવ્યું ને ત્યાં ભગવાન મુળનાયક તરીકે બેસી જતા, આવું નથી. આગમની ટીકામાં અભયદેવસૂરી મહારાજ એ લખ્યું, જેવા કોઈ વ્યંતર દેવ, એમનું મંદિર રૂપ એવું બનાવ્યું હોય, એ મંદિરની-સાથે સાથે મંદિરના ભાગ રૂપ જ બીજા ખાલી મકાનો હોય, નિર્દોષ જગ્યા હોય, સંયમ અનુકૂળ હોય, ત્યાં મહાત્મા ઉતરે. એટલે ઉદ્યાન છે, ઘાસ છે, પાન છે, એમાં વળી-ફુવારા વગેરે પણ હોય, સંયમની અનુકૂળતા હોય | ન હોય, લોકો વળી ફરવા એ આવી પડ્યા, એટલે ઉદ્યાનમાં-ત્યાં જ મહાત્માઓ ઉતર્યા હોય, આવો પણ અર્થ નથી. આ ઉદ્યાન માત્ર મહાત્મા માટે બનાવેલું છે કોઈ નગરવાસી-એ અંદર આવવું નહિ, આવા પણ ઉદ્યાનની વાત નથી. ભગવાનનું સમવસરણ નગરમાં ન બની શકે, એ નગરની બહાર બની શકે. સમવસરણ પણ અધ્ધર હોય છે, એટલે અધ્ધર પણ નગરના માથે ના હોય, એ નગરની બહારની ભૂમિ ઉપર હોય, અને એના કારણે રોહિણીયા-ચોરની જે ઘટના છે ને, એને કાંટો વાગ્યો ને કાંટો-કાઢતા એની જે સાંભળાઈ ગયું ને, એ ક્યાની અંદર લખેલું છે, કે એ સમયે રોહિણીયો ક્યાં હતો ? તો સમવસરણની નીચે હતો. એટલે ક્યાંય પણ જમીનો હોય,

અન્યારે આપણા જે સંઘો ઉતરતા હોય છે, જરૂર પડે એટલે બીજેથી સાફ કરાવવા પડે, જેથી કોઈ જમીન એક યોજનની, એ જાણી મળી જાવું જરૂરી નથી - હોતું, મહાત્મા એ ક્યાં રહેવું એ આ શ્લોકની અંદર કહ્યું.

स्त्रीपशुक्लीबदु:शीलवर्जितं स्थानमागमे।

ગામની બહાર કે અંદર ક્યાં પણ સંયમ અનુકૂળ વસતી છે મકાન છે, ત્યાં મહાત્મા રહી શકે.

## સદ્ગુરુ કહે છે, ધ્યાન આત્મામાં થાય !

સમાધિતંત્રની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम्।

જેમણે આત્માને જોયો નથી, જેમણે આત્મ દર્શન નથી કર્યું, એ ક્યાં રહે છે ? એ ક્યાંક ગામમાં હોય શકે, જંગલમાં હોય શકે છે.

दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चल:॥

જેમણે પોતાના આત્માને જાણ્યો, એમનો નિવાસ ક્યાં હોય છે ? પોતાના આત્મામાં જ હોય છે.

મરણ વિભક્તિ આગમ કહે છે,

ण वि कारणं तणमओ ण य फासुया भूमि।
अप्पा खलु संथारो होइ विसुद्धो मरंतस्स॥

અંતિમ આરાધનાના સમયે ઉત્તર કે પૂર્વ દિશાની સન્મુખ સંથારો રાખવો, એ તૃણ નો હોય, એ કાષ્ઠ નો હોય, એ સુતરાઉ પણ હોય અનુકૂળતા માટે, કપડા દ્વારા પણ સંથારો બનાવ્યો હોય. આ બધી જ વિધિ કર્યા પછી, મરણ વિભક્તિ આગમ કહે છે, કે સમાધિ મરણ નો તાત્વિક સંથારો છે ને એ - ઘાસ નો એ નથી હોતો, એ સંથારો કોઈ પ્રાસુક

ભૂમિ છે. ભલે અમે બધું વિધિમાં બતાવ્યું, વિધિમાં-
પાળવાનું જ છે, છતાં પણ ઉપરથી સંથારો શું છે ? જે
વિશુધ્ધ આત્મા છે, એ જ એમનો સંથારો છે !
સંવેગરંગ શાળાની અંદર કહ્યું

आया च्चिय होइ संथारो।

સમાધિ મરણનું એકાંતિક કારણ શું ? આત્મ ધ્યાનનું એકાંતિક કારણ શું ? તમે ગામમાં પણ ના હો, તમે નગરમાં પણ ના હો, તમે ઉપવનમાં પણ ના હો, ગુફામાં પણ ના હો, કદાચ હોતો સ્થૂલથી હો, બાહ્ય દ્રષ્ટિએ હો, આંતર દ્રષ્ટિએ તમે ક્યાં હો ? તમારા આત્મામાં હો !
ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર, પૂજ્યપાદ સ્વામી કહે છે

मुक्ताग्रहो विनिवसन् स्वजने वने वा, मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः।।

કદાચ જંગલમાં રહો, કે કદાચ ગામમાં પણ રહો, જે જિનાજ્ઞામાં પ્રતિબધ્ધ છે, જે જ્ઞાન અંદર છે એ પોતે અવશ્ય ધ્યાનમાં છે, મોક્ષ માર્ગ પર છે.

શિષ્ય સદ્ગુરુને હવે ઉલ્ટો પ્રશ્ન કરે છે, ગુરુદેવ ! એ આત્મામાં જ રહેવાનું છે, તો પછી પાસે સ્ત્રી છે કે નહિ, કોઈ વસ્તિ અનુકૂળ છે કે નહિ, શબ્દો કોઈ આવે છે કે નહિ, બારીમાંથી કોઈ દેખાય છે કે નહિ, મકાનમાં ઉપર નીચે કોઈ વિજાતીય ઉતરે છે કે નહિ, આ બધું જોવાની જરૂર શું છે ? શિષ્યને કોઈ વિજાતીય નો આગ્રહ નથી, સ્ત્રી હોવી જોઈએ આવો પણ આગ્રહ નથી, શિષ્યને શાસ્ત્રીય પદાર્થની સમજણનો આગ્રહ છે. અને સદ્ગુરુ કહે છે, વત્સ ! પહેલી વાત, અનાદિ કાળના કુસંસ્કારને આધીન આત્મા, હજુ છદ્મસ્થ છે, કેવળજ્ઞાન નથી થયું, એવો આત્મા, વિજાતીયની હાજરીમાં, ઈષ્ટ વિષયોની હાજરીમાં, પોતે આત્મામાં ઉતરી શકે, એ જ લગભગ અશક્ય વસ્તુ છે. બીજી વાત, જેઓ છદ્મસ્થ નથી, જેમને કેવળજ્ઞાન પ્રગટી ગયું છે, તેઓ પણ

બ્રહ્મચર્યની નવ વાડનું વ્યવહાર શુધ્ધિ માટે નિર્મળ પાલન કરે છે. કેવળજ્ઞાની પણ આવે, પુછે કે અહીંયા ઉપર-નીચે, આજુ-બાજુ સંયમની પ્રતિકૂળતા છે, કેવળજ્ઞાની પણ એ મકાનમાં ઉતરે નહીં, એવા સ્થાને રહે નહીં. ત્રીજા નંબરની વાત, બધી જ સાધનાનું હાર્દ હોય તો, એ જિનાજ્ઞાનું પાલન છે.

તમે ગમે તેટલી આત્માની વાત કરો, અધ્યાત્મની વાત કરો, આત્મામાં ઉતરીને ધ્યાન કરવાનું છે, તમે મજબુત હો તો સામે ગમે તેવા વિજાતીય હોય, ગમે તેવી સ્થિતિમાં હોય, તમને શું ફરક પડે ?, આવા એક બાજુ હજારો કુતર્કો હોય, એની સામે, જિનશાસનની એક જ વાત છે. બધી જ સાધનાનું હાર્દ, એમાં ધ્યાન સાધના પણ આવી ગઈ, એનું હાર્દ છે - જિનાજ્ઞાનું પાલન, અને જ્યાં જિનાજ્ઞાનું પાલન નથી, ત્યાં તાત્વિક સાધના જ નથી. તમે NEGLECT કરી શકો કે હું અહીંયા પણ ધ્યાન કરીશ, તમે NEGLECT કરી શકો કે દીક્ષા લેવાની જરૂર નથી, હું ઘરે ધ્યાન કરીશ, તમે જ્યાં જિનાજ્ઞાનો ભંગ કર્યો, જિનાજ્ઞાની ઉપેક્ષા કરી, જિનાજ્ઞા વિખેરાય ગઈ તમારા જીવનમાંથી, ત્યાં જ ધ્યાનની બધી જ શક્યતાઓ વિખેરાય ગઈ. ધ્યાન ક્યાં કરવું ?, જ્યાં ભગવાને રહેવાની રજા આપી ત્યાં જ ધ્યાન કરવું, તો જ તાત્વિક ધ્યાન થઈ શકશે. ગામ કે નગર એનો આગ્રહ નથી, આગ્રહ છે તમે આત્મામાં હો, આગ્રહ છે, તમે જિનાજ્ઞાના પાલનમાં હો, ધ્યાનની યોગ્યતા કેળવીએ, ધ્યાન માર્ગે આગળ વધીએ એ શુભેચ્છા સાથે. જિનાજ્ઞા વિરુદ્ધ બોલાયું હોય તો મિચ્છામિ દુક્કડં !